
# સત્યવિનાયક વ્રતકથા

શરદચંદ્ર ઈશ્વરલાલ પુરોહિત



શ્રી ગજાનન પુસ્તકાલય, સુરત.

।। ૐ પરમાત્મને નમોનમઃ ।।

# શ્રી સત્ય વિનાયક વ્રતકથા

(શ્રી શરદચંદ્ર પુરોહિત કૃત સ્વાનંદી ટીકા તેમજ પૂજા સહિત ઉપરાંત પંચશ્લોકી ગણેશપુરાણ, શ્રી ગણેશ માનસ પૂજા અને બારેય માસની ચોથનું (ચતુર્થી વ્રત) અને અંગારકી ચોથના વિવેચન સાથે)

**સંશોધક અને વિવેચનકર્તા**

શ્રી શરદચંદ્ર ઈશ્વરલાલ પુરોહિત



**: પ્રકાશક :**

Gajanan **શ્રી ગજાનન પુસ્તકાલય** Gajanan

ટાવર રોડ, સૂરત-૩૯૫ ૦૦૩.

Ph. : (0261) 424246

G - 794

*Price Rs. : 25-00*

## અનુક્રમણિકા


◎ શ્રીસત્યવિનાયક પૂજા પ્રારંભ ૧

◎ મંગલ સ્તવન ૧૯

◎ શ્રી સત્યવિનાયક વ્રત કથા પ્રારંભ ૨૦

શ્રી ગણેશનો વાસ્તવિક અર્થ ૨૨

વિનાયક શબ્દનું રહસ્ય ૨૬

વ્રત શબ્દની વ્યાખ્યા ૨૭

દૂર્વા, શમીપત્ર અને મંદારનું રહસ્ય ૪૩

ૐકાર સ્વરૂપ ભગવાન ગણપતિનું સ્વરૂપ ૫૨

◎ અથ દ્વિતીયોઽધ્યાયઃ ૬૦

◎ અથ તૃતીયોઽધ્યાયઃ ૬૮

◎ અથ ચતુર્થોઽધ્યાયઃ ૭૭

◎ અથ પંચમોઽધ્યાયઃ ૮૪

◎ શ્રી ગણેશપ્રિય ચતુર્થી (ચોથ)ના વ્રતની વિધિ અને માહાત્મ્ય ૯૭

ચતુર્થી તિથિની શ્રેષ્ઠતા ૯૭

ચોથની ઉત્પત્તિ, તથા અને વરપ્રાપ્તિ ૯૯

વર્ષભરના ચતુર્થી વ્રતોની સંક્ષિપ્ત માહિતી ૧૦૩

પરમ મહિમામથી મંગળાચોથ (અંગારકી ચતુર્થી) ૧૧૧

અથ શ્રીભવસંકટમોચન શ્રીગણપતિ સ્તોત્રમ્ ૧૧૩

અથ શ્રીપઞ્ચશ્લોકિગણેશપુરાણપ્રારમ્ભઃ ૧૧૪

અથ શ્રીગણેશમાનસપૂજા ૧૧૫

ગણેશમહિમ્નઃ સ્તોત્રમ્ ૧૧૫

ગણેશાષ્ઠોત્તરશતનામસ્તોત્રમ્ ૧૨૧



© સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન. ન્યાય ક્ષેત્ર સૂરત.




પ્રકાશક : ડૉ. વિજય એચ. ઠક્કર, શ્રી ગજાનન પુસ્તકાલય, ટાવર રોડ, સૂરત-૩.

મુદ્રક : પી. પી. બુકસેલર, પરિમલ પ્રિન્ટર્સ, ટાવર રોડ, સૂરત-૩૯૫ ૦૦૩.


SKATHA : (P. P.) CAYPK - UP - UKB - (U) (AB) (TR) (૬C૦-૫૪ )

આઝાદીના લડવૈયાને, સંનિષ્ઠ સમાજસેવક, કર્મકાંડી રહ્યા આજીવન,
ગણેશના ઉપાસક એવા દિવંગત શ્રી મુગટરામ ભાઈશંકર પુરોહિત
(જયેષ્ઠ પિતાશ્રી) ના ચરણોમાં અર્પણ

- શરદચંદ્ર પુરોહિત.



## ।। श्री महागणपति (सत्यविनायक) यंत्रम् ।।



# શ્રી સત્યવિનાયકની આરતી

જય જય ૐકારનાથ, મહાગણપતિ સ્વામી, પ્રભુ (૨)
સત્ય વિનાયક દેવા (૨), જય અંતરયામી. ટેક. જય જય...
કૃતયુગે સત્ય વિનાયક, દસભૂજા ધારી, પ્રભુ (૨)
સ્વતઃ પ્રમાણ ઉપાસ્ય (૨), સિંહવાહન સપારી. જય જય...
મયુરેશ્વર મયુરે બિરાજો, ષડ્ભૂજા ધારી, પ્રભુ (૨)
ભક્ત ઉદ્ધારક નાથ (૨), ત્રેતા અવધારી. જય જય...
દ્વાપરમાં છો ગેય ગજાનન, ચતુર્ભુજ સ્વરૂપ. પ્રભુ (૨)
મૂષક વાહને વિચરતા (૨), પૂર્ણબ્રહ્મ પ્રભો. જય જય...
ભક્ત ઉદ્ધારકનાથ, જ્યાં ત્યાં આપ વહ્યાં. પ્રભુ (૨)
બાવન બાહ્યાંતરમાં (૨), વાહમયે આપ વસ્યા. જય જય...
પરમધામ પરમાર્થ, જ્યોતિરૂપ વિલસો. પ્રભુ (૨)
હરિહર વિધિ માનવમાં (૨), બુદ્ધિ પતિ કે વિભો. જય જય...
વિઘ્નહરા વિશ્વંભર, મનવાણી પર છો. પ્રભુ (૨)
કહે 'શરદ' કર જોડી (૨), સહાય ધ્યાને વસો. જય જય...

*રચયિતા - શરદચંદ્ર ઈ. પુરોહિત*

# શ્રી સત્યવિનાયક વ્રતકથા પૂજાની સામગ્રીની યાદી

## ।। શ્રી ગણેશાય નમઃ ।।

શ્રી ફળ નંગ-૨

સોપારી ગ્રામ-૧૦૦
કંકુ ગામ-૫૦
અબીલ ગ્રામ-૫૦

ગુલાલ ગ્રામ-૫૦

સિંદૂર ગ્રામ-૫૦

અષ્ટગંધ (ચંદન) ગ્રામ-૫૦

રતાંજલિ (રક્ત ચંદન)

કપુર ગોટી-૧

અગરબત્તી બંડલ-૧

નાડાછડી દડી-૧

લાલ નાડુ

જનોઈ જોટા નંગ-૨

લાલ દ્રાક્ષ ગ્રામ-૫૦ (સૂકી દરાખ)

કાળી દરાખ ગ્રામ-૫૦

ખારેક ગ્રામ-૫૦

કમળ કાકડી ગ્રામ-૫૦
ઈલાયચી ગ્રામ-૨૫
લવિંગ ગ્રામ-૨૫

ફળ-ફળાદિ :

કેળાં, દાડમ, મોસંબી, ચીકુ, જમરૂખ, નારંગી, બીજોરું, લીંબુ, પપૈયું, અનેનાસ વગેરે ઋતુફળ, પાન-૨૫

માળીનો સોદો :

ફૂલના હાર નંગ-૪

ફૂલની જટા નંગ-૧

છૂટા ફૂલ

લાલ કરેણના પુષ્પ-૨૧

દુર્વાપત્ર (દરોઈ) ૧૦૮ અથવા ૧૦૦૦

એકવીસ પ્રકારના પાન અને પુષ્પ

શમીપત્ર

કેળના સ્તંભ-૪, આસોપાલવનું તોરણ

ઘરમાં તૈયાર રાખવું :

બાજઠ-૨

પાટલા-૩

પૂજાના વાસણ - થાળી, વાડકા, ચમચી, દીવા માટે કોડીયું, પાણીના લોટા-૨, આસન, પંચપાત્ર.

સૂકો મેવો ગ્રામ-૧૦૦
કોપરું વાટી નંગ-૧
સાકર ગ્રામ-૧૦૦
ઘઉં કીલો-૧
ચોખા કીલો-૧
દીરા માટે રૂ
લાલ કટકો મીટર-૧
સફેદ કટકો મીટર-૧
ધોતિયું અથવા પીતાંબર-૧
તાંબાની લોટી-૧
તરભાણી-૧
શ્રી સત્યવિનાયક મૂર્તિ-૧
મહાગણપતિ યંત્ર-૧

મિઠાઈ ગ્રામ-૫૦૦

દહીં, દૂધ, ઘી, ખાંડ, મધ — પંચામૃત માટે

પ્રસાદ માટે :

ઘઉંનો લોટ (રવો)
ઘી
ખાંડ - દૂધ
દૂધનો માવો
અથવા પેંડા બનાવવા સાથે વિવિધ પકવાનનું નૈવેદ્ય સમર્પણ કરી શકાય.

❄ ❄ ❄

# સ્વ સંવેદન

ॐ कररूपी भगवान् यो तेदायौ प्रतिष्ठित:
यं सदा मुनयो देवा स्मरन्तीन्द्रादया हृदि ।
ॐकाररूपो भगवानुक्तस्तु गणनायक:
यथा सर्वेषु कर्मेषु पूज्यते सो विनायक: ।। (गणेश पुराण)

ૐકારરૂપી ભગવાન જે વેદકાળ પહેલાથી પ્રતિષ્ઠિત છે, જેનું ઈન્દ્રાદિક દેવો અને મુનિઓ હૃદયમાં ધ્યાન અને ચિંતન કરે છે, તે ૐકારરૂપી ભગવાન જ ગણનાયક - મહાગણપતિ (સત્ય વિનાયક) છે. જે કર્મના આરંભમાં પૂજાય છે તે વિનાયક છે. ગણેશપુરાણનું આ કથન છે.

ૐકાર સ્વરૂપ સ્વસંવેદ્ય ભગવાન સત્યવિનાયક (મહાગણપતિ)ના સ્વરૂપને સમજવા અને આત્મસાત્ કરવા માટે પ્રથમ 'સત્ય-વિનાયક' શબ્દની ઓળખ કરવી રહી. 'सत्यम् एव विनायकं ।' સત્ય એજ વિનાયક છે અથવા તો વિનાયક એ જ પરમ સત્ય છે - એમ કહેવામાં વાંધો નથી. પરંતુ સત્યનારાયણ વ્રતકથામાં નારાયણને પરમ સત્ય તરીકે ઓળખવામાં આવે છે. સત્ય-દત્તની કથામાં દત્તાત્રેય ભગવાનને જ પરમ સત્ય તરીકે પ્રતિપાદિત કરવામાં ાવે છે. ક્યાંક વિષ્ણુને, શિવને, સૂર્યને કે શક્તિને સત્ય માનવામાં આવે છે. વેદાન્તિઓ પરબ્રહ્મ પરમાત્માનું સર્વવ્યાપક, શાશ્વત અને પરમ સત્ય સ્વરૂપે પ્રદિપાદન કરે છે. પ્રત્યેક ચિંતન અલગ પ્રકારનું અને પોતપોતાની રીતે બૌદ્ધિક પ્રમાણે દ્વારા પ્રતિપાદન કરનારું હોય છે. તે તેની મર્યાદા સુધી યથાયોગ્ય હોઈ શકે, પરંતુ સામાન્ય બુદ્ધિવાળાની સમજણમાં આ બધું ગોટાળો ઊભો કરે છે, ત્યારે સત્ય સમજાતું નથી. તે માટે ચોક્કસપણે અનુભવ કરવાની જરૂર છે - ઉપાસના માર્ગે.

દેવાધિદેવ મહોવ પાર્વતીમાતાને સત્ય વિનાયકનું વ્ત સમજાવે છે. આર્યાવર્તનો લોકનાયક અને ગીતાનો ગાયક ભગવદ્ અવતાર શ્રીકૃષ્ણ પોતે ભુક્તિ-મુક્તિ પ્રદ દેવ સત્ય વિનાયકનું વ્રત કરે છે અને સુદામા મિત્રને સત્ય

વિનાયકનું વ્રત કુલગુરુ ગર્ગાચાર્ય મહારાજ દ્વારા કરવાની સમજણ અપાવે છે. આ સત્ય વિનાયકનું વ્રત કરવાથી બ્રહ્માજીને સૃષ્ટિ રચવાનું સામર્થ્ય અને બુદ્ધિ-બળ પ્રાપ્ત થયાં. ભગરાન વિષ્ણુને સમગ્ર સૃષ્ટિનું પાલન કરવાની અને સ્વેચ્છાવતાર ધારણ શક્તિ આ જ વ્રત કરવાથી પ્રાપ્ત થી. શ્રી વેદ વ્યાસ, સૌનકાદિઋષિ, સૂત પુરાણિક, ભારદ્વાજ મુનિ વગેરેએ આ વ્રતની ભારોભાર પ્રશંસા કરી છે એટલું જ નહીં રાજા - ચોર અને સામાન્ય માનવને પણ 'સત્ય વિનાયક વ્રત'માં પ્રેરણા કરી વ્રત કરાવ્યું અને વ્રતના પ્રભાવની અનુભૂતિ કરાવી છે.

બ્રહ્માંડ પુરાણાન્તર્ગત શિવ-પાર્વતીના સંવાદ રૂપે કહેવામાં આવેલ 'સત્ય વિનાયક વ્રત કથા'માં ગુર્જરભૂમિ (ગુજરાત) અને કચ્છના બે કથાનકો સમાવિષ્ટ છે. આમ છતાં ગુજરાતની પ્રજા અને ગુજરાતના બ્રાહ્મણો આ વ્રતથી અપરિચિત રહે એના જેવી બીજી કમનસીબી કઈ હોઈ શકે ? મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં આ વ્રત અને કતાનો પ્રચાર સારો છે. ગુજરાતના બ્રાહ્મણો આ વ્રતને સમજીને પ્રચલિત કરે એ પ્રજામાં સામયાન્ય માનવી સુધી આ વ્રતનો લાભ પહોંચે તો આ વ્રત કથા માટે મેં કરેલ સંશોધન અને મારી સ્વાનંદી ટીકાનો શ્રમ સાર્થક થશે.

શ્રી ગણેશજીના બાર નામો પૈકીનું આઠમું નામ 'વિનાયક' છે અને અર્થ છે વિશિષ્ટ નાયક યા વિશિષ્ટ સ્વામી. કેટાક વિદ્વાનોએ 'વિ' ઉપસર્ગને વિઘ્નનું લઘુ સ્વરૂપ સ્વીકારીને વિનાયકનો અર્થ વિઘ્નોના નાયક તરીકે સ્વીકાર કર્યો છે. વિનાયકનો અર્થ પૂર્ણતઃ શ્રી ગણેશ પર ચરિતાર્થ થાય છે કારણકે, બ્રહ્માદિક દેવતાઓ પણ પોતપોતાના કાર્યમાં પરાભૂત થવાના કારણે સ્વેચ્છાચારી નથી બની શકતા, પરંતુ શ્રી ગણેશજીના અનુગ્રહથી વિઘ્નરહિત થઈને કાર્યસંપાદનમાં સમર્થ થાય છે. આપણે પણ વિઘ્નહર્તા સત્ય સ્વરૂપ વિનાયક મહારાજની ઉપાસના કરી તેમના કૃપા-પાત્ર બનીએ.

त्वं वाङ्मयस्त्वं चिन्मयः । त्वमानन्दमयस्त्वं ब्रह्ममयः ॥ त्वं सच्चिदानन्द - द्वितीयोऽसि । त्वं प्रत्यक्षं ब्रह्मासि ॥ त्वं ज्ञानमयो विज्ञानमयोऽसि ॥

શ્રી મહાગણપત્યથર્વશીર્ષના ઉક્ત વચનો અનુસાર શ્રી મહાગણપતિ 'પરબ્રહ્મ' છે. 'भक्तानमिष्ट - सिद्धयर्थं ब्रह्मणो रूप कलपना ।' એ મુજબ શ્રી મહાગણપતિના પ્રાદુર્ભાવની કથા બ્રહ્માંડ પુરાણાન્તર્ગત 'શ્રી લલિતોપાખ્યાન'માં ભંડાસુર વધ પ્રસંગમાં લખેલી છે.

ભંડાસુરના મંત્રી વિશુક્રએ એક મોટી ભારી શિલા પર 'જય-વિઘ્ન-યંત્ર' લખી તેનું પૂજન કરીને દેવી લલિતાના કટક (છાવણી)માં નાંખી દીધી. આ યંત્રના પ્રભાવથી શક્તિ સેનામાં વૈરાગ્ય અને આળસ છવાઈ ગયાં. સેનાનીઓ વિમુખ બન્યા. આ વાતની સૂચના દંડ નાથા (સેના-નાયિકા) દ્વારા શ્રી લલિતા ભગવતી મહાકામેશ્વરીને મળી તે શ્રી મહાકામેશ્વરીના સ્મિત - પ્રભાપુંજથી કુંજરાકૃતિ-માન (હાથી સ્વરૂપ) પોતાના ગંડ સ્થળોથી દાનવારિની વર્ષા કરતા રહેલા જપા-પુષ્પ (જાસુદના ફુલ) સમાન રક્તવર્ણના શરીરની કાન્તિવાળા, ચંદ્રચૂડ, તુંદિલ (દુંદાળા), દશ ભૂજાધારી, દશાયુધ )દાડમ અથરા બીજ પૂરક, ગદા, ધનુષ, ત્રિશૂલ, ચક્ર, શંખ, પાશ, ઉત્પલ (કમળ), વ્રીહિ-ગુચ્છ, પોતાનો દાંત વગેરે આયુધો અને સૂંઢમાં રત્નજડિત કળશ કરેલો છે એવા) મંડિત, સિદ્ધિ લક્ષ્મીથી સમાશ્લિષ્ટ, બંને કાનપટ્ટીઓથી ઝરતા એવા મદ-જળને પીવા માટે ઇચ્છાવાળા ભ્રમરાઓ હટાવવા માટે વારંવાર પોતાના કાનોને હલાવતા, આગળ વધેલા હાથમાં માણિક્ય કળશમાંથી રત્નોની વર્ષા કરતા, સાધકોને પ્રસન્ન કરનારા, પાતોલ્લાસથી મસ્ત, માણેકનો મુકુટ ધારણ કરનારા, રત્નાભૂષણોથી શોભિત એવા મહાગણપતિ (સત્યવિનાયક) પ્રાદુર્ભૂત થીને પ્રણામ કરવા લાગ્યા.

શ્રી મહાકામેશ્વ અને મહાકામેશ્વરીના આશીર્વાદથી વિભૂષિત મહાગણપતિજીએ પોતાના ઘોર દંતાઘાતથી જય વિઘ્ન-યંત્રને ચૂર્ણ કરી ાકાશમાં ઉડાડી દીધું. શક્તિ સેના  શઓ ધારણ કરી યુદ્ધ પરાયણ બની. તે સમયે મહાગણપતિએ 'ससर्ज स बहुन् आत्मस्वरूपान् दन्तावलाननान्' અર્થાત્ પોતાની દંતાવલિથી, પોતાના ગંડસ્થળોથી મદ-જળ વહાવતા એવા પોતાને અનુરૂપ અનેક ગજાનનોને ઉત્પન્ન કર્યા. એ પૈકી આમોદ, પ્રમોદ, સુમુખ, દુર્મુખ વિઘ્ન, વિઘ્નકર્તા આદિ છ મુખ્ય વિનાયકો કહેવાય છે. એજ સાત કરોડ

ગણેશોના સ્વામી છે. મહાગણપતિ સાથેના યુદ્ધમાંથી થાકીને પોતાના પ્રાણ બચાવવા વિશુક્ર ભાગી ગયો. પછી ગજાસુરે સાત અક્ષૌહિણી સેના લઈ યુદ્ધ કર્યું તે પણ મહાગણપતિ સાતે લડતાં પોતાની સેના સાથે મરણશરણ થયો.

શ્રી લલિતા ભગવતિએ મહાગણપતિને આશીર્વાદ આપ્યા - "હે પુત્ર શ્રેષ્ઠ ! સર્વ દેવતાઓની પૂજાના અવસર પર સૌથી પ્રથમ તમારી પૂજા થશે."

આ કથામાં દર્શાવ્યા મુજબ સુદામાને આ જ દસાભૂજાધારી સિંહારૂપ મહાગણપતિએ સત્યવિનાયક રૂપે પ્રગટ થઈ દર્શન આપ્યાં હતાં.

મહાગણપતિનો મંક્ષ આ પ્રમાણે છે - 'ॐ श्रीं ह्रीं क्लीं ग्लौं गं गणपतये वर वरद सर्वजनं मे तशमानय स्वाहा ॥'

'શ્રી સત્ય વિનાયક વ્રત કથા'નું વિવેચન કરી, મારા સ્વાનંદ ખાતર 'સ્વાનંદી' ટીકા લખી છે તે સ્વાનંદ લોકના અધિષ્ઠાતા ભગવાન શ્રી સત્ય વિનયાક, વિઘ્નહર્તા, સ્વ સંવેદ્ય, મહાગણપતિની કૃપા-અનુગ્રનું જ પરિણામ છે. ભગવાન સત્ય વિનાયકના ગુણાનુવાદ કરતાં જે કંઈ ક્ષતિ રહી ગઈ હોય તે મારી છે. તે માટે હું વિદ્વાનો અને વાચકવર્ગનો ક્ષમાપ્રાર્થી છું.

મારાં જીવન ઘડતરમાં જેમનો મોટો ફાળો છે તે મારા જ્યેષ્ઠ પિતાશ્રી (મોટા કાકા) શ્રી મુગટરામ ભાઈશંકર પુરોહિતનો હું ઋણ સ્વીકારી તેમને આ પુસ્તક સમર્પણ કરું છું.

આ પુસ્તકમાં કથિત સત્ય વિનાયક વ્રત કરનારનું તેમજ વ્રતમાં પ્રેરણા કરનાર વિપ્રવર્ગનું ભગવાન સત્યવિનાયક વિઘ્ન હરણ કરી, સુખશાંતિ પ્રદાન કરે અને આત્મ કલ્યાણનો પથ મોકળો થાય તે માટે પ્રાર્થના કરી વિરમું છું.

યોગાનું યોગ 'શ્રી ગજાનન પુસ્તકાલય' ટાવર રોડ, સૂરતના શ્રી વિજયભી ઠક્કરે આ પુસ્તક પ્રકાશનનું કાર્ય સ્વીકારી પુણ્ય કાર્યમાં સહભાગી થયા છે તેમનો આભારી છું.

ભગવદ્દુ ગુણાનુરાગિ,
શરદચંદ્ર ઈશ્વરલાલ પુરોહિત.

મુ. પો. ડુમસ
જિ. સૂરત
તા. ૧૬-૯-૯૭

AD

મનુષ્ય જીવનના ચાર પુરુષાર્થ (૧) ધર્મ (૨) અર્થ
(૩) કામ અને (૪) મોક્ષ સિદ્ધ કરવાનો
સાર્વશ્રેષ્ઠ માર્ગ ચીંધતી શ્રેષ્ઠ વિદ્યા.

# "સ્વરોદય વિજ્ઞાન"

(શિવસ્વરોદય વિશે વૈજ્ઞાનિક તત્વજ્ઞાન)

લેખક : શ્રી શરદચંદ્ર ઈશ્વરલાલ પુરોહિત

આ ગ્રંથમાં આપને મળશે :

- સ્વરજ્ઞાન અને તત્વસાધનાથી અષ્ટસિદ્ધિ નવનિધિની પ્રાપ્તિના ઉપાય.
- ભવિષ્યજ્ઞાન અને જ્યોતિષમાં સ્વરનો ઉપયોગ - સ્વરોદય પ્રશ્નોત્તરી સાથે.
- રોગનિવારણ અને આરોગ્ય પ્રાપ્તિના ઉપાયો.
- પ્રત્યેક કાર્યની સફળતા જાણવા સ્વરજ્ઞાનના પ્રયોગો.
- ઈચ્છામુજબ સંતાનપ્રાપ્તિ તથા ભાવિસંતાન કેવું હશે તેની માહિતી.
- પિંડ અને બ્રહ્માંડના ગૂઢ સંબંધનું જ્ઞાન.
- અજપા જપ એટલે કે પરોપાસનાનો ક્રમ અને ફળશ્રુતિ.
- સમગ્રવિશ્વમાંવ્યાપલી ક્રિયાત્મક પાણચેતનાના સક્રિય. આવિર્ભાવને અનુભવવા માટે પ્રાચીન ઋષિમુનિઓએ ઉપદેશેલ અદ્વિતીય જ્ઞાન.

| |
|---|
| ગુજરાતી ભાષામાં સર્વપ્રથમવાર આ પ્રકારનું પુસ્તક પ્રસિદ્ધ થાય છે. |

Price Rs. : 300/-

પ્રકાશક

શ્રી ગજાનન પુસ્તકાલય ટાવર રોડ, સુરત

## ।। श्रीसत्यविनायक पूजा प्रारंभ ।।

श्रीगणेशाय नमः ।। वैशाखपौर्णमास्यांवरदचतुर्थ्यांभौमेभृगुवासरेयस्मिन् शुभदिनेवासभार्यःसमाहितमनायजमानःप्रातःस्नानकालेआचम्यप्राणानायम्य देशकालौसंकीर्त्यश्रीपरमेश्वरप्रीत्यर्थंअद्यश्रीसत्यविनायकव्रतमहंकरिष्ये ।। इति संकल्प ।। तिलामलककल्कोद्वर्तनपूर्वस्नात्वानित्यविधिंसमाप्यव्रतीउपोष्य पुनः प्रदोषसमये सभार्यःस्नात्वा नित्यविधिंसंसाध्यगोमयोपलिप्तं रंगबल्ल्याद्यंकितं कदलीस्तंभादिपुशोभितं नानापुष्पादर्शावलिविराजितं पूजास्थान - मागत्यस्वासने उपविश्य ।। आचम्यप्राणानायम्य देशकालौसंकीर्त्य - उक्तफलप्राप्त्यर्थ अमुकगोत्रोत्पन्नस्यामुकशर्मणोममसकुटुंबस्यपरिवारस्य (द्विपदचतुष्पदसहितस्य[1]) सकलदुरितोपशमसर्वापच्छांतिपुष्टितुष्टिपूर्वकायुरा - रोग्यैश्वर्यपुत्रपौत्रकीर्त्याद्यभिवृद्ध्यर्थं (तथापरमंत्रयंत्रतंत्रादिविद्यास्तंभनपूर्वक - शत्रुनिबर्हणादि सकलाभीष्टकामनासिद्धिद्वारा) श्रीसत्यविनायकप्रीत्यर्थंच - अंगीकृतव्रतांगत्वेनयथासंपादितसामग्र्यावरुणदेवतापीठदेवतासूर्यादिनवग्रहेंद्रा द्यष्टौलोकपालगणपतिचतुष्टयदेवता लक्ष्मीनारायणादिद्वारदेवतास्थापनार्चन - पूर्वक (पुरुपसूक्तमंत्रैःपुराणोक्तमंत्रैश्च) ध्यानावाहनादिपोडशोपचारैः - सत्यविनायकपूजनमंकरिष्ये तथाचआसनादिदिग्बंधादिकलशपूजनंचकरिष्ये । शरीरशुद्ध्यर्थंपुरुपसूक्तादिन्यासांश्चकरिष्ये ।। तत्रादौनिर्विघ्नतासिद्ध्यर्थंमहा - गणपतिपूजनपूर्वकं पंचवाक्यैः स्वस्तिपुरण्याहवाचनंचकरिष्ये ।। गणानांत्वा - शौनकोगृत्समदोगणपतिर्जगती श्रीॐस्वस्वरूपाकारश्री गणपत्यावाहने - विनियोगः ।। ॐगणानांत्वा० ।। वक्रतुंडमहाकाय ०।। सिद्धिबुद्धि - संहितंसांगंसपरिवारंमहागणपतिंअस्मिन्पूगीफलेआवाहयामि ।। श्रीमहा - गणपतयेनमः ध्यायामि ।। इत्यादिपोडशौपचारैःसंपुज्य ।। अनयाविघ्नेश्वर -

---

१ अत्रत्यंतिर्याक्कुचिह्नांतर्गतान्विशेषभागान्केचित्पठंतीतितेषामत्रसमावेशः कृतोस्ति ।

पूजयाविघ्नहर्तामहागणपतिःप्रीयताम् ॥ अथपंचवाक्यैःपुण्याहवाचनम् ॥ मह्यंसकुटुंबिनेमहाजनान्नमस्कुर्वाणायआशीर्वचनमपेक्षमाणायअद्यकरिष्य - माणश्रीसत्यविनायकव्रत पूजनाख्यस्यकर्मणःपुण्याहंभवंतोब्रुवंतु ॥ ॐ पुण्याहम् ॥१॥ मह्यसकु० श्रीसत्यविनायकपूजनाख्यायकर्मणे - स्वस्तिभवंतोब्रुवंतु । ॐआयुष्मतेस्वस्ति ॥२॥ मह्यंस ० स ० पूजनाख्य - स्यकर्मणःऋद्धिभव० ॥ ॐ कर्मऋद्धयताम् ॥३॥ मह्यंस ० स ० पूजना - ख्यस्यकर्मणःऋद्धिभव ० ॐअस्तुश्रीः ॥४॥ मह्यंस ०स० कल्याणंभव ० ॥ अस्तुकल्याणम् ॥५॥ ॐ आमूरजप्रत्यावर्तयेमाःकेतुमद्दुंदुभिर्वावदीति ॥ समश्वपर्णाश्चरंति नोनरोस्माकमिंद्ररथिनोजयंतु ॥ पुण्याहवाचन - फलसमृद्धिरस्त्वितिभवंतो ब्रुवंतु ॥ पुण्याहवाचनफलसमृद्धिरस्तु ॥ इतिपुण्याहवाचनं ॥ पृथ्वीतिमंत्रस्येतिआसनविध्यादिकृत्वा ॥ पुरुषसूक्त - न्यासंकृत्वा ॥ ॐनंपादाभ्यांनमः ॥ ॐमोंजानुभ्यांनमः ॥ ॐभंकटिभ्यां ०॥ ॐलंनाभ्यैनमः ॥ ॐवंहृदयायनमः ॥ ॐतेंबाहुभ्यांनमः ॥ ॐगंकंठायनमः ॥ ॐजांमुखायनमः ॥ ॐनंनेत्राभ्यांनमः ॥ ॐनांललाटायनमः ॥ ॐयंमूर्ध्नेनमः ॥ ॐनमोभगवतेगजाननायशिरसेनमः ॥ गणानांत्वेतिमंत्रेणकरहृदया - दिन्यासांश्चकुर्यात् ॥ कलशस्यमुखे । ० । कलशपूजनम् ॥ शंखादौ । ० । शंखपूजनम् ॥ आगमार्थं ० घंटापूजनम् ॥ अपवित्रःप । ० । ॥ अथवरुणपूजनंतत्रादौकलशस्थापनं ॥ ॐमहीद्योः ० ॥ जगदाश्रयभूता - त्मासर्वेपांकामदासदा ॥ कर्मांगेपुसदातिष्ठेदुभुभिदेविनमोस्तुते ॥ इति भूमिस्पृष्ट्वा ॥ ॐऔषधयःसं । ० । ॥ ओषध्योयज्ञियाः पुण्याजीवानामादिकारणम् ॥ तस्मादासांप्रकरणात्संतुकामाःसदामम ॥ इतिधान्यानि ॥ ॐआकलशेषु ० ॥ कलशःकमनीयश्चलक्ष्म्या योविधृतः पुरा । तस्मादेनप्रयत्नेनकलशंस्थापयाम्यहम् । इतिधान्योपरिकशस्थापनम् । ॐइमंमेगंगे । ० । ॥ गंगेचयमुनेचैवगोदावरिसरस्वति ॥ नर्मदेसिंधुका

वेरिजलेस्मिन्संनिधिंकुरु ।। इतिकलशेजलम् ।। ॐगंधंद्वारांदुरा ० ।। श्रीखंडंचंदनंदिव्यंगंधाढ्यसुममनोहरम् ।। हृदयानंदनंचारुकलशेप्रक्षिपाम्यहम् ।। इति चंदनम् ।। ॐकांडात्कांडात्प्र । ० । ।। कांडेकांडेविरोहंतिअजरा - स्थामृता:सदा ।। तस्मादेता:प्रयत्नेनकलशेप्रक्षिपाम्यम् ।। इतिदूर्वा: ।। ।। ॐअश्वत्थेवोनि ० ।। अश्वत्थेवोनि ० ।। अश्वत्थचूतप्लक्षाद्या: - पल्लवानिर्मिता: पुरा ।। पवित्रा: पुण्यभाजस्तान्कलशेप्रक्षिपाम्यहम् इतिपंचपल्लवा: । ॐया:फलिनी ० ।। फलेनफलितंसर्वंत्रैलोक्यंसचराचरम् ।। तस्मादेतद्धिसुफलंकलशेप्रक्षिपाम्यहम् ।। इतिफलम् ।। ॐसहिरत्नानि ० ।। वज्रवैडूर्यमाणिक्यनीलपुष्कररांजका: ।। ख्यातानिपंचरत्नानिकलशेप्रक्षिपा - पाम्यहम् ।। इतिरत्नानि ।। ॐहिरण्यरूप: ० ।। हिरण्यगर्भगर्भस्थंहेमबीज्रं - विभावसो: ।। अनंत पुण्यफलदमत: शांतिंप्रयच्छमे ।। इतिहिरण्यम् ।। ॐयुवासुवासा:० अक्षता: परमादिव्या:सर्वकामफलप्रदा: ।। मयानिवेदिता - भक्त्याकलशेसंतुसर्वदा ।। इति अक्षता: ।। ॐपूर्णादर्विप ० ।। अक्षतै: पूरितंदिव्यंसर्वसंपत्प्रपूरकम् ।। पूर्णपात्रमिदंशुद्धंकलशेस्थापयाम्यहम् ।। इति - पूर्णपात्रंकलशोपरिनिधाय ।। ॐतत्त्वायामि ० ।। पाशहस्तंचवरुणमंभसांप - तिमीश्वरम् ।। आवाहयामियज्ञेस्मिन्पूजेयंप्रति गृह्यताम् ।। श्रीवरुणायनम: ।। अस्मिन्कलशेवरुणंसांगंसपरिवारंआवाहयामि ।। इत्यावाह्य ।। श्रीवरुणायनम: इतिनाममंत्रेणध्यानासनादिभि: षोडशोपचारै:पूजयेत् ।। तत:पीठ - देवतादिकानांस्थापनंपूजनं च ।। तद्यथा ।। ॐकार:सर्वत्रयोजनीय: ।। मंडूकायनम: ।। मंडूकमावाहयामि ।। कालाग्निरुद्रायं ० कालाग्निरुद्रमा ० ।। आधारशक्त्यै: ० आधारशक्तिमा ० ।। कूर्माय ० कूर्ममा ० ।। वराहाय ० वराहमा ० ।। गणपतये ० गणपतिमा ० ।। सुधासिंधुपरिवृतपृथिव्यै ० सुधासिंधुपरिवृतपृथ्वीमा ० ।। इक्षुसमुद्राय ० इक्षुसमुद्रमा ० ।। स्वर्णद्वीपाय ० स्वर्णद्वीपमा ० ।। रत्नमंडपाय ० रत्नमंडपमा ० ।। मणिवेदिकायै ०

मणिवेदिकामा ० ॥ गुरुभ्योन ० गुरूना ० आधारशक्तिकमलासनाय ० आधारशक्तिकमलासनमा ० ॥ अनंतासनाय ० अनंतासनमा ० ॥ धर्माय ० धर्ममा ० ॥ ज्ञानाय ० ज्ञानमा ० वैराग्याय ० वैराग्यमा ० ऐश्वर्याय ० ऐश्वर्यमा ० ॥ अनैश्वर्याय ० अनैश्वर्यमा ० ॥ अज्ञानाय ० अज्ञानमा ० अवैराग्याय ० अवैराग्यमा ॥ मध्ये परमानंदाय ० परमानंदमा ० ॥ कंदाय ० कदमा ० नालाय ० नालमा ० ॥ पद्मायपद्ममा ० ॥ पत्रेभ्योन ० पत्राण्या ० ॥ केसरेभ्यो ० केसराण्या ० ॥ कर्णिकायै ० कर्णिकामा ०॥ सूर्यमंडलाय ० ॥ चंद्रमंडलाय ० चंद्रमंडलमा ० वह्निमंडलाय ० वह्नि - मंडलमा ० ॥ सत्त्वाय ० सत्त्वमा ० ॥ रजसे ० रजआ ० ॥ तमसे ० तमआ ० ॥ आत्मने ० आत्मानमा ०॥ अंतरात्मने ० अंतरात्मानमा ०॥ परमात्मने० परमात्मानमा ० ॥ ज्ञानात्मने ० ज्ञानात्मानमा ० ॥ मायातत्त्वाय ० मायातत्त्वमा ० ॥ कलातत्त्वाय कलातत्त्वमा ० ॥ विद्यातत्त्वाय ० विद्यातत्त्वमा ० ॥ परतत्त्वाय ० परतत्त्वामा ० ॥ दशदिक्षुप्रागादिक्रमेण - तीव्रायैनमः तीव्रामा ० ॥ ज्वालिन्यै ० ॥ ज्वालिनामा ० ॥ नंदायै ० नंदामा ० ॥ भौगदायै ० भोगदामा ० ॥ कामरूपिण्यै ० कामरूपिणीमा ० ॥ उग्रायै ० उग्रामा ० ॥ तेजोवत्यै ० तेजोवतीमा ० ॥ सत्यायै ० सत्यामा ० ॥ पद्मवासिन्यै ० पद्मवासिनीमा ० ॥ मध्ये पीठशक्त्यै ० पीठशक्तिमा ० ॥ वामे ह्रिंसर्वशक्तये ० ह्रिंसर्वशक्तिमा ० ॥ दक्षिणे पराशक्तिरुद्राय ० पराशक्तिरुद्रमा ० ॥ इतिपीठदेवताआवाह्य ततोग्रह - स्थापनं ॥ ॐआकृष्णेन ० ॥ जपाकुसुमसं ०॥ ॐभूर्भुवःस्वः इतिसर्वत्र श्रीसूर्यायनमः सूर्यमावाहयामि ॥१॥ ॐआप्यायस्त्र०॥ दधिशंखतुषा ० ॥ सोमाय० सोममा ० ॥२॥ ॐअग्निर्मूर्धा ० ॥ धरणीगर्भ ० ॥ ॐभौमायनमः भौममा ० ॥३॥ ॐउद्बुध्यध्वं ० ॥ प्रियंगुकलिका ० ॥ ॐबुधाय ० बुधमा ० ॥४॥ ॐबृहस्पतेअति ० ॥ देवानांचऋषी ० ॥

ॐगुरवे ० गुरुमा ० ॥५॥ ॐशुक्रःशुशुक्वाँ ० ॥ हिमकुंदमृणा ० ॥ ॐशुक्राय ० शुक्रमा ० ॥६॥ ॐशमग्नि ० ॥ नीलांजनसमा ० ॥ श्रीशनैश्चराय ० शनैश्चरमा ० ॥७॥ ॐकयानश्चित्र ० ॥ अर्धकायंम ॥ श्रीराहवे ० राहुमा ० ॥८॥ केतुंकृण्वन्नके ० ॥ पलाशपुष्पसं ० ॥ श्रीकेतवे ० केतुमा ० ॥९॥ (चतुर्दलेपुक्रमेण) गणानांत्वाग ० वक्रतुंडमहाका ० ॥ श्रीगणपतये ॥ गणपतिमा ० ॥१॥ ॐजातवेदसे ० ॥ नमोदेव्यैमहा ० ॥ श्रीदुर्गायै ० दुर्गामा ॥२॥ ॐक्षेत्रस्यपतिना ० ॥ श्रीक्षेत्रपालाय ० क्षेत्रपालमा ० ॥३॥ वास्तोष्पतेप्र ०॥ श्रावास्तोष्पतये ० वास्तोष्पतिमा ० ॥४॥ (पूर्वाद्यष्टदलेपुक्रमेण) ॐइंद्रंवोविश्वत ० ॥ सर्वलोकाधिपंश्रेष्ठं - देवर्षीणांचपालकम् ॥ पूर्वेदिक्पालकंदेवराजंवैस्थापयाम्यहम् ॥ श्रीमदिंद्राय ० इंद्रमा ० ॥१॥ अग्नंदूतंवृ ० त्रिपादंमेषवाहंचसप्तहस्तंद्विशीर्षकम् आग्नेय्यां - स्थापयाम्यत्रअग्निपूरुष मुत्तमम् ॥ श्रीमदग्नये ० अग्निमावाह ० ॥२॥ ॐयमायसोमं ० ॥ अंतकःसर्वलोकानांधर्मराजइतिश्रुतः ॥ अतस्त्वां - स्थापयाम्यत्रदक्षिणस्यांस्थिरोभव ॥ श्रीयमाय ० यममावा ० ॥३॥ ॐमोषुणः परापरा ० ॥ नैर्ऋत्यांवसतिर्यस्य घोररूपिसदेवयः ॥ निर्ऋतिंस्थापया - म्यत्रनैर्ऋत्यांमंडलेशुभे ॥ श्रीनिर्ऋतये ० निर्ऋःतिमा ० ॥४॥ ॐतत्त्वाया - मिब्रह्म ० ॥ अपांपतिंपाशधरंयादसामधिपंशुभम् ॥ वरुणंस्थापया - म्यत्रवारुण्यांमंडलेशुभे ॥ श्रीवरुणाय ० वरुणमावा ० ॥५॥ ॐवायोशतं - हरीणां ० ॥ आशुगंस्पर्शबोधंचगंधवाहंसुशीतलम् ॥ मंडलेस्थापयाम्यत्र - वायव्यांवायुमुत्तमम् ॥ श्रीवायवे ० वायुमावा ० ॥६॥ ॐआप्यायस्व ० ॥ क्षीरोदार्णवसंभूतंलक्ष्मीबंधुंनिशाकरम् ॥ मंडलेस्थापयाम्यत्रसोमंसर्वार्थ - सिद्धये ॥ श्रीसोमाय ० सोममा ० ॥७॥ ॐअभित्वादे ० ईशानीपालकं - श्रेष्ठंसर्वलोकभयंकरम् ॥ मंडलेस्थापयामीहईशानंसर्वसिद्धये ॥ श्रीईशानाय ० ईशानमा ० ॥८॥ (पूर्वादिचतुर्द्वारेषु) पूर्वद्वारे श्रीलक्ष्मीनारायणाभ्यां ०

लक्ष्मीनारायणावावाहयामि । दक्षिणद्वारे उमामहेश्वराभ्यां ० उममाहेश्वरा - वावाह ० ।। पश्चिमद्वारे महीवराहाभ्यां ० महींवराहावावाह ० ।। उत्तरद्वारे रतिमदनाभ्यां ० रतिमदनावावाह ० ।। ॐतदस्तुमित्राव ।। ।। गृहावैप्रतिष्ठा ० ।। श्रीआवहितदेवताभ्योनमः सुप्रतिष्ठितमस्तु ।। आवाहित्तदेवता - भ्योनमइतिनाममंत्रेण आसनाद्युपचारैःपूजयेत् ।। (ततः सत्यविनायकस्य - स्वर्णमयप्रतिमायांयंत्रेवाअग्न्युत्तारणसहितप्राणप्रतिष्ठांकृत्वातां प्रतिमां - तद्यंत्रंप्वापीठमध्येसंस्थाप्य ध्यानावाहनांद्युपचारैस्तत्पूजनंकुर्यात् ।। तद्यथा) ।। अथध्यानम् ।। श्वेतांगंश्वेतवस्त्रसितकुसुमगणैरर्चितंश्वेतगंधैःक्षीराब्धौरत्नपीठे - सुरतरुविमलेरत्नसिंहासनस्थम् ।। दोर्भिःपाशांकुशेष्टाभयधृतिरुचिरं चंद्रमौलिंत्रिनेत्रनध्यायेच्छांत्यर्थमीशंगणपतिममलंसर्वदासुप्रसन्नम् ।।१।। अथवा ।। एकदंतंशूर्पकर्णगजवक्रचतुर्भुजम् ।। पाशांकुशधरंदेवंध्यायेत्सत्य - विनायकम् ।।२।। ॐसत्यविनायकायसांगायसपरिवारायनमः ।। ध्यायामि ।। ॐसहस्त्रशी ० ।। विघ्नराजनमस्तुभ्यमागच्छगिरिजात्मज ।। इमांमयाकृतां - पूजांगृहाणसुरसत्तम ।।१।। ॐश्रीसत्यवि ०।। पुष्पंसमर्पयामि ।। ॐपुरुषवेदं ०।। अनेकरत्नसंयुक्तंमुक्ताहारैर्विभूषितम् ।। स्वर्णसिंहासनदेवप्रीत्यर्थंप्रति - गृह्यताम् ।। ॐश्रीसत्य ०।। आसनंसमर्पयामि ।। ॐएतावा ०।। उमासुतनमस्तेस्तुशंकरप्रियसिद्धिद ।। भक्त्यापाद्यंमयादत्तंस्वीकुरुप्रणतप्रिय ।। ॐश्रीसत्य ०।। पाद्यंसमर्पयामि ।। ॐत्रिपादूर्ध्व ० ।। व्रतमुद्दिश्यविघ्नेशगंधपुष्पाक्षतैयुतम् ।। गृहाणार्ध्यं मयादत्तंसर्वसिद्धिंप्रयच्छमे ।। ॐश्रीसत्य ० ।। अर्ध्यंसमर्पयामि ।। ॐतस्माद्विराल ० ।। गंगाजलंसमानीतं - सुवर्णकलशेस्थित्तम् ।। इदमाचमनंदेवगृहाणगणनायक ।। ॐश्रीसत्य ० ।। आचमनीयंस ० ।। दधिक्षौद्रंघृतंशुद्धंकपिलायाः सुगंधियत् ।। सुस्वादुमधुरं - देवमधुपर्कगृहाणमे ।। श्रीसत्यवि ० मधुपर्कसम ० ।। मधुपर्कानंतरं आचमं - नीयं ।। ॐयत्पुरुषेणह ० ।। गंगासरस्वतीरेवापयोष्णीनर्मदाजलैः ।। स्नापयामि

- गणाध्यक्षततः शांतिंप्रयच्छमे ॥ ॐसत्यवि ० ॥ मलापकर्षस्नानंस ० ॥ ॐआप्यायस्व ० ॥ कामधेनुसमुद्भूतंपरमंपावनंपयः ॥ तेस्नानकुरुष्वत्वंहेरंब - गणनायक ॥ ॐश्रीसत्यवि ० पयःस्नानंस ० ॥ पयःस्नानानंतरंशुध्धोदक - स्नानंसम ० ॥ सकलपूजार्थेअक्षतान्स ० ॥ ॐदधिक्राव्णो ० ॥ चंद्रमंडलसंका - शंसर्वदेव प्रियंदधि ॥ स्नानार्थंतेप्रयच्छामिगृहाणगणनायक ॥ ॐश्रीसत्यवि ० दधिस्नानंस ० ॥ दधिस्नानानं ० सकलपू ० ॥ ॐघृतंमिमि ० ॥ आज्यंसुराणामाहारमाज्यंयज्ञेप्रतिष्ठितम् ॥ आज्यंपवित्रंपरमंस्नानार्थंप्रति - गृह्यताम् ॥ ॐश्रीसत्यवि ० ॥ घृतस्नानंस ० ॥ घृतस्नानं ० सकलपू ०॥ ॐमधुवाता ० ॥ सर्वौषधिसमुद्भूतंपीयूष सदृशंमधु ॥ स्नानार्थंप्रयच्छामि - गृहाणगिरिजासुत ॥ ॐसत्यवि ० ॥ मधुस्नानंस ० ॥ मधुस्नाननं ० सकलपूजा ० ॥ ॐस्वादुःपवस्व ० ॥ इक्षुदंडसमुद्भूतदिव्यशर्करयाह्यहम् ॥ स्नापयामिमहाभक्त्याप्रीतोभवशिवात्मज ॥ ॐश्रीसत्यवि ० ॥ शर्करास्नानंस ० ॥ शर्करास्नानानं ० सकलपू ० ॥ ॐकनिक्रदज्जनुषंप्रबु ० ऋक् ॥३॥ तैलेलक्ष्मीर्जलेगंगायतस्तिष्ठतिवैप्रभो ॥ मंगलस्नापनार्थंतेजलतैलेसमर्पये ॥ ॐश्रीसत्यवि ० मांगलिकस्नानंस ० ॥ अंगोद्वर्तनकंदेवकस्तूर्यादिवि - मिश्रितम् ॥ लेपनार्थंगृहाणेदंहरिद्राकुंकुमैर्युतम् ॥ ॐसत्यवि ० ॥ अंगो - द्वर्तनंसमर्पयामि ॥ नानातीर्थादाहृतंचतोयमुष्णंमयाकृतम् ॥ स्नानार्थंते - प्रयच्छामिस्वीकुरुष्वदयानिधे ॥ ॐश्रीसत्यवि ०॥ उष्णोदकस्नानंसमर्पयामि ॥ सकलपूजार्थेअक्षतान्स ० ॥ ॐआपोहिष्ठाम ० ऋक् ॥३॥ कर्पूरैलासमा - युक्तंसुगंधद्रव्यसंयुतम् ॥ गंधोदकंगणाध्यक्षस्नानार्थंप्रतिगृह्यताम् ॥ ॐश्रीसत्यवि ० ॥ गंधोदकस्नानंस ० ॥ गंधोदकस्नानंतरंशुद्धोद ०॥ ॐश्रीसत्यवि ० ॥ वस्त्रोपवस्त्रार्थेअक्षतान्स ० ॥ यज्ञोपवीतार्थेअक्षतान्स ०॥ विलेपनार्थेचंदनंस ० ॥ अलंकरणार्थेअक्षतान्स ० ॥ पूजार्थेपुष्पाणिस ० ॥ धूपंस ०॥ दीपंस ०॥ नैवेद्यार्थेशर्कराखाद्यनैवेद्यंस ०॥ ॐप्राणाय ० ॥६॥

उत्तरापोशनंस ० ॥ हस्तप्रक्षालनंस ० ॥ मुखप्रक्षालनंस ०॥ करोद्वर्तनार्थे - चंदनंस ० ॥ मुखवासार्थेतांबूलसमर्पयामि ॥ स्वर्णपुष्प दक्षिणांसम ० ॥ शेषोपचारार्थेनमस्कारंसम ० ॥ अनेनपूर्वाराधनेन श्रीसत्यविनायकः - प्रीयतांनमम ॥ ॥ उत्तरेनिर्माल्यंविसृज्य ॥ पुरुषसूक्तेनगणपत्यथ - र्वशीर्षेणमहिम्नस्तोत्रेणवायथाधिकारंमहाभिषेकंकुर्यात् ॥ ॐश्रीसत्यवि ० ॥ महाभिषेकस्नानंसम ० ॥ महाभिषेकस्नानंतरंआचमनीयंस ० ॥ ॐतदस्तु - मित्रा ० ऋक् ॥ ॐगृहावैप्रति ० ॥ ॐश्रीसत्य ० ॥ सुप्रतिष्ठितमस्तु ॥ ॐतंयज्ञंबर्हि ० ॥ तप्तकांचनवर्णाभंपट्टर्णमृदुलंशुभम् ॥ वस्त्रयुग्मं - गृहाणेदंगणाध्यक्षजगत्प्रभो ॥ ॐ श्रीसत्यवि ० ॥ वस्त्रोपवस्त्रेसम ० ॥ ॐतस्माद्यज्ञा ० ॥ ब्रह्मविष्णुमहेशैश्चनिर्मितंब्रह्मसूत्रकम् ॥ यज्ञोपवीतं - तद्दानात्प्रीयतांपरमेश्वर ॥ ॐश्रीसत्यवि ० यज्ञोपवीतंसमर्पयामि ॥ यज्ञोपवीतानंतरंआचमनीयंसम ० ॥ ॐतस्माद्यज्ञात्सर्वहुत ० ऋ ० ॥ श्रीखंडंचंदनं ०॥ गोरोचनंचंदनदेवदारुकर्पूरकृष्णागरुनागराणि ॥ कस्तूरिका - केशरमिश्रितानियथोचितंदेवमयार्पितानि ॥ ॐश्रीसत्यवि ० ॥ चंदनंस ० उदितारुणसंकाशंजपाकुसुमसन्निभम् ॥ सिंदूरंतेमयादत्तंभूषणार्थंप्रगृह्यताम् ॥ ॐश्रीसत्यवि ० ॥ सिंदूरंस ० ॥ ॐअहिरिवभोगैः ० ॥ ज्योत्स्नापते - नमस्तेस्तुनमस्तेविश्वरूपिणे ॥ नानापरिमलद्रव्यंगृहाणगणनायक ॥ ॐश्री - सत्यवि ० ॥ नानापरिमलद्रव्याणिस ० ॥ अक्षताश्चसुर श्रेष्ठकुंकुमाक्ताः - सुशोभिताः ॥ पूजासंरक्षणार्थाय ईश्वरः प्रतिगृह्यताम् ॥ ॐश्रीसत्यवि ० ॥ अक्षतान्स ० ॥ ॐतस्मादश्वाअजायंत ० ॥ माल्यादीनिसुगंधीनिमा - लत्यादीनिवैप्रभो ॥ मयाहृतानिपूजार्थंपुष्पाणिप्रतिगृह्यताम् ॥ करवीरैर्जाति - कुसुमैश्चंपकैर्बकुलैःशुभैः ॥ शतपत्रैश्चकह्लारैरर्चयेपरमेश्वरं ॥ ॐश्रीसत्यवि ० ॥ पुष्पाणिसम ० ॥ ॥ अथपत्रपूजा ॥ (यथाधिकारं ॐकारःसर्वत्रयोज्यः ॥ सुमुखायनमः केतकीपत्रंस ० ॥ गणाधिपायनमः भृंगिराजपत्रंस ० ॥

उमापुत्राय ० बिल्वपत्रंस ० ॥ गजाननाय ० दूर्वापत्रंस ० ॥ लंबोदराय ० बदरीपत्रंस ० ॥ हरसूनवे ० धत्तूरपत्रंस ०॥ गजकर्णाय ० तुलसीपत्रंस ०॥ गुहाग्रजाय ० अपामार्गपत्रंस ० ॥ भिन्नदंताय ० अर्कपत्रंसम ० ॥ पत्नीयुक्ताय ० शमीपत्रंस ०॥ बटवेनमः दाडिमीपत्रंस ०॥ शूलधराय ० देवदारुपत्रंस ० ॥ भालचंद्राय ० मरुपत्रंस ० ॥ हेरंबाय ० सिंदुवारपत्रंस ० शूर्पकर्णाय ० करवीरपत्रंस ० ॥ सिद्धिविनायकाय ० जातीपत्रंस ० ॥ सत्याय ० विष्णुक्रांतापत्रंस ० ॥ द्वैमातुराय ० ब्रह्मपत्रंस ० ॥ मूषकवाहनाय ० चूतपत्रंस ० ॥ विघ्नहर्त्रेनमः पुन्नागपत्रंस ० ॥ इभवक्राय ० ॥ सर्वपत्राणिस ० ॥ ॥ अथपुष्पपूजा ॥ ॥ गणाधिपाय ० शतपत्रपुष्पंस ०॥ ब्रह्मचारिणे ० ॥ चूतपुष्पंस ० विनायकाय ० पुन्नागपु ० ॥ उमापुत्राय ० मल्लिकापु ० ॥ अघनाशनाय ० दाडिमीपु ० ॥ लंबोदराय ० कर्णिका - पुष्पंस ० ॥ गजकर्णाय ० नंद्यावर्तपुष्पं ० ॥ सुराग्रण्येन ० कुमुदपु ० ॥ पत्नीयुक्ताय ० पारिजातपुष्पंस ० ॥ अनेकाभरणाय ० कमलपुष्पं ॥ कल्पवृक्षाय ० मरुपु ० ॥ रुद्रप्रियाय ० अर्कपु ० ॥ गुहाग्रजाय ० अशोकपु ० ॥ भक्तप्रियाय ० जातीपुष्पंस ० ॥ भालचंद्राय ० चंपकपु ० ॥ सर्व सिद्धिप्रदायकाय ० ह्रीबेरपुष्पंस ० गणाध्यक्षाय ० कह्लारपु ० ॥ विघ्ननाशिन ० यूथिकापु ० वक्रतुंडाय ० बदरीपुष्पं ० ॥ हेरंबाय ० हरिपुष्पं ० ॥ मूषकवाहनाय ० जंबीरपु ० कुमारगुरवेनमः नागचंपकपुष्पंसमपर्यामि ॥ ॥ अथांगपूजा ॥ ॥ संकटनाशिनेनमः पादौपूजयामि ॥ स्थूलजंघाय ० जंघेपूजयामि ॥ एकदंताय ० जानुनीपू ० ॥ आखुवाहनाय ० ऊरूपू ०॥ हेरंबायं ० कटीपू ० ॥ लंबोदराय ० उदरपू ० गणाध्यक्षाय ० हृदयंपू ०॥ स्थूल कंठाय ० कंठंपू ० ॥ स्कंदाग्रजाय ० स्कंधौपू ॥ परशुहस्ताय ० हस्तौपू ० ॥ गजवंक्राय ० मुखंपू ० ॥ सर्वेश्वराय ० शिरःपूज ० ॥ सत्यविनायकाय ० सर्वांगंपू ० ॥ ॥ अथैकविंशतिदूर्वापूजा ॥ गजाननाय

- नमः विघ्नराजाय ० ॥ लंबोदराय ० ॥ शिवात्मजाय ०॥ वक्रतुंडाय ०॥ शूर्पकर्णाय ० ॥ कुजायन ० ॥ गणेशाय ० ॥ विघ्ननाशिने ० ॥ विकटायन ० ॥ वामदेवाय ० ॥ सर्वदेवाय ० ॥ सर्वार्तिहराय ० ॥ विघ्नहर्त्रे ० ॥ धूम्राय ० ॥ सर्वदेवाधिदेवाय ० उमापुत्राय ० ॥ कृष्णपिंगलाय ० ॥ भालचन्द्राय ० गणाधिपाय ० ॥ सर्वसिद्धिविनायकाय ० ॥२१॥ अथा - वरणपूजा ॥ गणेशाय ० ॥ उमापुत्राय ॥ अघनाशनाय ० ॥ हेरंबायन ०॥ गजवक्राय ०॥ सुमुखाय ० ॥ एकदंताय ०॥ कपिलाय ०॥ विकटाय ०॥ विघ्ननाशनाय ० ॥ भालचंद्राय ०॥ गणाध्यक्षाय ०॥ धूम्रकेतवे ० ॥ ईशपुत्राय ० ॥ दयाब्धेत्राहिसंसारसर्पान्मांशरणागतम् ॥ भक्त्यासमर्पयेतुभ्यं - प्रथमावरणार्चनम् ॥ अनेनप्रथमावरणार्चनेन भगवान्श्रीसत्यविनायकः - प्रीयतांनमम ॥१॥ इतिसर्वत्र ॥ वीरगणपतये ० ॥ शूरगणपतये ० ॥ वरदगणपतये ० ॥ विनायकगणपतेय ० ॥ इभास्यगणपतये ० ॥ एकदंतगणपतये ० ॥ क्षिप्रगणपतये ० ॥ श्रीसिद्धिगणपतये ० ॥ दयाब्धे ० द्वितीयावरणार्चनम् ॥ अनेनद्विती ० ॥२॥ रामायनमः ॥ रमेशाय ० ॥ गिरिजाय ० ॥ वृषांकाय ० ॥ रत्यै ० ॥ मदनाय ० ॥ वराहाय ० ॥ श्रियै ० ॥ दयाब्धे ० तृतीयावरमा ० अनेनतृतीयाव ० ॥३॥ सिद्धयैनमः ॥ समृद्धयै ० ॥ कांत्यै ० ॥ मदनवत्यै ० ॥ मदनचंद्राय ० विद्यायै ० ॥ दयाब्धे ० चतुर्थाव ० ॥४॥ रवये ० सोमाय ० ॥ अंगारकाय ० बुधाय ० ॥ बृहस्पतये ० शुक्राय ० ॥ शनैश्चराय ० ॥ राहवे ० ॥ केतवे ० ॥ दयाब्धे ० पंचमाव ० ॥ अनेनपंचमावर ० ॥५॥ इंद्राय ० ॥ अग्नये ०॥ यमाय ० ॥ निर्ऋतये ० ॥ वरुणाय ०॥ वायवे ० ॥ सोमाय ० ॥ ईशानाय ० दयाब्धे ० षष्ठाख्याव ॥ अनेनषष्ठाव ० ॥६॥ अजायनमः ॥ वृषभाय ० ॥ युग्माय ० ॥ कर्काय ० ॥ सिंहाय ० ॥ कन्याय ० ॥ तुलायै ० ॥ वृश्चिकाय ० ॥ धनुषे ० ॥ मकराय ० ॥ कुंभाय ० ॥ मीनाय ० ॥

दयाब्धे ० ॥ सप्तमाव ० ॥ अनेनसप्तमाव ० ॥७॥ असितांगभैरवाय ०॥ रुरुभैरवाय ० ॥ उन्मत्तभै ० ॥ क्रोधभै ० ॥ संहारभै ० ॥ चंडभै ॥ भीपणभै ० ॥ कपालभै ० ॥ दयाब्धे ० अष्टमाव ० ॥ अने न अष्टमा ० ॥८॥ सत्वाय ० रजसेन ० ॥ तमसेन ० ॥ महते ० ॥ अग्रये ० ॥ दयाब्धे ० नवमाव ० ॥ अनेननवमाव ० ॥९॥ रवये ० ॥ त्वष्ट्रेन ॥ वाचस्पतये ०॥ अहंकाराय ० ॥ दयाब्धे ० ॥ दशमाव ० ॥ अनेनदशमाव ० ॥१०॥ अज्ञानाय ० ॥ पृथिव्यैनमः ॥ ओषधीशाय ० ॥ औपधिदनस्पतिभ्योन ० पर्जन्याय ० ॥ आकाशाय ० ॥ दयाब्धे ० एकादशाव ० ॥ अनेनएकादशाव ० ॥११॥ गायत्र्यै ० ॥ सावित्र्यै ० ॥ सरस्वत्यै ० ॥ कृष्णायै ० ॥ दयाब्धे ० द्वादशाव ० ॥ अनेनद्वादशावर ० ॥१२॥ दयायै ० ॥ यमाय ० ॥ अग्नये ०॥ ब्रह्मणे ०॥ शशभृते ०॥ अतीताय ०॥ दयाब्धे त्रयोदशाव ०॥ अनेनत्रयोदशावरणेन ० ॥१३॥ इज्याय ० ॥ उरगाय ० ॥ पितृभ्यो ० ॥ भगाय ० अर्यम्णे ० ॥ हस्ताय ० ॥ त्वष्ट्रे ० ॥ दयाब्धे ० चतुर्दशाव ०॥ अनेनचतुर्दशावर ० ॥१४॥ समाराय ० ॥ शक्राग्निभ्यां ० ॥ मित्राय ०॥ इंद्राय ० ॥ निर्ऋतये ० ॥ अम्द्योन ० ॥ विश्वाय ० ॥ दयाब्धे ० ॥ पंचदशा ० ॥ अनेनपंचदशावर ० ॥१५॥ विधये ० ॥ गोविंदाय ० ॥ वसुभ्यो ०॥ वरुणाय ० ॥ अजचरणाय ० ॥ अहिर्बुध्न्याय ०॥ पूष्णे ०॥ दयाब्धे ० ॥ षोडशाव ० ॥ अनेनषोडशावर ० ॥१६॥ अग्नितेजसे ०॥ वह्नितेजसे ० ॥ सूर्यतेजसे ० ॥ चंद्रतेजसे ॥ दयाब्धे ० सप्तदशाव ० ॥ अनेनसप्तदशापर ० ॥१७॥ ब्राह्मेन ० ॥ माहेश्वर्यै ० ॥ कौमार्यै ० ॥ वैष्णव्यै ० ॥ वाराह्यै ० ॥ इंद्राण्यै ० ॥ चामुंडायै ० ॥ दयाब्धे ० अष्टा - दशाव ० ॥ अनेनाष्टादशावर ० ॥१८॥ विष्कंभाय ० ॥ प्रीतये ० ॥ आयुष्मते ० ॥ सौभाग्यय ० शोभनाय ० ॥ अतिगंडाय ० ॥ दयाब्धे ० एकोनविंशाव ० ॥ अनेनैकोनविंशावर ० ॥१९॥ सुकर्मणे ॥ धृतये ०॥

शूलाय ०।। गंडाय ०।। वृद्धये ०।। ध्रुवाय ०।। व्याघाताय ० हर्षणाय ०।। वज्राय ० ।। सिद्धये ० ।। व्यतीपाताय ० ।। वरीयसे ० ।। परिघाय ० ।। दयाब्धे ० ।। विंशित्वावरणाचंनम् ।। अनेनविंशावर ०।।२०।। शिवाय ०।। सिद्धाय ० ।। साध्याय ० ।। शुभाय ० ।। शुक्लाय ० ।। ब्रह्मणे ० ।। ऐंद्राय ० वैधृतये ० ।। श्रीसत्यविनायकासांगायसपरिवाराय ० ।। दयाब्धे ० एकविंशाव ० ।। अनेनएकविंशावर ० ।।२१।। ।। (अथगणपति - सहस्त्रनामभिरष्टोत्तरशतनामभिवादूर्वांकुरार्पणंकुर्यात्) ।। तत्र अष्टोत्तरशत - नामावलिः ।। ।। ॐअस्यश्रीविघ्नेश्वराष्टोत्तरशतदिव्यनामामृतस्तोत्रमंत्रय गृत्समदऋषिः गणपतिर्देवता अनष्टुपूछंदः गंवीजंनंशक्तिः मंकीलकम् श्रीसत्यविनायकप्रसादसिद्धयर्थंदूर्वांकुरार्पणेविनियोगः ।। (ॐ कार - पूर्वकाणिनामानि ।।) विनायकायनमः ।। विघ्नराजाय ० । गौरीपुत्राय ० । गणेश्वराय ० । स्कंदाग्रजाय ० ।। अव्ययाय ० । पूताय ०। दयाध्यक्षाय ०। द्विजप्रियाय ० । अग्निगर्वच्छिदेनमः । इंद्रश्रीप्रदाय ० । वाणीबलप्रदाय ०। सर्वसिद्धिमते ०। शर्वतनयाय ० । शिवप्रियाय ० । सर्वात्मकाय ० । सृष्टिकर्त्रे ० । देवानीकार्चिताय ०। शिवाय ०। शुद्धाय ०। बुद्धिप्रियाय ०। शांताय ० । ब्रह्मचारिणे ० । गजाननाय ० । द्वैमातुरायन ० । मुनि - स्तुत्याय ० । भक्तविघ्नविनाशनाय ० । एकदंताय ० । चतुर्बाहवे ० । चतुर्वाहवे ०। चतुराय ० । शक्तिसंयुताय ०। लंबोदराय ० शूर्पकर्णाय ०। हेरंबाय ०। बह्मवित्तमाय ० । कालाय । ग्रहपतये ० कामिने ० । सोमसूर्याग्निलोचनाय ० । पाशांकुशधराय ० । चंडाय ०। गुणातीताय ०। अकल्मषाय ०। स्वयंबद्धाय ०। सिद्धार्चितपदांबुजाय ०। बीजपूरप्रियाय ०। अव्यक्ताय ० । वरदाय ० । शाश्वताय ० । कृतिने ० । विद्वत्प्रियाय ०। वीतभयाय । गदिने ० । चक्रिणे ० । इक्षुचापधृते ० । अजोत्पलकराय ०। श्रीशाय ० । निरंजनाय ० श्रीपतिस्तुतिहर्षिताय ० । कुलाद्रिभृते ० ।

जटिने ०। चंद्रचूडाय ०। अमरेश्वराय ०। नागोपवीतिने ०। श्रीकंठाय ०। रामार्चितपदाय ०। व्रतिने ०। स्थूलकंठाय ०। त्रयीकर्त्रे ०। सामघोष - प्रियाय। अग्रगण्याय ०॥ पुरुषोत्तमाय ०। स्थूलतुंडाया ग्रामण्ये ०। गणपाय ०। स्थिराय ०। वृद्धिदाय ०। सुभगाय ०। शूराय ०। वागीशाय ०। सिद्धिदाय ०। दूर्वाबिल्वप्रियाय ०। कांताय ०। पापाहारिणे ०। कृतागमाय ०। समाहिताय ०। वक्रतुंडाय ० श्रीप्रदाय ०। सौम्याय ०। भक्तकांक्षितदात्रे ०। अच्युताय। केवलाय ०। सिद्धिदाय ०। सच्चिदानंद - विग्रहाय ०। ज्ञानिने ०। मायायुताय ०। दांताय ०। ब्रह्मिष्टाय ०। भयवर्जिताय ०। प्रमत्तदैत्यभयदाय ०। व्यक्तमूर्तये ०। अमूर्तिकाय ०। पार्वतीशंकरोत्संगखेलनोत्सवलालसाय ०। समस्तजगदाधाराय ० वरमूषक - वाहनाय ०। हृष्टचित्ताय ०। प्रसन्नात्मने ०॥ सर्वासिद्धिप्रदायकाय - नमः ॥१०८॥ ॐयत्पुरुपं ०॥ वनस्पतिरसोद्भूतोगंधाढ्योगंधउत्तमः ॥ आघ्रेयः सर्वदेवानांधूपोयंप्रतिगृह्यतम्। ॐ श्रीसत्यवि ०॥ धूपस ०॥ ॐब्राह्मणोस्य ०॥ साज्यंचवर्तिसंयुक्तंवाह्निनायोजितंमया ॥ दीपंगृहाण - देवेशत्रैलोक्यतिमिरापह ॥ ॐश्रीसत्यवि ०॥ दीपंस ०॥ ॐचंद्रमाम ०॥ शर्कराक्षीरपाकेनपूरितान्घृतपाचितान् ॥ गोधूममोदकान्दास्येनैवेद्यं - प्रतिगृह्यताम् ॥ ॐश्रीसत्यवि ०॥ नैवेद्यार्थेयथोक्तमोदकनैवेद्यंस ०॥ अमृतोपस्तरणमसि ॥ प्राणाय ०॥६॥ एलोशीरसुकंकोलकर्पूरैः - परिवासितम् ॥ प्राशनार्थकृतंतोयंगृहाणगणनायक ॥ ॐश्रीसत्य ०॥ नैवेद्यमध्येप्राशनार्थेपानीयंस ०॥ पुनः। प्राणाय ०॥ उत्तरापोशनंस ॥ हस्तप्रक्षालनंस ०॥ मुख प्रक्षालनंस ०॥ आचमनीयंस ०॥ मलयाचलसंभूतंघनसारंमनोहरम् ॥ हृदयानंदनंचारुचंदनंप्रतिगृह्यताम् ॥ ॐश्रीसत्यवि ०॥ करोद्वर्तनार्थेचंदनंस ०॥ पूगीफलंमहद्दिव्यंनाग - वल्यादलैर्युतम् ॥ कर्पूरैलासमायुक्तंतांबूलंप्रतिगृह्यताम् ॥ ॐश्रीसत्यवि ०॥

मुखवासार्थेतांबूलंस ० ॥ हिरण्यगर्भगर्भस्थंहेमबीजंविभावसोः ॥ अनंतपुण्यफलदमतःशांतिप्रचच्छामे ॥ ॐश्रीसत्यवि ० । दक्षिणांसम ० ॥ वज्रमाणिक्यवैडूर्यविद्रुमादियुतानिच ॥ पुष्परागसमेतानि भूषणानिप्रगृह्यताम् ॥ ॐश्रीसत्यवि ० ॥ भूपणानिस ० ॥ फलानीमानिसर्वाणि - स्थापितानितवाग्रतः ॥ ते नमेसुफलावाप्रिर्भवेर्ज्जन्मनिजन्मनि ॥ ॐश्रीसत्यवि ० ॥ नानाफलानिस ० ॥ ॐश्रिये जातश्रिय ० ॥ चंद्रादित्यौचधरणिर्विद्युदग्रिस्त्तथैवच ॥ त्वमेवसर्जज्योतीषिआर्तिक्यंप्रति - गृह्यताम् ॥ ॐश्रीसत्यवि ० ॥ महानीराजनदीपंस ० ॥ कर्पुरकं - महाराजंरभोद्भूतंचदीपकम् मंगलार्थंमयादत्तंसंगृहाणजगत्पते ॐश्रीसत्य ० ॥ कर्पूरदीपंस ० ॥ गृहाणपरमेशानसरत्नेछत्रचामरे ॥ दर्पणंव्यजनंचैवराजभोगाय - यत्नतः ॥ ॐ श्रीसत्यवि ० ॥ राजोपचरान्स ० ॥ (अथदूर्वायुग्मार्पणं) ॥ तद्यथा एकविंशतिदूर्वांकुरमध्यतोरक्तगंधाक्षतयुतंदूर्वांकुरयुग्मंगृहीत्वा गणा - धिपनमस्त्त इतिवक्ष्यमाणश्लोकद्वयोक्तैकैकनाम्नातत्समर्प्यांतेतच्छ्लोकद्वये - नैकंदूर्वांकूरंसमर्पयेत् ॥ गणाधिपाय ० ॥ दूर्वायुग्मंस ० ॥ उमापुत्राय ० दू ० ॥ अघनाशनाय ० दू ० ॥ एकदंताय ० दू ०॥ इभवक्रा ० दू ०॥ विनायकाय ० दू ० ॥ ईशपुत्राय ० दू ० ॥ सर्वसिद्धिप्रदायकाय ० दू ०॥ कुमारगुरवे ० दूर्वा ० ॥ श्रीगणराजाय ० दू ० ॥ गणाधिपनमस्तेस्तु - उमापुत्राघनाशन ॥ एकदंतेभवक्रेतितथामूषकवाहन ॥ विनायकेशपुत्रेति - सर्वसिद्धिप्रदायक ॥ कुमारगुरवेतुभ्यंपूजयामिप्रयत्नतः ॥ ॐ श्रीसत्यवि ० ॥ दूर्वांकुरंस ० ॥) ॐ नाभ्याआसी ० ॥ नमःसर्वहितार्थायजगदाधारमूर्तये ॥ साष्टांगोयंप्रणामस्तेप्रयत्नेनमयाकृतः ॥ ॐ श्रीसत्यवि ० ॥ नमस्कारंस ०॥ ॐ सप्तास्यास ० ॥ यानिकानि ० ॥ ॐ श्रीसत्यवि ० ॥ प्रदक्षिणांस ०॥ ॐ यज्ञेनयज्ञ ० ॥ ॐ राजाधिराजाय ० ॥ नात्मंत्रान्समुच्चार्ययथाशक्त्या - मयार्पितम् ॥ पुष्पांजलिंगृहाणेमंश्रीसत्यगणनायक ॥ ॐ श्रीसत्यवि ० ॥

मंत्रपुष्पांजलिंस ० ॥ (अथप्रार्थना ॥ हस्तेपुष्पाणिगृहीत्वा ॥) ध्यायेत्सत्यं - गणाध्यक्षमनंतगुणपुरितम् ॥ लोकनाथंत्रिलोकेशंशेषाभरणभूषितम् ॥१॥ रक्तवर्णरक्तनेत्रंपाशांकुशधरंपरम् ॥ विनायकंचतुर्बाहूंधृतमोदकहस्तकम् ॥२॥ उमासुतंजनानंदंसर्वदेवार्चितंप्रभुम् ॥ सत्यैकंसत्यसंकल्पंसत्यं - सत्यव्रतंभजे ॥३॥ सत्यार्च्यंसत्ययोनिंचसत्यशीलंगणाधिपम् ॥ नमामिसत - तंभक्त्यासत्यसंकल्पशीलिनम् ॥४॥ सत्यव्रतंसत्यपरंत्रिसत्यंसत्यस्य - योनिंनिहितंचसत्ये ॥ सत्यस्यसत्यंऋतसत्यनेत्रंसत्यात्मकंत्वांशरणंप्रपन्नः ॥५॥ सदासर्वरूपंत्रिसत्यंत्रिभेदैर्विहीनंसमनेतिरूपंपुराणम् ॥ नुतंयोगिभिर्देवमुख्यैः - शिवाद्यैर्गणानांपतिंज्येष्ठराजंभजामि ॥६॥ सत्यरूपंसत्यसंधंसत्यनामांकितां - विभुम् ॥ यत्सत्येनजगत्सत्यंसत्यतत्त्वंनमाम्यहम् ॥७॥ प्रणमामिजगन्नाथं - जगत्कारणकारणम् ॥ अनाथनाथंशिवदंतापत्रयविमोचनम् ॥८॥ अमोघं - पुंडरीकाक्षंगणेशंविघ्ननाशनम् ॥ हृषीकेशंजगन्नाथंवागीशं वरदायकम् ॥९॥ गुणपूर्णंगुणातीतमुमासुतमहंभजे ॥ जनार्दनंजनानंदंनागयज्ञोपवीतिनम् ॥१०॥ प्रणमामिसदासत्यंनगजायाः प्रियंकरम् ॥ सत्यैकदंतंवरदंवं - देहंकामदंवरम् ॥११॥ लीलयाचततंविश्वंयेनतस्मैनमोनमः ॥ उदितादित्य - संकाशंज्ञानानंदशरीरिणम् ॥१२॥ चतुर्भुजंगजास्यंचत्रिनेत्रंशशिशेखरम् ॥ आश्लिष्टंसिद्धिबुद्धिभ्यांवामदक्षिणतः क्रमात् ॥१३॥ ब्रह्मरुद्रादिभिः सर्वै - रुपास्यंसर्वदेवतैः ॥ स्मितवक्त्रंविशालाक्षंलंबोदरमहंभजे ॥१४॥ फणिपति - फणमणिविलसितमुकुटंदिनकरहिमकरहुतवहनयनम् ॥ मदजलपरवश - गजवरवदनंप्रणमतगणपतिमभिमतफलदम् ॥१५॥ नमःसत्यविघ्नेश्वराया - स्यकर्त्रेनमःशुद्धसत्वायविश्वस्यभर्त्रे ॥ करालायकालात्मकायास्यहर्त्रेनमस्ते - जगन्मंगलायादिमूर्ते ॥१६॥ आवाहनंनजानामिनजानामिविसर्जनम् ॥ पूजांचैवनजानामिक्षम्यतांपरमेश्वर ॥१७॥ मंत्रहीनंक्रियाहीनंभक्तिहीनं - सुरेश्वर ॥ यत्पूजितंमयादेवपरिपूर्णंतदस्तुमे ॥१८॥ अन्यथाशरणंनास्तित्व -

मेवशरणंमम ॥ तत्मात्कारुण्यभावेनरक्षस्वगणनायक ॥१९॥ जातस्य - जायमानस्यगर्भस्थस्यचदेहिनः ॥ माभून्ममकुलेजन्मशांकरंदैवतंविना ॥२०॥ अनायासेनमरणंविनादैन्येनजीवनम् ॥ गणेशकृपयादेहित्वयिभक्तिमचं - चलाम् ॥२१॥ रोगपातकदौर्भाग्यदारिद्र्यविनिवृत्तये ॥ अशेषाघविनाशाय - प्रसीदगणनायक ॥२२॥ ॐ श्रीसत्यवि ० ॥ प्रार्थनापुष्पांजलिंस ० ॥ (अथश्रीसत्यविनायकायविशेषार्घ्यंदद्यात् ॥) तद्यथा ॥ (हिरण्यफलगंध - पुष्पाक्षतयुतंशुद्धोदकमर्घ्यपात्रेगृहीत्वा ॥) लंबोदरनमस्तुभ्यंसततंमोदकप्रिय ॥ गृहाणार्घ्यंमयादत्तंसंकटान्मांनिवारय ॥ ॐ श्रीसत्यविनायकायसांगाय - सपरिवारायनमः इदमर्घ्यंसमर्पयामि ॥ (अथैकविंशतिवारंगणेश - गायत्रीजपंकुर्यात् ॥ ततउत्तरन्यासः) ॐ ब्राह्मणोस्य ० ॥ हृदयाय ० ॥ ॐ चंद्रमाम ० ॥ शिरसेस्वाहा ॥ ॐ नाभ्याआसी ० ॥ शिखायैवषट् ॥ ॐ सप्तास्या ० ॥ कवचायहुम् ॥ यज्ञेनय ० ॥ अस्त्रायफट् ॥ अनेनयथा - ज्ञानेनकृतपूजनेनश्रीसत्यविनायकःप्रीयतांनमम ॥ ॐ तत्सद्ब्रह्मार्पणमस्तु ॥ अद्यपूर्वोच्चरित ० श्रीसत्य ० प्रीत्यर्थं श्रीसत्यविनायकव्रतांगभूतंतत्कथा - श्रवणमहं करिष्ये । इतिसंकल्प्य ॥ गंधपुष्पाक्षतादिभिः कथापुस्तकं - पूजां वाचकपूजांचकृत्वा सुहृन्मित्रादिजनैःसहैकाग्रचित्तेनकथाश्रवणं - कुर्यात् ॥ ततोमहानैवेद्यसमर्पणंब्राह्मणदंपतीभोजनंचयथाशक्ति - कृत्वासुहृद्युतोभुंजीत ॥ इतिश्रीसत्यविनायकपूजासमाप्ताः ॥ ॥

ॐश्रीः ॥ कथाश्रवणोत्तरम् ॥ आचम्यप्राणानायम्य ॥ अद्यपूर्वोच्चरि ० श्रीसत्यविनायककथाश्रवणसांगतासिद्ध्यर्थंपुस्तकपूजनपूर्वकंवाचक - पूजनमहं करिष्ये ॥ इतिसंकल्प ॥ श्रीसरस्वत्यैनमइतिनाममंत्रेण - गंधाद्युपचारैःपुस्तकपूजांकृत्वा ॥ श्रीव्यासस्वरूपिणेब्राह्मणायेदमासनमित्या - दिपाद्यार्घ्याचमनीयगंध पुष्पाक्षतवस्त्रालंकारतांबूलफलदक्षिणाभिर्यथाविभवं -

पौराणिकपूजांकुर्यात् ॥ ॥ ततोभगवतेमहानैवद्यार्पणं ॥ आचम्यअद्यपूर्वो ० प्रीत्यर्थंगंधादिपंचोपचारैःपूजन महंकरिष्ये ॥ इतिसंकल्प्य ॥ ॐ तस्माद्य - ज्ञात्सर्वहुतऋचः ॥ श्रीखंडंचं ० ॥ ॐसत्यवि ० ॥ चंदनं ० अक्षता ० ॥ ॐसत्यवि ० ॥ अक्षतान्सम ० ॥ ॐतस्मादश्वा ० ॥ माल्यादीनि ०॥ ॐ श्रीसत्य ० ॥ पुष्पाणिस ० ॥ ॐ यत्पुरुषं ० ॥ वनस्पतिरसो ० ॥ ॐ श्रीसत्य ०॥ धूपंस ०॥ ॐ ब्राह्मणोस्य ० ॥ साज्यंच ० ॥ ॐ श्रीसत्य ०॥ दीपंस ० ॥ ॐ चंद्रमा ० ॥ चतुर्विधान्नसंपनंमधुरंमोदकान्वितम् ॥ नैवेद्यतेमया दत्तंभोजनंकुरुविघ्नप ॥ ॐ श्रीसत्य ॥ महानैवेद्यंसम ० ॥ अमृतो ० ॥ प्राणाय ० ६ ॥ नैवेद्यमध्येप्राशनार्थेपानीयंस ० ॥ पुनःप्राणाय ० ६ ॥ उत्तरापोशनंस ० ॥ हस्तप्रक्षा ० ॥ मुखप्रक्षा ० ॥ आचमनीयं ० ॥ करोद्वर्तनं ० ॥ पूगीफलमितितांबूलं ॥ हिरण्यगर्भेतिदक्षिणां ॥ इदंजफलमितिफलम् ॥ ततःआर्तिक्यम् (आर्ती) नमोस्त्वनं ० ॥ नमस्कार ० यानिकानिचेति - प्रदक्षिणा ॥ मंत्रपुष्पांजलिंसमर्प्य । अनेनपंचोपचारपूजनेन श्रीसत्यविनायकः प्रीयतांनममम ॥ ॐ तत्सद्ब्रह्मार्पणमस्तु ॥ ॥ अद्यपूर्वोच्च ० श्रीसत्यविनायकव्रतसांगतासिद्धर्थयथाशक्ति (यथावकाशेन) ब्राह्मण - सुवासिनीसमाराधनमहंकरिष्ये ॥ तथाच भूयसीदक्षिणांदातुमहमुत्सृजे ॥ इतिसंकल्प्यभूयसीदद्यात् ॥ ततःसर्वेभ्यस्तीर्थप्रसादंदत्त्वास्वयंगृह्णीयात् ॥ तत्रतीर्थग्रहणमंत्रः ॥ अकालमृत्युहरणंसर्वपापविनाशनम् ॥ देवपादोदकं - तीर्थंजठरेधारयाम्यहम् ॥ इतितीर्थमंत्रः ॥ प्रसादंहस्तेगृहीत्वा ॥ बहुजन्मा - र्जितंयन्मेदेहेस्तिदुरितंहितम् ॥ प्रसादभक्षणाद्यातुलयंसत्यविनायक ॥ इति - प्रसादंभुक्त्वा ॥ ब्राह्मणान्सुवासिनीश्चभोजयित्वा बंधुसुहृन्मित्रादिभिः सहस्वयंभुंजीत ॥ ततौरात्रौश्रीसत्यविनायकसन्निधौ वेदपठनभजननृत्यगायन नानावाद्यवादनादिभिर्जागरणंकृत्वा प्रातर्नित्यकर्मसादनानंतरमुत्तरपूजां -

कुर्यात् ॥ ॥ सायथा ॥ ॥ आचम्य प्राणानायम्य देशकालौसंकीर्त्य ॥ श्रीसत्यविनायकप्रीत्यर्थं आवाहितदेवतानामुत्तरपूजनमहंकरिष्ये इतिसंकल्य ॥ आवाहिताखिलदेवताभ्योनमः इतिनाममंत्रेणगंधाद्युपचारैः प्रार्थनांतंसंपूजयेत ॥ ततोहस्तेअक्षतान्गृहीत्वा ॥ ॐ उत्तिष्ठब्रह्मणस्पते ० ॥ यांतुदेवगणाः - सर्वेपूजामादायपार्थिवात् ॥ इष्टकामप्रसिद्ध्यर्थंपुनरागमनायच ॥ इतिदेवतोपरिअक्षतान्निक्षिपेत् ॥ ॥ अथपीठदानम् ॥ आचम्य ॥ अद्यपूर्वो ० श्रीसत्यविनायकव्रतसांगतासिद्ध्यर्थं आचार्यायपीठदानंकरिष्ये ॥ तथा - आचार्यपूजनमहंकरिष्ये ॥ इतिसंकल्य आचार्यमासनपाद्यादिभिःसंपूज्य ॥ विप्रायवेदविदुषेश्रोत्रियायकुटुंबिने ॥ नरकोत्तारणार्थायअच्युतः प्रीयतामिति॥ इदंश्रीसत्यविनायकपीठदानंसदक्षिणाकंसतांबूलंशर्मणेब्राह्मणायतुभ्यमहंसं - प्रददेप्रतिगृह्यताताम् ॥ आचार्यः प्रतिगृह्णाभीतिवदेत् ॥ अनेन - पीठदानेनश्रीसत्यविनायकःप्रीयतांनमम ॥ ॐ तत्सद्ब्रह्मार्पणमस्तु ॥ कर्मांतेद्विराचामेत् ॥ ॥ शुभं भवतु ॥ ॥ ॐ ॥

॥ श्री सद्गुरवे नमः ॥

॥ ॐ श्रीगणेशाय नमः ॥ ॥ श्री सरस्वत्यै नमः ॥

॥ ॐ श्री प्रणव स्वरूपाय श्रीं सत्यविनायकाय नमः ॥

# મંગલ સ્તવન

मुदाकरात्तमोदकं सदाविमुक्ति साधकं
कलाधरावतंकं विलासिलोकरञ्जकम् ।
अनायकैक नायकं विनासितेमदैत्यकं
नताशुभाशुनाशकं नमामि ते विनायकं ॥

**અર્થ :**

જેમણે ઘણા જ આનંદથી પોતાના હાથમાં મોદક ધારણ કર્યા છે. જે સદા મુમુક્ષુજનોના મોક્ષની અભિલાષાને સિદ્ધ કરનારા છે; ચંદ્રમા જેના ભાલ પ્રદેશનું ભૂષણ છે, જે ભક્તિભાવથી વિલાસિત થનારા લોકોના મનને આનંદિત કરે છે; જેનો કોઈ નાયક યા સ્વામી નથી; જે એક માત્ર સ્વયં સર્વના નાયક (નેતા) છે; અશુભનો તત્કાળ નાશ કરનારા છે, એવા ભગવાન વિનાયકને હું પ્રણામ કરું છું. - (શ્રીમદ શંકરાચાર્ય)

एकदंतंसूर्पकर्णं गजवक्र - चतुर्भुजम् ।
पाशांकुश-धरंदेवं ध्यायेत्सत्यविनायकम् ॥

**અર્થ :**

એક દાંતવાળા (એકદંત), સૂપડાં જેવા કાનવાળા (સૂર્પકર્ણ), હાથીની મુખાકૃતિવાળા (ગજવક્ર), ચાર હાથવાળા (ચતુર્ભુજ), પાશાંકુશ ધારણ કરનારા શ્રી સત્ય વિનાયક, ભગવાનનું હું ધ્યાન કરું છું.

## ॥ ॐ श्री गणेशाय नमोनमः ॥
## ॥ श्री सत्यविनायक व्रत कथा प्रारंभः ॥
## ॥ ॐ प्रणवस्वरूपी श्री सत्यविनायकाय नमोनमः ॥

ૐકાર સ્વરૂપ શ્રી મહાગણપતિ મહારાજને નમસ્કાર કરી હવે સત્યવિનાયક કથા - તત્વનું નિરૂપણ કરું છું.

सूत उवाच -
सत्यलोके समासीनं ब्रह्माणं नारदोऽब्रवीत् ।
लोकानां हितमन्विच्छन्प्रणायावनतो भृशम् ॥ १ ॥

આ કથા સૂત પુરાણિક મુનિ શૌનકાદિ ઋષિઓને કહે છે.

બ્રહ્માજી સત્યલોકમાં આરામથી બેઠા છે ત્યારે લોકોનું હિત ઈચ્છનાર નારદજીએ નમ્રતાપૂર્વક એમને વારંવાર પ્રણામ કરીને કહ્યું : (૧)

नारद उवाच -
भगवन्सर्वतत्त्वज्ञपितः करुणया वद ।
कः सेवनीयो मनुजैर्हितार्थ वांच्छितार्थदः ॥
अलपायासेन फलदः समोयुग चतुष्टये ॥ २ ॥

નારદજી બોલ્યા - હે ભગવન્ ! હે તાત !! આપ તો સર્વ તત્ત્વના જ્ઞાતા (બ્રહ્મવેત્તા) છો. જેથી કૃપા કરીને મને કહો કે મનુષ્યએ પોતાના કલ્યાણ માટે તથા વાંછિત ફળની પ્રાપ્તિ માટે કયા દેવની સેવા કરવી ? ચારે યુગમાં અલ્પ પ્રયાસે પરિપૂર્ણ ફળ આપનારા અને સર્વ મનોરથને પૂર્ણ કરનારા એવા કયા દેવ છે? તે કૃપા કરીને કહો. (૨)

ब्रह्मो उवाच -
ॐकार रूपि भगवान् योवेदादौ प्रतिष्ठितः ।
देवः प्रत्यक्ष फलदः कलौ सत्य-विनायकः ॥ ३ ॥

બ્રહ્માજી બોલ્યા - જે ભગવાન ૐકાર રૂપ છે, વેદ વગેરેમાં રહેલા છે તે સત્ય વિનાયક અર્થાત્ મહાગણપતિ વેદના આદિકાળથી પ્રતિષ્ઠા પામી, પૂજાતા અને કળિયુગમાં પ્રત્યક્ષ ફળ આપનારા દેવ છે. (૩)

अत्राप्युदाहरंतीममितिहासं पुरातनम् ।
शिवपार्वती संवादं कलौसद्यः फलप्रदम् ॥४॥
एकदा सुखमासीनः कैलासे वृषभध्वजः ।
एवमेव कृतप्रश्नां पार्वती स उवाचह ॥५॥

- આ બાબતમાં આગળ ઉપર શિવ-પાર્વતી વચ્ચેનો સંવાદ કળિયુગમાં તરત જ ફળ આપનાર છે. તે પુરાતન ઈતિહાસ (બ્રહ્માંડ પુરાણમાં સત્યવિનાયક વ્રતકથા નામે) પ્રસિદ્ધ છે. (૪)

એક સમયે કૈલાસ પર્વતના શિખર ઉપર ભગવાન શિવજી આરામથી બેઠા હતા. ત્યારે આવો જ પ્રશ્ન કરનાર પાર્વતીને ભગવાન વૃષભધ્વજે (શંકરે) આ પ્રમાણે જ કહ્યુ હતું. (૫)

હવે આપણે ભગવાન સત્ય-વિનાયકના સ્વરૂપને સમજવા કિંચિત્ પ્રયત્ન કરીએ.

ૐકાર સ્વરૂપ સ્વસંવેદ્ય ભગવાન સત્ય વિનાયક (મહા ગણપતિ) ના સ્વરૂપને સમજવા અને આત્મસાત્ કરવા માટે પ્રથમ 'सत्यविनायक' શબ્દની ઓળખ કરવી રહી. 'सत्यं एव विनायकं ।' સત્ય એ જ વિનાયક છે. અથવા વિનાયક એ જ પરમ સત્ય છે. એમ કહેવામાં વાંધો નથી. પરંતુ 'સત્ય નારાયણ' કથામાં નારાયણને પરમ સત્ય તરીકે ઓળખવામાં આવે છે. 'સત્યદત્ત' ની કથામાં દત્તાત્રેય ભગવાનને પરમ સત્ય તરીકે પ્રતિપાદિત કરવામાં આવે છે.

વૈષ્ણવો ભગવાન વિષ્ણુને, શૈવો શિવને, સૂર્યના ઉપાસકો સૂર્યને તેમજ શાક્તો શક્તિને પરામ્બા કે આદિ શક્તિરૂપે શાશ્વત સત્ય માને છે. વેદાન્તીઓ પરબ્રહ્મ પરમાત્માને નિરંજન, નિરાકાર, સર્વ વ્યાપક અને શાશ્વત પરમસત્ રૂપે પ્રતિપાદન કરે છે.

પ્રત્યેક ચિંતન અલગ પ્રકારનું અને પોત પોતાની રીતે બૌદ્ધિક પ્રમાણો દ્વારા પ્રતિપાદિત થયેલું હોય છે. તે તેની મર્યાદા સુધી જ યથા યોગ્ય માની શકાય. પરંતુ સામાન્ય બુદ્ધિવાળાની સમજણમાં જરૂર આ બધું ગોટાળો ઉભો

કરે છે ત્યારે સત્ય સમજાતું નથી. તે માટે ચોક્કસ માર્ગે ઉપાસના કરી અનુભવ મેળવવાની જરૂર છે. અનુભવનું જ્ઞાન સાચું જ્ઞાન છે.

ભિન્ન ભિન્ન પુરાણોમાં શિવ, વિષ્ણુ, સૂર્ય, શક્તિ, ગણેશાદિ સર્વ બ્રહ્મ સ્વરૂપમાં વિવક્ષિત છે. જો કે બ્રહ્મતત્ત્વ એક જ છે તો તેનાં વિવિધ રૂપ ભિન્ન ભિન્ન પુરાણોમાં કેવી રીતે મળી આવે છે? આનો ઉત્તર એવો છે કે - એક જ પરમતત્વ ભિન્ન ભિન્ન ઉપાસકોની ભિન્ન ભિન્ન અભિલષિત સિદ્ધિને માટે પોતાની અચિંત્ય લીલા-શક્તિથી ભિન્ન ભિન્ન ગુણ સંપન્ન થઈને, નામ રૂપવાન થઈને અભિવ્યક્ત થાય છે. જેમકે - ભામનીત્વ, સર્વકામત્વ, સર્વરસત્વ, સત્ય સંકલ્પત્વાદિ ગુણ વિશિષ્ટ બ્રહ્મતત્વની ઉપાસના કરવાથી ઉપાસકો ને ઉપાસ્ય વિશેષણ ગુણ જ ફળ સ્વરૂપે પ્રાપ્ત થાય છે. ઠીક તેવી રીતે જ પ્રાધાન્યથી વિઘ્ન વિનાશકત્વાદિ ગુણ વિશિષ્ટ તે પરમ તત્વ ગણપતિરૂપમાં આવિર્ભૂત થાય છે.

શાસ્ત્રાનુસાર એવું જાણવા મળે છે કે - સર્વ દૃશ્ય જગતના પતિ, જે 'ગણપતિ' છે. કારણ કે 'गणयन्ते वृद्धयन्ते ते गजाः ।' આ વ્યુત્પત્તિથી સર્વ દૃશ્યમાન જ ગણ છે અને તેનું આધિષ્ઠાન તે ગણપતિ છે.

## શ્રી ગણેશનો વાસ્તવિક અર્થ

શ્રી ગણેશ (ગણપતિ) નો વાસ્તવિક અર્થ શું છે ? એના ઉપર પણ વિચાર કરવો આવશ્યક છે.

'गण' નો અર્થ છે - વર્ગ, સમૂહ, સમુદાય, 'ईश' નો અર્થ છે સ્વામી, અધિપતિ, શિવગણો અને દેવગણોના સ્વામી હોવાથી તેમને 'गणेश' કહેવામાં આવે છે. આઠ વસુ, અગિયાર રુદ્ર અને બાર આદિત્ય ગણદેવતા કહેવાય છે.

'गण' શબ્દ વ્યાકરણની અંદર પણ આવે છે. અનેક શબ્દ એક ગણમાં આવે છે. વ્યાકરણમાં ગણપાઠનું એક અલગ અસ્તિત્વ છે. તેવી જ રીતે સંસ્કૃત વ્યાકરણમાં स्वादि, अदादि તથા जुहोत्यादि પ્રભૃતિ ગણધાતુ સમૂહ છે.

છંદશાસ્ત્રમાં પણ મગણ, નગણ, ભગણ, યગણ, જગણ, રગણ, સગણ

અને તગણ એવા આઠ ગણ હોય છે. તેના અધિષ્ઠાતૃ દેવતા હોવાથી પણ એને ગણેશની સંજ્ઞા આપવામાં આવી છે.

અક્ષરોને 'गण' કહેવામાં આવે છે. તેના 'ईश' હોવાથી એને ગણેશ કહેવામાં આવે છે. એટલા માટે જ એ વિદ્યા-બુધ્ધિના પ્રદાતા પણ કહેવાય છે.

ગણનામક દૈત્ય પર અધિકાર મેળવવાને કારણે પણ એ ગણેશ કહેવાય છે.

'गण' શબ્દ રુદ્રના અનુચરને માટે પણ વપરાય છે. જેમકે - રામાયણમાં કથન કહે છે કે-

धनाध्यक्ष समो देवः प्राप्तो हि वृषभध्वजः ।
उमा सहायो देवेशो गणैश्च वहुभिर्युक्तः ॥

- ઉમાના સહાયક અને ધનાધ્યક્ષ કુબેર સમાન છતાં અનેક પ્રકારના ગણોથી વિવિધ રીતે સેવાયેલ દેવ ગણેશ ભગવાન વૃષભધ્વજ (મહાદેવજી) ને પ્રાપ્ત થયેલ છે.

સંખ્યા વિશેષવાળી સેનાનો બોધક પણ 'गण' શબ્દ છે. ગજ-૨૭, રથ-૨૭, અશ્વ-૮૧, પદાતિ-૧૩૫ અર્થાત્ ૨૭૦નો સમુદાય એના સ્વામી શ્રી ગણેશજી છે.

મહાનિર્વાણ તંત્રમાં કહ્યું છે કે -

'गणपतिस्तु महेशानि गणदीक्षा प्रवर्तकः ।'

- હે મહેશાનિ ! ગણપતિ તો ગણદીક્ષા પ્રવર્તક છે. ગણેશ શબ્દને આ રીતે પણ મૂલવે છે.

ज्ञानार्थ वाचको गश्च णश्च निर्वाण वाचकः ।
तयोरिशं परब्रह्म गणेशं प्रणमाम्यहम् ॥

'ग' અક્ષર જ્ઞાનનો વાચક અને 'ण' અક્ષર નિર્વાણ (મુક્તિ) વાચક છે. જ્ઞાન અને નિર્વાણના ઈશ પરબ્રહ્મરૂપ ગણેશજીને હું પ્રણામ કરું છું.

આપણા શરીરમાં પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, અને ચાર અંતઃકરણ

છે. એની કામ કરી રહેલી જે શક્તિઓ છે. તેમને ચૌદ દેવતા કહેવાય છે. આ દેવતાઓના મૂળ પ્રેરક છે. શ્રી ગણેશજી.

યાસ્ક આચાર્યએ 'નિરુક્ત' ના તૃતીય દૈવતકાણ્ડના સાતમા અધ્યાયમાં સ્પષ્ટ જ કહ્યું છે કે '**महाभाग्याद्र देवताया एक आत्मा बहुधा स्तुयते ।**' (૧) - અત્યંત ઐશ્વર્યશાળી વિવિધ શક્તિ સમ્પન્ન હોવાથી એક જ પરમાત્મા વિભિન્ન ગુણોના કારણે અનેક પ્રકારથી સ્તુત અર્થાત્ પ્રશંસિત છે. ગુણ-ગણ (સત્વ, રજસ્ અને તમસ્ )ના એકમાત્ર અધિપતિ પરમાત્મા જ 'ગણપતિ' યા 'મહાગણપતિ' કહેવાય છે.

સત્, ચિત્ અને આનંદ - ત્રણ ગણોના પતિ (રક્ષક) હોવાથી, તેમનાથી વિભૂષિત રહેવાના કારણે તે તત્વને ગણપતિ કહેવામાં આવે છે. આ રીતે તે સત્તા, જ્ઞાન અને સુખના પાતા (રક્ષક) છે. જાગૃત, સ્વપ્ન તથા સુષુપ્તિ જેવી અવસ્થાઓથી પર (સમાધિ સ્વરૂપ) હોવાથી તે 'ગણપતિ' છે. તે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ (પ્રગાઢનિદ્રા) - એ ત્રણ અવસ્થાઓના (વેત્તા) જાણનાર અને દૃષ્ટા (જોનાર) હોવાથી ગણપતિ છે. પરા, પશ્યન્તી અને મધ્યમા ત્રણેય વાણી જેનાથી દૃષ્ટિગોચર થતી રહે છે, તે તુર્યાવસ્થામાં સ્થિત બ્રહ્મ જ 'ગણપતિ દેવ' છે. ત્રિભુવન - પૃથ્વી, અંતરિક્ષ અને સ્વર્ગ આ ત્રણે ગણોના પતિ હોવાના કારણે તે 'ગણપતિ' અથવા ગણેશ છે. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર દેવગણ, માનવગણ તથા રાક્ષસગણ ત્રણેયના સ્વામી હોવાને કારણે તે સર્વના આદિ આરાધ્ય દેવ તે ગણપતિ છે.

'**गण शब्दः समूहस्य वाचकः परिकीर्तितः ।**'

-ગણ શબ્દ સમૂહવાચક છે. સમૂહોનું પાલન કરનારા પરમાત્માને ગણપતિ કહેવામાં આવે છે: અથવા '**महत्तत्व गणानां पतिः गणपतिः ।**' અથવા '**निर्गुण सगुण ब्रह्म गणानां पतिः गणपतिः ।**' અથવા સર્વવિધ ગણોને સત્તા સ્ફુર્તિને આપનારા જે પરમાત્મા છે. તે ગણપતિ છે.

કેટલાક લોકો શંકા કરે છે - ગણેશ તો શિવજીના પુત્ર છે. ભગવાન શંકરના વિવાહમાં તેઓ જનમ્યા ન હતા, તો પછી તેમનું પૂજન તેમાં કેવી રીતે થયું.

વાસ્તવમાં ભગવાન ગણેશ કોઈના પણ પુત્ર નથી. તેઓ અજન્મા અનાદિ અને અનંત છે. આ જે શિવજીના પુત્ર થયા તે તો, મહાગણપતિ નિર્ગુણ પરબ્રહ્મ ઉપાસનાના પ્રતિક છે તેના અવતાર છે. જેવી રીતે વિષ્ણુ અનાદિ છે, પરંતુ રામ, કૃષ્ણ, નૃસિંહ, વામન, હયગ્રીવ આદિ સર્વ તેમના અવતાર છે. મનુ, પ્રજાપતિ, રઘુ, અજ - એ બધા રામની ઉપાસના કરતા હતા. દશરથનંદન શ્રી રામ તે અનાદિરામના જ અવતાર છે. એવી જ રીતે શિવ તનય, ઉમા - મહેશ્વરના પુત્ર ગણપતિ તે અનાદિ અનંત ભગવાન ગણેશજીના અવતાર છે. વસ્તુતઃ અગ્રપૂજ્ય ગણેશજીનું પૂજન એક સાકાર, પરિમિત, પરિચ્છિન્ન શક્તિનું પ્રતીક નથી, પરંતુ નિર્ગુણ ઉપાસનાનું પ્રતીક છે. તેઓ આદિ અનંત શાશ્વત સત્ય સ્વરૂપ છે, એટલું જ નહિ પોતાના ઉપાસક ભક્તોને માટે કલ્પવૃક્ષ છે. અભયાનંદ સંદોહ છે. માનવજીવનમાં તેમની ઉપાસના સર્વોપરિ છે.

મંગલમૂર્તિ ભગવાન શ્રી ગણેશજી વેદવિહિત સમસ્ત કર્મોમાં પ્રથમપૂજ્ય નિત્ય દેવતા છે. તે જ સત્ય વિનાયક છે. કિંતુ ભિન્ન-ભિન્ન કાળો અને અવસરો પર જગતના મંગલ માટે એમનું મંગલમય લીલા પ્રાકચ્ય થાય છે. ગણેશપુરાણના ક્રીડાખંડ (૧/૧૮-૨૧) માં ઉલ્લેખ છે કે - કૃતયુગ (સત્યયુગ) માં ગણેશજીનું વાહન સિંહ છે, તેઓ દસ હાથવાળા, તેજઃસ્વરૂપ અને વિશાળકાય તથા સર્વને વરદાન દેનારા છે, તેમનું નામ વિનાયક (સત્યયુગનું સત્ય સ્વરૂપ તેજ સત્ય વિનાયક) છે. ત્રેતાયુગમાં તેમનું વાહન મયૂર છે, તે છ હાથવાળા છે, તેમનો વર્ણ શ્વેત છે, તેઓ ત્રણેય લોકોમાં વિખ્યાત મયૂરેશ્વર નામવાળા છે. દ્વાપરયુગમાં તેમનો વર્ણ લાલ છે, તે આખુ-મૂષવાહન છે, તેમની ચારભુજા (ચાર હાથ) છે, તેઓ દેવતા અને મનુષ્યો દ્વારા પૂજિત છે, તેમનું નામ ગજાનન છે અને કળિયુગમાં તેમનો ધૂમ્રવર્ણ છે, તેઓ ઘોડા ઉપર આરૂઢ રહે છે, તેમના બે હાથ છે, તેમનું નામ ધૂમ્રકેતુ છે, તેઓ મ્લેચ્છવાહિનીનો વિનાશ કરે છે.

હવે વિનાયક શબ્દનું સાતત્ય પામવા અને રહસ્ય સમજવા પ્રયત્ન કરીએ.

## વિનાયક શબ્દનું રહસ્ય

શ્રીગણેશજીના બાર નામો પૈકી આઠમું નામ છે 'વિનાયક' એનો અર્થ છે વિશિષ્ટ નાયક યા વિશિષ્ટ સ્વામી કેટલાક વિદ્વાનોએ 'વિ' ઉપસર્ગને વિઘ્નનું લઘુ સ્વરૂપ સ્વીકારીને વિનાયકનો અર્થ વિઘ્નોના નાયક તરીકે સ્વીકાર કર્યો છે. આ અર્થ પૂર્ણતઃ શ્રી ગણેશજી પર ચરિતાર્થ થાય છે, કારણ કે બ્રહ્માદિદેવતા પોતપોતાના કાર્યમાં વિઘ્ન - પરાભૂત થવાને કારણે સ્વેચ્છાચારી નથી બની શકતા, પરંતુ ગણેશજીના અનુગ્રહથી વિઘ્ન રહિત થઈને કાર્ય સંપાદનમાં સમર્થ થાય છે. અને આ કારણ છે કે પ્રત્યેક માંગલિક - કાર્યમાં કરવામાં આવતા પુણ્યાહવાચનના અવસર પર **"भगवन्तौ विघ्न विनायकौ प्रीयेताम्"** એમ બોલીને વિઘ્ન અને તેના પરાભવકર્તા શ્રી ગણેશજી બંનેનું સ્મરણ કરવામાં આવે છે. આથી **'वि-विघ्न'**, **'नायक'** - સ્વામી - વિનાયક શબ્દની સાર્થકતા સિદ્ધ થઈ જાય છે. આ રીતે જો આ શબ્દ (વિનાયક)નો અર્થ 'વિશિષ્ટ નાયક' લેવામાં આવે તો પણ અન્વર્થક જ સિદ્ધ થાય છે; કારણ કે શ્રુતિમાં ગણેશજીને **'ज्येष्ठराज'** શબ્દ દ્વારા સંબોધિત કરી તેના જ મહત્વનું પ્રતિપાદન કરેલ છે. **'गणेश तापिनी'** માં પૂર્ણ બ્રહ્મ પરમાત્માને નિર્ગુણ અને વિઘ્ન વિનાશકત્વાદિ ગુણ ગણ વિશિષ્ટ **'गजवदनादि अवयव धर'** ગણેશરૂપે પ્રતિપાદિત કર્યા છે.

**"ॐ गणेशो वै ब्रह्म तद्विद्यात् यदिदं किं च, सर्वभूतं भव्यं सर्वत्याचक्षते ।"**

શિવપુરાણ જ્ઞાન સંહિતા અનુસાર શ્રી ગણેશજીના વિનાયક નામકરણનું કારણ ભગવાન શંકરે આ પ્રકારે બતાવ્યું છે કે -

"હે પાર્વતી ! આ કુમાર મારા (નાયક) વિના જ ઉત્પન્ન થઈને પુત્ર બન્યો છે, એટલે એનું અન્વર્થક (સાચા અર્થમાં) નામ **'वि-नायक'** (નાયક વિરહિત) જ સંસારમાં વિખ્યાત થશે." જુઓ આ રહ્યું પ્રમાણ -

**नायकेन विना देवि मया भूयोऽपि पुत्रकः ।**
**यस्माज्जातस्ततो नाम्ना भविष्यति विनायकः ।।** *(શિવપુરાણ ૩૩ ૭૨-૭૩)*

આથી વધીને ગણેશજીની એક વિશેષતા પણ તેમને વિશિષ્ટ નાયકત્વ જ નહિ પણ, શ્રીમન્નારાયણની સમાનતા પ્રદાન કરીને આ વિશેષણ યા નામને સાર્થક બનાવે છે. તે મુક્તિ પ્રદાયિની ક્ષમતા સર્વવિદ્વાનો જાણે છે કે - મોક્ષ પ્રદાનનો એક માત્ર અધિકાર સત્યમૂર્તિ (સત્વમૂર્તિ) ભગવાન નારાયણે પોતાને આધીન રાખ્યો છે.

શ્રીમદ્ ભાગવત (૫-૬-૧૮) માં તેમનું આ વૈશિષ્ટયનું નિદર્શન આ પ્રકારે થયું છે - **मुक्ति ददाति कर्हिचित् क्व न तु भक्तियोगम्** અર્થાત્ ભગવાન નારાયણ મુક્તિ તો કદાચિત આપી દે છે, પરંતુ ભક્તિયોગ સહજ જ કોઈને આપતા નથી.

આનાથી વિપરિત 'ગણેશ ગીતા' શ્રી ગણેશજીનો મોક્ષપ્રદ પ્રદાતા પ્રતિપાદિત કરતાં કહે છે કે-

**यः स्मृत्वा त्यजति प्राणमन्ते मां श्रद्धयान्वितः ।**
**स नायात्य पुनरावृतिं प्रसादान्मम भूभुजः ॥**

- જે મારું સ્મરણ કરતાં શ્રધ્ધાન્વિત થઈને જીવનના અંતે પ્રાણ ત્યજે છે. તેનો મારા કૃપા પ્રસાદ આરોગવાથી પુનર્જન્મ થતો નથી.

આ છે સત્ય વિનાયકની ઉપાસનાની સાર્થકતા. આ રીતે સત્ય વિનાયકના સ્વરૂપને જાણ્યા પછી હવે સત્ય વિનાયક વ્રત કથાના વિષયને સમજવા પ્રયાસ કરીએ. તે પહેલાં વ્રત શબ્દનું રહસ્ય અને વ્રતનું મહત્વ જાણી લઈએ.

## વ્રત શબ્દની વ્યાખ્યા

હવે આપણે વ્રત કોને કહેવાય તેનો વિચાર કરીએ. વૈદિક સાહિત્યમાં વ્રતનો અર્થ વેદ બોધિત ઈષ્ટ પ્રાણક કર્મ છે, દાર્શનિક કાળમાં 'અભ્યુદય' અને 'નિ:શ્રેયસ' કર્મોનો હેતુ પદાર્થ જ વ્રત શબ્દનો અર્થ સમજવામાં આવતો હતો, અમરકોશમાં વ્રતનો અર્થ નિયમના રૂપમાં નિરૂપિત કરવામાં આવ્યો છે. પુરાણોમાં વ્રત ધર્મનો વાચક તરીકે ઉલ્લિખિત છે. સારાંશ એ છે કે વેદ

બોધિત અગ્નિ હોત્રાદિ કર્મ, શાસ્ત્ર વિહિત નિયમ આદિ અથવા સાધારણ અને અસાધારણ ધર્મને જ વ્રત કહે છે. અર્થાત્ જે કર્મ દ્વારા ઈશ્વરનું સાન્નિધ્ય પ્રાપ્ત થાય છે, તે વ્રત છે. પ્રાયઃ ઉપવાસ શબ્દ પણ વ્રતનો પ્રયાય માનવામાં આવે છે.

ભવિષ્ય પુરાણમાં તો કહેવામાં આવ્યું છે કે -

**क्षमा सत्य दया दानं शौचमिन्द्रिय निग्रहः ।**
**देवपूजा अग्निहवनं संतोषः स्तेय वर्जनम् ।**
**सर्व व्रतेष्वयं धर्मः सामान्यो दशधा स्थितः ।**

અર્થ - ક્ષમા, સત્ય, દયા, દાન, પવિત્રતા, ઈન્દ્રિય નિગ્રહ, દેવપૂજા, અગ્નિ હવન, સંતોષ અને ચોરીના કર્મથી દૂર રહેવું. આટલી દશ વાતનો સર્વ વ્રતમાં ધર્માચરણના રૂપમાં સમાવેશ થયેલ છે.

ભગવાન સત્ય વિનાયકના સ્વરૂપને તત્વતઃ પામવા માટે જે વ્રતનું આચરણ કરવાનું છે તે માટે આટલી વ્યાખ્યા પૂરતી છે.

શ્રોતા અને વક્તા વચ્ચે મનમેળ સાધી દિલ અને દિમાગની સર્વ પ્રકારની વ્યથાઓ દૂર કરવાની પ્રથા તેનું નામ કથા છે. અન્ય કથાઓ જેવી કે ઈતિહાસકથા, બોધકથા, નીતિકથાઓ, જાસૂસી કથાઓ, પ્રેમકથાઓ, તંત્ર કથાઓ, ભૂત-પ્રેતની કથાઓ જેવી અનેક પ્રકારની કથાઓ છે. પરંતુ દરેકની ઉપયોગીતાં, અમુક ભૌતિક મર્યાદા સુધીની છે. જ્યારે ભગવદ્કથા સર્વોત્તમ છે. કારણ કે તેનાથી જીવનનો ઉત્કર્ષ થાય. તમામ પ્રકારના દુઃખોનું નિવારણ થાય, મનુષ્ય માત્રને સાચા સુખની પ્રાપ્તિ કરાવી; મોક્ષના દ્વાર સુધી લઈ જવામાં ભગવદ્કથા રૂપી સત્સંગ જ જીવનનું સાચું પ્રેરક બળ છે. આટલું સમજાય તો જીવનની સાર્થકતા સિદ્ધ થતાં વાર નથી લાગતી. આવો આપણે જીવનની સાર્થક દિશામાં પગલાં માંડતાં, ભગવાન સત્ય વિનાયકની કથાનું રહસ્ય સમજવા પ્રયત્ન કરીએ અને આજીવન સત્ય વિનાયક વ્રતી બની ભગવાન સત્ય વિનાયકના અનુગ્રહને પ્રાપ્ત કરીએ.

હવે ભગવાન સત્ય વિનાયકની કથાના અનુબંધ વિશે ટૂંકમાં સમજાવીશ.

આ કથા બ્રહ્માંડ પુરાણમાં શિવ પાર્વતીના સંવાદ રૂપમાં શ્રી સત્ય વિનાયક વ્રતના ઉપાખ્યાન રૂપે પાંચ અધ્યાયમાં વર્ણવાયેલ છે. કથાના અધ્યાય કુલ - ૫ છે. સૂત પુરાણિકજીએ ૐકાર સ્વરૂપ શ્રી મહાગણપતિ મહારાજને પ્રણામ કરી મંગલાચરણ સાથે શૌનકાદિ ઋષિઓને કહ્યું કે લોકોપકારક હેતુથી સત્યલોકમાં સ્વસ્થતાપૂર્વક બિરાજેલા શ્રી બ્રહ્માજીને પ્રણામ કરી પ્રશ્ન કર્યો કે હે તાત ! આપ પરમ તત્વજ્ઞ છો. જેથી કૃપા કરીને કહો કે, ચારે યુગમાં થોડા પ્રયત્ને પરિપૂર્ણ ફળદાતા અને સર્વ મનોરથ પૂર્ણ કરનારા કયા દેવ છે ? કે જેની ઉપાસના - સેવા કરવાથી મનુષ્ય પોતાનું કલ્યાણ સાધી શકે. આના ઉત્તરમાં સૃષ્ટિ કર્તા પરમ પિતામહ બ્રહ્માજીએ કહ્યું કે, સનાતન વૈદિક ધર્મના કુલ અને મુખ્ય સિદ્ધાંતમાં અસ્તિત્વ-પ્રમાણરૂપ - તુર્યાતીત - અક્ષરાતીત - પૂર્ણબ્રહ્મ, સ્વયંજ્યોતિ, સ્વતઃ સિદ્ધ, મૂળ અધિષ્ઠાન સ્વરૂપ, સ્વસંવેદ્ય તુર્યાતીત બ્રહ્મપાદ - પૂર્ણ બ્રહ્મ તે ૐકારનાથ છે, તેનું બાહ્યદર્શન છે તે સાક્ષાત્ મહાગણપતિ કહેવાય છે. એમ વેદશાસ્ત્ર પ્રમાણના આધારે અનુભવી અત્યાર સુધીમાં થયેલા ઋષિમુનિઓ, સંતો, ભગવંતો અને બ્રહ્મવેત્તા મુનિઓએ કહ્યું છે. માયાના ત્રિગુણાત્મક સ્વરૂપ બ્રહ્મા, વિષ્ણુ, રુદ્રાદિ દેવતાઓ પણ એજ પ્રમાણે સનાતન વૈદિક સિદ્ધાંતને માન્ય રાખી, ૐકારનાથ ભગવાન મહાગણપતિને વેદોમાં દેવોના પણ દેવ તરીકે પ્રતિષ્ઠ કરેલ છે. વેદો પણ જેમની સત્તાથી જ પ્રકાશમાન થયા છે. એવા શ્રી મહાગણપતિ જે કળિયુગમાં સત્ય વિનાયક નામથી પ્રત્યક્ષ ફળ આપનારા અને કલ્યાણ કરનારા દેવ છે. પછી તો શ્રી બ્રહ્માજીએ દેવર્ષિનારદને સત્ય વિનાયક ભગવાનની ઉપાસનાનો પૂર્વ ઈતિહાસ જણાવતાં કહ્યું કે - તે સંવાદ શિવજી અને પાર્વતીનો છે અને કળિયુગમાં સત્ય ફળદાતા છે. હવે કથા આગળ વધે છે. નારદજીની માફક કૈલાસ શિખર પર બિરાજમાન ભગવાન શંકરને પાર્વતીજીએ પ્રશ્ન કર્યો. આ વાત પાંચમાં શ્લોક સુધીની છે. હવે કોઈને પ્રશ્ન થાય તે પહેલાં જણાવી દઉં કે - આ કથામાં કુલ - ૫ અધ્યાય છે. જેના કુલ શ્લોક - ૧૮૪ છે. વિગતે પ્રમાણ નીચે મુજબ છે.

| | |
|---|---|
| પ્રથમ અધ્યાય શ્લોક સંખ્યા - ૬૦ | ઉવાચ - ૧૪ |
| દ્વિતીય અધ્યાય શ્લોક સંખ્યા - ૨૧ | ઉવાચ - ૪ |
| તૃતીય અધ્યાય શ્લોક સંખ્યા - ૩૪ | ઉવાચ - ૮ |
| ચતુર્થ અધ્યાય શ્લોક સંખ્યા - ૨૬ | ઉવાચ - ૪ |
| પંચમ અધ્યાય શ્લોક સંખ્યા - ૪૩ | ઉવાચ - ૫ |
| કુલ = ૧૮૪ | કુલ = ૩૫ |

શ્લોક : ૧૮૪ = ૧+ ૮+ ૪ = મૂળ આંક ૧૩ થાય.
૧૩ = ૧+ ૩ = ૪ મૂળઆંક - ૪ થાય. જે ચતુર્થી (ચોથ) વ્રતનો સૂચક છે.

ઉવાચ : ૩૫ = ૩+ ૫ = ૮ મૂળ આંક ૮ થાય.

આમ વિચારીએ તો ૩ અને ૮ ને જોડતાં ૩૮ એટલે કે ૐ જેવો આકાર નિર્માણ થાય છે. આ સત્ય વિનાયકના ૐકાર સ્વરૂપનો નિર્દેશક છે.

હવે પ્રથમ અધ્યાયના છઠ્ઠા શ્લોકમાં શિવજી કહે છે :

**शिव उवाच -**

**कदाचित्स्वाश्रमे संस्थः सुदामाऽकिंचनोद्विजः ।**
**स्वाचारः परमोदार स्त्रिया संवोधितो ययौ ॥ ६ ॥**

- શ્રી શંકર બોલ્યા 'હે પાર્વતી ! સુદામા નામનો એક સદાચાર સંપન્ન અને ઘણો જ ઉદાર બ્રાહ્મણ અતિ દરિદ્ર અવસ્થાથી યુક્ત હતો. ગૃહસ્થાશ્રમમાં રહેલા સુદામા સ્ત્રીના કહેવાથી દ્વારકા ગયા.' (૬)

આ સુદામાજીનું ચરિત્ર શ્રીમદ્ ભાગવતમાં પણ આલેખવામાં આવેલ છે. જે ગુજરાતની ભૂમિ સુદામાપુરી (પોરબંદર) મુકામે ઘટિત્ થયેલી દ્વાપરયુગની સત્ય ઘટના છે. આજ સુદામાનું ચરિત્ર ગુજરાતના રસકવિ પ્રેમાનંદે ગુજરાતની લોકભાષામાં બહુ જ સુંદર રીતે આલેખ્યું છે. જે ગુજરાતી ભાષાનું એક ઘરેણું છે. આપણા ગુજરાતની જનના સારી રીતે જાણે છે કે સુદામાજી કોના કહેવાથી અને શા માટે દ્વારકા ગયા હતા ? ભગવાન શ્રીકૃષ્ણ તેના પરમ મિત્ર હતા. તેની મુલાકાત કેવી રીતે થઈ ? પછી શું બન્યું ?

પરંતુ અહીં સત્ય વિનાયકની કથામાં જે સુદામાજીનું ચરિત્ર છે. તેમાં કેટલીક વિશેષતા છે. તે અહીં રજૂ કરવામાં આવે છે. સુદામાજીની ગરીબાઈનું જે ચિત્ર છે તે માટે બે મત નથી. કવિશ્રી પ્રેમાનંદના શબ્દોમાં સુદામાજીનું ગૃહજીવન આ રીતે રજુ કરેલ છે.

'વાંકીચુકી ભીતડીઓ પડી ને કૂતરાં બિલાડાં આવે ચઢી.'
શ્રાધ્ધ સંવત્સરિ સઉકો કરે, આપણા પિત્રી નિર્મુખ ફરે.
અન્ન વિના પુત્ર મારે વાંગલાં, તો ક્યાંથી ટોપી આંગલા,
વાઘ્યા નખને વધી જટા, માંહી ઉડે રાખની ઘટા.
દર્ભ તણી તુટી સાદડી, નાથ તે પર રહો પડી. બીજે
ત્રીજે પામો છો આહાર, તે મુજને દહે છે અંગાર,
હું તો દરિદ્ર સમુદ્રમાં બુડી, એવા તણમાં એક જ ચુડી.
નહિ લલાટે દેવા કંકુ, અન્ન વિના શરીર રહ્યું સુકું.

હે સ્વામિન્ ! તમે શા માટે દુઃખી થાઓ છો. તમારા બાળપણના મિત્ર અને ગુરુબંધુ - એવા શ્રીકૃષ્ણ દ્વારકાધિપતિ છે. સર્વ પ્રકારના ઐશ્વર્યથી સંપન્ન છે. વળી તે નૃપતિ હોવાથી ગૌ-બ્રાહ્મણ અને દીનજનો માટે અત્યંત દયાળુ છે. તેથી તમો ત્યાં જઈ તેમને મળશો તો તે તમારું તમામ દારિદ્ર્યય દૂર કરી શકે તેમ છે. પત્નીનો અતિ આગ્રહ થતાં સુદામાજી ઘરથી નીકળી દ્વારકા જવા સંમત થયા.

શ્રીમદ્ ભાગવતમાં તો વર્ણન છે કે - પત્નીએ સુદામાને શ્રીકૃષ્ણ પાસે દ્વારકા જવાનું કહ્યું ત્યારે તેમણે પત્નીને કહ્યું કે - "તેં સારું કર્યું છે - હું શ્રીકૃષ્ણના દર્શન માટે દ્વારકા જઈશ. સ્વાર્થ કે યાચના માટે નહિ. ઘરમાં કંઈ તેમને આપવા જેવી ભેટ હોય તો આપો." આથી સુદામા પત્નીએ જુના વસ્ત્રો ટૂકડા (ચીંથરામાં) લપેટીને ચાર મૂઠી તાંદુલ (પૌંઆ) બાંધી આપ્યા. આ કથા પણ કહે છે કે -

पट्टचरै समावध्ये चिपिटान् क्लेश संचितान् ।
द्वारकायां वासुदेव दष्टुं मित्र पुरा भवत् ॥ ७ ॥

**पट्टचरै** - વસ્ત્રખંડ, ફાટેલાં વસ્ત્રના ચિંથરામાં કાળજીપૂર્વક મહામુશ્કેલીથી મેળવેલ **चिपिटान्** (ચપટા થયેલ ચોખા, તાંદુલ, પૌંઆ બાંધીને આપ્યા તે લઈને સુદામા પોતાના મિત્ર વાસુદેવ - શ્રીકૃષ્ણને મળવા માટે દ્વારકા જવા નીકળ્યા.(૭)

હા, અધ્યાત્મપક્ષે વિચારતાં કહી શકાય કે - સુદામાની પોટલીમાં ચાર મૂઠી પૌંઆ ચિંથરે વીંટેલા હતા એ તો ધર્મ, અર્થ, કામ અને મોક્ષની ચાર પુરુષાર્થ રૂપ કર્મોની ભરેલી ગુપ્ત મૂઠી તે વાસનારૂપી વસ્ત્રખંડ (ચિંથરા) થી વિંઢાયેલા કર્મો કાળક્રમથી (કાળની ચપટમાં ચપટા થઈ ગયેલા શુષ્ક) ચપટા થયેલા પૌંઆ રૂપ બનેલા હતા તે ભગવાનને સમર્પણ કરવાની વૃત્તિથી સુદામા દ્વારકા ગયા હતા.

દ્વારકા પહોંચી સુદામાએ ભગવાનના મહેલના ત્રણ પહેરા - દરવાજા ઓળંગી અંદર ગયા તો બ્રહ્માનંદની પ્રાપ્તિ થઈ. આ માટે ભાગવતકારે શબ્દો વાપર્યા છે.

**ब्रह्मानंदप्राप्तिः कक्षात्रयोल्लंघनात्**

- અધ્યાત્મપક્ષે ત્રણ પહેરા - સત્વ, રજસ અને તમસ્‌ના અથવા વિશ્વ, પ્રાજ્ઞ અને તૈજસના ઓળંગી નિર્ગુણ અથવા તુરીય અવસ્થા પ્રાપ્ત થતાં તેને બ્રહ્માનંદ પ્રાપ્તિ થઈ.

**'भगवतो भक्तस्य चालिङ्गने भगवच्छान्तिः ।'**

- શ્રી કૃષ્ણે સુદામાનું સ્વાગત કર્યુ. શ્રીકૃષ્ણ અને સુદામા ભેટયા, તેમાં શ્રીકૃષ્ણને શાંતિ થઈ, આનંદ થયો. શ્રીકૃષ્ણની આંખમાંથી અશ્રુધારા વહી. ઘટના વિચારવા જેવી છે. વિશ્વના ઈતિહાસમાં જગતનો કોઈ ધનપતિ (ધનવાન શેઠીયો) આ રીતે કોઈ ગરીબને, ચિંથરેહાલ બ્રાહ્મણને ભેટે અને આંસુ પાડે એવી ઘટના બીજી ઘટી હોય તેવું જાણમાં નથી. પૂ. કૃષ્ણશંકર શાસ્ત્રીજીના શબ્દોમાં કહીએ તો - 'શ્રીકૃષ્ણના કંઠની વિવિધ રત્નોથી યુક્ત અમૂલ્ય માળા અને સુદામાની તુલસીની કંઠી એવી તો ગુંચવાઈ ગઈ કે છૂટી પાડવી મુશ્કેલ હતી. યુગાન્તરે પણ આવી ઘટના ઘટિત થવી દુર્લભ છે,

ભગવાન શ્રીકૃષ્ણ એક જ એવા લક્ષ્મીપતિ - લક્ષ્મીવાન (ધનવાન) છે કે જે નિર્ધન બ્રાહ્મણ સુદામાને આ રીતે ભેટીને અશ્રુધારા વહાવી રહ્યા છે. બીજો કોઈ ધનવાન આવો થયો નથી કે થશે નહિ !' હવે આપણે પ્રસ્તુત કથાની મૂળ વાત પર આવીએ.

तेन सन्मानितोऽत्यंतं सेवया भोजनादिना ।
तंभुक्तवंतमेकान्ते ज्ञात्वाऽकृत्वातर्दिं गितम् ॥ ८ ॥

એક તો સુદામા પોતાના જુના મિત્ર, જ્ઞાની તપસ્વી બ્રાહ્મણ ઘણા વર્ષે શ્રીકૃષ્ણને મળવા પધાર્યા છે. ભગવાન બ્રાહ્મણપ્રિય, દીનબંધુ, દીનાનાથ, **दीनानाम् परिपालकः** (ગરીબોના રક્ષક - મુસ્લિમ બિરાદરોની ભાષામાં 'ગરીબ નવાઝ') છે. તેના હર્ષનો પાર નથી. શ્રીકૃષ્ણે સનાતન ધર્મની રીત પ્રમાણે સુદામાનું પાદ પ્રક્ષાલન કર્યું, મધુપર્ક સ્નાનવિધિ કરાવી, સુગંધી પદાર્થો ને વસ્ત્રાલંકાર અર્પણ કર્યા. અનેક જાતના ષટ્રસ ભોજન કરાવી, વિંઝણો ઢોળ્યો. મુખવાસ કરાવી બંને એકાન્તમાં વાત કરવા લાગ્યા. ગુરુવાસની વાત કરી જુનાં સંસ્મરણો તાજા કર્યા. રાત વીતી પણ વાત પૂરી ન થઈ. સુદામાને બીજે દિવસે શ્રીકૃષ્ણે રોક્યા.

સુદામાને ખૂબ માનપાન આપ્યું. બંને મિત્રોએ પેટ ભરીને વાત કરી. એકાન્તમાં વાતવાતમાં પૂછપરછ કરી. સુદામાના જીવનની સાચી પરિસ્થિતિ શ્રીકૃષ્ણે જાણી લીધી. (૮)

भुक्तवान् प्रथुकान् जीर्णान्मनसार्पय तप्यत ।
ममभित्रेऽकिंचनत्वं राज्ञिविप्रे कियत्विति ॥ ९ ॥
अलक्ष्मीं नाशयाम्यस्य श्री विनायक तोषतः ।
इति संचित्य प्रप्रच्छ कुशलं ते कुटुम्बके ॥ १० ॥

- પછી શ્રીકૃષ્ણે કહ્યું : 'હે વ્હાલા મિત્ર ! મારે માટે (ભાભીએ મોકલેલ) જે કંઈ ભેટ લાવ્યા હોય તે મને આપો. સંતાડવાનું શું પ્રયોજન છે ? એમ કહી સુદામાએ સંતાડી રાખેલી પૌંઆની પોટલી હતી તે લઈ લીધી. તેમાંથી મૂઠી ભરીને પૌંઆ ખાતાં મનમાં સંતૃપ્ત થઈને વિચાર્યું અરેરે ! મારા મિત્રની

કેટલી બધી ગરીબાઈ છે ! રાજા અને બ્રાહ્મણ વચ્ચે કેટલું બધું અંતર રહેલું હું જોઉં છું !' (૯)

અધ્યાત્મપણે વિચારીએ તો ભગવાને માનવ જન્મ આપ્યો એટલે સુખના દ્વાર (द्वारः कः - द्वारका - સુખનું દ્વાર) પર આવેલા સુદામા (જીવને) ભગવાને પૂછ્યું - 'તમે એવાં કોઈ નિષ્કામ કર્મ કર્યા છે ? જે હું સ્વીકારી શકું ?' ત્યાં સુદામાનું (જીવનું) મુખ નીચું પડી જાય છે. કારણ કે સાત્વિક કર્મ પણ સકામ હતાં. જેથી તેણે સકામ કર્મની પોટલી વાસનાના વસ્ત્રખંડ (ચીથરા) થી બંધાયેલી (કબીરજીના શબ્દોમાં - મેલી ચાદર) તે ખેંચી લીધી. મારાં દર્શન પછી જો સકામ કર્મ નિષ્કામ ન બને તો મારું પ્રભુત્વ ક્યાં ?

શ્રી સત્યનારાયણની કથાનું પાત્ર અને કાશીનગરમાં ભિક્ષા માટે ભ્રમણ કરનારો શતાનંદ નામનો બ્રાહ્મણ જ શ્રી સત્યનારાયણનું વ્રત આચરવાથી ધન અને પુત્રવાળો થયો અને દેહાન્તર પ્રાપ્તિ થતાં 'शतानंदो महाप्राज्ञः सुदामा ब्राह्मणोह्यभूत्' સુદામા નામે બ્રાહ્મણ થયો. તે જ સુદામાની અહીં વાત છે. એ ભૂલશો નહિ.

- ભગવાને સુદામાના કર્મોનો સ્વીકાર કરતાં સકામકર્મ નિષ્કામ બન્યાં ભગવદર્થ કે ભગવત્પીત્યર્થ કરેલાં તેમજ ભગવાનને સર્પેલા સકામ કર્મ પણ નિષ્કામ બને છે. તેના ફળ સ્વરૂપે હવે સુદામાએ ભગવાનને મિત્ર માન્યા.

- મારે મારા મિત્રની દરિદ્રતાનો નાશ કરવો જોઈએ તેને માટે હું સત્ય વિનાયકનું વ્રત કરી તેની પ્રસન્નતા પ્રાપ્ત કરું આ પ્રમાણે મનથી નિશ્ચય કરી શ્રીકૃષ્ણ સુદામાજીને પૂછવા લાગ્યા કે તમારાં (બાળ-બચ્ચાં) અને કુટુંબ સુખી છે કે ? (૧૦)

कया वृत्या करोषित्वं स्वपोष्य परिपालनम् ।
निशम्य माधवीवाणीं हीणः पुनरुवाचतः ।। ११ ।।

- 'હે મિત્ર ! તમે પોતાના બાળકો આદિનું પોષણ કયા ધંધાથી કરો છો ?' એવી શ્રીકૃષ્ણની માધવી વાણી (પ્રેમાળવાણી) સાંભળી સુદામાજી શરમાઈને કહેવા લાગ્યા. (૧૨)

सुदामा उवाच-
त्वयिनाथे जगत्क्षेम किमुमित्र कुलितव ।
विभर्म्यमृत वृत्तेम पोष्य वर्गं यदद्वह ॥१२॥

- સુદામા બોલ્યા : 'તમે જગતના નાથ છો. તેથી સર્વનું કલ્યાણ છે, તો સમજી લો કે, તમારા મિત્રના ઘરે બધા કુશળ જ છે, હે નાથ ! (હે ચંદ્રકુલ દીપક શ્રીકૃષ્ણ!) મારા કુંટુબનું પાલન-પોષણ હું અયાચક (અમૃત) વૃત્તિથી કરું છું.' (૧૨)

અહીં સુદામાનો અકિંચન ભાવ, નમ્રતા, વિવેક અને ચતુરાઈના દર્શન થાય છે.

સુદામાની આ કથાની રહસ્યમય કડી સમજવા જેવી છે. સુદામા - શ્રીકૃષ્ણનો મિત્ર. સામાન્ય રીતે નાનો માણસ મોટાને મિત્ર તરીકે ગણાવે, ઓળખાવે અને તેના નામ હેઠળ મળતા બધા લાભો મેળવે એ વ્યવહાર સિદ્ધ વાત છે. પરંતુ જ્યારે મોટો માણસ, નાનાને મિત્ર ગણાવે જેમકે - 'कृष्णस्यासीत् सखा कश्चित्' સુદામા - કૃષ્ણનો મિત્ર. બને ત્યારે એનામાં દિવ્યતા હોય તો જ તે મિત્ર બનવાને લાયક હોય. 'सृष्ठु दाम कर्म बंधन यस्य' કર્મ બંધનવાળો જીવાત્મા તે સુદામા.

'भगवद् ध्यान वेगोद् ग्रथितात्म बन्धनः सुदामा, बह्मण्यदेवश्चं ।'

જીવના ગૂંથાયેલ કર્મને ભગવાનના ધ્યાન - દર્શન પૂર્વક સમર્પણ કરવાથી આત્મબંધનમાંથી મુક્ત બને તે સુદામા. આથી જ સુદામા બ્રહ્મણ્ય દેવ છે અને શ્રીકૃષ્ણના મિત્ર થવાની યોગ્યતા ધરાવે છે.

જેમ વાયુથી ઘાસનાં તણખલાં ભેગાં મળે છે અને જુદાં પડે છે, તેમ સંયોગ-વિયોગ પરમાત્માના હાથમાં છે. અહીં સુદામા અને શ્રીકૃષ્ણનું મિલન એ સામાન્ય મિલન નથી. એક અસાધારણ ઘટના છે. સુદામાજીનું દ્રારિદ્રનો નાશ કરવાના નિમિત્તે આર્યાવર્તનો લોકનાયક લોકોપકારક એવા 'સત્ય વિનાયક' વ્રતનો પ્રસ્તાવ સુદામા સમક્ષ મૂકીને વ્રત દ્વારા સકળ જનસમૂહના કલ્યાણના પથદર્શક બની રહ્યા છે.

श्रीकृष्ण उवाच -
अयाचितमिदं वृत्तं सोढुं कठिनमच्युत ।
ईश्वरार्पण बुद्धयैव नित्यकर्मोदितंयत: ॥
भुक्ति मुक्तिप्रदंदेव भज सत्य विनायकम् ॥ १३ ॥
इति संबोधितो विप्र: सुदामा करुणात्मना ।
हरिणातं प्रत्युवाचकोऽसौ सत्य विनायक: ॥ १४ ॥

શ્રીકૃષ્ણ બોલ્યા : 'હે મિત્ર ! અયાચક વૃત્તિથી પાલનપોષણ કરવું એ અત્યંત કઠણ(કામ) છે, તો પણ ઈશ્વાર્પણ બુદ્ધિથી કરેલું તે નિત્યક કહેવાય છે. સનાતન ધર્મની રીતે પ્રમાણે કર્મ બ્રહ્માર્પણ થાય તો ભુક્તિ અને મુક્તિના દાતા જે સત્ય વિનાયક મહાગણપતિજી છે તેમનું આરાધ કરવું યોગ્ય છે.' (૧૩)

અહીં ઈશ્વરાર્પણ બુદ્ધિથી કરેલ નિત્ય કર્મની વાત કરવામાં આવી છે કર્મને ઈશ્વરાર્પણ કરવું કે બ્રહ્માર્પણ એ એકની એક જ વાત છે. જ્ઞાન પ્રાપ્તિ થતાં સાધકને સર્વત્ર બ્રહ્મદર્શન થાય છે. ભેદબુદ્ધિનો નાશ થાય છે. સાધન કરતા કરતા શ્વાસ જ્યારે બ્રહ્મનાડીમાં પ્રવેશીને મસ્તકના ભાગે ચઢી જાય છે અને તેની સાથે મનનો નિરોધ થઈ જાય છે ત્યારે 'तत् शुभ्रं ज्योतिषां ज्योति: - દર્શન કરીને યોગી સ્વયં પણ જ્યોતિરૂપ યા જ્ઞાનરૂપ થઈ જાય છે. ત્યાં શરીરસ્થ અગ્નિ અને તેના દ્વારા પરિચાલિત શરીરયંત્ર, તથા આ પ્રાણરૂ હોમ. (યજ્ઞમાં હોમવાની વસ્તુ તે હોમ) અને પ્રાણને બ્રહ્મમાં મેળવના સાધકની ચેષ્ટા તથા બ્રહ્મમાં સમાહિત મનની અવસ્થા આ બધું જ બ્રહ્મમ થઈ જાય છે. ત્યારે બંધન થાય તો કોને થાય ? કોણ કોના દ્વારા બંધન બંધાય ? અર્થાત્ આ અવસ્થા પ્રાપ્ત યોગીને કર્મફળ ઉત્પન્ન જ થતાં નથી એટલે કે કર્માકર્મના ફળ ભોગ પણ હોતો નથી. જેનો કર્તા, કર્મ અને કર ઈશ્વરાપિત થતાં નથી તેને કરેલા કર્મના ફળ ભોગવવાં પડે છે. માટે ગીતામાં પણ કર્મ બ્રહ્માર્પણ કરવાની વાત સમજાવતાં કહ્યું છે કે -

ब्रह्मार्पणं ब्रह्महविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् ।
ब्रह्मैव तेन गन्तव्यं ब्रह्मकर्म समाधिना ॥ २४-४ ॥

કરૂણાસાગર ભગવાન શ્રીકૃષ્ણની વાણી સાંભળી સુદામાજી બોલ્યા : 'હે ભગવાન્ ! તમોએ જે સત્ય વિનાયકનું વ્રત કરવા સૂચન કર્યુ. તે સત્ય વિનાયક કોણ છે? તે કૃપા કરીને કહો' (૧૪)

श्रीकृष्ण उवाच -

यः सर्वाद्य सर्वपूज्यो ब्रह्मणां ब्रह्मणस्पतिः ।

वयं यस्य गणाः सर्वेदिवा विधिहरादयः ॥ १५ ॥

यजन्ते विमलात्मानो येन्येहठ परायणाः ।

तस्यव्रतं कुरु सर्वे सद्यः फलमवाप्स्यसि ॥ १६ ॥

- શ્રી કૃષ્ણ બોલ્યા : 'હે મિત્ર ! જે સર્વમાં પ્રથમ છે અને સર્વના પૂજ્ય છે. પરમ બ્રહ્મ સ્વરૂપ છે. બ્રહ્માશિવ વગેરે અમે જેમના સેવક છીએ. શુદ્ધ અંતઃકરણવાળા લોકો અને હઠયોગ પરાયણ યોગીઓ જેમની ઉપાસના કરે છે તેમનું વ્રત હે મિત્ર ! તમે કરો. જેનું ફળ તમને જલદીથી પ્રાપ્ત થશે.' (૧૬)

लोकानामुपकाराय स्यात्वदाचरितं व्रतम् ।

कलौ सिद्धि विहीनानां स्वल्यायासेन कामदम् ॥१७॥

- તમે જો આ વ્રત આચરશો તો તે લોકોના ઉપર ઉપકાર કરનારું થશે. આ વ્રત (હવે પછી આવનાર) કળિયુગમાં સિદ્ધિ વગરના લોકોની ઈચ્છા ઓછા પ્રયાસથી પૂરી કરે છે. (૧૭)

અહીં સમજવા જેવી વાત છે કે આર્યાવર્તનો લોકનાયક શ્રીકૃષ્ણ જ્યારે સુદામા જેવા ભક્ત મિત્રને સત્ય વિનાયકનું વ્રત કરવાનું કહે છે. અને વળી આવનાર કળિયુગમાં લોકો સિદ્ધિ વગર થશે ત્યારે તેવા લોકોની ઈચ્છાપૂર્તિ કરનારું વ્રત સત્ય વિનાયકનું હશે. એમ કહીને લોકોપકારક વ્રત સુદામાને નિમિત બનાવી સામાન્ય જન સમુદાયના હિત માટે પ્રસ્તુત કરવામાં આવેલ છે.

વળી શાસ્ત્રમાં કહેવાયું છે કે - 'कलौ चण्डी विनायकौ' કલિયુગમાં 'चण्डी' અને 'विनायक' શીઘ્રફળપ્રદ દેવતા માનવામાં આવે છે. પ્રત્યેક કાર્યના શુભારંભમાં વિનાયકની પૂજા અવશ્ય થાય છે અને ગણેશ પૂજન કહેવાય છે.

વિનાયક શબ્દથી વિશિષ્ટ નાયક, વિગત છે નાયક - નિયન્તા જેના, અથવા વિશેષ રૂપથી લઈ જનારા એવો અર્થ પણ થાય છે. વૈદિક મતમાં સર્વ કાર્યોમાં આરંભમાં જે દેવતાનું પૂજન થાય છે તે વિનાયક છે. વિનાયકની પૂજા પ્રાંત ભેદથી સોપારી, પત્થર, માટી, હળદર, ગોમય, દુર્વા (ઘરોઈ) આદિમાં આ વાહનાદિ દ્વારા થાય છે. એનાથી સમજાય છે કે આ બધી પાર્થિવ વસ્તુઓમાં આ દેવતા વ્યાપ્ત છે. આ દેવતાના અનેક નામો છે. તેમાં 'વિનાયક' શબ્દ એક વિલક્ષણ અર્થનો પ્રત્યાયક છે. આપણે પણ માનીએ જ છીએ કે-

"કળિ મહીં તો સહેજે ફળતા ચંડીને વિનાયક"

- કથા આગળ વધે છે. અને સુદામાજી જિજ્ઞાસુ સાધકની હેસિયતથી પૂછે કે -

**सुदामोवाच -**
**कस्मन्मासिदिनेवापि कार्यंकोवाविधिः स्मृतः ।**
**किं कलं चास्य कस्याभूदेतन्मे सफलं वद ॥१८॥**
**सर्वं लोकोपकारार्थं व्रतस्यास्य प्रसिद्धये ॥**

સુદામા બોલ્યા : કયા મહિનામાં, કયા દિવસે આ વ્રત કેવા વિધિથી કરવાનું જણાવ્યું છે? અને તેનું ફળ શું છે? તે આજ પર્યંત કોણે કરેલું અને કેવી ફળસિદ્ધિ પ્રાપ્ત થઈ? તે બધું લોકો ઉપર ઉપકાર માટે તથા પ્રસિદ્ધિ માટે મને જણાવો. (૧૮)

**श्रीकृष्ण उवाच -**
**अहं वदामि ते प्रीत्या विधानं व्रत संभवम् ॥१९॥**
**यतः पुष्टिपतेर्जन्म वैशाखे पौणिमादिने ।**
**तस्यांवर चतुर्थी वा भौमे वा भृगुवासरे ॥२०॥**

- શ્રીકૃષ્ણ બોલ્યા : સર્વ લોકોના કલ્યાણ માટે હું તમને પ્રસન્નતાથી આ વ્રતની સંપૂર્ણ વિધિ કહું છું. પુષ્ટિપતિ શ્રીકૃશણનો જન્મ દિવસ અથવા શ્રી ગણેશજીનું વૈશાખ માસની પૂર્ણિમા અથવા દરેક માસની સુદી વરદ ચતુર્થીએ અથવા મંગળવારે કે શુક્રવારે આ વ્રત કરવું જોઈએ. (૧૯-૨૦)

कस्मिन्नपि शुभदिने प्रातः संकल्पयेत् व्रतम् ।
तिलामलक कलकेन स्नायान्नित्यविधिः चरेत् ॥२१॥
पुनः प्रदोष समये व्रती स्नानं चरेत्प्रिय ।
स्वस्ति वाच्य तु संपूज्य रेवटान् गोमय शोधिते ॥२२॥

- અથવા ઈચ્છા થાય ત્યારે કોઈપણ શુભદિને આ વ્રત કરવું. વ્રતના દિવસે પ્રાતઃ કાળમાં વ્રત કરવાનો સંકલ્પ કરવો. તલ તથા આમળાથી શરીરને માલિશ કરી વિધિપૂર્વક સ્નાન કરવું. ત્યાર બાદ નિત્યકર્મ (સંધ્યાવંદનાદિ) કરવાં. પછી વ્રત કરનારે પાછલો પહોર ચાર ઘડી દિવસ રહે તે પ્રદોષકાળમાં પુનઃ સ્નાન કરવું. પુણ્યાહવાચનથી (નવ) ગ્રહોની પૂજા કરવી. જમીન ગાયના છાણથી લીંપી પવિત્ર કરવી. (૨૧-૨૨)

रंगवल्लीयुते देशे कदली स्तंभ मंडिते ।
सुगंधि नाना पुष्पाढयामादर्शावलि राजितम् ॥२३॥
कुर्यात् मंडपिकां चारु तन्मध्यकलशं न्यसेत् ।
तत्र वैनायकं यंत्रं चतुर्द्वारं विराजितम् ॥२४॥

અનેક પ્રકારની રંગોળીઓ કરેલી જગ્યાએ કેળના સ્તંભો અથવા કેળના પાનનો મંડપ બાંધવો. તેની અંદર સુગંધિત પુષ્પોની માળાઓ તેમજ કાચના આયનાઓ વડે સુશોભન કરી, મંડપ શણગારવો. (૨૩)

એવા મંડપની મધ્યમાં (બાજઠ ઉપર) નાનો મંડપ બનાવવો. એની વચમાં કળશ (તાંબાનો કે ચાંદીનો) ની સ્થાપના કરવી. વળી ચાર દ્વારથી શોભતું વૈનાયક યંત્ર તૈયાર કરી તેના ઉપર સ્થાપન કરવું. (૨૪)

लक्ष्मीं-नारायणौ चैव पार्वती परमेश्वरौ ।
मही वराहकौ शक्तिमदनौ कौणादिक् क्रमात् ॥२५॥
लिखेदष्टदलं वापिदेशिकाज्ञामवाप्यच ।
अष्टगंधेन विलिखेद्रक्त चंदनतोपि वा ॥२६॥

તે વિનાયક યંત્રની ચારે દિશાઓના ખૂણે ક્રમશઃ લક્ષ્મીનારાયણ, પાર્વતી - પરમેશ્વર, પૃથ્વી - વરાહ અને શક્તિમદન એ ચાર દેવતાઓની સ્થાપના

કરવી. (આમ ન બની શકે તો) ગુરુની આજ્ઞાથી અષ્ટગંધની કે રક્ત-ચંદનના અષ્ટદલ ચીતરવા જોઈએ. (૨૫-૨૬)

पूजा द्रव्याणि संप्रोक्ष्य मध्ये सत्यविनायकम् ।
अधिकारानुसारेण वित्तशाठय विवर्जितः ॥२७॥
गोरजंश्छुरिताकाशे पूजयेद्वैदिकादिभिः ।
मंत्र षोषशकै-श्चैवोपचारां तत्र कलपयेत् ॥२८॥

પછી પૂજા દ્રવ્યોનું સંપ્રોક્ષણ કરી અષ્ટદળની વચ્ચે શ્રી સત્યવિનાયકની સ્થાપના કરી, ગોર જ સમયે (ગાયોનું ધણ ચરીને ઘરે પાછુ ફરે ત્યારે આકાશમાં સાંજે ગાયના પગની ખરીઓથી ઉડતી ધૂળથી આકાશ આચ્છાદિત થઈ જાય છે તેવા સમયે) એટલે પ્રદોષકાળે પૂજાનો આરંભ કરવો, પૂજા કરનારે કંજુસાઈનો ત્યાગ કરી (वित्त शाठ्य विवर्जितः) ઉદારતા પૂર્વક દ્રવ્ય વાપરવું. કારણ કે સાચી રીતે આપણને પ્રાપ્ત સર્વ વસ્તુઓના માલિક પરમકૃપાળુ પરમાત્મા ૐકારનાથ - સત્યવિનાયક જ છે. તેમની માલિકીના પદાર્થો તેમની જ કૃપાથી પ્રાપ્ત થયેલ છે તો પછી આપણે કંગાલિયત્ બતાવવાની જરૂર નથી. કંજુસ વૃત્તિથી દાન કરવામાં શઠતા કરે છે એ જ પાકો તસ્કર (ચોર) છે. માટે જ વિત્ત શાઠ્યતા છોડી પરમેશ્વરાર્પણ કરવા ઉદારતા ધારણ કરવી, અને વૈદિક કે પુરાણોક્ત મંત્રથી પોતાના વર્ણાશ્રમ ધર્મના અધિકારપૂર્વક ષોડશોપચાર પૂજા કરાવવી જોઈએ. (૨૭-૨૮)

અહીં એક વાત વિચારી લઈએ. આ વ્રત આમ તો ઈચ્છા થાય ત્યારે કોઈપણ શુભ દિવસે થઈ શકે છે. કારણ કે પરમ સત્ય સ્વરૂપ વિનાયકનું વ્રત એમાં વિલંબ કેવો ? જીવનની કોઈપણ ધન્ય ક્ષણે આ વ્રત નિશ્ચયપૂર્વક આચરી શકાય છે. પરંતુ વિશેષ મુહૂર્ત અને વિશેષ દિવસે આચરવામાં આવતાં વ્રતનું ફળ પણ વિશેષ મળતું હોય છે. જેથી એને માટે વૈશાખ માસની પૂર્ણિમા એ પુષ્ટિ ભક્તિના પોષક એવા પુષ્ટિપતિ નામે ઓળખતા ૐકાર સ્વરૂપ મહાગમપતિ સત્ય વિનાયકનો જન્મ દિવસે છે તે દિવસ વ્રત માટે વરદાયક અને ફળદાયક મનાય એ સ્વાભાવિક છે.

વળી આ વ્રતમાં પ્રત્યેક માસની સુદી વરદ ચતુર્થી અને મંગળવાર કે શુક્રવાર પ્રશસ્ત મનાયા છે. કારણ કે મૂલાધાર ચક્રના ચાર દળની પાંખડીઓ વાળા કમળ પર ભગવાન શ્રીગણેશજી બિરાજમાન છે. તેના માટે **'महीमूलाधारे चतुर्दल पद्मे गणेशं'** એવા શબ્દો પણ વપરાય છે. પ્રત્યેક માસની ચતુર્થી તિથિ એ તો ગણેશજીનો જ દિવસ. વિનાયક ચતુર્થીનું વ્રત યા ઉત્સવ સિંહસ્થ સૂર્ય, ભાદ્રપદ(ભાદરવો) કલ્યાણ કરનારો મહિનો તેની શુક્લ પક્ષની ચતુર્થી અને હસ્ત નક્ષત્રનો યોગ થાય છે. આવો યોગ બુધવારે થાય તો તેનું વિશિષ્ટ મહત્વ માનવામાં આવે છે. આ તત્ત્વને **विनायक** શબ્દ અવગત કરાવે છે. **क, ट, प** આદિ સંખ્યાશાસ્ત્ર અનુસાર **वि-४, ना-०, य-१, क-१** આ સંખ્યાનો યોગ ૬ થાય છે. આ **'वक्रतुण्ड'** ષડાક્ષરી મૂળમંત્રનો પરિચાયક છે. હવે **अंकानाम् वामतो गतिः ।** આ શાસ્ત્રીય નિયમાનુસાર ૧૧૦૪ સંખ્યા પ્રાપ્ત થાય છે. આ સંખ્યા સિંહસ્થ સૂર્ય, ભાદ્રપદ (ભાદરવો) માસ, શુક્લ પક્ષ, ચતુર્થી તિથિ અને હસ્ત નક્ષત્રનો પરિચય આપે છે. ચંદ્રમાન અનુસાર ભાદરવો છઠ્ઠો માસ છે એ સંખ્યાઓનો યોગ ૬ છે. સંખ્યા ૪ અને ૧ના યોગથી ૫ સંખ્યા નીકળે છે, આ સિંહસ્થના સૂર્યનો દ્યોતક છે. સિંહ પાંચમી રાશિ છે. બાકી રહી સંખ્યા એક શુક્લપક્ષની પરિચાયક છે. શુક્લપક્ષ પ્રથમ અને કૃષ્ણપક્ષ બીજો છે. પ્રથમ બે સંખ્યા ૧૧ છે. આ અગિયારમા નક્ષત્ર હસ્તનો પરિચાયક છે, વિંશોતરી દશાની ગણના કૃતિકા નક્ષત્રથી કરવામાં આવે છે. વેદોમાં પણ એના પ્રમાણ મળી રહે છે. કૃતિકાથી અગિયારમું નક્ષત્ર હસ્ત છે. ૪ સંખ્યા ચતુર્થી તિથિ અને બુધવારની દ્યોતક છે. શૂન્ય અંક શિવતત્વનો દ્યોતક છે. આ કારણથી આપણા પૂર્વજો શિવશકત્યાભિન્ન ગણપતિની કાર્યારંભમાં પૂજા કરતા આવ્યા છે. વિનાયક શબ્દ આટલા અર્થોનો બોધક છે. વળી સત્યવિનાયક મંગલમૂર્તિ છે. જેથી મંગળવાર અને શુક્ર શક્તિ સંપન્નાતનો દ્યોતક છે. જે સત્ય સ્વરૂપ વિનાયકની પ્રાપ્તિ કરાવે એ પણ સ્વાભાવિક જ છે. આટલું જાણ્યા પછી આપણે વ્રતાચરણની દિશામાં આગળ વધીએ.

સત્ય વિનાયકના સ્થાપન પૂજન સુધીની વાત પ્રથમ અધ્યાયના ૨૭-૨૮ શ્લોકમાં વિચારવામાં આવી. હવે નૈવેદ્યનો વિચાર કરીએ.

गोधूम चूर्ण संयुक्तांच्छर्करा परिमिश्रितान् ।
सपादक्षीर खर्वोत्थ मोदकान् धृतपाचितान् ॥२९॥
यथाविभवतो नाना पक्कान्नानि निवेद्येत् ।
नवैद्यार्थं ततो बीजपूरं मुख विशुद्धयेत् ॥३०॥

ઘઉંનો લોટ, સાકર અને દૂધનો માવો આ ત્રણે સવાયા માપથી એટલે કે - સવા પાશેર, સવાશેર - સવાબશેર, સવા પાંચશેર વગેરે પ્રમાણે પોતાની યથાશક્તિ પદાર્થો લઈ તેમાં ઘી નાંખી તળીને બનાવેલ મોદક (લાડુ) તેમજ શક્તિ અનુસાર વિવિધ પકવાનોનું નૈવેદ્ય સમર્પણ કરવું. મુખવાસાર્થે કેળા, દાડમ, લીલી દ્રાક્ષ, બીજોરૂં જેવા ઋતુફળ અર્પણ કરવાં. (૨૯-૩૦)

અહીં પણ સત્યનારાયણની કથાની માફક સવાયા માપમાં નૈવેદ્ય સમર્પણ કરવાનું કહ્યું છે. સવાયું માપ એટલે પાંચ પાવલાં જે અંતઃકરણ પંચકના પાંચ અંગો જે અંતરઃકરણ, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર યુક્ત નિવેદન રૂપ નૈવેદ્ય અર્પણ કરવાનું છે તેનું સૂચન છે. જેથી સૂક્ષ્મ નૈવેદ્યના પ્રતીકરૂપે સ્થૂળ નૈવેદ્યમાં પણ સવાયા માપમાં નૈવેદ્ય સમર્પણ કરવાનું છે.

વળી સત્યનારાયણની કથામાં શીરાનો નૈવેદ્ય આવે છે. અહીં મોદક સમર્પણ કરવાના છે. કારણ કે ભગવાન સત્ય વિનાયક (મહા-ગણેશજી) મોદક પ્રિય કહેવાય છે. જે ગણેશજીને પરમ પ્રિય છે તે મોદક શું વસ્તુ છે. તેનો અહીં વિચાર કરીએ. મોદ-આનંદ જ મોદક છે. **'आनंदो मोदः प्रमोदः'** એવું શ્રુતિ પ્રમાણ છે. એનો પરિચાયક મોદક (લાડુ) છે. મોદકનું નિર્માણ ત્રણ પ્રકારે થાય છે. કેટલાક લોકો બેસનને શેકીને ખાંડની ચાસણી બનાવીને લાડુ બનાવે છે. એને 'મોદક' કહે છે. મોદક મગના લોટમાંથી પણ બનાવવામાં આવે છે. કેટલાક લોકો નારિયેળના કોપરાંનો ભૂકો (ચૂર્ણ) ને ગોળમાં પકાવીને ગુડપાક બનાવે છે. તેને ઘઉં, જવ અને ચોખાના લોટને મેળવીને તળી લે છે. અથવા વરાળથી પકાવે છે. આ લોટના કવચમાં જે ગુડપાકને રાખે છે. તેનું નામ **'पूर्णम्'** (પૂર્ણમ્) છે. 'પૂર્ણમ્' થી ૫૧ની સંખ્યા પ્રાપ્ત થાય છે. આ સંખ્યા **अ** કારાદિ ૫૧ અક્ષરોની પરિચાયિકા છે. આને તંત્ર શાસ્ત્રમાં 'માતૃકા' કહેવાય છે. **'न क्षरतीति अक्षरम्'** નાશ રહિત પરિપૂર્ણ

સચ્ચિદાનંદ બ્રહ્મ શક્તિનો દ્યોતક છે. પૂર્ણ બ્રહ્મ તત્ત્વ માયાથી આચ્છાદિત હોવાથી તે દેખાતું નથી. આ વાત આપણને (પૂર્ણમ્) મોદક શીખવે છે. ગુડપાક આનંદપ્રદ છે. તેને લોટનું કવચ છૂપાવે છે. તે આસ્વાદથી જ જાણી શકાય છે. આ રીતે બ્રહ્મતત્ત્વ અનુભવ ગમ્ય છે. વિનાયક ભગવાન હાથમાં મોદક રાખે છે, તો તેઓ સ્વાધીન માયા, સ્વાધીન પ્રપંચ આદિ શબ્દોથી વ્યવહૃત થાય છે. આ છે મોદકનું રહસ્ય.(!)

નૈવેદ્યમાં (પૂર્ણમ્) મોદક હૃદય, (અંતઃકરણ) પૂર્વકનું નિવેદન પૂર્ણત્વની પ્રાપ્તિનું સાધન બનતા હોય તો અન્ય પકવાન્નો એટલે ફળ આપવા તત્પર થયેલ પારબ્ધકર્મ અને સંચિત કર્મો રૂપી ફળ ભગવાનને સમર્પણ કરવામાંથી બાકાત ન રહે તે પણ જોવું રહ્યું. એટલે પકવાન્નોની સાથે ફળ સમર્પણ કરવાનું કહ્યું છે. ટૂંકમાં કર્મની સાથે તેનું ફળ પણ ભગવાનને સમર્પણ કરવાનો અહીં સંકેત છે.

**शमी मंदार दुर्वाभिर्मंत्र पुष्पांजलिन्यसेत् ।**
**श्रुत्वा कथां समभ्यर्च्य गंधमाल्यादिभिर्द्विजाम् ॥३१॥**
**पतिपत्नीः स्त्रियोप्येव हरिद्रांकुंकुमादिभिः ।**
**यथा शक्तया द्विजा भोज्याः पश्चात् बंधुजनैः सह ॥३२॥**

શમી, મંદાર (શ્વેત અર્કના પુષ્પ) દુર્વાંકુર ઈત્યાદિ વડે દેવપૂજામાં પુષ્પાંજલિ અર્પણ કરવી. પૂજા કર્યા બાદ આ મહાકથા અતિપ્રેમથી શ્રવણ કરવી. વિદ્વાન - સ્વધર્મશીલ પવિત્ર નિરાભિમાની બ્રાહ્મણોનું વિધિવત્ પૂજન કરવું. સુવાસિની - પતિવ્રતા - પવિત્ર સ્ત્રીઓને હળદર કંકુ આપવાં. બ્રાહ્મણ તથા સુવાસિનીઓને ભોજન કરાવવું અને પછી બાંધવો અને પત્ની સાથે ભોજન કરવું. (૩૧-૩૨)

## દૂર્વા, શમીપત્ર અને મંદારનું રહસ્ય

મોદકનું રહસ્ય આગળ વિચાર્યું. હવે શ્રીગણેશજીને અર્પણ કરવામાં આવતા દૂર્વા, શમીપત્ર અને મંદારનું રહસ્ય જાણીએ. દૂર્વા, શમીપત્ર અને મોદક શ્રી વિનાયકને અતિપ્રિય છે.

પૂજાના અવસર પર દૂર્વા યુગ્મ અર્થાત્ બે દૂર્વા તથા હોમના અવસર પર ત્રણ દૂર્વા ગ્રહણ કરવાનું તંત્ર શાસ્ત્રમાં વિધાન પ્રાપ્ત થાય છે. એનું તાત્પર્ય એ છે કે - क, ट, प આદિ સંખ્યા શાસ્ત્રથી दू-૮, र्वा-૪, 'अंकानाम् वामतोगतिः' ન્યાયથી ૪૮ સંખ્યા નીકળે છે. 'दूर्वा' નો અર્થ 'જીવ' (जीव - जी - ૮, व-૪) થી ૪૮ સંખ્યા નીકળે છે. આ સંખ્યા સામ્યથી 'दूर्वा' નો અર્થ જીવ થાય છે. જીવ સુખ અને દુઃખ રૂપ દ્વંદ્વને (દૂર્વા યુગ્મ) ને સમર્પણ કરવામાં આવે છે. જેવી રીતે જીવ જન્મ જન્માન્તરોના અર્જિત પુણ્ય અને પાપના ફળરૂપે વારંવાર અવતાર લે છે. તેવી જ રીતે દૂર્વા (દરોઈ) પોતાની અનેક જડોથી જન્મ લે છે. એટલે જીવ અને દૂર્વાનું સંખ્યા માત્રથી સામ્ય છે. એટલું જ નહિ પણ ક્રિયાથી પણ સામ્ય છે. આયુર્વેદ પ્રમાણે શ્વેતદૂર્વાનો ચોખાના ધોવરામણ (ઓસામણ) સાથે ઉપયોગ કરવાથી સ્ત્રીઓના શ્વેત પ્રદરનું નિવારણ થાય છે. એટલું જ નહિ ગર્ભ ધારણની યોગ્યતા પણ સ્ત્રીને દૂર્વાથી પ્રાપ્ત થાય છે. માટે જ વિષ્ણુ આદિને પણ પ્રિય એવી દૂર્વા વંશવૃદ્ધિના હેતુથી શ્રી ગણેશજીને અર્પણ કરવામાં આવે છે. જુઓ દૂર્વા સમર્પણનો આ મંત્ર

विष्णवादि सर्वदेवानां दुर्वा वै प्रीतिदा सदा ।
वंशवृद्धिकरी नित्यं गणेशाय अर्पयाम्यहम् ॥

ગુરુ નાનક સાહેબનું કહેવું છે કે -

नानक नन्हे बनि रहो जैसी नन्ही दूब ।
सबै घास जरि जायगी दूब खूबकी खूब ॥

અર્થાત્ - નાનક સાહેબ કહે છે કે - દૂર્વા (દરોઈ) ની માફક નાના બની રહેવામાં મજા છે. અન્ય પ્રકારનું બધું ઘાસ સૂકાઈને ઝરી જાય છે. ત્યારે દૂર્વા (દરોઈ) તો એવીને એવી જ સુંદર રહે છે.

ભવિષ્ય પુરાણની કથા છે કે - દેવતાઓ દ્વારા અમૃત પ્રાપ્તિ માટે ક્ષીર સાગરનું મંથન કરતી વેળાએ ભગવાન વિષ્ણુએ પોતાની જાંઘ ઉપર હાથથી પકડીને મંદરાચળને ધારણ કર્યો હતો, મંદરાચળ પર્વતનું વેગથી ભ્રમણ થવાથી વિષ્ણુ ભગવાનના કેટલાંક રોમ (રૂંવાડાં) ઉખડીને સમુદ્રમાં

પડયાં હતાં. પછી સમુદ્રની લહેરોના ઉછળવાની સાથે તે રોમ હરિતવર્ણની દૂર્વાના રૂપમાં ઉત્પન્ન થયાં, તે દૂર્વા ઉપર દેવતાઓએ અમૃતકુંભ મુક્યો, તેમાંથી જે અમૃતના બિંદુઓ ટપકયાં તના સ્પર્શથી દુર્વા અજર અમર બની ગઈ. તે દેવતાઓ માટે પૂજ્ય અને વંદનીય્ બની. અન્ય પુરાણો અનુસાર દૂર્વાને જન્મ ભાદ્રપદ (ભાદરવો) માસ બતાવ્યો છે. જ્યારે વર્ષાકાળ હોવાથી દૂર્વા (દરોઈ) નું ઘાસ વધુ પ્રમાણમાં થાય છે.

છેલ્લું સંશોધન એમ કહે છે કે - દૂર્વા (દરોઈ, ધરો) બેકરોડ વર્ષથી ધરતી પર મોજુદ છે, અને વૈજ્ઞાનિકોનો દાવો છે કે ધરતી પરથી માનવ વસ્તીનું નામોનિશાન મટી જશે તો પણ દૂર્વા (ઘાસ) અહીં રહેશે.

દૂર્વા તો પુષ્ટિદાયક, સદ્યોવ્રણહર, સવર્ણકારક, સર્વદોષહર કહેવાય છે. જે વિશેષરૂપથી ગણેશ પૂજનમાં પ્રયોજવામાં આવે છે. દૂર્વામાં પ્રોટીન વધુ છે. એક હેક્ટરમાં પેદા થનારા અનાજથી અતિરિક્ત, ઘાસમાં કમ સે કમ પાંચ ઘણું પ્રોટીન વધુ હોય છે. મદ્રાસની નજીકમાં ઘાસમાંથી બિસ્કીટ, રોટી બનાવનારી સંસ્થાઓ પણ કામ કરે છે. રોગ પરત્વે અનેક ઔષધિય ગુણોવાળી દૂર્વાનો રોગ સમનમાં જુદા જુદા અનુપાનમાં ઉપયોગ પણ થાય છે. દૂર્વામાં સરલતા, નમ્રતા અને દીર્ઘજીવતાના ગુણો પણ રહેલા છે.

ભાદરવા સુદ - ચોથને દિવસે ગણેશ પૂજનમાં ૨૧ દૂર્વા યુગ્મોથી પૂજન કરવું વિહિત છે. આ ૨૧ દુ:ખ ધ્વંસનો દ્યોતક છે. શાસ્ત્રકારોનો મત છે કે - **'एक विंशति दुःख ध्वंस द्वारा मोक्षः।'** આ દ્વૈત સિધ્ધાંતનો પરિચય કરાવે છે. આ પૂજનમાં યુગ્મથી સુખ અને દુ:ખનો નાશ દ્વારા આનંદાત્મક મોક્ષનો સંકેત મળે છે. હોમના અવસર પર ત્રણ દૂર્વા (ત્રણ પાંદડીવાળી દરોઈ) ને ગ્રહણ કરવાનું તાત્પર્ય સમજાય છે કે - આણવ, કામણ અને માયિકરૂપે ત્રણ મળોને ભસ્મીભૂત કરવા. ગીતામાં **"ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुतेऽर्जुनः"** એમ કહ્યું છે. જ્ઞાનાગ્નિ આ પદથી **क, ट, प,** આદિ શાસ્ત્ર દ્વારા શૂન્ય ૦ સંખ્યા નીકળે છે. - **ज्ञा-०, ना-०, ग्नि-०** । ભસ્મ સત્વગુણની પરિચાયક છે. જીવના જન્મ જન્માર્જિત સર્વ પ્રકારના મળ

ભસ્મીભૂત થવાથી સત્વગુણ સંપન્ન થઈને તે મોક્ષને પ્રાપ્ત કરેં છે. આ ત્રણ દૂર્વાઓના હોમનું તાત્પર્ય છે.

શમીપત્ર : શ્રી ગણેશજીને સમર્પણ કરવામાં આવતા બધા એકવીસ પત્રો (પાન) નું આયુર્વેદની દૃષ્ટિએ ઘણું જ મહત્વ છે. તેમાંની પ્રત્યેક ઔષધિ આરોગ્ય વર્ધક અને રોગનિવારક સિદ્ધ થઈ છે.

શમીવૃક્ષને 'વૃસ્નિવૃક્ષ' પણ કહેવામાં આવે છે. આ 'વસ્નિવૃક્ષ' ગણપતિને માટે પ્રિય વસ્તુ છે. क, ट, प, આદિ શાસ્ત્રથી व સંખ્યા ૪ ह्निः ० શિક્ષાગ્રંથોમાં 'ह्नि' અક્ષરને 'ह्नि, ह्नना' રૂપમાં ઉચ્ચારણની વ્યવસ્થા મળે છે. એટલે 'ह्निः' નો ૦ શૂન્ય અંક છે. એ શિવનો ઘોતક છે. 'चत्वारि वा-क्परिमितापदानि' પરા, પશ્યન્તી, મધ્યમા, અને વૈખરીની ૪ સંખ્યાની પરિચાયક છે. શિક્ષા ગ્રંથોમાં શબ્દને મૂલાધારથી નીકળી મૂર્ધા, કંઠ અને તાલ્વાદિથી સંબંધ થઈ મુખથી નીકળવાનો પ્રકાર લખ્યો છે. ભૂતત્ત્વરૂપી ગણેશનું મૂલાધાર સ્થાન છે. આ પ્રકારે જાણીને વિસ્નપત્રથી વિનાયકની પૂજા કરવાથી જીવ બ્રહ્મભાવને પ્રાપ્ત કરે છે.

स्त्रीभिः प्रसादं संभुज्य ततो जागरणं चरेत् ।
शास्त्रवादैः नृत्यगीतै रूपकै र्विविद्यैरपि ॥३३॥
बालानां दंडलीलाभिस्तथा बुद्धिबलादिभिः ।
स्वयं समाहित मनायावत्सर्योदयो भवेत् ॥३४॥

તેમજ ઘરની સ્ત્રીઓને ભોજન કરાવી પ્રસાદ લેવો. આખી રાત્રિ જાગરણ કરવું. ક્લેશ-દંભ અને અભિમાનનો ત્યાગ કરીને શાસ્ત્રવાદ, નૃત્યગીત અને વિવિધ પ્રકારના રૂપકો લાઠી દાવ (દાંડિયા રાસ)તથા બુદ્ધિબળની રમતોનું આયોજન કરવું અને સૂર્યોદય પર્યંત પોતે શુદ્ધ અંતઃકરણ રાખીને જાગરણ કરવું. (૩૩-૩૪)

एवं व्रतं प्रकुर्वाणः सद्यः फलमवाप्नुयात् ।
धनं धान्यं पशून्यारान्सुतमायुर्निरोगताम् ॥३५॥
मानं सुविद्यां लभते निष्कामो मोक्षमाप्नुयात् ।
ब्रह्मणाऽकारि सृष्टयर्थं जगत्येकार्णयेपरम् ॥३६॥

- આ પ્રમાણે સાંગોપાગ વ્રત કરનારાઓને અવશ્ય શુભ ફળની જલદીથી પ્રાપ્તિ થાય છે. સકામ વ્રત કરનારાને ધન, ધાન્ય, પશુ, પત્ની, પુત્રો, આયુષ્ય અને આરોગ્યની પ્રાપ્તિ થાય છે. સાંથે સન્માન અને સુવિધાની પ્રાપ્તિ થાય છે અને નિષ્કામ કર્મ કરનારાને મોક્ષની પ્રાપ્તિ થાય છે. અગાઉ જ્યારે સૃષ્ટિ જલમય હતી ત્યારે સૃષ્ટિ રચવાની શક્તિ મળે તેટલા માટે બ્રહ્માએ આ વ્રત કર્યું હતું. (૩૫-૩૬)

साक्षान्मंगल मूर्तिस्तं सामर्थ्यं विविधं ददौ ।
हरिणाऽकारि विप्रैतत्सवाधिकारार्थ सिध्धये ॥३७॥
मया संसाधिता शक्तिः पालने कुर्वताव्रतम् ।
स्वेच्छावतार सामर्थ्यं ततः प्राप्तं सखे परम् ॥३८॥

- શ્રી બ્રહ્માજીએ શ્રી મંગલમૂર્તિ સત્યવિનાયકનું વ્રત કર્યું હતું અને તેથી તેમને સૃષ્ટિ રચવાનું સામર્થ્ય બુદ્ધિબળ પ્રાપ્ત થયું હતું. હે વિપ્ર ! આ પ્રમાણે સૃષ્ટિનું પાલન કરવા માટે ભગવાન વિષ્ણુએ પણ સત્ય વિનાયકનું વ્રત કર્યું. જેથી તેમને પાલન કરવાની અધિકાર શક્તિ પ્રાપ્ત થઈ હતી. હે મિત્ર ! આ પ્રમાણે મેં (શ્રીકૃષ્ણે) પણ આ વ્રત કરીને સૃષ્ટિનું પાલન કરવા માટે સ્વેચ્છાએ જેવો જોઈએ તેવા સ્વેચ્છા અવતાર ધારણ કરવાનું સામર્થ્ય મેળવેલું છે. (૩૭-૩૮)

सदैवाहं करोम्येतत् व्रत तु भृगुवासरे ।
श्वोस्ति तन्मे कारयितु माचार्यस्त्वागमिष्यति ॥३९॥
गर्गस्तस्मात्प्रति श्रुत्यप्रासादं प्राप्य यास्यसि ।
भवानितिगिरि श्रुत्वास्थितः परम यामुदा ॥४०॥

- હું આ વ્રત દર શુક્રવારે કરું છું. આવતી કાલે શુક્રવારે તે જ વ્રત છે. આ વ્રત કરાવવા માટે અમારા કુલાચાર્ય શ્રી ગર્ગાચાર્ય મુનિ પધારશે. આ વ્રત સંબંધી સંપૂર્ણ માહિતી શ્રી ગર્ગાચાર્ય મહારાજ પાસે યથાર્થ જાણી લેવી. તેમનો કૃપા પ્રસાદ અને આવતી કાલના સત્ય વિનાયક વ્રતનો પ્રસાદ સ્વીકારી તમારે જવું હોય તો ખુશીથી જઈ શકો છો. એ પ્રમાણે શ્રીકૃષ્ણના વચન શ્રવણ કરી પ્રસન્નતા પૂર્વક સુદામાજી દ્વારકામાં રહ્યા. (૩૯-૪૦)

अपरस्मिन्दिने गर्गात्समाधी कृत्यतद्वृतम् ।
सायं प्रसादावसरे हृदि चिंतितवानसौ ॥४१॥
मयाऽमृतेन वृत्तेन यदा किमपि लभ्यते ।
तदैव पूजयिष्यामि देवं सत्यविनायकम् ॥४२॥

- બીજે દિવસે ગર્ગાચાર્ય મહારાજ પાસેથી આ (સત્ય વિનાયક) વ્રતની સર્વ માહિતી શ્રી સુદામાજીએ મેળવી. સંધ્યાકાળે પ્રસાદ વેળાએ પોતાના મનથી વિચાર પણ કીધો કે મને અયાચક વૃત્તિથી જે કઈ પ્રાપ્ત થશે, તે વેળાએ તેજ દ્રવ્ય વડે હું અવશ્ય સત્ય વિનાયકનું પૂજન કરીશ. (૪૧-૪૨)

भुक्तवा प्रसादं हरिणा कृत्वा जागरणं सह ।
शुंद्धचित्तो द्विजो भक्तयाऽभजत्सत्यविनायकम् ॥४३॥

- એવા સુદામાજીએ સંકલ્પ કરી શ્રી સત્ય વિનાયકનો પ્રસાદ આરોગ્યો. અને શ્રીકૃષ્ણની સાથે જાગરણ કર્યુ. સાથોસાથ સત્યવિનાયક ભગવાનનું શુદ્ધ ચિત્તવાળા દ્વિજ (સુદામા) એ ખૂબ સ્મરણ કર્યુ.

અહીં સમજવાનું કે ભગવાન શ્રીકૃષ્ણનું સાન્નિધ્ય હોય તેની સાથે સત્યવિનાયકનું વ્રંત થાય અને જાગરણ કરતાં (પ્રબુદ્ધ ચિત્તે) સત્ય વિનાયકનુ સ્મરણ થાગ. આમ (દુ:ખરૂપી) જીવનની રાત્રિ પસાર થતાં સુખનો સૂર્યોદય જીવ ' ક્ષિતિજે પ્રકાશમાન થાય તેના જેવું બીજું સદ્ભાગ્ય કયું? ધન્ય છે સુદામ:જીને...! અને તેના અહોભાગ્યને...!!

सूत उवाच-
गच्छन्मार्गे चित्तमभूत्तच्छुणुध्वं महर्षयः ।
मणिनामा वणिको कश्चित्कूप्य रत्नादि भिवृतः ॥४४॥

સૂતજીકહે છે - પ્રાત: કાળમાં ઉઠીને શ્રીકૃષ્ણની આજ્ઞા લઈ સુદામાજી પોતાના નગર તરફ જવા નીકળ્યા. રસ્તામાં એક મહાન આશ્ચર્ય થયું. 'હે શૌનકાદિ મુનિઓ ! એક મણિ નામનો વૈશ્ય (વેપારી) નાના પ્રકારના રત્નોથી સંપન્ન અને ધનવાન હતો. તે વિશેની ઘટના કહું છું તમે સાંભળો' (૪૪)

तेन संपादितं क्लेशाच्छतमाहिषवाहितम् ।
गृहं यास्यन्प्रसुप्वापै कस्मिन् ग्रामे मिशामुखे ॥४५॥
दस्युभिस्तध्धनं रात्रौ हृतं सकलमंजूषा ।
उषः काले गंतु कामस्तद्धनं नावपश्यत ॥४६॥

- મણિ નામનો એક વણિક - વેપારી હતો તેણે વ્યાપારમાં ઘણો પુરુષાર્થ કરી ધન એકઠું કર્યું હતું. એની પાસે વિવિધ પ્રકારના રત્નો અને ખૂબ સમૃદ્ધિ હતી. તે ધન પોઠો (મહિષ-પાડાઓ) ઉપર લાદીને પોતાના ઘર તરફ આવતો હતો. સેંકડો જાનવરોની પોઠો ઉપર ધન લદાયેલ હતું. રસ્તામાં સાયંકાળ થવાથી કોઈ એક ગામ જોઈ ત્યાં રાત્રિવાસ કર્યો, અને સુતા હતા ત્યારે કેટલાક ચોર લોકો આવીને રાત્રે ધન ચોરી ગયા. સવારે ઉઠીને મણિ નામના વણિકે જોયું તો પોતાનું સઘળું ધન ચોરાયેલ હતું. ધન ક્યાંય જોવામાં ન આવ્યું. (૪૫-૪૬)

धनव्यपायात्सं तप्तोविललापाति दारुणम् ।
यदच्छया जगादासौ तस्मात्किमपि लभ्यते ॥४७॥
दास्ये तदर्धं विप्रायपूर्वंदग्विप्रयायमे ।
इतस्ततो विचिन्वन्स मंजूषां लब्धवानसौ ।
स्वर्णमुद्रा सहस्त्रस्य सुदामातावदाययौ ॥४८॥

- આમ ધન ગુમાવવાથી તેને ભારે સંતાપ થયો અને તે દારૂણ વિલાપ કરવા લાગ્યો. તે પોતાની મેળે જ બોલી ઉઠયો કે આ મારું ગયેલુ દ્રવ્ય અથવા તેનો કેટલોક ભાગ (દ્રવ્યાંશ) મને મળશે તો ત્યારે પ્રથમ જ જે બ્રાહ્મણ મારી દૃષ્ટિએ પડશે, તેને તેમાંથી અડધું દ્રવ્ય આપીશ. પછી આમ તેમ શોધતાં તેને એક હજાર સોના મહોર ભરેલી પેટી મળી આવી. એ સુદામાજી ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. તેમના ઉપર મણિ વૈશ્યની દૃષ્ટિ પડી. (૪૭-૪૮)

तस्मै पंचशतं मुद्रादत्तवान् सवणिक् मुदा ।
तस्मिन्नेव दिनेतत्र कृतवान्समुर्निव्रतम् ॥४९॥
सायं पूजां विधायासौ निबद्धकर संपुटः ।
शुद्धांतरात्मां संतस्था वा कांक्षन्प्रभुदर्शनम् ॥५०॥

પોતે કરેલા નિશ્ચયાનુસાર તે મણિ વૈશ્યે સુદામાજીને બોલાવી પ્રસન્નતાપૂર્વક પાંચસો સોનામહોર આપી. અચાનક પાંચસો સોના મહોર મળતાં તે જ દિવસે તે ઠામે સુદામાજીએ પોતાના મનના સંકલ્પાનુસાર, શ્રી સત્યવિનાયક મહાગણપતિ મહારાજનું વ્રત કર્યું. સાયંકાળે અતિ પ્રેમથી શ્રી મહાપ્રભુ ૐકાર સ્વરૂપ સત્ય વિનાયકનું પૂજન કરી શુદ્ધ અંતઃકરણ પૂર્વક પ્રભુદર્શનની ઈચ્છા કરી. (૪૯-૫૦)

नासाग्रन्यस्तनयनो द्धासन परिग्रहः ।
तावत्पकटतां यातः पुरः सत्यविनायकः ॥५१॥
दशायुध धरः श्रीमान देव पंचास्य वाहनः ।
किरीट कुंडल धरः पीमवक्षा बृहद्भुजः ॥५२॥
नाभिशेषो गजमुखो वामांगे सिध्धि मंडितः ।
दष्टा पूर्व सुदामानं कोटिमन्मथ सुंदरम् ॥५३॥
कोटि चद्रादित्य कान्ति तत्पादन्यस्त मस्तकः ।
नुनाव परया भक्तया वरदं विघ्ननाशनम् ॥५४॥

સુદામાજી દૃઢ આસનવાળી બેઠા છે. દૃષ્ટિ નાસાગ્રસ્થિત છે. એથી સાચી એકાગ્રતા સિદ્ધ થતા શ્રી સત્યવિનાયક મહાગણપતિ મહારાજ પ્રત્યક્ષ મૂતિમંત સ્વરૂપે પ્રગટ થયા છે, આવીને દર્શન દીધાં છે. (૫૧) ૐકાર સ્વરૂપે પ્રગટ થયેલા સત્યવિનાયક ભગવાનના દશ હાથમાં દશ આયુધ શોભી રહ્યાં છે સિંહ ઉપર બિરાજમાન છે. પાંચમુખવાળા કિરીટ-કુંડળ અને રત્ન જડિત આભુષણોથી શોભતા દેવનું વક્ષસ્થળ અને દેહપુષ્ટ છે. તેની દશભુજાઓ લાંબી છે. (૫૨)

પ્રભુ સત્ય વિનાયકની નાભિ ઉપર નાગ છે. હાથી (गज मुखाकार)ના મુખવાળા છે. ડાબી બાજુએ સિદ્ધિ (અષ્ટ મહાસિદ્ધિ) બિરાજમાન છે. એવ તેમના સ્વરૂપની લાવણ્યતા કોટિ મદનરાજ (કરોડો કામદેવ)થી પણ સુંદ છે. (૫૩)

કોટયાવધિ ચંદ્ર અને સૂર્યની કાન્તિવાળા સત્યવિનાયક પ્રભુના દર્શ કરી, સુદામાજીએ ભક્તિભાવથી પોતાનું મસ્તક વરદાયક વિઘ્નવિનાશ દેવના ચરણોમાં નમાવી સ્તુતિ કરવાની શરૂઆત કરી છે.

અહી જે સત્ય વિનાયક ભગવાનનું સ્વરૂપ છે. તે સત્યયુગમાં કશ્યપસુત તરીકે પ્રગટ થયેલ દશબાહુવાળા, તેજોરૂપ, સિંહારૂઢ મહોત્કટ વિનાયકનું જ સ્વરૂપ છે. એમ કહી શકાય.

શ્રી સત્ય વિનાયકના વ્રતી સુદામાજીએ પ્રભુસત્ય વિનાયકના દર્શનની ઈચ્છા કરી દૃઢ આસન લગાવ્યુ અને નાસાગ્રસ્થિત દૃષ્ટિથી એકાગ્રતા સિદ્ધ થતાં વિનાયક ભગવાન પ્રત્યક્ષ પ્રગટ થયા.

શ્રીમદ્ ભગવદ્ગીતાના છઠ્ઠા અધ્યાયના ૧૩મા શ્લોકમાં આવી જ વાત કહેવામાં આવી છે.

समं कायशिरोग्रीव धार्यन्नचलं स्थिरः ।
संप्रेक्ष्य नासिकाग्रं स्वं दिशंश्चानवलोकयन् ॥१३॥

દૃઢ આસન પર બેસીને મનને વિક્ષેપ રહિત કરીને, ચિત્ત અને ઈન્દ્રિયોની ક્રિયાને સંયત કરીને અંતઃકરણની શુદ્ધિ માટે યોગનો અભ્યાસ કરવો.

કાય-દેહનો મધ્યભાગ, શિર અને ગ્રીવા - મૂલાધરથી મસ્તકના અગ્રભાગ સુધી, સીધો અને અચળભાવમાં રાખીને દૃઢ પ્રયત્ન કરવો. પોતાની નાસિકા (નાકના) અગ્રભાગ પર દૃષ્ટિ એકાગ્ર કરી આજુબાજુની દિશામાં જોવાનું બંધ કરવું. આમ ધ્યાનનો અભ્યાસ કરવો.

મેરુદંડ અને ગ્રીવાને સીધું કરવાથી યથાસંભવ મસ્તક પણ સીધું થઈ જશે. ગળાને થોડું દબાવી દાઢીને જરા કંઠકૂપ તરફ ઝુકાવી દેવુ. આવી ચેષ્ટા કરવાથી શરીર કંપશે નહિ અને દૃષ્ટિ ભ્રૂમધ્યમાં રહેશે. બહારનો નાસાગ્ર એ નાસાગ્ર દર્શન નથી અને બરાબર નાસાગ્રને જોવું એ જ માત્ર ઉદ્દેશ્ય નથી. ભગવાન શંકરાચાર્યે કહ્યું છે કે - ના સિકાગ્રમાં દૃષ્ટિ રાખવાથી મન નાસિકાગ્રમાં સમાહિત થઈ જશે. એનાથી વિપરીત ફળ પણ મળી શકે છે. એટલા માટે જ આત્મામાં જ મન સમાહિત કરવું જોઈએ. આંખો બંધ કરીને મનને આજ્ઞાચક્રમાં કેન્દ્રિત કરવાથી થાય છે. અથવા અર્ધનિમિલિત નેત્રથી મનોમન કૂટસ્થ ચિંતન કરવાથી ચાક્ષુષીવૃત્તિ શૂન્યભાવમાં અવસ્થાન કરે છે, આથી લય વિક્ષેપ પણ ઓછો થઈ જાય છે. લય વિક્ષેપ રહિત ચિત્ત આત્મામાં

વિલિન થઈ જાય છે, અને પ્રકૃત્ત જ્ઞાનનો ત્યારે ઉદય થાય છે. આ જ પરમાનંદ સ્વરૂપનું પ્રાગટ્ય છે. જે સુદામા સમક્ષ સત્ય વિનાયક સ્વરૂપે પ્રગટ થયું છે. આપણી સમક્ષ પણ એ પ્રગટ થઈ શકે છે. જો સુદામાજીની માફક વ્રતી બની આરાધન કરીએ તો...(?)

હવે શ્રી સત્ય વિનાયક (મહા ગણપતિ) ના સ્વરૂપ વિશેષ તત્વનો વિચાર કરીએ.

## ૐકાર સ્વરૂપ ભગવાન ગણપતિનું સ્વરૂપ

**'सर्वे वेदा यत्पदमामनन्ति' (कठश्रुति - २/१५)**

- આ કઠશ્રુતિના કથન અનુસાર ચાર વેદ તે એક પદ (ૐકાર સ્વરૂપ)નું આ મનન અર્થાત્ વારંવાર અભ્યાસ (ઉપદેશ કથન) કરતા રહો. એવો આદેશ કરે છે.

ઉપનિષદોમાં તથા ગીતામાં નિર્ગુણ - નિર્વિશેષ પરબ્રહ્મના પ્રતીક સ્વરૂપમાં પ્રણવનું વર્ણન આવે છે. તે પ્રણવનું સ્મરણ કર્યા બાદ શ્રી જ્ઞાનેશ્વર મહારાજ તે પ્રણવથી ભગવાન શ્રી ગણેશજીની એકાત્મતાની સ્થાપના પોતાના મંગલાચરણમાં કરે છે કે - હે ૐકાર ! આપ આત્મ સ્વરૂપ છો, આપનું જ્ઞાન કેવળ અનુભવથી થઈ શકે છે; આપ જ ગણેશ છો. જે સર્વના બુદ્ધિ પ્રકાશક છે. એવા આપને હું પ્રણામ કરું છું.

કોઈ પણ ઉપાસક પોતાના ઉપાસ્યની મૂર્તિ પોતાની ભાવના, રૂચિ તથા શક્તિ અનુસાર, તામ્ર, રજત, સુવર્ણ આદિ ધાતુઓથી યા સ્ફટિક, પ્રવાલ, રત્ન, શિલા, કાષ્ટ, મૃત્તિકા આદિ વસ્તુઓથી બનાવે છે. અથવા બનાવડાવે છે. શ્રી જ્ઞાનેશ્વર મહારાજે જે મૂર્તિ શ્રી ગણેશજીની બનાવી છે તેમાં આકાર તો **'एकदन्तं चतुर्हस्तं पाशमङ्कुशधारिणम्'** એવો જ રાખ્યો છે. પરંતુ તેમની મૂર્તિ નિર્માણની સામગ્રી સ્થૂળ નહિ; સૂક્ષ્મ છે. ગણપતિ અથર્વશીર્ષનું '**त्वं वाङ्मयस्त्वं चिन्मयः ।(४) त्वं चत्वारि वाक्पदानि (५)**' સૂત્ર લઈને શ્રી જ્ઞાનેશ્વર મહારાજે શબ્દબ્રહ્મ સ્વરૂપ શ્રી ગણેશજીની મૂર્તિનું નિર્માણ કર્યુ છે

પ્રણવ જે બ્રહ્મ સ્વરૂપ છે તથા વેદ અને વાણીનું મૂળ છે. તેમની આકૃતિ ૐ જ ભગવાન ગણેશની સાકારમૂર્તિ છે. પ્રણવને તું કહીને સંબોધન કરવું અને સ્પષ્ટ શબ્દોમાં ગણેશ કહેવું એ સિધ્ધ કરે છે કે પૂર્ણ સત્યસ્વરૂપ (સત્યવિનાયક) ગણેશજી શ્રી જ્ઞાનેશ્વર મહારાજને પૂર્ણરૂપે પ્રત્યક્ષ છે. આ વર્ણનમાં સાહિત્ય અને તત્વજ્ઞાનનો યોગ્ય સમન્વય જોવામાં આવે છે. અખિલ 'શબ્દબ્રહ્મ' શ્રી ગણેશજી સુંદર છે અને સુવેષવાળી મૂર્તિ છે. શબ્દબ્રહ્મમાં જે નિર્દોષ વર્ણરચના છે. તે તેમનું સૌંદર્ય છે. વેદ સ્વરૂપ નિર્દોષ છે, એટલા માટે શબ્દબ્રહ્મરૂપ ગણેશના સ્વરૂપને નિર્દોષ કહ્યું છે. વેદ, સ્મૃતિ, પુરાણ, ષડ્દર્શન, વાર્તિક, કાવ્ય, નાટકાદિ સર્વનો વાઙ્ગમયમાં સમાવેશ થાય છે. પરંતુ શ્રી ગણેશજીના કયા અંગમાં કઈ યોજના ઉચિત છે, તેનો ક્રમ ઘણી જ યોગ્યતાથી દર્શાવાયો છે.

શ્રુતિઓ પછી સ્મૃતિઓનો ક્રમ આવે છે, જેમાં વર્ણાશ્રમ-ધર્મ, સામાન્ય - વિશેષધર્મ, શૌચાશૌચ - વિચાર, પ્રાયશ્ચિત અને આપદ્ - ધર્માદિ વિષયોનો વિસ્તૃત વિચાર કરવામાં આવ્યો છે. સ્મૃતિઓ જ ગણેશજીના વિભિન્ન અવયવો છે અને તેમનું અર્થ સૌંદર્ય જ ગણેશજીનું લાવણ્ય છે.

આભૂષણ અંગના સૌંદર્યમાં અત્યાધિક વધારો કરે છે. પુરાણ સાહિત્ય જ આભુષણ સ્થાનીય છે. પુરાણોએ શ્રુતિ પ્રતિપાદિત ગુઢાર્થ પર અધિક પ્રકાશ પાડયો છે. એટલા માટે પુરાણોને મણિજડિત આભુષણોની ઉપમા આપી છે.

શબ્દબ્રહ્મ સ્વરૂપ સાહિત્યમાં જે રચના કૌશલ છે, તે સુંદર અને ચમકતું રંગીન વસ્ત્ર છે. તે રચનામાં અનેકવિધ જે શબ્દાલંકાર અને અર્થાલંકાર છે. તે બધા તે વસ્ત્રના ચમકતા તંતુ છે. સાહિત્યમાં જે કાવ્ય-નાટકાદિનો સમાવેશ થાય છે, તેની યોજના શબ્દબ્રહ્મ સ્વરૂપ શ્રી ગણેશજીના ચરણ યુગલમાં મંજુલ ધ્વનિ કરનારા નૂપુરોના સ્થાન પર કરવામાં આવી છે. અનેક તત્ત્વોનું નિરૂપણ, વિલક્ષણ નિપુણતા તથા શુભ લક્ષણ ઉચિત વચન રત્નના સામાન દેખાય છે.

શ્રી ગણેશજીની કમરમાં બાંધેલ ઉપવસ્ત્ર છે; તેને 'મેખલા' કહેવામાં

આવે છે. વ્યાસ વાલ્મિકી આદિ મહાકવિઓની બુદ્ધિની આદ્વિતીય પ્રતિભા તે મેખલા સ્થાને છે.

શબ્દબ્રહ્મ સ્વરૂપ શ્રી ગણેશજીના કરકમળોનું સ્વરૂપ નિરૂપણ કરતાં જ્ઞાનેશ્વર મહારાજ કહે છે. - ષડ્દર્શનોની હાથના સ્થાન પર યોજના કરી છે. જેમ ભારતીય આસ્તિકદર્શન છ છે. તેવી જ રીતે ભગવાન શ્રી ગણેશજીના છ હાથ છે. અહીં આસ્તિકનો અર્થ છે. - વેદોના અસ્તિત્વ અને મહત્વનો સ્વીકાર કરનારા. આપણે ચતુર્ભુજ ગણેશની વંદના કરીએ છીએ; પરંતુ ત્રેતાયુગમાં અવતરિત શ્રી ગણેશજીના છ હાથ છે. ષડ્દર્શનોમાં પ્રત્યેક-દર્શનના પ્રમાણ-પ્રમેય-વિચાર સ્વતંત્ર છે અને આ ભિન્ન ભિન્ન હાથોમાં સુશોભિત છે. તર્કને પરશુ(કુહાડી) કહ્યું છે. ન્યાય દર્શનમાં તર્કની પ્રધાનતા છે. ગૌતમ પ્રણીત ન્યાદર્શનરૂપી હાથમાં તર્કરૂપી પરશુ અત્સુધ છે. વૈશેષિક - દર્શનરૂપી હાથમાં નીતિભેદરૂપી અંકુશ છે. શ્રી ગણેશજીના એક હાથમાં મોદક રહે છે. વેદાન્તને મહારસ સ્વરૂપ મોદક માનવામાં આવ્યો છે.

શ્રી ગણેશજીના એક હાથમાં ખંડિત દંત(દાંત) રહે છે. આ તૂટેલો દાંત બૌદ્ધમત સમાન છે. જેનું ખંડન કુમારિલ ભટ્ટે પોતાના 'શ્લોકવાર્તિક' અને 'તંત્રવાર્તિક' માં કર્યું છે. શ્રી ગણેશજીના એક હાથમાં પદ્મ (કમળ) છે. અને એક હાથ અભય મુદ્રાંકિત છે. તેના વિષયમાં શ્રી જ્ઞાનેશ્વર મહારાજનું કથન છે કે સાંખ્ય શાસ્ત્રનો સત્કાર્યવાદ જ પદ્મહસ્ત છે. વેદાન્ત અને સાંખ્ય દર્શનમાં મતભિન્નતા છે; તો પણ બંને એ સત્કાર્યવાદ માન્ય રાખ્યો છે. સેશ્વર સાંખ્ય કહેવાય છે તે પાતંજલ યોગદર્શન જ અભય મુદ્રાંકિત હાથ છે.

હવે આપણે અહીં પ્રતિપાદ્ય વિષય શ્રી સત્યવિનાયકનું સ્વરૂપ છે. સુદામાજીની સમક્ષ મૂતિમંત સ્વરૂપે પ્રગટ થયેલ સત્ય વિનાયક સ્વામીના સ્વરૂપમાં

'दशायुध धरः श्रीमान् देव पंचास्य वाहन'

એવું નિરૂપણ કરેલ છે. એટલે સત્ય વિનાયક પ્રભુના દશ હાથમાં દશ આયુધ છે. એ વિશે પણ નિરાકરણ થવું જરૂરી છે. આ વાત આગળ સ્પષ્ટ

કરવામાં આવી છે કે સત્યયુગનું શ્રી મહાગણપતિનું સ્વરૂપ દશ હાથવાળું નિરૂપિત થયેલ છે. ઉપરોક્ત શ્રી જ્ઞાનેશ્વર મહારાજે કરેલ છ હાથવાળા ગણેશજી અને તેના આયુધોનો યથાતથ સ્વીકાર કરીને અન્ય ચાર હાથમાં ચાર વેદરૂપ આયુધો માન્ય કરી दशायुध धरः देव सत्यविनायकः । એમ માનવામાં હરકત જેવું નથી એવું મારું અલ્પજ્ઞનું મંતવ્ય છે.

વળી શ્રીમદ્ આદ્ય શંકરાચાર્યે પણ પોતાના 'પ્રપંચસાર તંત્ર' નામક વિશાળ ગ્રંથના અઢારમા પરિચ્છેદમાં ગણપતિની ધ્યાનમૂર્તિ જે અંકિત કરી છે. તે મુજબ શ્રી ગણેશજી એકદંત અને દસ હાથવાળા છે. તેમની અને નવ શક્તિઓ સાથે તેમની પૂજા કરવી જોઈએ. શ્રી અને વિષ્ણુ, દુર્ગા અને શિવ, રતિ મદન તથા મહી અને વરાહનું તેમના પાર્શ્વવર્તીરૂપમાં ધ્યાન કરવું જોઈએ. અહીં શ્રી સત્યવિનાયકની પૂજા સાથે ચારે દિશામાં ઉક્ત દેવતાનું સ્થાપન પૂજન શા માટે કરવામાં આવે છે તેનો ઉત્તર મળી જાય છે.

શ્રી ગણેશજીના અવયવોમાં શુણ્ડ મુખ્ય હોય છે; જે આગળ પડતો અવયવ છે. એટલે જ્ઞાનેશ્વર મહારાજે નિર્મલ વિવેકને શુણ્ડ(સૂંઢ)નું સ્થાન આપ્યું છે. સત્યાસત્ય નિર્ણાયક વિવેક જ શબ્દબ્રહ્મ શ્રી ગણેશજીનો સરળ સૂંઢ છે. સૂંઢથી સુંઘીને સારાં નરસાંની ઓળખ થાય છે.

વળી એક વર્ણન આ રીતે પણ પ્રાપ્ત થાય છે કે -

उर्ध्व शुण्डमधःशुण्डं द्विधाव्यापृतशुण्डकम् ।
सर्ग विसर्ग संधीशं नौमि ॐकार विनायकम् ॥

અર્થાત્ ઉર્ધ્વ સૂંઢ, અધઃસૂંઢ તેમજ બેવડી વળેલી સૂંઢવાળા અને એ રીતે સર્ગવિસર્ગ અને સંધિના ઈશ્વર એવા ૐકાર રૂપી વિનાયકને હું પ્રણામ કરું છું.

તાત્પર્ય એ છે કે ૐકારનો એક ભાગ હાથીએ સૂંઢ ઊંચી કરી હોય એવો છે. એક સૂંઢ નીચી કરી હોય તેવો છે. અને એક ભાગ સૂંઢ બેવડી વળી ગઈ હોય છે તે અનુક્રમે સર્ગ એટલે સૃષ્ટિ, વિસર્ગ એટલે સંહાર અને સર્ગ-વિસર્ગની સંધિ એટલે સ્થિતિનું સૂચન છે. આ ત્રણેય વસ્તુ પર આધિપત્ય

ભોગવનાર ૐ એ ખરેખર વિનાયકરૂપ છે. ૐકારના બિંદુ એટલે શિવ-શિવની શક્તિ સમાયેલી છે. તેમજ ૐકારમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ તથા અન્ય દેવતાઓનો વાસ છે. ૐકારમાંથી સર્વમંત્ર બીજોની ઉત્પતિ થયેલી છે. નાદમાં સત્વ, રજસ, તમસ એ ત્રણ ગુણો રહેલા છે. તેમાંથી સર્જન, સ્થિતિ સંહાર ક્રિયા શરૂ થઈ. તેના આધિપત્ય ધરાવનારા દૈવી તત્વ (Divine Force) બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની સૃષ્ટિની લીલા રચાઈ છે. ૐકારની અન્ય જુદાજુદા ૧૦૦૮ સ્વરૂપોથી ઓળખ થાય છે. ૐકારનો મુખ્ય અર્થ પરબ્રહ્મ પરમાત્મા, પરમેશ્વર છે. એ પરમાત્મા વાચક શબ્દ છે.

શ્રી ગણેશજીનું એક નામ 'એકદંત' છે એના વિષયમાં કહેવામાં આવ્યું છે કે - શાસ્ત્રમાં સંદેહોના નિવારણને માટે અથવા સિદ્ધાંત નિરૂપણને માટે જે પરસ્પર પ્રશ્નોત્તર છે. એ શુભ્ર વર્ણાત્મક દાંત છે. ગજના નેત્ર બહુ જ સૂક્ષ્મ હોય છે. સત્યનું ઉદ્‌ઘાટન કરવા માટે શાસ્ત્રોની સૂક્ષ્મ દૃષ્ટિ જ શ્રીગણેશના નેત્ર છે. પૂર્વોત્તર મીમાંસા બંને શ્રી ગણેશજીના કાન માનવામાં આવ્યા છે. ગજના ગણ્ડસ્થળમાંથી જે મદસ્ત્રાવ થાય છે, તેના વિષયમાં શ્રી જ્ઞાનેશ્વર જ્ઞાન જ મદનો સ્ત્રાવ છે અને બોધામૃત રૂપી મદસ્ત્રાવ પર મનનશીલ મુનિરૂપી ભ્રમરો તેનું સેવન કરવાને માટે સતત ઘુમી રહ્યા છે. શ્રી ગણેશજીના ગળામાં પ્રવાલની માળા પહેરાવવામાં આવે છે તે ઉપનિષદોનો પ્રમેય સિદ્ધાંત છે. જે પ્રભાયુક્ત શોભાયમાન છે. દ્વૈતાદ્વૈતના શાસ્ત્રીય સિદ્ધાંત જ બંને ગણ્ડસ્થળ છે; જે સમાનરૂપથી શોભિત છે. આ શબ્દ બ્રહ્મ ગણેશજીની પૂજા સદા ચાલી રહી છે. પૂજનો- પરાન્ત જે પુષ્પાંજલિ ચઢાવવામાં આવે છે. તે જ્ઞાનરૂપી મકરન્દથી યુક્ત દશોપનિષદ્ રૂપી પુષ્પાંજલિ શ્રીગણેશજીને અર્પિત કરવામાં આવી છે, તે તેમના મસ્તકના મુકુટ પર બિરાજમાન છે. એનાથી તેમની શોભા બહુ જ વધી ગઈ છે. શ્રી ગણેશજીના અવયવોને પ્રણવની ત્રણ માત્રાઓ સમાન બતાવવામાં આવ્યા છે. 'अ' કાર ચરણયુગલ છે. 'उ' કાર ઉદર સ્થાનીય છે અને 'म्'કાર મહામંડલાકાર મસ્તક છે. આ ત્રણ માત્રાઓના સંયોગથી ૐકારની રચના થાય છે. જેમાં સંપૂર્ણ શબ્દ બ્રહ્મ સમાવિષ્ટ છે. શ્રી જ્ઞાનેશ્વર મહારાજ કહે છે કે મને શ્રી ગુરુકૃપાથી આ શબ્દ બ્રહ્મરૂપી શ્રી

ગણેશ ભગવાનનું જ્ઞાન થયું છે અને દર્શન મળ્યું છે. હું તેમને નમસ્કાર કરું છું. આપણે પણ વાઙ્ગમ્ય સ્વરૂપ સત્યવિનાયક મહારાજને પ્રણામ કરીએ અને સુદામાજીએ કેવી સ્તુતિ કરી તે જાણીએ.

सुदामोवाच-
सदा सत्यरूपं त्रिसत्यं त्रिभेदैर्विहीनं समं नेतिरूपं पुराणम् ।
नुतं योगिभिर्वेदमुख्यैः शिवाद्यैर्गणानां पतिंज्येष्ठराजं भजामि ॥५५॥
इति स्तुतवाननर्तासौसरोमांचः सगद्गदः ।
मेने धन्यं समात्मानं तपोविद्यां कुलंवयः ॥५६॥

- સુદામા બોલ્યા : સદા સત્યરૂપ, ભૂત, વર્તમાન અને ભવિષ્ય એમ ત્રણે કાળમાં સત્યરૂપ, સત્વ, રજ અને તમ એ ત્રણ ભેદ વગરના, સમાન, નેતિરૂપ અને પ્રાચીનતમ, વેદ જેમને માટે મુખ્ય છે. એવા યોગિઓ વડે તથા શિવથી માંડીને તમામ ગણોના અધિપતિ અને જયેષ્ઠરાજને હું ભજું છું. (૫૫)

આ પ્રમાણે સ્તુત કરતાં તે સુદામાને રોમાંચ થયો તથા ગદ્ગદ્ કંઠવાળા થઈને નાચવા લાગ્યા અને એ જગાએ હું ધન્ય છું, મારું તપ, વિદ્યા, કુલ, વય એ બધી બાબતમાં હું ધન્ય થયો છુ. એમ માની રહ્યા (૫૬)

શ્રીમદ્ ભાગવતના દશમા સ્કંધના બીજા અધ્યાયમાં દેવકીજીના ગર્ભમાં પ્રવેશેલા ભગવાનની કરેલ સ્તુતિમાં ભગવાનના સત્ય સ્વરૂપના જે ગુણગાન છે તે આ પ્રમાણે છે.

सत्यव्रतं सत्य परं त्रिसत्यं सत्यस्ययोर्नि निहितंच सत्य ।
सत्यस्य सत्यमृतसत्यनेत्रं सत्यात्मकं त्वां शरणं पप्रन्नाः ॥२६॥

सत्यव्रत् - ભક્તોના વ્રતને, પ્રતિજ્ઞાને સત્ય કરનાર. ભગવાન સત્યવ્રતી છે. ભીષ્મપિતામહની પ્રતિજ્ઞા માટે પોતાની પ્રતિજ્ઞા મૂકી દેનાર ભગવાન. પોતે સત્ય વિનાયકનું વ્રત આચરણ જીવનભર કરીને આર્યાવર્તના લોકનાયક બન્યા છે. તેણે સ્વયં સુદામાને સત્યવ્રતની પ્રેરણા કરી છે. ખરેખર સત્યવ્રતની પ્રેરણા તે જ કરી શકે છે. જે સ્વયં સત્યવ્રતી હોય.

**सत्यपरं** - સત્યના ૧૨ પ્રકાર વેદમાં પરસત્યના ૧૨ પ્રકાર છે ને તે ભગવાનનું જ સ્વરૂપ છે. સત્ય (૧) તપ (૨) દમ (૩) શમ (૪) દાન (૫) ધર્મ (૬) પ્રજનન (૭) અગ્નિ (૮) અગ્નિહોત્ર (૯) યજ્ઞ (૧૦) મૌન (૧૧) સન્યાસ (૧૨) આ રીતે ૧૨ પ્રકારનું સત્ય દર્શાવ્યું છે.

**त्रिसत्यम्** - ભૂસ્ભુવઃ, સ્વઃ અથવા કાયા, જીવ, પરમાત્મા, સ્થૂળ, સૂક્ષ્મ, કારણને દોરનાર સત્ય, જાગ્રત, સ્વપ્ન અને સુષુતિથી પર સત્ય, ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં ત્રિકાળ અબાધિત સત્ય.

**सत्यस्ययोनिम्** - સત્યના કારણ, સર્વની ઉત્પત્તિના કારણભૂત સર્જક.

**निहितं च सत्ये** - સત્યના નિવાસરૂપ, સત્યના સંરક્ષક...... પ્રલયના કારણભૂત

**गामाविश्यच भूतानि धारयाम्यहमोजसा** - જેમાં સર્વ ભૂતોનો નિવાસ છે.

**सत्यस्य सत्यम्** - સત્યના પણ સત્ય, સત્ - આકાશ, વાયુ, ત્વદ્ - અગ્નિ - જલ - પૃથ્વી એ પાંચ તત્વોના (કારણના) પણ સત્ય કારણ રૂપ. ટૂંકમાં જેના સંન્નિધાન માત્રથી સર્વ તત્વોના આકાર પ્રકાર પ્રતિયમાન થાય છે. તે બ્રહ્મ જ સત્ય છે અને સત્યનું પણ પરમ સત્ય છે.

**ऋत सत्यनेत्रम्** - ઋત અને સત્ય એ બે પ્રભુને પામવાના સાધન છે, ઋતુ એઠલે સનૃતઃ વાણી, સત્ય એટલે સમદૃષ્ટિ.

**सत्यात्मकम्** - સત્ય સ્વરૂપ આત્મા તેનો છે. જેના મન, વચન અને કર્મની એકતા છે. તેનું નામ સત્ય. જે જીવનમાં ઉતારવાથી પોતાનું તેમજ સમાજનું કલ્યાણ સાધી શકાય. સત્ય પ્રકાશથી વિઘ્નોનાં અંધારાં સ્વયં દૂર થાય છે. એમાં સુદામાના જેવા ધૈર્યની આવશ્યકતા ખરી, પણ અંતે સાફલ્ય.

**त्वां शरणं प्रपन्नाः** - એવા પરમ સત્ય સ્વરૂપનું અમે શરણ સ્વીકારીએ છીએ. એમ ભાગવતમાં દેવોએ ભગવાનની સ્તુતિ કરતાં ગાયું છે.

આ કથામાં સુદામાજીએ સત્ય વિનયાક વ્રતનું યથોચિત આચરણ કર્યુ. એટલે સદા સત્ય સ્વરૂપ, ત્રિસત્ય - ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં સત્યરૂપ,

સત્વ, રજ અને તમ એ પ્રકારના ભેદ વગરના, નેતિ રૂપથી વેદો જેનું કથન કરે છે, એવું સત્ય જીવનમાં વિનાયક રૂપે એટલે વિશેષ પ્રકારના નેતા તરીકે જીવનને દોરી રહ્યું છે. તે સર્વના આદિ એવા જયેષ્ઠરાજનું યથાર્થ દર્શન કરીને સુદામાજી સ્તુતિ કરતાં ગદ્ ગદ્ બન્યા છે અને શરીરમાં રોમાંચ પણ એટલો કે સુદામાજીની પ્રસન્નતાનો પાર નથી. તેઓ નાચી રહ્યા છે. દેહને ગેહનું ભાન ભૂલીને અદભૂત દૃશ્ય છે. ધન્ય છે સુદામાની વિદ્યા, કુલ, વય અને જીવનને !

**शिव उवाच -**

**तुष्टो भक्त्या परमयातमाह सत्यविनायकः ।।**

- મહાદેવજી પાર્વતીજીને આ કથા વર્ણવતા કહે છે કે - આ રીતે સુદામાજીની પરમભક્તિ યુક્ત સ્થિતિ જોઈને શ્રી ભગવાન સત્ય વિનાયક કહે છે કે -

**श्री सत्यविनायक उवाच -**

**वरयस्व वरान्विप्र सुदामन्स्वमनोगतान् ।।५७।।**

**व्रतेन परितुष्टोहं भक्त्यास्तोत्रात् वदामितान् ।।**

- શ્રી સત્ય વિનાયક પ્રસન્ન થઈને બોલ્યા : 'હે બ્રાહ્મણ સુદામા ! તારી સ્વેચ્છામાં આવે તે વરદાન માંગ. તે હું તને પ્રેમથી આપવા આવેલો છું. હું તારી પ્રેમમય ભક્તિથી સ્તોત્રથી હું પ્રસન્ન થયો છું. જે સ્તોત્રથી તેં મારા 'સ્વરૂપનું સત્યવર્ણન કર્યું છે. તે બ્રહ્મા, વિષ્ણુ અને સદાશિવ પણ કરી શક્યા નથી.' (૫૭-૫૮)

**सुदामोवाच -**

**न विदुर्यत्स्वरूपं ते ब्रह्मा हरिहरादयः ।।५८।।**

**कमान्यं हि वरंयाचे कृपयादक्पथंगतः ।**

**देहि भक्ति त्वच्चरणे ह्ढामव्यभिचारिणीम् ।।५९।।**

સુદામાજી બોલ્યા : બ્રહ્મા, વિષ્ણુ રૂદ્રાદિથી તમારું વર્ણન થઈ શક્યું નથી. એવા પ્રભુ આજરોજ મને પ્રાપ્ત થયા છો, એવા વિચાર સાથે સુદામાજી કહેવા

લાગ્યા. હે પ્રભુ ! હવે અન્ય શું વરદાન માંગવું છે ? હવે તો માત્ર તમારા ચરણકમળની અવ્યભિચારિણી એટલે અનન્ય ભક્તિ મને સદા પ્રાપ્ત રહે એટલે મારું જીવન સફળ થયું એમ ઈચ્છું છું. (૫૯)

शिव उवाच -
दत्वाभक्ति दढातस्मै संपदं धनदाधिकाम् ।
ययौ स्वानंद भुवनं देवः सत्यविनायकः ॥६०॥

ભગવાન શિવજી બોલ્યા : 'હે પાર્વતી ! એવાં સુદામાજીના વચન શ્રવણ કરી પ્રસન્ન થયેલા ભગવાન સત્ય વિનાયકે સુદામાજીના હ્રદયમાં ભક્તિપૂર્વક નિવાસ કરી દઢભક્તિ આપી અને અઢળક સંપત્તિ આપી પોતાના સ્વાનંદ લોકમાં (શ્રી મહાગણપતિનો લોક સ્વાનંદ) સત્ય વિનાયક ભગવાન સીધાવ્યા.' (૬૦)

इति श्री व्रह्मांडपुराणे शिवपार्वती संपादे
श्रीसत्यविनायक व्रतोपाख्याने प्रथमोऽध्यायः ॥१॥

આ પ્રમાણે શ્રી બ્રહ્માંડ પુરાણનો સત્ય વિનાયક કથાનો સ્વાનંદી ટીકા સાથે પ્રથમ અધ્યાય સંપૂર્ણ.

ॐ ॐ ॐ

## ॥ ॐ श्री बुद्धिपतये नमोनमः ॥
## ॥ अथ द्वितीयोऽध्यायः ॥

पार्वत्युवाच -
अंतर्हिते भगवति देवे सत्यविनायके ।
सुदामा स कथं लेभेपरां प्राणेश संपदम् ॥१॥
कुर्वन्नमृत वृत्यातुव्रतं योग परायणः ।
श्री शिव उवाच-
प्रसादार्थं जागराय समाहूताः समागताः ॥२॥

પાર્વતીજી બોલ્યા : ભગવાન સત્ય વિનાયકદેવ અંતર્ધ્યાન થયા પછી હે પ્રાણેશ ! સુદામાએ અપાર સંપતિ કેવી રીતે મેળવી ? તેઓ તો યોગ પરાયણ

બનીને અયાચક વ્રત પાળતા હતા ! એટલું જ નહિ પણ વ્યવહાર ધંધો કે રોજગાર પણ તેમની પાસે નહોતો. ત્યારે તેમને અપાર સંપત્તિ કેવી રીતે મળી ? એ જાણવાની મારી ઈચ્છા છે.

શ્રી શિવજી બોલ્યા - હે પાર્વતી ! (પેલા મણિ નામના વૈશ્યે સુદામાને પાંચસો સોનામહોર આપી તે વડે) સુદામાજીએ વ્રત કર્યું તથા પ્રસાદ અને જાગરણ માટે કાર્યક્રમ ગોઠવ્યો ત્યારે ત્યાં ગામમાંથી બોલાવેલા (સ્ત્રી-પુરુષો) લોકો આવ્યા હતા. (૧-૨)

**ग्रामीणाः पुरुषानार्यस्तेपु वैश्यः सचाययौ ।**
**दृष्द्वा त्तश्चित्रमस्विलं विनयात्पृष्टवानसौ ॥३॥**

**मणिउवाच -**
**भरान किंचनोऽतीव लव्धवापिविपुलं धनम् ।**
**अस्मिन्व्ययी करोत्सर्व किमेतत्कृपया वद ॥४॥**

- તે ગામનાં ઘણાં સ્ત્રી-પુરુષો આવ્યા હતા તેમની સાથે પેલો (સોનામહોર આપનાર મણિ નામનો) વૈશ્ય પણ આવ્યો હતો. તે તો આ પ્રત્યક્ષ દર્શન અને પ્રભુનો મહિમા જોઈને મહાન આશ્ચર્ય પામ્યો. વિનય પૂર્વક હાથ જોડીને તે સુદામાજીને પૂછવા લાગ્યો. (૩)

મણિ વૈશ્ય બોલ્યો : 'હે મહારાજ ! આપતો અત્યંત ગરીબ હોવા છતાં, આ પ્રમાણે તમને પુષ્કળ દ્રવ્ય પ્રાપ્ત થયું તે બધું જ વ્રતની પાછળ તમોએ વાપરી નાખ્યું છે. તેનું કારણ શું ? તે મને કૃપા કરીને કહો.' (૪)

**अहं तदा चरिप्यामिविधनः शोकसंकुलः ।**
**श्रुत्वा सविनयां वाणींततो सौ सदयोद्विजः ॥५॥**
**उक्तवा सर्वस्व वृत्तातं व्रतं तस्मादुपादिशत् ।**
**विलोक्य चित्रं तत्सर्वं जनाःसभ्दाय भाविताः ॥६॥**

'હે મહારાજ ! હું મારું સર્વધન ગુમાવવાથી (ચોરી થવાથી) ધન વગરનો થયો છું અને તેથી દુઃખી છું. એટલે કોઈ પણ રીતે આ (સત્ય વિનાયકનું) વ્રત કરીશ. એની આ વિનયયુક્ત વાણી સાંભળીને એ દયાવાન બ્રાહ્મણ

(સુદામા) એ પોતાનું સર્વ વૃતાંત કહી સંભળાવ્યું અને તે (મણિવૈશ્ય) ને શ્રી (સત્ય વિનાયક) વ્રતનો ઉપદેશ કર્યો. આ વિચિત્ર વૃતાંત જોઈને ત્યાં આવેલા બધા લોકોને સદ્ભાવ ઉત્પન્ન થયો. (૫-૬)

ददुर्नाना भूषणानि वसनानि धनानिच ।
पुनर्द्विगुण द्रव्येण सुदामा स्वगृहं ययौ ॥७॥
ना पश्यतां पर्णकुटी चिंतां परमिकामगात् ।
ताक्तु सेवकास्तस्य कांतया परिनोदिताः ॥८॥

જેથી મણિવૈશ્ય અને આવેલા સંભાવિત ગૃહસ્થોએ તે સુદામાજીને પુષ્કળ ધન, વસ્ત્રો અને આભૂષણો વગેરે આપ્યાં. જેથી સુદામાએ ખર્ચ કરેલ ધન કરતાં બેવડું દ્રવ્ય લઈને સુદામા પોતાના ઘેર આવ્યા.(૭)

સુદામાને પોતાની પર્ણકુટિ (નિવાસ સ્થાન) જોવા મળતી નથી. આ મહાન આશ્ચર્યથી પોતે વિચારવા લાગ્યા કે - અહીં ગુજરાતના રસકવિ પ્રેમાનંદના શબ્દોમાં કહીએ તો,

ઠામ ભૂલ્યો પણ ગ્રામ નિશ્ચે, ધામ કોઈ ધનવંતનાં;
એ ભવનમાં વસતા હશે, જેણે સેવ્યાં ચરણ ભગવંતના.
પછી સુદામો પડયા સાંસામાં, વિચાર કરે વેગળા જઈ;
આ ભવન કોણે કર્યા હશે, પર્ણકુટિ મારી ક્યાં ગઈ.
એ વિશ્વકર્મા રચી રચના, મનુષ પામર શું કરે;
કુટુંબ મારું ક્યાં ગયું, ઋષિ વામ દક્ષિણ-ફેરા ફરે.
કોઈ કીર્તિબોલે હસ્તી ડોલે, હયશાળામાં હય હણ હણે;
દાસી કનક કળશભરી પાણી લાવે, ઉભા અપુત સેવક આંગણે.
દુંદુભી વાજે ઢોલ ગાજે, મંડપ તાંડવ થાય છે,
મૃદંગ ધમકે ઘુઘરી ધમકે, ગીત ગુણિજન ગાય છે.
જોઈ સુદામે નિશ્વાસ મૂક્યો, કોઈ છત્રપતિનાં ઘર થયાં;
આશ્રમ ગયાનું દુઃખ નથી, પણ બાળક મારાં ક્યાં ગયાં.

હોમશાળા રૂદ્રાક્ષ માળા, મારી પત્રકુશની સાદડી;
ગોપી ચંદન સન્માર્જની ગઈ, વિપત્ય આવડી કયમ પડી ?
દૈવની ગત્ય ગહન દીસે, પડયો પ્રાણ કર્મ આધીન,
કુટુંબ વિટંબની વેદના, હું ને દૈવે દંડયો દીન.
તૂટી સરખી ઝૂંપડીને, લુંટી સરખી નાર;
સડયાં સરખાં છોકરાં, નવ મળ્યાં બીજી વાર.(!)

આ રીતે સુદામાજીની મનો વેદનાનો પાર નથી. આ મહાન આશ્ચર્ય કાર ક ઘટના હતી. મારું ગામ આજ છે. સ્થાન આજ છે. મારું રહેઠાણ પર્ણ કુટી ક્યાં ગઈ. એમ ચિંતા કરતા કરતા આમ તેમ જોવા લાગ્યા. તે વખતે સુદામાજીની પત્નીએ તેમને જોયા. તેથી સેવકોને બોલાવી તેમની પાસે મોકલ્યા (૮)

अभिगम्यार्चया मासुस्तैलाभ्यं जन पूर्वकम् ।
स्नापयित्वात्वलं चक्रु रंशुकैर्भूपणैः शुभैः ॥९॥
अत्याश्चर्य युतौ चौभौ पश्यतः सर्व संपदः ।
रत्नकांचन भित्तश्चि पर्याकान्वस्त्र संचयान् ॥१०॥

સેવકો સુદામા પાસે આવ્યા તેમને સત્કારપૂર્વક ઘરમાં લઈ આવ્યા. તૈલ મર્દન કરાવી, ઉષ્ણોદકે સ્નાન કરાવ્યુ. ઉત્તમ પ્રકારનાં રેશમી વસ્ત્રો અને આભૂષણો પહેરાવી એમની પૂજા કરી. સુદામાજી પોતાની પત્ની સાથે આશ્ચર્ય યુક્ત થઈને ચારે બાજુએ જોવા લાગ્યા. ઘરની ભીંતો રત્નજડિત દેખાય છે. ઠેકઠેકાણે સુંદર શૈયાઓ (પલંગો) બિછાવેલ છે. જ્યાં ત્યાં ઉત્તમ પ્રકારના વસ્ત્રોનો સંચય થયેલો જોવા મળે છે. તમામ સંપત્તિ અને વૈભવ જોઈને તેમના આશ્ચર્યનો પાર નથી. (૯-૧૦)

मुक्तामणिगणै चित्राण्यनेकानि स्थलानिच ।
हैमानि सर्वपात्राणि भक्ष्याणि विविधानिच ॥११॥
दृष्ट्वैवं चित्रमखिलं भर्तारं सा जगादह ।
किमिदं भवनं क्षुद्रं जातमिन्द्र गृहोपमम् ॥१२॥

- ઘરમાંની જમીન પણ હીરા-માણેક-મોતી જેવાં રત્નો વડે વિચિત્ર પ્રકાશમાન દેખાય છે. ઘરનાં સર્વ પાત્રો સોનાનાં છે. ઠામઠામ ખાવાના સુંદર પકવાન્નો અને પદાર્થો તૈયાર છે. આ સમગ્ર આશ્ચર્યપૂર્ણ ચિત્ર જોઈને સુદામા - પત્ની સુદામાજીને પૂછે છે કે - આપણું તુચ્છ ઝૂંપડા જેવું નિવાસસ્થાન એકાએક ઈન્દ્રના સરખા વૈભવથી ભરપૂર કેમ દેખાય છ? તે કૃપા કરીને કહો. (૧૧-૧૨)

ततो ब्रवीत् सुदामातं वृत्तांत मखिलं निजम् ।
सुदामोवाच -
दृष्ट्वा मद्विपदं कान्ते सखामे यदुनायकः ॥१३॥

એવાં પોતાની પત્નીના વચન સાંભળીને સુદામાજીએ પોતે અત્રેથી દ્વારકા ગયા પછીનું અત્યાર સુધી બનેલું સર્વ વૃતાંત પોતાની પત્નીને કહી સંભળાવ્યું.

સુદામાજી બોલ્યા : હે પ્રિય સ્ત્રી ! હું દ્વારકાધીશ પાસે ગયો ત્યાં મારી વિપત્તિ ભરેલી સ્થિતિ માર સખા યદુકુલ નાયક શ્રી કૃષ્ણે જોઈ. (૧૩)

मह्यं संवोधयामासयद्दीन परवानसौ ।
विधियुक्तं गुरुमुखाद्सद्यः प्रत्ययचक्रारणम् ॥१४॥

- આથી પોતાના દીન વત્સલ સ્વભાવથી મારું દરિદ્ર દુર કરવા માટે શ્રીમ[illegible]ગુરુ ગર્ગાચાર્ય મહારાજ પાસે મને વેદ વિધિપૂર્વક એક સત્ય વિનાયકનું વ્રત કરવા સમજાવ્યું. આ વ્રત તુરત જ અનુભવ આપનાર સત્યવ્રત છે. (૧૪)

अल्यायासेन संसाध्यं भुक्ति मुक्ति फलप्रदम् ।
व्रतं वैनायकं यस्य प्रभावोऽयं विराजते ॥१५॥
अकल्पिताः संपदोऽत्र दृश्यंते स्वर्गदुर्लभाः ।
भुंक्ष्व निर्विण्ण मनसा भजंति विघ्ननाशनम् ॥१६॥

- થોડા પ્રયાસથી સાધ્ય કરી શકાય તેમજ સંસારના ભોગ અને મુક્તિ આપનારું આ સત્ય વિનાયકનું વ્રત મુખ્ય છે. આ બધો એનો જ પ્રભાવ છે. આ જે સ્વર્ગમાં પણ દુર્લભ એવી અકલ્પિત સંપત્તિ જણાય છે. એનો જરા

પણ શોક કર્યા વગર ઉપભોગ કરતી વખતે વિઘ્નોનો નાશ કરનારા શ્રી ગણેશજીની ભક્તિ કર. (વિઘ્ન વિનાયક - સત્ય વિનાયકનું સ્મરણ કર.) (૧૫-૧૬)

**यमामनंति वेदान्ता व्रह्मणां व्रह्मणस्पतिम् ।**
**सर्वादि पूज्यं ज्येष्ठानां ज्येष्ठं गणगणेश्वरम् ।।१७।।**
**वुध्धे: परतरंतस्या चालकं प्रणवात्मकम् ।**
**स्वानंद निलयं भक्त प्रियोसौ विघ्ननाशन: ।।१८।।**

હે પ્રિય ! શ્રી ગણેશ (સત્ય વિનાયક) વેદોના અધિપતિ, બ્રહ્મસ્વરૂપ હોવાથી તથા સર્વ વેદાન્તોએ એમનું સતત વર્ણન કર્યું હોવાથી, સર્વ કાર્યોમાં આરંભમાં પૂજા કરવા યોગ્ય છે. વેદોમાં તેમને શ્રેષ્ઠના પણ શ્રેષ્ઠરૂપથી એટલે જ્યેષ્ઠ (વડીલ)ના પણ જ્યેષ્ઠ (વડીલ), સકલ ગણોના પણ પતિ (ગણપતિ) ગણેશ્વર તરીકે ગાયા છે. તેઓ બુદ્ધિથી પર છે અને બુદ્ધિના ચાલક પ્રણવના આત્મા છે. તેઓ સ્વાનંદ મગ્ન (આત્માના આનંદમાં મગ્ન), ભક્તોને પ્રિય તથા વિઘ્નોના વિનાશક છે. (૧૭-૧૮)

અહીં ટૂંકમાં સમજવાની જરૂર છે કે - સ્વસંવેદ્ય સ્વરૂપ અનન્ત બ્રહ્માંડના જે અધિપતિ છે. તેમને વેદાન્ત એટલે ઉત્તરમીમાંસા શાસ્ત્ર (સર્વ શાસ્ત્રમાં શ્રેષ્ઠ) સદાય વર્ણન કરે છે - કે જે સર્વ (ઈશ્વર - જીવ- માયા - જગત અને શરીર) થી પહેલાં આદિ અસ્તિત્વ સ્વરૂપ હોઈને અધિષ્ઠાન પદેથી આદિ પૂજા કરાવવાનો અધિકાર ધારણ કરનાર, સનાતન વેદધર્મી, વર્ણાશ્રમી જનોના ઉદ્ધારાર્થે આદિ પૂજાય છે.

ઋગ્વેદાદિ વેદોમાં તેમનો વડીલોના પણ વડીલ જ્યેષ્ઠરાજ અને સકલ ગણોના પતિ ગણેશ્વર તરીકે ઓળખાવ્યા છે. વળી જેને ઓળખવા માટે વેદશાસ્ત્ર, પુરાણો અને ઈતિહાસ અને સ્વસ્વરૂપના નિશ્ચયને શ્રુતિઓના આધારપૂર્વક અહંકાર, ચિત અને મન એ ત્રિપુટીથી પર બુદ્ધિતત્વ છે. તે બુદ્ધિથી પણ પર એવા બુદ્ધિના પ્રકાશક, બુદ્ધિના ચાલક અને બુદ્ધિના પ્રેરક તરીકે વર્ણવ્યા છે. તે બુદ્ધિના ખેલક એટલે બુદ્ધિ સાથે રમમાણ કરનારા હોઈ,

વેદોએ બુદ્ધિનું તેમની સ્ત્રી છે એવું વર્ણન કર્યું છે, જેના સ્વરૂપને પામવા મા ટે બુદ્ધિ અને જ્ઞાનનું પણ સામર્થ્ય નથી. એવા પ્રણવ એટલે ૐકારના સ્વરૂપે કેવલ સ્વસ્વરૂપાકાર કે જેનો સ્વતઃ સિદ્ધ વેદ પ્રતિપાદિત આકાર હોવાથી ૐકાર સ્વરૂપ છે. ૐકારની अ, उ, म् એવી ત્રણ માત્રા સ્વરૂપ બ્રહ્મા-વિષ્ણુ રુદ્રના અધિષ્ઠાન સ્વરૂપ છે. એટલે હરિહર બ્રહ્માદિના પણ ઉપાસ્ય ઈષ્ટ સ્વરૂપ છે. વળી વિઘ્નોનો નાશ કરનારા હોવાથી ભક્તજનોના અત્યંત પ્રિય તેમજ પોતાના ભક્તોને સ્વાનંદ નામના લોકમાં નિવાસ કરાવે છે.

सारं विद्धि विशालाक्षि तुष्टः सत्य विनायकः ।
स्वयंदत्तं वहुतरमल्यमेव हि मन्यते ॥१९॥
भक्त्या समर्पितं स्वल्पं सदेवो वहु मन्यते ।
ततस्तो पौर्णिमायां तत्प्रतिमासं व्रतं शुभम् ॥२०॥

- હે મોટા નેત્રવાળી (વિશાલાક્ષિ) સ્ત્રી ! સારરૂપ તાત્પર્ય સમજવાનું એ છે કે - શ્રી ૐકારનાથસ્વરૂપ સત્યવિનાયક ભગવાન સંતુષ્ટ થતાં જ તેઓ પોતાના ભક્તોને ઘણું બધું આપવા છતાં અલ્પ જ આપ્યું છે એમ માને છે. જ્યારે સર્વ ભક્તજન સમૂહ-પુષ્કળ આપ્યું, એમ થોડું આપવાથી પણ માને છે. એ પ્રમાણે સુદામાજીએ પોતાની પત્નીને આ સત્યવિનાયક વ્રતનું સર્વ મહાત્મ્ય કહી સંભળાવ્યું. પછી તો તે પ્રત્યેક મહિનાની પૂર્ણિમાના રોજ વ્રત કરવા લાગી. (૧૯-૨૦)

અગાઉ પ્રથમ અધ્યાયના ૨૦માં શ્લોકમાં "वैशाखे पौर्णिमादिने" શબ્દ વાપરીને આ વ્રતમાં પૂર્ણિમાનું મહત્વ હોવાનું સૂચવેલ છે. અને અહીં બીજા અધ્યાયના ૨૦માં શ્લોકમાં પણ 'ततस्तौ पोर्णिमाया प्रतिमासं व्रतं शुभम्' શબ્દોથી સુદામાની પત્ની પ્રત્યેક માસની પૂર્ણિમા એ સત્ય વિનાયકનું વ્રત કરવા લાગી એમ કહી પૂર્ણિમા એ સત્યવ્રતમાં મહત્વનું પર્વ છે એમ પ્રતિપાદન કરેલ છે. 'શ્રી સત્ય નારાયણ વ્રતકથા' માં પણ "पौर्णमास्या च संक्रान्तो कृतवान् सत्यस्य पूजनम्" શબ્દો વાપરી સત્યવ્રતમાં પૂર્ણિમાનું મહત્વ બતાવેલ છે. 'सत्यं, ज्ञानं, अनन्तं ब्रह्म' વગેરે શબ્દો પૂર્ણત્વ તરફ ઇંગિત કરે છે.

પૂર્ણત્વને વ્યક્ત કરતી ચંદ્રની. સોળ કળાઓ પૂર્ણિમાના દિને પ્રતીયમાન થાય છે. માટે પૂર્ણત્વને પામવા માટે પૂર્ણિમાથી વધુ શ્રેષ્ઠ પર્વ કયુ હોઈ શકે ?

ભગવાન શ્રી કૃષ્ણ સ્વયં પુષ્ટિપતિ છે. તેઓ સ્વયં સોળકળા પૂર્ણ પુરુષોત્તમ છે. તેનો જન્મ 'દિવસ પણ પૂર્ણત્વની પ્રાપ્તિ માટેનું, પુષ્ટિપતિનો અનુગ્રહ પ્રાપ્ત કરવાનો ઉત્તમ દિવસ તે છે જન્માષ્ટમી જે મોહરાત્રિનું મહાપર્વ - **'कालरात्रि, महारात्रि मोहरात्रि च दारुणा'** પૈકીનું સાધકો માટે મહત્વનો સુયોગ છે. પછી આવે છે. **वैशाखे पौर्णिमादिने** વૈશાખ માસની પૂર્ણિમા (અથવા કોઈપણ માસની પૂનમ) અને તેમ ન બને તો પ્રત્યેક માસની વરદ ચતુર્થી અથવા મંગળવાર કે શુક્રવારે આ વ્રત કરવું એમ કહેવામાં આવ્યું છે. આમ છતાં સત્યવ્રત કે સત્યાચરણ એ તો પરમકૃપાળુ પરમાત્માને પામવાનો અભિગમ છે. એટલે સત્યવ્રતની શરૂઆત કોઈપણ દિવસથી થઈ શકે છે. એટલે પછી આગળ કહ્યું છે કે **'कस्मिन्नपि शुभेदिने प्रातः संकल्पयेत् व्रतम् ।'**

એવા શબ્દો વાપરીને, પુણ્યનો ઉદયમાન થાય તેવા શુભ દિને પ્રાતઃકાળે આ વ્રત માટે સંકલ્પ કરી વ્રત કરવું એમ સ્પષ્ટ જણાવેલ છે.

**चक्राते मोद भरितौ स कुटुंबस्ततोद्विजः ।**
**भुक्तवैव विविधानभोगान्स्वानंद प्रति जग्मिवान् ॥२१॥**

આ રીતે શ્રી સત્યવિનાયકનું વ્રત આચરીને તે સુદામાએ પોતાના કુટુંબ સાથે આ લોકનાં અનેક પ્રકારનાં સુખ ભોગવ્યાં અને અંતે શ્રી ગણેશજીના સ્વાનંદ લોકને પામ્યા. અર્થાત્ **'स्वस्य आनंदः स्वानंदः प्रोक्तः ।'** પોતાના આત્માના આનંદ સ્વરૂપમાં તદ્રૂપ થયા. (૨૧)

**इति श्री ब्रह्मांडपुराणे शिवपार्वती संवादे श्री सत्यविनायक**
**व्रतोपाख्याने द्वितीयोऽध्यायः ॥२॥ ॐ ॐ ॐ**

આ પ્રકારે શ્રી બ્રહ્માંડ પુરાણનો શિવ-પાર્વતીના સંવાદરૂપ શ્રી સત્ય વિનાયક કથાનો સ્વાનંદી ટીકા સાથે બીજો અધ્યાય સંપૂર્ણ.

ॐ ॐ ॐ

## ।। ॐ श्री सत्यविनायकाय नमोनमः ।।
## ।। अथ तृतीयोऽध्यायः ।।

ऋषयउचुः

सूतत्वद्वदनां भोजात्कथां चित्रांव्रताश्रयाम् ।

श्रृण्वन्तो न हि तृप्ताः स्मः सुधयाईवमानवः ।।१।।

पुरोवद महाभाग भोः सतां रोमहर्षण ।

ततः किमकरोद्वैश्यः सुदाम्नः प्राप्यतद्व्रतम् ।।२।।

- શૌનકાદિ ઋષિઓ બોલ્યા : હે સૂતપુરાણિકજી, આપના વદન કમળથી આ વિચિત્ર કથા તો સાંભળી પણ તે અત્યંત મધુર અને અમૃત સમાન હોવાથી મનુષ્ય માત્રને સંતોષ થતો નથી. તેમજ અમે પણ તૃપ્ત થતા નથી. (૧)

હે મહાભાગ્યશાળી ! સંતજનોને રોમાંચ કરાવનારા !! સુદામા પાસેથી તે મણિ નામના વૈશ્યે વ્રત સમજી લીધું તે પછી શું કર્યું, તે જો આપ જાણતા હોય તો કહો. (૨)

सूत उवाच -

नह्य पुण्यावतां लोके मतिः सत्य विनायके ।

भवंतः साधु-वरिता व्राह्मणा वेदवादिनः ।।३।।

तत्किंचित्रं भक्तिमंतः सततं व्रह्मणस्पतौ ।

भवदाज्ञा स्फूरद्वुध्धिः कथयेतां यथा श्रुताम् ।।४।।

સૂતજી બોલ્યા : આ જગતમાં જેઓ પુણ્યશાળી નથી એમની બુદ્ધિ સત્યવિનાયક તરફ વળતી નથી. આપ બધા સાધુચરિત, બ્રાહ્મણ અને વેદવાદી છો. તો પછી તમારામાં એ દેવ વિશે ભક્તિ પ્રગટે એમાં શું આશ્ચર્ય હોય ? એટલે તમારી આજ્ઞાથી બુદ્ધિને પ્રેરણા આપે એવી જે કથા મેં સાંભળી છે તેવી જ તમોને કહું છું. (૩-૪)

शिव उवाच -

सोप्या ययौ स्वनगरं तदा कच्छभुजाभिधम् ।

वृतांतं कथयित्वा सौ स्वजनान्मार्ग संभवम् ।।५।।

परेह निचकाराशू तावद्विभव संयुतः ।
मणिर्भक्तया परमया सत्य वैनायक व्रतम् ॥६॥

શિવજી બોલ્યા : હે પાર્વતી ! પેલો મણિનામક વૈશ્ય ત્યાંથી નીકળીને પોતાના કચ્છ-ભુજ નગરમાં આવ્યો અને રસ્તામાં નાશ પામેલ ધન સંબંધી ઘટના પોતાની પત્ની અને સ્વજનોને કહી સંભળાવી. પછી બીજા દિવસે તે મણિ વૈશ્યે પોતાના વૈભવ અનુસાર, ભક્તિ પૂર્વક શ્રી સત્ય- વિનાયકનું વ્રત કર્યું. (૫-૬)

सायन्ह पूजा समये श्रेणी मुख्यात्स नागरान् ।
ब्राह्मणान्वेद विदुषोराज्ञः प्रतिनिधिं तथा ॥७॥
चित्रबाहुं निजं मित्रं प्रसादा य समाह्यत् ।
मित्रागमन हृष्टो सौ तूर्णं गत्वाथतद्गृहम् ॥८॥

સાયંકાળે પૂજાના સમયે પોતાના આપ્તજનો (સગાંવ્હાલાં) ગામના આગેવાન પુરષો, નગરજનો તથા વૈદિક બ્રાહ્મણો તેમજ રાજાના ચિત્રબાહુ નામના પ્રધાનને પણ પોતાનો મિત્ર હોવાથી આમંત્રણ આપીને તેણે પ્રસાદ લેવા માટે બોલાવ્યા. પોતાના મિત્રના આગમન સાથે મળેલા આમંત્રણથી પ્રસન્ન થઈને ચિત્રબાહુ પ્રધાન તરત જ મણિ નામક વૈશ્યના ઘરે પધાર્યો. પૂજા ચાલતી હતી ત્યાં બેઠો. (૭-૮)

प्रसाद मुपगृह्यासौ स्वमित्रं निजगादह ।

चित्रबाहु उवाच -
कुशलं ते प्रवसितं कच्चिद्वार्त्तनिरामयम् ॥९॥
इति मित्र वचः श्रुत्वा कुशल प्रश्न पूर्वकम् ।
स्ववृत्तं मार्ग संभूतं द्रव्यापायं व्रतागमम् ॥१०॥

પૂજન કાર્ય પુરૂં થતાં આપેલો પ્રસાદ ગ્રહણ કર્યો પછી પ્રધાન ચિત્રબાહુ બોલ્યો : 'હે મિત્ર ! પ્રવાસ સુખરૂપ થયો? આરોગ્ય કેવું રહ્યું? વ્યાપાર કાર્ય બરાબર ચાલ્યું કે?' વગેરે પ્રશ્નો કરી કુશળ સમાચાર પૂછતાં જ મણિ વૈશ્યએ મિત્રના ઉત્તર આપતાં માર્ગમાં પોતાને જે સંકટનો ભોગ બનવું પડયું હતું તે

વિષેની તમામ વાત કરી. પોતાનું ધન ચોર લોકો ચોરી કરી ગયા તે પૈકી માત્ર એક હજાર સોના મહોર હાથ આવી, તેમાંથી પાંચસો મહોર મેં એક બ્રાહ્મણને (સુદામાને) આપી તેણે એ તમામ મહોરનો ખર્ચ કરી શ્રી સત્ય વિનાયક વ્રત કર્યુ. તે વ્રત મેં તે બ્રાહ્મણ પાસેથી સમજી લીધું હતું. જે કરવાથી મને મારું ગયેલું દ્રવ્ય સત્ય વિનાયક પ્રભુની કૃપાથી પુનઃપ્રાપ્ત થાય. (૯-૧૦)

અહીં બ્રાહ્મણ અને વણિકના સ્વભાવમાં રહેલ તફાવત સ્પષ્ટ સમજાય છે. સુદામા બ્રાહ્મણને મણિ નામના વણિકે પોતાને મળેલ એક હજાર સુવર્ણ મુદ્રાઓમાંથી અર્ધી (પાંચસો) મુદ્રા સુદામાને આપી. પાંચસો બચાવી પોતાની પાસે રાખી લે છે. જ્યારે બ્રાહ્મણ સુદામા અત્યંત ગરીબ હોવા છતાં બીજા દિવસનો વિચાર કર્યા વિના પોતાને મળેલ તમામ (પાંચસો) મુદ્રાઓ શ્રી સત્ય વિનાયકના વ્રત પૂજન કાર્ય માટે વાપરી નાંખે છે. આ તફાવત વ્રત કરનારે ખાસ ધ્યાનમાં લેવા જેવો છે.

कथयामास समणिर्या क्तावत्समागताः ।।
चौरास्त द्रव्य मादाय कुप्य रत्नादि संयुतम् ।।११।।
पूर्वं निवोदिताश्चारैः सभ्याइव तदंतिके ।
दर्शयामास तु रथ देवमाया विमोहिताः ।।१२।।

- મણિવૈશ્ય આ વાત ચિત્રબાહુ પ્રધાનને કહે છે ત્યાં એક આશ્ચર્યકારક ઘટના બને છે. પેલા મણિ વૈશ્યનું ધન ચોરનારા ચોર લોકો સઘળું ચોરેલું ધન લઈને મણિ નામના વૈશ્યને ત્યાં આવ્યા અને પોતાના નોકરો પાસે ચોરોએ કહેવાડાવ્યું કે વેપાર અર્થે કોઈ એક વેપારી આવ્યો છે. પછી રજા લઈને વેપારીના વેશમાં આવેલા તે ચોર લોકો મણિ વૈશ્યના ઘરમાં આવી સજ્જનની માફક બેઠા. ત્યાં પ્રધાન ચિત્રબાહુ પણ બેઠેલા છે. તે ચોર લોકો અત્યંત ચતુર હતા. છતાં બુદ્ધિપતિ શ્રી સત્યવિનાયકની માયાથી મોહિત થઈને આ ઝવેરાત અમારે વેચવાનું છે. એમ કહી રજુ કર્યું. (૧૧-૧૨)

रत्नानि रत्नखचितालंकारान् सचिवायतान् ।
क्रयार्थं ते न ते सर्वे परिक्षार्थं समर्पितः ।।१३।।

मणये सापितान्द्रष्टवा परिचीयवभाणह ।
चित्रबाहुमिमे मदीय धनद्वारका: ॥१४॥

- રત્નજડિત અલંકારો પ્રધાન ચિત્રબાહુની સમક્ષ વેચવા માટે પરિક્ષાર્થ રજુ કરવામાં આવ્યા. ચિત્રબાહુ એ આ આભૂષણો વગેરે મણિ વૈશ્યને બતાવ્યાં, એ જોઈને આભૂષણોની ઓળખાણ થતાં તે બોલ્યો કે હે ચિત્રબાહુ, આ બધા ચોર છે અને એમણે આ મારું જ ધન હરણ કરેલું (ચોરેલું) છે. આ લોકો વેપારી નથી પણ મારા દ્રવ્યના ચોર છે, અને આ ધન મારું જ છે.

त्वयार्पिता मुद्रिके यं पूर्वं वैयाहिकोत्सवे ।
अनर्घ्यं माणिक्य मयितामेतां स्मरताभ्द्वान् ।१५॥
ततः स्वीयां निश्चिकाय रूरोषसतदापरम् ।
तावत्प्रकृतिना ज्ञातां ज्ञात्वा तांदस्यवः प्रिये ॥१६॥

- વિશેષ હું શું કહું? જ્યારે આપને ત્યાં લગ્ન પ્રસંગ હતો ત્યારે આપે મને જેમાં મૂલ્યવાન માણેકનું રત્ન જડેલું છે. તેવી આ વીંટી (મુદ્રિકા) મને આપી હતી. તે આજ વીંટી છે. તમે એ યાદ કરો. (૧૫)

- પછી પોતે આપેલી તેજ આ વીંટી છે. એમ ઓળખી જતાં ચિત્રબાહુ પ્રધાનને ક્રોધ ચઢતાં લાલચોળ થઈ ગયો. હે પ્રિયે (પાર્વતી) ! એ પ્રમાણે આ લોકો જ ચોર છે અને ચોરી કરી ગયેલા તે વેચવા આવ્યા છે. એમ યથાર્થ ખાત્રી કરી લીધી. (૧૬)

भयभीताः संदधिरे हृदये द्रष्ट प्रत्ययाः ।
सर्वं गृहीत्वा प्रकृतिर्यदि मोक्ष्यतिनोऽखिलान् ॥१७॥
तदेवं पूजयिष्यामी देवं सत्यविनायकम् ।
ततोऽसौ निजगादो चै स्तश्चेतः कंपयन्निव ॥१८॥

- પોતે ચોર છે એમ પ્રધાન જાણી ગયા છે. એમ સમજી હે પ્રિયે ! તે ચોર લોકો ભયભીત થઈ કાંપવા લાગ્યા અને હૃદયમાં નિશ્ચય કર્યો કે આ મણિવૈશ્યે જે વ્રત કર્યુ તે વ્રતના પ્રભાવથી પોતાનું સર્વસ્વ દ્રવ્ય ઘેર બેઠા પહોંચાડવા અમે અહીં આવ્યા છીએ. એમાં અમે ભૂલ ખાધી છે. જો આ

પ્રધાન આ બધું ધન લઈ લેવા છતાંય અમને જીવતા છોડી દેશે અને ગૂનાથી મુક્ત કરશે તો અમે પણ સત્ય વિનાયકનું પૂજન કરીશું. એવો સંકલ્પ કરી મનોમન ભગવાન સત્ય વિનાયકને પ્રાર્થના કરવા લાગ્યા. પછી પ્રધાન ચિત્રબાહુ ચોર લોકો કંપી ઉઠે તેવી ગર્જના કરી કહેવા લાગ્યા. (૧૭-૧૮)

चित्रबाहु उवाच -
तन्नायकं हेकितव सभ्य कस्मादियंत्वया ।
लब्ध्वा सुमुद्रिका सत्यं वदसर्वं सहाभ्यहम् ॥१९॥
नोचेद्राज्ञे निवेद्याशु सर्वान्वश्चोरसत्तमान् ।
विनिशिक्षाभिदंडेन महता पापकारकान् ॥२०॥

- હે ચોરોના સરદાર, હે બનાવટી સજ્જનો, આ વીંટી તમોએ કોની પાસેથી મેળવી છે. તે સાચે સાચું કહી દો તો હું તમારા અપરાધની ક્ષમા કરી તમને મુક્ત કરીશ.

- હે ચોરોના સરદાર, જો તમે સાચી વાત નહિ કરો તો પછી અમે તમારા જેવા પાપીઓને રાજા પાસે રજુ કરી ભારે સજા કરાવીશ, દંડ કરાવીશ. પાપની શિક્ષા અવશ્ય મળશે જ. (૧૯-૨૦)

इति प्रतिनिधेर्वाचं श्रुत्वा त जातसाध्वसाः ।
उचुस्तं प्रस्खलद्वाचः कंपमानांगयष्टयः ॥२१॥
सर्वं यथातथं वृत्तं निखिलं चजदुर्धनम् ।
ग्रहित्वा तत्प्रतिनिधिः सर्व दत्वामणिप्रति ॥२२॥

- આ પ્રમાણે પ્રધાનના વાક્ય સાંભળીને થરથર ધ્રૂજતા, ગભરાઈ ગયેલા તે ચોર લોકોએ થોથવાતી વાણીમાં તમામ હકીકત યથાતથ કહી દીધી. અમોએ અમુક સ્થાને આ માલની ચોરી કરી હતી. ત્યાંથી આ માલ અમો ચોરી કરીને લાવેલા છીએ. એ પ્રમાણે તમામ સાચી હકીકત કહી દીધી, અને સર્વ ધન હતું તે પ્રધાનની સમક્ષ મૂકી દીધું, તે લઈને પ્રધાને મણિ વૈશ્યને સુપરત કર્યું. (૨૧-૨૨)

मुमोच चोरासकलान्सत्यभाषण तोषित: ।
एवं व्रत प्रभावेन समणिर्लव्धवान्धनम् ॥२३॥
ततोऽति हृष्टमनसा प्रतिमासं पुपूजह ।
भुक्त्या सविविधाभोगान्क्रमात्स्वानंद मेयिपान् ॥२४॥

- શ્રી સત્યવિનાયકનું વ્રત કરવાનો મનોમન સંકલ્પ કરવાથી તેઓની બુદ્ધિ પ્રથમ તો સાચું બોલવાની થઈ અને સત્કર્મમાં પ્રેરણા થઈ આ ઉભય પ્રકારે સુધરવાથી તે ચિત્રબાહુ પ્રધાને ચોર લોકોને દંડ કર્યા વિના છોડી મુક્યા. મણિ વૈશ્યને શ્રી સત્ય વિનાયક (મહા-ગણપતિ મહારાજ) ના વ્રતના પ્રભાવથી ગયેલું સઘળું ધન આશ્ચર્યકારક રીતે આવી મળ્યું. તેથી પ્રસન્ન થયેલ મનવાળો મણિ વૈશ્ય પ્રત્યેક મહિને શ્રી સત્ય વિનાયકનું વ્રત અને પૂજન કરવા લાગ્યો, તે ભક્તિયોગથી આ મનુષ્યલોકના વિવિધ સુખો ભોગવીને અંતે શ્રી મહાગણપતિના સ્વાનંદ લોકને પામ્યો, કે જેથી તેનું સંસારનું આવાગમન ટળી ગયં. (૨૩-૨૪)

ब्रह्मोवाच -
ततो दृष्ट प्रत्ययोसौ प्रधानो हृदि नारद ।
व्रतं संमानयाममास सुपुत्रावाप्तये वरम् ॥२५॥
लब्ध्वा सुपुत्रंमुदितो विसस्मार व्रतं शुभम् ।
ततो विघ्नाभिभूत: स राज्ञा स्वल्पा पराधत: ॥२६॥

બ્રહ્માજી બોલ્યા : હે નારદ, મણિ વૈશ્યને આ વ્રતનો જે સત્ય અનુભવ થયો (પરચો મળ્યો) એ પ્રધાન ચિત્રબાહુ જોઈ શક્યા હતા. તેથી પોતાને ત્યાં પુત્ર ન હોવાથી, સંતાન પ્રાપ્તિના હેતુથી તેણે માનપૂર્વક શ્રી સત્ય વિનાયકનું વ્રત કર્યુ. વ્રતની ફળશ્રુતિ રૂપે તેને ત્યાં ભગવાન સત્ય વિનાયકની કૃપાથી પુત્ર રત્નની પ્રાપ્તિ થઈ. ચિત્રબાહુની પ્રસન્નતાનો પાર નથી. પુત્રના મોહમાં અને આનંદના અતિરેકમાં પુત્ર પ્રાપ્તિ પછી શ્રી સત્ય વિનાયકનું શુભ ફળદાયક વ્રત કરવાનું તે ભૂલી ગયો. પરિણામે તેના ઉપર મહાન વિઘ્ન આવી પડયું. તેને રાજાએ નાના અપરાધની મોટી સજા કરી. (૨૫-૨૬)

पुरात्सर्वस्व मादाय ययौ निष्कासितो बहिः ।
रेवीतीरे चरन् भिक्षां गिरिपुत्री शुकाश्रमम् ॥२७॥
नत्वा मुनिवरं दुःखाच्चित्रबाहु रुरोदह ।
ध्यानेनालोक्य तस्यागः समुनिस्तं जगाद वै ॥२८॥

રાજાએ ચિત્રબાહુ (પ્રધાન) નું સર્વ ધન અને વૈભવ હરી લીધા અને પોતાના રાજ્ય બહાર કાઢી મૂકી દેશ નિકાલની સજા કરી.

મહાદેવજી પાર્વતીજી પ્રત્યે કહેવા લાગ્યા, હે ગિરિપુત્રી (હિમાલયરાજની પુત્રી) આ પ્રમાણે ચિત્રબાહુની સ્થિતિ થઈ. એટલે તે નર્મદા કિનારે જઈ ત્યાં ભીખ માંગી પોતાનો જીવન નિર્વાહ કરવા લાગ્યો.

સાચી વાત છે કે - 'ભાગ્ય રૂઠે ત્યારે ભલા ભૂપને ભીખ મંગાવે અને ભાગ્ય રીઝે તો ભિખારીને સિંહાસન અપાવે.' માટે તો કહ્યું છે કે, "भाग्यं फलति सर्वत्र न च विद्या न पौरुषम् ।" ભાગ્ય જ સર્વત્ર ફળ આપનાર છે, કેવળ વિદ્યા કે પુરુષાર્થ ભાગ્ય વિના ફળ આપતા નથી. સાથો સાથ એ વાત પણ યાદ રાખવી જરૂરી છે કે - ક્રિયમાણ કર્મ અને કર્તવ્ય જેનું સારું તેનું ભાગ્ય નિર્માણ પણ સારું જ થવાનું, અને કર્મો જેના સારાં નથી તેનું ફળ પણ સારું મળવાનું નથી જ.

(કર્મની ગહન ગતિ સમજવા માટે લેખક શ્રી શરદચંદ્ર ઈ. પુરોહિત 'કર્મની ગતિ' નામક પુસ્તક વિગતે જુઓ)

ભીખ માંગવાની અવદશાને પામેલ ચિત્રબાહુ (પ્રધાન) એક દિવસે રેવા (નર્મદા) તીરે આવેલ શુકમુનિના આશ્રમમાં આવી પહોંચ્યો. તેણે મુનિવર શુકદેવજીને પ્રણામ કર્યા અને અસહ્ય દુઃખથી ચિત્રબાહુ રડી પડયો. આવી તેની દુઃખી હાલત જોઈને મુનિ શુકાચાર્યે ધ્યાન ધરીને જોયું અને તેને કહ્યું કે - (૨૭-૨૮)

श्री शुकउवाच -
मारोदी चित्रवाहोत्वं स्मर सत्यविनायकम् ।
सर्वादि पूज्यं सर्वैश्च पुत्रार्थे मानितं पुरा ॥२९॥

श्री शिव उवाच -
इति संस्मारित स्तेन व्रतं सस्मार विरमृतम् ।
ततो द्वारा पुत्र युतश्चक्रे तत्रैवततपुनः ॥३०॥

શ્રી શુકદેવજી બોલ્યા : હે ચિત્રબાહુ તમે રડશો નહિ, સનાતન વૈદિક ધર્મમાં સર્વકર્મના અધિષ્ઠાન પૂર્વક જેમની પ્રથમ પૂજા કરવામાં આવે છે, એવા શ્રી સત્ય વિનાયક (મહા ગણપતિ મહારાજ) નું તમે સ્મરણ કરો. તમોએ પુત્ર પ્રાપ્તિ માટે શ્રી સત્ય વિનાયકનું વ્રત કરવાની માનતા (બાધા) રાખી હતી. તે યાદ કરો. (૨૯)

શ્રી સદાશિવ બોલ્યા - હે પાર્વતી ! આ રીતે શુકદેવજી એ ચિત્રબાહુને વિસ્મૃત થયેલ શ્રી સત્ય વિનાયક વ્રતની યાદ તાજી કરાવી એટલે ભૂલી જવાયેલ વ્રત યાદ કર્યુ અને તેણે પોતાની પત્ની તથા પુત્ર સાથે ફરીથી આ વ્રત કર્યું. (૩૦)

ततो व्रत प्रभावेन तद्राज्ञा धर्मकीर्तिना ।
विचार्श बहु मानेन समाहूतः समाययौ ॥३१॥
राज्ञः प्रीतिं परां प्राप्यां ते तस्थानमगान्मुदा ।
तेऽपि चोराः समायाताः स्वदेशं मगधाभिधम् ॥३२॥

- આ વ્રતના પ્રભાવથી પોતાના પ્રધાનને અપરાધ વિના સજા કરી છે, તે યોગ્ય નથી એવો વિચાર તે ધર્મકીર્તિ રાજાના મનમાં આવવાથી, તે રાજાએ મોટા સન્માનપૂર્વક ચિત્રબાહુ પ્રધાનને પોતાની પાસે બોલાવ્યો. એટલે તે પોતાના કચ્છ-ભુજ નગરમાં પાછો આવ્યો. રાજાની પરમ પ્રીતિ તેણે ફરી પ્રાપ્ત કરી અને પ્રધાનપદે પુનઃ સ્થાપિત કર્યો. પછી તો તે આ લોકના સઘળાં સુખ ભોગવી અંતે મોક્ષપદને પામ્યો. આ તરફ પેલા ચોર લોકોએ શ્રી સત્ય વિનાયકનું વ્રત કરવાની માનતા રાખી જેથી તેમને કોઈપણ જાતની સજા ન થતાં મુક્ત થઈ પોતાના મગધ દેશમાં ગયા. (૩૧-૩૨)

त्यक्त चौर्याः सदाचार स्तत्प्रसादात्सुबुद्धयः ।
तदा संभृत संभारा कलगोस्तीरे सुशोभने ॥३३॥

कृत्वा मंडपिकां चारु कदली स्तंभमंडिताम् ।
पुपूजुः परया भक्त्या देवं सत्य विनायकम् ॥३४॥

- પછી તો તે ચોર લોકોએ ચોરી કરવાનું છોડી દીધું. દિવસે દિવસે સદાચાર સંપન્ન બન્યા. શ્રી સત્ય વિનાયક મહારાજની કૃપાથી તેમને સદ્‌બુદ્ધિ પ્રાપ્ત થઈ. મહાદેવજી પાર્વતીને કહેવા લાગ્યા કે -

હે પ્રિયે ! એ પ્રમાણે થયા પછી ફાલ્ગુનદીના મનોરમ્ય કિનારે તેઓ જરૂરી સામગ્રી લઈને ગયા. ત્યાં કેળના સ્તંભથી કલાત્મક મંડપ બાંધી પરમ ભક્તિ પૂર્વક શ્રી સત્ય વિનાયકનું વ્રત અને પૂજન કર્યું (૩૩-૩૪)

આ પ્રમાણે શ્રી સત્ય વિનાયક વ્રત કથાનો ત્રીજો અધ્યાય પૂર્ણ કરતાં પહેલાં કેટલીક મહત્વની વાત વિચારી લઈએ.

આ ત્રીજા અધ્યાયની ફળશ્રુતિ એવી છે કે - મણિ નામક વૈશ્યએ સુદામાજી પાસે સત્ય વિનાયકનું વ્રત જાણી પોતાના કચ્છ - ભુજ નગરમાં આવી વિધિપૂર્વક વ્રત કર્યું વ્રત પ્રબાવથી જે ચોરલોકો તેનું ધન ચોરી ગયેલા તેઓ ખેંચાઈને તેના નિવાસ સ્થાને આવ્યા એ આશ્ચર્યજનક ઘટનાથી ગુમાવેલ ધન તેને પાછું મળી ગયું. એટલે આ વ્રતના પ્રભાવથી મણિ વૈશ્યનું જીવન સાચા અર્થમાં મણિ રૂપે પ્રકાશી ઉઠયું. જીવનનું નવ પલ્લવન થયા ઉપરાંત તેના મિત્ર ચિત્રબાહુ પ્રધાનને વ્રત કરવાની પ્રેરણા થઈ. આ વ્રત કરવાથી ચિત્રબાહુને પુત્ર સંતાન પ્રાપ્તિ થઈ. સંતાન પ્રાપ્ત થતાં મોહવશ વ્રત કરવાનું તે ભૂલી ગયો રાજાએ દેશ નિકાલ સજા કરી એટલે તે ભીખ માંગતો થયો. નર્મદા કિનારે શુકમુનિએ પ્રેરણા કરી એટલે તેણે સત્ય વિનાયકનું વ્રત કર્યું એટલે વ્રતના પ્રભાવથી રાજાએ ચિત્રબાહુને બોલાવી ફરીથી પ્રધાનપદે સ્થાપિતં કર્યો. આ ચિત્ર-બાહુના જીવનના ચિત્રો બદલવામાં પણ સત્ય વિનાયકના વ્રતનો મોટો પ્રભાવ છે. આપણે પુરુષાર્થ કરી આ વ્રત વિધિપૂર્વક કરીએ તો; આપણાં જીવનનું ચિત્ર સુખદ બને એ શંકા વગરની વાત છે. મણિ વૈશ્યનું ધન ચોરનારા ચોર લોકોએ પણ ચોરી કરવાનું છોડી દીધું અને ફલ્ગુ નદીના કિનારે સત્ય વિનાયકનું વ્રત કર્યુ. આમ આ અધ્યાયના તમામ પાત્રો આપણે સત્ય વિનાયકના વ્રતમાં દૃઢ પ્રીતિ ઉત્પન્ન કરનારા બની રહે છે.

इति श्री ब्रह्मांडपुराणे शिवपार्वती संवादे श्री सत्यविनायको
पाख्याने तृतीयोऽध्यायः ॥३५॥ ॐ ॐ ॐ

આ પ્રકારે શ્રી બ્રહ્માંડપુરાણનો શિવપાર્વતીના સંવાદરૂપ શ્રી સત્ય વિનાયક કથાનો સ્વાનંદી ટીકા સાથે ત્રીજો અધ્યાય સંપૂર્ણ.

ॐ ॐ ॐ

## ॥ ॐ श्री स्वानंद पतये नमोनमः ॥

## ॥ अथ चतुर्थोऽध्यायः ॥

शिव उवाच -
तत्र कस्माद्य यौकाचिल्ललना रुदती भृशम् ।
दुःखार्ता म्लानवदना वदान्या जीविते स्वके ॥१॥
तां निरीक्ष्य तथा भूतां भार्गवो वेदविद्द्विजः ।
परदुःखा सहिष्णु्तद्व्रताचार्यो जगादह ॥२॥

સદાશિવ બોલ્યા : હે પાર્વતી ! ત્યાં ફલ્ગુનદીના કિનારે મગધદેશના ચોરો શ્રી સત્ય વિનાયકનું વ્રત-પૂજન કરતા હતા. તે સમયે અતિ દુઃખથી મુખ જેનું મ્લાન થયું છે. એવી રડતી-કકલતી (ચિલ્લાતી) એક સ્ત્રી ત્યાં આવી પહોંચી. તે એવું બોલતી હતી મારે જીવવું નકામું છે. હવે તો હું મરી જાઉં તો જ છૂટકારો થાય. હવે તો હું જરૂર મરી જઈશ. આવો પ્રલાપ કરતી તે દુઃખી સ્ત્રીને જોઈને તે સમયે પૂજા કરાવી રહેલા વેદજ્ઞ બ્રાહ્મણ ભાર્ગવ કે જે પારકાનું દુઃખ સહન કરી શકતા ન હતા તેથી તેને દયા આવી. એટલે તે વ્રતાચાર્ય ભાર્ગવ તે સ્ત્રીને પૂછવા લાગ્યા. (૧-૨)

भार्गव उवाच -
कासि कस्यासितन्वंगि कुतोत्रागमनंतव ।
किं दुःखं वद कल्याणि हरतां तद्विनायकः ॥३॥

ભાર્ગવ બોલ્યા : તમે કોણ છો? હે પાતળા અંગવાળી સ્ત્રી તમે કોના છો? (તમારો માલિક-પતિ કોણ છે?) તમે અહીં ક્યાંથી આવ્યા? હે કલ્યાણી તમને શું દુઃખ છે? તે બધું મને કહો, ભગવાન શ્રી સત્યવિનાયક તમારાં દુઃખને હરવા સમર્થ છે.(૩)

અહીં વ્રતાચાર્ય ભાર્ગવની વાણીમાં ચતુરાઈ છે; વિવેક છે, લાગણીશીલતા છે અને પ્રશ્ન કરવાની કુશળતા છે તે પ્રગટ થાય છે. ભાર્ગવે પેલી રૂદન કરતી દુઃખાર્તા સ્ત્રીને પ્રથમ પ્રશ્ન કર્યો 'તમે કોણ છો?' એ પ્રશ્ન સહજ અને સ્વાભાવિક છે. બીજો પ્રશ્ન કર્યો 'હે પાતળા અંગવાળી સ્ત્રી તમે કોના છો?' આ પ્રશ્નમાં બે વાત છે. તમે કુંવારા હો તો તમારા પિતા અને પરિણત હો તો તમારા પતિ કોણ છે? આમાં પાતળા અંગવાળી કહીને તેના લાવણ્યની થોડી પ્રસંશા પણ કરી છે, પછી આગળનો ત્રીજો પ્રશ્ન છે 'તમે અહીં ક્યાંથી આવ્યાં?' આ પ્રશ્નમાં ક્યાંથી અને શા માટે અહીં તેણીનું આગમન થયું તેનો ભાવાર્થ છૂપાયો છે. આમ છતાં પેલી સ્ત્રી રડી રહી હતી. એટલે ચોથો પ્રશ્ન કર્યો 'હે કલ્યાણી ! તમને શું દુઃખ છે?' એવું પૂછીને જે સ્ત્રી કલ્યાણ કરનારી છે એવી તેને શું દુઃખ હોઈ શકે? એવા પ્રશ્નાર્થમાં મોટું રહસ્ય છૂપાયેલું છે.

અહીં ચોથા પ્રશ્નમાં વ્રતાચાર્ય ભાર્ગવે સ્ત્રીને કલ્યાણી તરીકે સંબોધન કર્યું. ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ રૂપ ચાર પુરુષાર્થમાં પુરુષની સહાયક બની કલ્યાણ તરફ દોરે અને દોરાય તે જ કલ્યાણી કહેવાય. કલ્યાણના કંટક છાયા પંથમાં આવતા દુઃખા કે અવરોધો પાર કરવામાં ગુરુ સહાયક બની શકે. માર્ગદર્શન આપે અને ઉપાય પણ બતાવે. આથી ગુરુ તરીકે હું તમને દુઃખ નિવારણનો ઉપાય બતાવું છું. તમે મારા પ્રશ્નોના જવાબ આપો અને શું દુઃખ છે? તે કહો. બાકી તમારો વિઘ્નો હરનારા દેવ તો શ્રી સત્ય વિનાયક (વિઘ્ન હર્તા - મહાગણપતિ) છે. તે તમારાં દુઃખને દૂર કરશે. એમ કહી તે સ્ત્રીને તેઓ શ્રી સત્યવિનાયકના વ્રત તરફ પ્રેરણા કરે છે.

**इति तद्वाकपमाकर्ण्य किंचिद्धर्षवती सती ।**
**द्विज वाग्जाता विश्वासा स्ववृतं सा जगादह ॥४॥**

- હવે ભાર્ગવ બ્રાહ્મણના ચતુરાઈ ભરેલા ચાર પ્રશ્નોના વાક્યો સાંભળીને આ ચોથા અધ્યાયના ચોથા શ્લોકમાં તે સતી સન્નારીને વિશ્વાસ ઉત્પન્ન થયો. જેથી તેણીને કંઈક હર્ષ થયો, અને પ્રસન્નતા ધારણ કરી તે સ્ત્રી ભાર્ગવ બ્રાહ્મણને પોતાનું સઘળું વૃતાંત કહેવા લાગી.(૪)

सो उवाच -

चन्द्रसेना ह्रपः श्रीमान् राजा मालवदेशपः ।
वदान्यो धर्मसंपन्न तेजस्वी संशित व्रतः ॥५॥
धर्मात्मा सत्यवचनो वेदशास्त्रार्थ तत्वपित् ।
चतुरंग बलोपेताः सर्वलक्षण लक्षितः ॥६॥

- તે સ્ત્રી બોલી : હે શ્રેષ્ઠ બ્રાહ્મણ ! માલવદેશનો અધિપતિ એક ચંદ્રસેન નામે રાજા છે. તે મહાન ઉદાર ધનેશ્વરી, ધર્મસંપન્ન, તેજસ્વી, અતિ પ્રેમપૂર્વક કડક રીતે વ્રત કરનારો છે. તે ધર્માત્મા, સત્યવચની, વેદશાસ્ત્રનો જ્ઞાતા અને તત્વવેત્તા છે, આમ સર્વલક્ષણ સંપન્ન તે રાજા પાસે ચતુરંગ સૈન્યબળ (ભૂમિદળ, હવાઈદળ, જલસેના અને અશ્વદળ વાળું ચાર પ્રકારનું સૈન્યબળ) પણ મોટું છે. (૫-૬)

रक्षिता वसुधां सर्वां भजाः पुत्रानिवौरसाम् ।
तस्याहं महिपी नाम्ना सुशीला पुत्रवर्जिता ॥७॥
अतः परावृता जाया नाम्ना सामदनावती ।
गुणवान्नीति वांश्चोभो प्रधानौ सर्ववित्तभौ ॥८॥

- તે નૃપતિ પૃથ્વીનું સારી રીતે રક્ષણ કરનારો છે. તેમજ પોતાની પ્રજાનું ઔરસપુત્ર પ્રમાણે (પોતાના જ સંતાનની માફક) પાલન કરે છે. તેમની હું ચારિત્રવાન (સુશીલા) પરંતુ પુત્ર વિનાની પટરાણી છું. અર્થાત્ મને સંતાન નથી. તેથી તે ચંદ્રસેન રાજાએ પુત્ર કામના માટે બીજી રાણી નામે મદનાવલી સાથે લગ્ન કર્યાં છે. રાજાને ગુણવાન અને નીતિમાન એવા બે સર્વ વાતને જાણનારા પ્રધાનો પણ છે. (૭-૮)

सुनीति कुशलौ यस्य कार्तिकेय पराक्रमौ ।
समेभर्ता वशंनीतः सपत्न्या श्यामयाकिल ॥९॥
रमतेऽहर्निशं सोपि नानलंकार भूषया ।
नवियोगं हि सहते क्षणमात्रं तया क्वचित् ॥१०॥

- તે બંને પ્રધાનો ન્યાયમાં કુશળ તથા કાર્તિકેય સ્વામીની માફક પરાક્રમી છે. તે સર્વ સારી વાત છે. પરંતુ હાલમાં નવપરિણિત (સોળ વર્ષીયા સુંદરી

મદનાવતી) પત્ની શ્યામાએ મારા પતિને વશ કીધા છે. (અહીં વપરાયેલ શ્યામા શબ્દ સમજવા જેવો છે. કુવાના જળ તથા વૃક્ષની છાયા માફક જે સ્ત્રી ક્રોધ સમયે ઠંડી અને ઠંડા વાતાવરણમાં ઉષ્માભરી દેનારી હોય તેને શ્યામા કહેવાય છે.) (૯)

રાજા પણ અહર્નિશ (રાત-દિવસ) એની સાથે વિવિધ અલંકારો અને વેશભૂષા ધારણ કરી રમે છે. તેનો ક્ષણમાત્ર વિયોગ પણ રાજા સહન કરી શકતા નથી. (૧૦)

**मां धिक्करोति राततं न श्रृणोति चमद्वचः ।**
**रुषामामीक्षते नित्यं न गृण्हातिमयार्पितम् ॥११॥**
**तस्या दास्यं विधायाहं स्थितावेष्मनि दुःखिता ।**
**तस्यां तस्या भवत्सूनुः सपत्न्यां चारुलोचनः ॥१२॥**

- નાના પ્રકારના વસ્ત્રાલંકારવાળી તે સ્ત્રી (મદનાવતી) ના મોહમાં રાજા અત્યંત રમમાણ જ રહે છે અને મને સતત ધિક્કારે છે. મારી કોઈ વાત તે સાંભળતા જ નથી. મારા તરફ નિત્ય ગુસ્સાથી જ જુએ છે. મારું આપેલ કંઈ પણ સ્વીકારતા નથી. એ પ્રમાણે હું તેમની દાસી થઈને તેમની સાથે ઘરમાં રહું છું અને અનેક પ્રકારે કષ્ટો સહન કરું છું. તે ચકોર નેત્રોવાળી મારી [illegible] (મદનાવતી) ને તે રાજાથી એક સુંદર પુત્રની ઉત્પતિ થઈ છે. (૧૧-૧૨)

**चकार जातकर्मास्य विधितो नाम चाकरोम् ।**
**द्विजोरितः पद्मसेन इत्थं सववृधेततः ॥१३॥**
**शुक्ल चन्द्रइव श्रीमानष्टमेव्रत वंधनम् ।**
**समाप्त विद्यंतं पश्चान्मद्रनाथः सुतांददौ ॥१४॥**

- પુત્ર થયા પછી રાજાએ યથાવિધિ જાત કર્મ સંસ્કાર તથા નામકરણ સંસ્કાર બ્રાહ્મણોના કહેવા પ્રમાણે કર્યા. બ્રાહ્મણોએ તેનું નામ પદ્મસેન પાડયું. તે બાળક શુક્લપક્ષના ચંદ્રની માફક તેજસ્વી બની વધવા લાગ્યો. આઠમા વર્ષે રાજાએ તેના ઉપનયન (જનોઈના) સંસ્કાર પણ કીધા. પછી તેને ગુરુ

પાસે વિદ્યા ભણવા મોકલ્યો. ત્યાં તે સર્વવિદ્યા ભણી તૈયાર થયો. ત્યાર પછી મદ્દેશના રાજાએ તે પદ્મસેનને પોતાની કન્યા પરણાવી. (૧૩-૧૪)

ततः कतिपयाहः सुराजा मत्प्राणवल्लभः ।
गया यात्रार्थमायातः परिवार युतो द्विजः ॥१५॥
अद्य यात्रां समाप्यासौ श्रान्तः सुष्वापमंचके ।
सपत्नीतं सेवयितुं गता तच्चरणांतिके ॥१६॥

- હે શ્રેષ્ઠ બ્રાહ્મણ ! ત્યાર પછી કેટલાક વર્ષો બાદ મારા પતિ રાજા ચંદ્રસેન સપરિવાર ગયા યાત્રા કરવા આવ્યા છે. આજે તેમની સર્વ યાત્રાપૂર્ણ થઈ ત્યારે વિશ્રામ કરી પોતાનો થાક ઉતારવા માટે હિંડોળા-ખાટ ઉપર જઈને સૂતા હતા. એટલામાં તેમની સેવા કરવા માટે મારી શોક્ય આવી. (૧૫-૧૬)

मां वीक्ष्य सा कलुषिता प्रप्रदे नाहनद्रुषा ।
ततोति दुःखिता ह्रीणा प्राणत्यागाय संगता ॥१७॥
भर्तान मनुते यां तां न कोपि मनुते कदा ।
अतः किं जीविते नाथ शोषयामि कलेवरम् ॥१८॥

- તે કલુષિત બુદ્ધિવાળી (મદનાવતી) એ મને ત્યાં ઉભી રહેલી જોઈને દ્વેષ અને ગુસ્સાથી મને લાત મારી. તેથી મને ઘણું જ દુ:ખ થયું. અપમાનથી હિણપત અનુભવતી એવી હું પ્રાણત્યાગ કરવા તૈયાર થઈ છું. (૧૭)

હે દ્વિજવર ! જે સ્ત્રીને તેનો પતિ માન આપતો નથી. તે સ્ત્રીને કોઈ માન આપતું નથી. તેથી હવે આ રીતે જીવવાથી શો લાભ? હું મારા શરીરને સૂકવી રહી છું. (૧૮)

पास्ये विषं पतेयाप्सु न मनोयाति निश्चयम् ।
एतास्मिन्नंतरे द्दष्टं भवत्पाद युगं शुभम् ॥१९॥
किमिदं क्रियते सर्वैः कोवादेवः प्रपूज्यते ।
किं कलं लभते ह्यस्माद् वद विप्र दयानिधे ॥२०॥

હું ઝેર પીવાનો અથવા પાણીમાં પડી પ્રાણ ત્યાગ કરવાનો વિચાર કરી રહી હતી. એકે પ્રકારે મારો નિશ્ચય દૃઢ ન થવાથી આ રીતે ભટકતી એવી

મને આજે ભાગ્યયોગે આપના ચરણયુગલ પ્રાપ્ત થયાં છે. હે કરુણાસાગર બ્રાહ્મણ ! અહીં આ બધા લોકો ભેગા થઈને શું કરી રહ્યા છે? કયા દેવની પૂજા ચાલી રહી છે? આવી પૂજા કરવાથી શું ફળ પ્રાપ્ત થાય છે? તે જો કૃપા કરીને મને કહેશો તો મોટો ઉપકાર થશે. (૧૯-૨૦)

अहमप्या चरिष्यामि यदि पूर्ण मनोरथा ।
निशम्य तस्या स्तांवाणी सदयः परिदेविनीम् ॥२१॥
तद् वृत्तमखिलं तस्मै बभासे भार्गवाग्रणीः ।

भार्गव उवाच -
संन्यस्त चौर्याचरणै स्तत्प्रसादात्सुबुद्धिभिः ॥२२॥

- મારા મનોરથ પૂર્ણ થશે તો હું પણ આ વ્રત કરીશ. આવી એ રાજરાણીની દીનવાણી સાંભળીને ભાર્ગવમુનિને દયા આપી. એટલે ભાર્ગવોના અગ્રણી એવા તે મુનિએ તે (રાણી) ને તે (સત્ય વિનાયકના) વ્રતનો સમગ્ર મહિમા કહી સંભળાવ્યો.

ભાર્ગવ બોલ્યા : હે રાજપત્ની ! આ વ્રત કરવા બેઠેલા લોકો ચોર હતા. પરંતુ શ્રી સત્ય- વિનાયકના કૃપા-પ્રસાદથી ચોરીના કામનો ત્યાગ કરીને સદ્‌બુદ્ધિવાળા બન્યા છે. (૨૧-૨૨)

सद्वृत्तोपात्त सुधनैरेभिः पूर्णमनोरथैः ।
व्रतस्थैः पूज्यते भक्तया देवः सत्यविनायकः ॥२३॥
ततस्वत्वन्यशरणमादिदेश व्रतंशुभम् ।
ददौ प्रसादं तां सर्वं क्षीरपाक विनिर्मितम् ॥२४॥

- સદ્‌વૃત્તિ અને સદ્‌વર્તનના પરિણામે એમને આ સંપત્તિ મળી છે, ધનવાન થયા છે. શ્રી સત્યવિનાયકની કૃપાથી તેઓના મનોરથો પણ પૂર્ણ થયા છે. જેથી તેઓ ભક્તિપૂર્વક આજે રૂડા પ્રકારે શ્રી સત્ય વિનાયકનું પૂજન કરી રહ્યા છે.

આ પ્રમાણે ભાર્ગવ બ્રાહ્મણે તે રાજપત્નીને ચોર લોકોની સઘળી વાત કરી. અને અનન્ય શરણરૂપ તે કલ્યાણકારી વ્રત કરવાનો આદેશ આપ્યો.

તેમજ વ્રતની વિધિ પણ રાણીને કહી, ને દૂધમાંથી બનાવેલો સર્વ પ્રસાદ પણ આપ્યો. (૨૩-૨૪)

भुक्तवा प्रसादं सा तत्र याता स्वस्थानिजं स्थलम् ।
ध्यायंती सर्वदा चित्ते प्रभुं सत्य विनायकं ॥२५॥
तेऽपि चोरा व्रतवशात् भुक्तवा भोगान् मनोगतान् ।
शुद्धात्मानः क्रमात्सर्वे ब्राह्मणा अन्यजन्मनि ॥२६॥

પ્રસાદ આરોગી સ્વસ્થ થયેલી તે (રાણી) પોતાના નિવાસસ્થાને ગઈ અને સર્વદા પોતાનું ચિત્ત પરોવી શ્રી સત્ય વિનાયક પ્રભુનું ધ્યાન અને ચિંતન કરવા લાગી. (૨૫)

આ તરફ પેલા ચોર લોકો પણ વ્રતમાં તત્પર બન્યા. પરિણામે પોતાની મનની ઈચ્છા પ્રમાણે સઘળા ભોગ અને સુખ આ જન્મમાં ભોગવ્યાં. ભગવાન સત્યવિનાયકના વ્રતથી પવિત્ર થયેલા તે શુદ્ધાત્મા ક્રમશઃ બીજા જન્મમાં બ્રાહ્મણનો દેહ પામ્યા. સનાતન વૈદિક ધર્માચરણ કરી મોક્ષના અધિકારી થયા. (૨૬)

આમ આ ચોથા અધ્યાયની ફળશ્રુતિ છે કે - અનીતિ અને ચોરી કરીને જીવનારા ચોર લોકો સત્ય વિનાયકના વ્રતના આચરણથી સદ્-ગૃહસ્થ બન્યા અને ઈચ્છિત ભોગો અને સુખને ભોગવીને બીજા જન્મમાં તે શુદ્ધાત્મા બ્રાહ્મણનો દેહ પામ્યા. આમ સદાચાર અને વ્રતપાલન જીવનમાં કેવું મોટું પરિવર્તન લાવે છે, અને જીવન કેવું ઉન્નત બનાવે છે. તેનું ઉદાહરણ આ અધ્યાયમાં પ્રાપ્ત થાય છે.

इति श्री ब्रह्मांडपुराणे शिवपार्वती संवादे सत्य-
विनायकोपाख्याने चतुर्थोऽध्याय: ॥४॥ ॐ ॐ ॐ

આ પ્રકારે શ્રી બ્રહ્માંડપુરાણનો શિવ-પાર્વતીના સંવાદરૂપ શ્રી સત્યવિનાયક કથાનો સ્વાનંદી ટીકા સાથે ચોથો અધ્યાય સંપૂર્ણ.

ॐ ॐ ॐ

## ॥ ॐ श्रीमन्महागणाधिपतये नमो नमः ॥
## ॥ अथ पंचमोऽध्यायः ॥

श्री पार्वत्युवाच-
देवदेव जगन्नाथ महेश करुणाकर ।
परावृत्य परंबूहि कथमाचरितं व्रतम् ॥१॥
प्रिया प्रश्नं समाकर्ण्य जगाद् भगवान्हरः ।

श्री शिव उवाच -
समाप्य यात्रां स ययौ नृपः कर्णावतं पुरम् ॥२॥

- શ્રી પાર્વતીજી બોલ્યા : હે દેવોના દેવ, હે જગન્નાથ, હે મહેશ, હે કરુણાકર, એ સુનીતિ રાજપત્ની ભાર્ગવ નામના બ્રાહ્મણ પાસેથી વ્રતનો વિધિ સમજીને પોતાને ઘેર ગઈ પછી તેણે કેવી રીતે વ્રત કર્યું, અને તેનું શું ફળ મળ્યું ? તે આપ કૃપા કરીને મને કહો. (૧)

- આ રીતે પ્રિયાના પ્રશ્નને સાંભળીને ભગવાન શંકર બોલ્યા : હે પ્રિયે! એ ચંદ્રસેન રાજા યાત્રા પૂરી કરીને કર્ણાવત નગર (કર્ણાવતી નગરી) માં આવ્યો. (૨)

स्वराज्यं पालयामास धर्मेण यश आप्तवान् ।
नित्यं विनायकं ध्यानात् तत्प्रसादस्य भक्षणात् ॥३॥
बुद्धि भेदो बभूवास्य प्रियां मेने सतीपमि ।
ततो दृष्ट प्रत्ययासा भरद्वाजं मुनिगुरुम् ॥४॥

- તેણે પોતાના રાજ્યનું ધર્મ વડે પાલન કરી યશ-કીર્તિ પ્રાપ્ત કર્યા. આ તરફ સુનીતાએ શ્રી સત્ય વિનાયકનું નિત્ય ધ્યાન કર્યું અને પ્રસાદ આરોગ્યો જેથી તેની બુદ્ધિમાં ઘણો જ ફેરફાર થઈ ગયો અને તેથી નૃપતિ (ચંદ્રસેન) ની બુદ્ધિમાં પણ પ્રભુકૃપાએ પરિવર્તન આવ્યું. તે પોતાની એ પત્ની (સુનીતા) ને માન આપવા લાગ્યો. આ મારી પત્ની સદ્‌ગુણી છે. એમ સમજવાથી તેના ઉપર તેમની પ્રીતિ વધવા લાગી. આ પ્રમાણે અનુભવ થતાં તે રાણીએ પોતાના કુલગુરુ ભરદ્વાજને બોલાવ્યા. (૩-૪)

समाहूय जगदाथ व्रता वाप्ति कथां निजाम् ।
सोप्याहतां मयाप्येतन्मंगलायो पदेशितम् ।।५।।
ततस्तेन व्रतेनाप्तं मानुष्येप्यमृताशनम् ।
एवं ज्ञात प्रभावासा सद्यस्तद्व्रतमारभत् ।।६।।

ભરદ્વાજ મુનિને બોલાવીને રાણીએ પોતાના જીવનની તમામ હકીકત તેમને જણાવી. મુનિ ભરદ્વાજ બોલ્યા ! હે રાજપત્ની ! પૂર્વકાળમાં આ સત્ય વિનાયકનું વ્રત કરવા માટે મેં મંગળને ઉપદેશ કર્યો હતો. મંગળે એ વ્રત ઉપદેશ પ્રમાણે કર્યું; તેથી આ મનુષ્ય લોકમાં પણ તેને અમૃત પ્રાશન કરવા મળ્યું. આ પ્રમાણે આ વ્રતનો પ્રભાવ સાંભળીને તરત જ તે રાણીએ આ વ્રત કરવાની શરૂઆત કરી. (૫-૬)

सायं पूजा विधानाय गुरुणापतिमाह्वयत् ।
प्रेक्ष्यव्रतं नृपो यास्यन्प्राहासौ मदनोवतीम् ।।७।।
याहि प्रिये मया द्दष्टुं विनायक व्रतोत्सवम् ।
साहनो याम्यहं तत्र भृशंशूलवती भवान् ।।८।।

- સંધ્યાકાળે પૂજા કરવા માટે પોતાના સદ્ગુરુ મહારાજ ભરદ્વાજમુનિને પોતાના પતિ (ચંદ્રસેન) પાસે મોકલી આમંત્રણ કરાવ્યું. આ વ્રત જોવા માટે જતી વેળાએ રાજા (ચંદ્રસેને) એ નાની રાણી મદનાવતીને કહ્યું કે - હે પ્રિયે તું આપણી સુનીતાને ત્યાં સત્ય વિનાયકનો વ્રતનો મહોત્સવ છે ત્યાં ચાલ. તે વ્રતોત્સવ જોવા અને પ્રભુદર્શન માટે આપણને આમંત્રણ પણ મળ્યું. છે. ત્યારે મદનાવતીએ કહ્યું કે - હું નહિ આવું કારણ કે મારા પેટમાં ખૂબ દુઃખે છે. (ચુંક આવે છે.) (૭-૮)

આ તો સ્ત્રી ચરિત્ર છે. જ્યાં ઈર્ષ્યા છે. ગમતી વાત નથી. માટે જવું નથી. તેની ખોટી ચુંક આવે છે અને મદનાવતીને પેટમાં દુઃખે છે. જેનું તે બહાનું કાઢે છે. સ્ત્રી જાતિ આવાં બહાના બનાવવામાં ખુબ ચતુર હોય છે.

કહોને કે -

पुरुषस्य भाग्यं स्त्रीया चरित्रं राज्ञस्यविज्ञम् ।
देवो न जानाति कुतः मनुष्यः ॥

અર્થાત્ - નીતિકારનું કહેવું સત્ય છે કે પુરુષનું ભાગ્ય, સ્ત્રીનું ચરિત્ર અને રાજાનું ધન કેટલું અને કેવું છે. તે કહેવા દેવો પણ સમર્થ નથી. તો મનુષ્ય તો કેવી રીતે જાણી શકે(?)

प्रयात्व द्दष्ट कुतुकस्तथापि त्वरितं ययौ ।
गुर्वाज्ञया सापभीतस्ततः पतिपुरःसरा ॥९॥
विधाय पूजां श्रुत्वातु कथां साद्विजदंपती ।
संभोज्य मानयामास दक्षिणा भूषणां शुकैः ॥१०॥

- મદનાવતીએ કટાક્ષ વચનોથી કહ્યું કે - આવો ઉત્સવ આપણા જોવામાં ક્યાંયે આવ્યો નથી. માટે આપણે ત્યાં જરૂર જવું જોઈએ ખરુંને ? આવાં તિર્યક્ વચનો તરફ રાજાએ ધ્યાન આપતાં, રાજાએ ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન થતાં જો તે શાપ આપે તો મોટું અહિત થાય એમ માની તે સુનીતાને ત્યાં આવ્યો. પોતાના પતિની સાથે બેસીને સુનીતાએ ખુબ જ પ્રેમપૂર્વક શ્રી સત્ય વિનાયકની પૂજા કરી, કથાશ્રવણ કરી, બ્રાહ્મણ દંપતીને ભોજન, દક્ષિણા, ઉત્તમ વસ્ત્રાલંકારો વગેરે આપી તેમનું સન્માન કર્યું. (૯-૧૦)

सुवासिनीः समानर्च कंचुकी कुंकुमादिभिः ।
सुगंधचूर्ण तैलाद्यै स्ततःप्रीत्यासुहृज्जनैः ॥११॥
ततः प्रसादं सा खर्व क्षीरपाक् विनिर्मितम् ।
नाना भोज्य समायुक्तं वुभुजेतं वरानने ॥१२॥

પછી સુવાસિની (સૌભાગ્યવતી સ્ત્રીઓ) ને હળદર, કંકુ, કંચુકી, વસ્ત્ર, સુગંધી અત્તર વગેરે આપી સન્માન કર્યું અને પૂજા કરી.

હે પાર્વતી ! પછી અનેક પ્રકારના પકવાનો જે દૂધ અને માવાના બનાવેલા હતા તે પોતાના આપ્તજનો સાથે બેસીને આરોગ્યાં. (૧૧-૧૨)

तत्श्चक्रे जागरणं जपन्ती विभुनामसा ।
वारांगना नृत्यगीतैरूपकैर्विविधैः शुभैः ॥१३॥
पुराण चर्यया नाना भगवद्गुण कीर्तनैः ।
तद्व्रतस्य प्रभावेण रेमे तत्रैव भूपतिः ॥१४॥

ત્યાર પછી તે રાણીએ રાતભર પ્રભુનામનો જપ કરી જાગરણ કર્યું. વારાંગનાને બોલાવી નૃત્ય-ગીત વાજીંત્રો સાથે નાટ્યરૂપકોનું આયોજન કર્યું. ભગવદ્ ગુણ કીર્તન તથા પુરાણોની ચર્ચા કરી. આમ આ વ્રતના પ્રભાવથી પ્રસન્ન થયેલા રાજાએ રાણી સાથે ત્યાં જ રમણ કર્યું. (૧૩-૧૪)

दिनानि कतिचित्तस्या विनयेन वशीकृतः ।
लेभे गर्भं ततो राज्ञी श्री विनायक तोषतः ॥१५॥
ततः शिष्टं प्रसादंतं समादाय समाययौ ।
सपत्न्या मंदिरं साध्वी तांददौ प्रेम संवुता ॥१६॥

- આ પ્રમાણે તે રાણીએ કેટલાક દિવસોમાં પોતાના વિનય-વિવેક અને સદ્ ગુણથી તે રાજાને વશ કર્યો. રાજાએ કેટલાક દિવસ સુનીતા રાણીના નિવાસ સ્થાને વીતાવ્યા. તે વખતે ભગવાનશ્રી સત્યવિનાયકની કૃપાથી આ સુનીતા ગર્ભવતી થઈ. (૧૫)

બીજી ઘટના એવી બની કે, તે સત્ય વિનાયક વ્રતના બીજે દિવસે બાકી રહેલો પ્રસાદ લઈ તે સાધ્વી સુનીતા પોતાની શોક્ય મદનાવતીના મહેલે આપવા ગઈ. અને તેને પ્રેમથી પ્રસાદ આપ્યો. (૧૬)

सा दुष्टभावा तां वीक्ष्य सरोषसृभृशं हृदि ।
तस्याः प्रसादमादाय मंदिरान्निरवासयत् ॥१७॥
प्रसादमपि तं रोषादूरंत्यक्तवती खला ।
रुष्टासुष्वाप सा मंचकोणे स्वांचलसंवृता ॥१८॥

પરંતુ દુષ્ટ સ્વભાવની મદનાવતીએ (સુનીતાને પોતાની શત્રુ સમજી) પોતાના મહેલમાંથી ગુસ્સો કરીને હાંકી કાઢી. અને તે દુષ્ટ સ્ત્રીએ પ્રસાદને પણ ગુસ્સાથી રસ્તામાં ફેંકી દીધો અને ક્રોધનો અંચળો ઓઢીને પોતાના પલંગમાં સૂઈ ગઈ. (૧૭-૧૮)

न ममर्ष समायातां पति प्रणय संयुताम् ।
प्रसादस्यापमानेन तद्‌भक्तायाश्छलेन च ॥१९॥
जातां कुष्ठयुतां दुष्टां प्रातस्तां वीक्ष्य भूपतिः ।
जहौ निर्भर्त्स्य कुटिलां सुनया निरतोऽभवत् ॥२०॥

- રાણી સુનીતા પર પતિનો પ્રેમ વધેલો જોઈ તે સહન કરી શકી નહિ. પ્રસાદના અપમાનથી અને સુનીતાની ભક્તિ સામે છળ કરવાથી એ દુષ્ટ સ્ત્રી (મદનાવતી) ને ગળતો કોઢ નીકળ્યો. સવારમાં તેને જોઈને તરત જ રાજાએ તિરસ્કાર કરી તે કુટિલ સ્ત્રીનો ત્યાગ કર્યો અને સુનીતાના પ્રેમને વશ થયો. (૧૯-૨૦)

सुषवे सां सुतं सुभ्रुः पंचोच्चग्रहमंडिते ।
शुभे महूर्ते राजापि ददौ दानानि भूरीशः ॥२१॥
ब्राह्मणेभ्यः पुत्रजन्म हृष्टचितो यथार्हतः ।
कृत्वा तज्जात कर्मादि ज्योतिर्विदनुमोदितः ॥२२॥

- ત્યાર પછી સુનીતાએ દિવસ પુરા થતાં જ્યારે પાંચ ગ્રહો ઉચ્ચના હતા ત્યારે એક પુત્રને જન્મ આપ્યો. આ સમાચાર રાજા ચંદ્રસેનને મળતાં પ્રસન્ન થયેલ રાજાએ બ્રાહ્મણોને તથા સુપાત્રોને ઘણાં પ્રકારના દાન આપ્યાં. આ બાળકના જાત કર્માદિ સંસ્કારો જ્યોતિષીઓના અનુમોદન અનુસાર કરવામાં આવ્યા. (૨૧-૨૨)

चक्रे लक्षप्रदं नाम्ना भूषयामास भूषणैः ।
अति प्रीति मति साध्वी सुनीता त्वभवत्तक्ष ॥२३॥
सिषेवेऽहर्निशं भक्तया प्रभुं सत्य विनायकम् ।
शिव उवाच -
बभूवातितरां रुग्णा खिन्ना सामदनावती ॥२४॥

એ બાળકનું નામ લક્ષપ્રદ રાખવામાં આવ્યું અને એને વિવિધ અલંકારો પહેરાવવામાં આવ્યા. આથી સાધ્વી સુનીતાને ઘણો જ આનંદ થયો અને તે પછી તે નિરંતર શ્રી સત્ય વિનાયકની ખૂબ જ પ્રેમભક્તિથી સેવા કરવા લાગી.

શિવજી બોલ્યા ! હે પાર્વતી ! આ બાજુ મદનાવતી એ સત્ય વિનાયકના પ્રસાદની અવગણના કરી અને સુનીતાનો તિરસ્કાર કીધો તેને લીધે સર્વાંગે કુષ્ઠ રોગ થતાં ચિંતાતુર બની. (૨૩-૨૪)

पश्चातापवती पश्चात्सपत्नीं शरणं ययौ ।
तामाह सा साधुशीला भज सत्य विनायकम् ॥२५॥
प्रसादस्यापमानेन दुःख भाकत्वं वरानने ।
ततो गुरुं समाहूय नता स्वपतिना सह ॥२६॥

- આ રીતનું પરિણામ મળવાથી તે મદનાવતીને પોતાના પાપકર્મોનો ઘણો જ પશ્ચાતાપ થયો. અંતે પોતાની ભૂલ સમજાતાં તે સુનીતાને શરણે ગઈ. ત્યારે સાધુ ચરિત્રવાળી તે સુનીતાએ તેના પર દયા લાવી કહ્યું કે - હે મદનાવતી ! તું પણ સત્ય વિનાયકનું વ્રત અને પૂજન કર. હે સુંદર મુખવાળી શ્રી સત્ય-વિનાયકના પ્રસાદનું અપમાન કરવાથી તારી આ દુર્દશા થઈ છે. તારે આ દુઃખ ભોગવવું પડયું છે. પછી સુનીતાએ ગુરુને પોતાના પતિ મારફત બોલાવીને ગુરુ મહારાજના ચરણમાં પતિ સાથે વંદન કર્યાં (૨૫-૨૬)

सपत्न्याश्चैव प्रच्छावमानाधहरं शुभम् ।
उपायं सततस्तस्याः सौहार्द परितोषितः ॥२७॥
कथयामास चन्द्रेण सापराधेन साधितम् ।
नामानि सुमुखाद्यानि जयपूर्वाणि सुंदरी ॥२८॥

- પછી તેમને પોતાની શોક્યે પ્રસાદના અપમાનરૂપ જે પાપ કર્યું હતું. તેનું નિવારણ કરવાનો ઉપાય પૂછયો ત્યારે સદ્ગુરુ મહારાજ તેના વિવેક-વિનય યુક્ત વચનોથી સંતોષ પામ્યા. અને અગાઉ ચંદ્ર દેવતાએ કરેલા અપરાધના નિવારણ માટે કરેલ સત્ય વિનાયકના વ્રતનું વર્ણન કર્યું અને તેને કહ્યું કે - હે સુંદરી ! सुमुखश्चैकदन्तश्च આ બારનામવાળા શ્રી ૐકાર સ્વરૂપ શ્રી મહાગણપતિ (સત્ય વિનાયક) નામના પહેલાં 'जय' શબ્દ અને વચ્ચે એક એક માસે એક એક નામ અનુક્રમે બોલી અંતે 'विनायक' શબ્દ એવી રીતે દરેક માસે ઉચ્ચાર કરવાનો નિયમ રાખવો. (૨૭-૨૮)

नित्यं विनायकां तानि प्रतिमासं पृथक् पृथक् ।
यावत्कार्यं भक्षाणाद्यं पूर्वमुक्तवा कुरुष्वतेते ॥२९॥
व्रतं चकारयामास पुनः पत्यातदर्थतः ।
तद्व्रतस्य प्रभावेण सापिरोगोज्झिता भवत् ॥३०॥

પુરાણમાં પ્રત્યેક માસમાં નામ ઉચ્ચારણનો ક્રમ માઘાદિમાસથી નીચે પ્રમાણે વર્ણવ્યો છે. તે એવી રીતે કે - માઘ (મહા) સુદ - ૪ ને દિવસે 'જય સુમુખ વિનાયક' એમ બોલવું તે પછી કંઈ પણ ખાવું, પીવું, જવું, આવવું તેમજ વાદ-વિવાદ કરવો. અથવા અન્ય કોઈપણ કાર્ય કરવું. આ પ્રમાણે અન્ય માસોમાં ઉચ્ચારવાના નામનો ક્રમ નીચે દર્શાવેલ છે.

(૧) માઘમાસમાં - જય સુમુખ વિનાયક, (૨) ફાગણ માસમાં - જય એક દંત વિનાયક, (૩) ચૈત્ર માસમાં જય કપિલ વિનાયક, (૪) વૈશાખ માસમાં જય ગજકર્ણ વિનાયક, (૫) જેઠ માસમાં જય લંબોદર વિનાયક, (૬) અષાઢ માસમાં જય વિકટ વિનાયક, (૭) શ્રાવણ માસમાં જય વિઘ્નનાશન વિનાયક, (૮) ભાદરવા માસમાં જય વિનાયક, (૯) આસો માસમાં જય ધૂમ્રકેતુ વિનાયક, (૧૦) કારતક માસમાં જય ગણાધ્યક્ષ વિનાયક, (૧૧) માગસર માસમાં જય ભાલચંદ્ર વિનાયક (૧૨) પોષ માસમાં જય ગજાનન વિનાયક.

આ ક્રમ પ્રમાણે બાર માસ પર્યંત બાર નામો બોલવાનો નિશ્ચય કરી વ્રત કરવાનો નિયમ ગ્રહણ કરવો. સૂચના કરી ભરદ્વાજ ગુરુએ મદનાવતી પાસે વ્રત કરાવવા સુનીતાને જ આજ્ઞા કરી તે વ્રત કરાવ્યું. જે વ્રતના પ્રભાવથી થોડા જ દિવસોમાં તે મદનાવતી તે કુષ્ટ રોગમાંથી મુક્ત થઈ. (૨૯-૩૦)

આ પ્રમાણે કરવાથી રોગ અને દુઃખનું અવશ્ય નિવારણ થાય છે. અને ભગવાન સત્ય વિનાયકની કૃપાથી તમામ મનોરથો પૂર્ણ થાય છે.

ततो दृष्ट प्रभावो सौ चन्द्रसेनो नृपोत्तमः ।
प्रतिमासं पुपूजैनं देवं सत्य - विनायकम् ॥३१॥
नित्यं नियम संयुक्त स्ताभ्यां स्त्रीभ्यां बभूवह ।
कृत्वा देवालयं चारु सौवर्णं रत्नभूषितम् ॥३२॥

આ રીતે માસ વ્રતનો મહિમા અને પ્રભાવ જોઈને તે ઉત્તમ રાજા ચંદ્રસેન

સત્ય વિનાયક દેવની દર માસે પૂજા કરી. દરરોજ પોતાની બે પત્ની મદનાવતી તેમજ સુનીતા સાથે નિયમ પાલનપૂર્વક વ્રત કરવા લાગ્યો. બંને સ્ત્રીઓ પણ સંપ અને ઐક્યતાથી રહેવા લાગી. અત્યંત પ્રેમ ભક્તિવાળા તે દંપતિએ પછી તો એક સુવર્ણનું રત્નજડિત દેવાલય (મંદિર) નું નિર્માણ કરાવ્યું.

तन्मध्ये स्थापयामास देवं सत्यविनायकम् ।
तत्पुरतीर्थममलं गुरोरुल्लंघनघहम् ॥३३॥
चक्रे ततःप्रपथे तद्भूवि कर्णावतंपुरम् ।
मुक्त्वा स विविधान्भागानीप्सितान्देव दुर्लभाम् ॥३४॥

- તે મંદિરમાં ખૂબ જ પ્રેમભક્તિ વડે (ૐકાર સ્વરૂપી સ્વતઃ સિધ્ધ સાકાર સ્વરૂપ શ્રી મહાગણપતિ) સત્ય વિનાયક - દેવની પ્રતિમાનું સ્થાપન કરાવ્યું. પછી તો તે નગર તીર્થ સમાન પવિત્ર બન્યું. સદ્ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન કરનારના દોષ હરનારું તીર્થ મંદિરની પાછળ નિર્માણ કરવામાં આવ્યું. ત્યારથી તે રાજાએ વસાવેલ 'કર્ણાવતપુર' નામનું નગર મોટા મોટા પાપ હરનારું પવિત્ર તીર્થ સમાન બની ગયું. જે સમગ્ર ભારતમાં સુપ્રસિદ્ધ છે. સત્યવિનાયકના મહિમાને લીધે જ છે. આ પ્રમાણે ચંદ્રસેનરાજાએ સત્યવિનાયક ભગવાનની કૃપાથી દેવોને પણ દુર્લભ એવા વિવિધ પ્રકારના ભોગો ભોગવ્યા અને વ્રત કરવાથી સર્વ રીતે સુખી થયો. (૩૩-૩૪)

पुत्रे राज्यं विनिक्षिप्य स्त्रीभ्यां कान्तारमाविशत् ।
व्रतप्रभावाच्छुद्धात्मा योग-साधन तत्परः ॥३५॥
स्वानंदमायुषोते स ययौ सत्य - विनायकम् ।
इदं व्रतं यः कुरुते नरः परम दुर्लभम् ॥३६॥

વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થતાં હે પર્વત કન્યા પાર્વતી, તે રાજા ચંદ્રસેને પોતાના પુત્રને રાજ્યનો ભાર સોંપીને, તે બંને સ્ત્રીઓ સાથે વનમાં જઈ વાન પ્રસ્થાશ્રમ ભોગવવા લાગ્યો. શ્રી સત્ય વિનાયકના વ્રતથી જેની બુદ્ધિ શુધ્ધ થઈ છે તેવો તે શુદ્ધાત્મા યોગની સાધના કરવામાં તત્પર બન્યો. આયુષ્યના અંતમાં બંને સ્ત્રીઓ સહવર્તમાન તે ધર્માત્મા રાજા ગુરુકૃપાથી પોતાના આનંદ સ્વરૂપ શ્રી સત્ય વિનાયક ભગવાનના સ્વાનંદલોકને પામ્યા.

જે મનુષ્ય આ પરમ દુર્લભ સત્ય વિનાયકનું વ્રત કરે છે. તે સર્વથી શ્રેષ્ઠ વૈકુંઠ કૈલાસાદિથી પણ શ્રેષ્ઠ) પદને પામે છે. જે પદ દેવોને પણ દુર્લભ છે. (૩૫-૩૬)

હવે સ્વાનંદલોક વિશે થોડું જાણવા પ્રયાસ કરીએ. શ્રી ગણેશજી વિભુ છે, સર્વવ્યાપક છે, આદ્ય-પ્રથમ પૂજ્ય દેવ છે. સર્વ-સૌંદર્ય નિધિ શ્રી ગણેશજી (સત્ય વિનાયક) પોતાના સ્વાનંદધામ (સ્વાનંદલોક) માં નિત્ય - નિરન્તર - નિવાસ કરતા સમસ્ત લોકોનું મંગલ કરતા રહે છે. તેથી મંગલમૂર્તિ તરીકે પણ ઓળખાય છે. ગણેશપુરાણના ઉપાસનાખંડમાં તેમનું 'સર્વ સૌન્દર્યકોશ' ના રૂપમાં વર્ણન ઉપલબ્ધ થાય છે -

परशुकमलधारी दिव्यमायाविभूषः ।
सकलदुरितहारी सर्वसौंदर्यकोशः ।
करिवरमुखशोभी भक्तवाञ्छाप्रपोषः ।
सुरमनुजमुनीनां सर्वविघ्नैकनाशः ॥ *(ગણેશ પુ. ૧/૧૫/૧૯)*

આ વાત સહજ સિદ્ધ છે કે સર્વ સૌંદર્યકોશનું પ્રતીક છે - તેમનું 'સ્વાનંદ ધામ (સ્વાનંદ લોક)'. પૂર્ણાનંદ, પરાનંદ અને પુરાણ પુરુષોત્તમ શ્રી ગણેશજીનું ધામ (સ્વાનંદલોક) આનંદથી પરિપૂર્ણ છે. તેમને 'ચિંતામણી-દ્વીપપતિ' કહેવામાં આવ્યા છે, કલ્પદ્રુમ વનાલય - કલ્પદ્રુમના ઉપવનમાં નિવાસ કરનારા એવું નિરૂપણ કરવામાં આવ્યું છે.

''चिन्तामणिद्वीपपतिः कल्पद्रुमवनालयः ।' *(ગણેશ સહસ્ત્રનામ સ્તોત્ર ૨૯)*

ગણેશપુરાણના ઉત્તરખંડના ૫૦મા અધ્યાયમાં મુગ્દલમુનિ દ્વારા શ્રી ગણેશજીના સ્વાનંદલોક અથવા ધામનું વર્ણન આ રીતે કરવામાં આવેલ છે -

તે સ્વાંદલોકમાં કામદાયિની શક્તિમય પીઠ પર સદા ગણેશજી બિરાજમાન રહે છે. આ સ્વાનંદલોક યા ધામ ચિંતામણિ દ્વીપનો જ પર્યાય છે.

'स कामदायिनी पीठे संतिष्ठति विनायकः ।'

શ્રી ગણેશજીનું આ સ્વાનંદધામ પાંચ હજાર યોજનામાં વિસ્તૃત છે. દિશાઓને પ્રકાશિત કરનારી તેની રત્નકાંચનમયી ભૂમિ છે. તે ઈક્ષુરસ

ાગરની મધ્યમાં વિરાજિત છે. વેદાધ્યયન, દાન, વ્રત, યજ્ઞ, જપ-તપથી આ ોઈપણ સ્થિતિમાં પ્રાપ્ત થઈ શકતું નથી. એની પ્રાપ્તિ તો ભક્તિના પરિણામ વરૂપ સત્યવિનાયક દેવની કૃપાથી જ થાય છે. વિઘ્નેશ્વર આમાં મષ્ટિ-વ્યષ્ટિરૂપથી નિવાસ કરે છે.

સ્વાનંદ ભવનની અમિત શોભા છે. એમાં ગજમુક્તામણિમય અસંખ્ય કાશમાન ગૃહ છે. દુઃખ અને મોહથી રહિત તે ગણેશલોક તેમની કૃપાથી પ્રાપ્ત થાય છે. તેના ઉત્તર ભાગમાં ઈક્ષુસાગર શોભા પામે છે. તેમાં સહસ્ત્ર ત્રોથી યુક્ત પદ્મિની છે. તેમાં ચંદ્રમા સમાન કાંતિમાન સહસ્ત્ર દળવાળું મળ શોભિત છે. તેની કર્ણિકામાં રત્ન કાંચનનિર્મિત શૈયા છે. દિવ્યામ્બરયુક્ત નાયક તેના ઉપર શયન કરે છે. સિધ્ધિ-બુદ્ધિ અત્યંત ભક્તિભાવથી તેમના રણોની સેવા કરતી રહે છે. ત્રણ મૂર્તિયોથી યુક્ત સામવેદ તેમનું ગાન કરે . શાસ્ત્રમૂર્તિમાન થઈને તેમની સ્તુતિ કરે છે. સમસ્ત પુરાણો તેમના દ્ગુણોનું વર્ણન કરે છે. તેમાં શુંડ-દંડથી વિભૂષિત બાલરૂપ ગણેશજી રાજમાન છે. તેમનું અંગ કોમળ છે. અરુણવર્ણ છે. તેમની મોટી-મોટી ાંખો છે અને એક દાંત છે. તે મુકુટ-કુંડલ, કસ્તુરી-તિલકથી શોભિત છે. માળા દિવ્ય છે. તેમનું અમ્બર પરિધાન (વસ્ત્ર) દિવ્ય છે. તેમના શરીરમાં દિવ્યગંધનો લેપ છે. તેઓ મુક્તામણિ ગણોથી યુક્ત રત્નજડિત હાર ધારણ રે છે. અનન્ત કોટિ સૂર્યોના સમાન તેજસ્વી છે. તેમના મસ્તક પર અર્ધચંદ્રનો ુકુટ છે. **'स्मरणाद् पापहा सद्य'** સ્મરણ માત્રથી શીઘ્ર પાપનો નાશ કરે છે.

તેમના પલંગ (પર્યંક)ની આજુબાજુ તેજોવતી અને જ્વાલિની બે શક્તિઓ દા નિકટ રહે છે. આ શક્તિઓ હજારો સૂર્યો સમાન તેજસ્વી છે.

સર્વ સૌન્દર્યનિધિ ગણેશજીનું સ્મરણ પરમ મંગલકારી છે. તેઓ સમસ્ત મૃદ્ધિ પ્રદાન કરે છે. તેમનું સ્વરૂપ-રૂપ, અંગ-પ્રત્યંગ, આભરણ-આભૂષણ, રિધાન, પરિવાર, પ્રતિહાર, પાર્ષદ, વાહન તથા લોકાદિ બધું જ દિવ્ય છે. મનાથી પરમાનંદની પ્રાપ્તિ થાય છે. તેમના ચિન્તનથી મોટી શાંતિ અને આત્મતૃપ્તિની ઉપલબ્ધિ થાય છે. તે સંસારયાત્રા કરનારાઓનો શ્રમ હરી લે છે. તેમના ચરણ કમળના ધ્યાનથી આલોક અને પરલોક બંને સફળ થઈ

જાય છે. તેઓ પાપવૃક્ષનો નાશ કરી, વિઘ્નોના કિલ્લાને ધૂળમાં ફેરવી નાંખી પોતાના સ્વજનોના - સમસ્ત સંસારના પ્રાણીઓના આનંદ-સંવર્ધન કરનારા છે. નિઃસંદેહ ગણેશજી પરમ સમર્થ છે. તેઓ સમસ્ત મનોરથ અને સંકલ્પ પૂર્ણ કરે છે.

ધર્માત્મા રાજા ચંદ્રસેન આયુષ્યના અંતમાં બંને સ્ત્રીઓ સહવર્તમાન સત્યવિનાયકનું વ્રત કરીને સ્વાનંદ લોકને પામ્યા તે આપણે જાણ્યું.

श्रुणुयाच्च कथां पुण्यां भुक्तिमुक्ति प्रदायिनीम् ।
सर्वान्कामानवाप्नोति सद्यः सत्यविनायकात् ॥३७॥
पुत्रार्थी लभते पुत्रान् धनकामो लभेद् धनम् ।
भार्यार्थी लभते भार्या व्रती सद्यौ नगात्मने ॥३८॥

- ભુક્તિ અને મુક્તિ આપનારી આ સત્યવિનાયકની પવિત્ર કથા જે માણસ પ્રેમભક્તિથી શ્રવણ કરે છે. તેમની સઘળી ઈચ્છા સત્યવિનાયકની કૃપાથી શીઘ્ર પૂર્ણ થાય છે. પુત્રાર્થીને પુત્ર મળે છે, ધનાર્થીને ધન મળે છે. પત્નીની ઈચ્છાવાળાને પત્ની પ્રાપ્ત થાય છે. હે નગાત્મજા (પાર્વતી), આ પ્રમાણે ફળદાતા સત્ય વિનાયકની કૃપાથી વ્રત કરનારને ઈચ્છા પ્રમાણે જલ્દીથી સર્વ વસ્તુની પ્રાપ્તિ થાય છે. (૩૭-૩૮)

अन्ते स्वानंदमाप्नोति भुक्तवा भोगान्मनोगतान् ।
पार्वत्युवाच -
वरदायां कथं सेव्यः प्रसादो व्रतिना शिव ॥३९॥
शिव उवाच -
तिष्ठेत्स्वीकृत्य तीर्थं तत्तदिने नियतोव्रती ।
पंचम्यां सेवयेत्पश्चात्पारणावसरे प्रिये ॥४०॥

- તે અંતે મનવાંછિત ભોગ ભોગવીને સ્વાનંદલોકને પ્રાપ્ત થાય છે. આ સાંભળી પાર્વતી બોલ્યા : હે શંકર ! આ સત્ય વિનયાક વ્રત ભાદરવા સુદ-૪ને દિવસે (વરદ ચતુર્થીએ) આચરવું એવું આપે કહ્યું પરંતુ તે દિવસ વ્રત ઉપોષણ (ઉપવાસ)નો હોવાથી ઘઉંનો આટો વગેરેનો પ્રસાદ (લાડુ) વગેરેનો સ્વીકાર કેવી રીતે થાય ? તે અંગે ખુલાસો કરો.

- પાર્વતીનો સૂચક પ્રશ્ન સાંભળીને ભગવાન શંકર બોલ્યા : વરદ ચતુર્થીના રોજ વ્રત કરનારાએ અગરે ગમે તે ચતુર્થી (ચોથ) નું વ્રત કરનારાએ વ્રત હોવાથી તે દિવસે માત્ર ઉપવાસ જ કરવાનો છે. તેથી દેવતીર્થ (ચરણામૃત) માત્ર જ લેવાનું છે અને પંચમી દિવસે (બીજે દિવસે) પ્રભુનો પ્રસાદ પારણાં કરતી વેળાએ લેવો એટલે અપમાન કહેવાય નહિ. (૩૯-૪૦)

सूत उवाच -
इति वः कथितं नाना कथांतर समन्वित् ।
व्रतं विनायकस्येदं शौनकाद्या महर्षयः ॥४१॥
यथा शिवेन कथितं गिरजायै शुभावहम् ।
ब्रह्मणा नारदायोक्त मादरात्परिपृच्छते ॥४२॥
कलेर्मलहर पूर्णं सद्यः प्रत्ययकारकम् ।४३॥

- સૂત પુરાણી બોલ્યા : હે શૌનકાદિ ઋષિજનો, આ પ્રમાણે વિવિધ કથાઓવાળું શ્રી સત્ય વિનાયકનું વ્રત કહ્યુ. આ વ્રતનો મહિમા ભગવાન શંકરે ગિરિજા (પાર્વતી) ને કહી સંભળાવ્યો હતો. અને નારદજીએ આદર પૂર્વક પૂછવાથી બ્રહ્માજીએ નારદમુનિને આ વ્રત કહ્યુ. મેં જેમ સાંભળ્યું તેમ આ કળિયુગના પાપોથી મુક્ત થવા માટે તરત જ અનુભવ આપનાર આ ચરિત્ર તમને કહી સંભળાવ્યું છે. તે પ્રમાણે વ્રત કરનાર આજીવનમાં સુખી થઈ અંતે સ્વાનંદલોકને પામે છે.

અહીં જે માલવદેશના રાજા ચંદ્રસેનની બે રાણીઓ વચ્ચેનો સંઘર્ષ વર્ણવવામાં આવ્યો છે. તેથી કથા ચોથા અધ્યાયથી શરૂ થઈ છે. ચોથા અધ્યાયમાં ચંદ્રસેનની પ્રથમ પત્ની પોતાના પતિનો એક ધર્મ સંપન્ન, દાનેશ્વરી અને તેજસ્વી રાજવી તરીકે પરિચય આપે છે. તે ઘણા પરાક્રમી છે. તેની હું સુશીલા નામે પુત્ર વર્જિતા રાણી છું.

'तस्याहं महिपी नाम्ना सुशीला पुत्रवर्जिता ॥७॥'

એમ કહી પોતાનું નામ સુશીલા છે. એવું કહે છે અને રાજા ચંદ્રસેનની બીજી નવી રાણી છે તેનું નામ મદનાવતી છે.

अतः परावृता जाया नाम्ना सामदनावती ॥८॥

પરંતુ કથાના પાંચમા અધ્યાયના ૨૩મા શ્લોકમાં આ પ્રમાણે વર્ણન છે.

चक्रे लक्षाप्रदं नाम्ना भुषेया मास भूषणैः ।
अति प्रीतिमती साध्वी सुनीतात्व भवत्सदा ॥२३॥

તે રાણી (સુનીતા)ના પુત્રનું નામ લક્ષપ્રદ રાખવામાં આવ્યું અને વિવિધ પ્રકારના અલંકાર તેમને પહેરાવ્યા. આ જોઈને સુનીતાને બહુ જ આનંદ થયો. આમ અગાઉ જે ચંદ્રસેનની રાણીનું નામ સુશીલા જણાવ્યું છે. તેને જ અહીં સુનીતા કહેવામાં આવી છે. આ રાણી સુશીલા એટલે સારા ચારિત્ર્યવાળી અને સુનીતા એટલે સારી રીતે લાવવામાં આવેલ નીતિવાળી એવો અર્થ પણ ઉચિત છે. આમ બંને નામ સાર્થક છે. આ કંઈ મોટો ભેદ નથી.

આ અધ્યાયમાં ચંદ્રસેન રાજાની પુત્રવર્જિતા રાણી સુશીલા ચારિત્ર્યવાળી હોવા છતાં તેની શોક્ય મદનાવતીના પ્રભાવ હેઠળ રાજાએ તેનો ત્યાગ કર્યો હતો. પરંતુ સત્ય વિનાયક વ્રતના પ્રભાવથી રાજાએ તેનો ફરીથી સ્વીકાર કર્યો એટલે સુશીલા સુનીતા બની ગઈ. તે લક્ષપ્રદ નામના પુત્રને જન્મ આપ્યો. એટલે કહી શકાય કે રાજારાણીનું લક્ષ્ય પુત્ર થયું. મદનાવતી એ સત્યવિનાયકના પ્રસાદનો ત્યાગ કર્યો અને ગલિતકુષ્ટ રોગની ભોગ બની. તેને [illegible]સમજાતાં સત્ય વિનાયકનું વ્રત કર્યું અને મંદિર બનાવ્યું. રાજાએ યોગ સાધના કરી બંને રાણી સહિત સ્વાનંદ લોકને પામ્યા. આ કથાના પાંચમા (અંતિમ) અધ્યાયની ફલશ્રુતિ સ્વાનંદ લોકની પ્રાપ્તિ છે. આમ તમામ પ્રકારના કષ્ટ નિવારણ અન સુખ પ્રાપ્તિ માટે શ્રી સત્ય વિનાયકનું વ્રત કેટલું મહત્વપૂર્ણ છે. તે સમજી શકાય તેવું છે.

इति श्री व्रह्मांडपुराणे शिवपार्वती संवादे
सत्याविनायकोपाख्याने पंचमोऽध्यायः ॥५॥ ॐ ॐ ॐ

આ પ્રકારે શ્રી બ્રહ્માંડપુરાણનો શિવ-પાર્વતીના સંવાદરૂપ શ્રી સત્યવિનાયક કથાનો સ્વાનંદી ટીકા સાથે પાંચમો (અંતિમ) અધ્યાય સંપૂર્ણ.

ॐ ॐ ॐ

## શ્રી ગણેશપ્રિય ચતુર્થી (ચોથ)ના વ્રતની વિધિ અને માહાત્મ્ય

### ચતુર્થી તિથિની શ્રેષ્ઠતા :

શિવપુરાણની કથા છે. શ્વેત કલ્પમાં જ્યારે ભગવાન્ શંકરના અમોઘ ત્રિશૂળથી પાર્વતીનંદન દંડપાણિનું મસ્તક કપાઈ ગયું, ત્યારે પુત્ર વત્સલા જગ જજનની શિવા અત્યન્ત દુઃખી થઈ. તેમણે ઘણી એવી શક્તિઓ ઉત્પન્ન કરી અને તેને પ્રલય મચાવવાની આજ્ઞા આપી દીધી. તે પરમ તેજસ્વી શક્તિઓએ સર્વત્ર સંહાર કરવો શરૂ કર્યો. પ્રલયનું દ્રશ્ય ખડું થઈ ગયું. દેવગણ હાહાકાર કરવા લાગ્યા, ત્યારે સમસ્ત ભયનાશિની જગદંબાને પ્રસન્ન કરવા માટે દેવતાઓએ ઉત્તર દિશામાંથી હાથીનું મસ્તક લાવીને શિવા-પુત્રના ધડ સાથે જોડી દીધુ. મહેશ્વરના તેજથી પાર્વતીપુત્ર જીવિત થઈ ગયા.

પોતાના પુત્ર ગજમુખને જીવિત જોઈને ત્રૈલોક્યજનની શિવા અત્યત પ્રસન્ન થઈ. તે સમયે દયામયી પાર્વતીને પ્રસન્ન કરવા માટે બ્રહ્મા, વિષ્ણુ, શિવ આદિ સર્વ દેવતાઓએ તે ગણેશને 'સર્વાધ્યક્ષ' ઘોષિત કરી દીધા.

તે સમયે અત્યંત પ્રસન્ન દેવાધિદેવ મહાદેવે પોતાના વીર પુત્ર ગજાનનને એક વર પ્રદાન કરતાં કહ્યું - 'વિઘ્નનાશન' તારું નામ સર્વશ્રેષ્ઠ હશે. તું સર્વનો પૂજ્ય છે. તું મારા સર્વગણોનો અધ્યક્ષ બની જા.'

ત્યાર બાદ પરમ પ્રસન્ન ભક્ત વત્સલ આશુતોષે ગણપતિને ફરીથી વરદાન આપતાં કહ્યું - 'ગણેશ્વર તું ભાદરવા માસની કૃષ્ણપક્ષ(વદ)ની ચતુર્થી(ચોથ)ના દિવસે ચંદ્રમાના સુભોદય થવાના સમયે ઉત્પન્ન થયો છે. જે સમયે ગિરિજાના સુંદર ચિત્તથી તારું રૂપ પ્રગટ થયું, તે સમયે રાત્રિનો પ્રથમ પ્રહર પસાર થઈ રહ્યો હતો. એટલા માટે તે દિવસથી આરંભીને તે તિથિમાં (પ્રતિમાસ) તારું ઉત્તમ વ્રત કરવું જોઈએ. આ પરમ શોભારૂપ અને સંપૂર્ણ સિધ્ધિઓનું આપનારું હશે.'

પછી સર્વસુહૃદ્ પ્રભુ પાર્વતીવલ્લભે ગણેશ ચતુર્થીના દિવસે અત્યંત શ્રધ્ધાભક્તિ પૂર્વક ગજમુખ (ગણેશ) ને પ્રસન્ન કરવા માટે વ્રત, ઉપવાસ અને

પૂજનનું માહાત્મ્ય ગાયું અને કહ્યું - 'જે લોકો વિવિધ પ્રકારના ઉપચારોથી ભક્તિપૂર્વક તારી પૂજા કરશે તેમના વિઘ્નોનો સદાને માટે નાશ થઈ જશે અને તેના કાર્યની સિધ્ધિ થતી રહેશે.' બધા વર્ણોના લોકોએ અને વિશેષ કરીને સ્ત્રીઓએ આ પૂજા અવશ્ય કરવી જોઈએ.

'ગણેશપુરાણમાં ભાદરવા સુદ ચોથે મધ્યાહ્નકાળમાં પણ આદિદેવ ગણેશના પૂજનનું માહાત્મ્ય વર્ણવ્યું છે. કથા આ પ્રમાણે છે - ગણેશ દર્શનની તીવ્ર લાલસાથી શિવપ્રિયા લેખનાદ્રિના એક રમણીય સ્થાન પર ગણેશજીનું ધ્યાન કરતાં તેના એકાક્ષરી મંત્રનો જપ કરવા લાગી. આ પ્રમાણે બાર વર્ષ સુધી કઠોર તપ કરવાથી ગુણવલ્લભ ગણેશજી સંતુષ્ટ થયા અને પાર્વતીની સન્મુખ પ્રગટ થઈને તેઓએ તેમના પુત્રના રૂપમાં અવતરિત થવાનું વચન આપ્યું.'

ભાદરવા સુદ ચોથનો મધ્યાહ્નકાળ હતો. તે દિવસે સોમવાર સ્વાતિનક્ષત્ર અને સિંહલગ્નનો યોગ હતો. પાંચ શુભ ગ્રહ એકત્ર હતા. જગજજનની શિવાએ ગણેશજીની ષોડશોપચારથી પૂજા કરી અને તે સમયે તેમની સન્મુખ અમિત મહિમામય, કુંદધવલ, ષડ્ભુજ (છ હાથવાળા) ત્રિનયન ભગવાન્ ગુણેશ પુત્ર રૂપમાં પ્રગટ થયાં.

ભક્ત સુખદાયક પરમપ્રભુ ગણેશની પ્રાગટ્ય તિથિ હોવાથી ભાદરવા સુદ ચોથ દયાધામ ગુણેશની વરદાતિથિ તરીકે ઓળખાય છે. તે દિવસે મધ્યાહ્નકાળમાં ભગવાન્ ગણેશની માટીની મૂર્તિ (પાર્થિવ ગણેશ) બનાવી શ્રધ્ધાભક્તિપૂર્ણ પૂજા અને મંગલમૂર્તિ પ્રભુનું સ્મરણ, ચિન્તન અને નામજપનું અમાપ માહાત્મ્ય છે. તે પુણ્યમય તિથિ અત્યંત ફળદાયિની કહેવાય છે. ચાર મુખવાળા બ્રહ્માએ પોતાના મુખારવિન્દથી કહ્યું છે કે - 'આ ચતુર્થી વ્રતનું નિરૂપણ અને માહાત્મ્ય ગાવું શક્ય નથી.'

चतुर्थ्यां महिमानं नो न शक्यं सुनिरूपितम् । *(ગણેશ પુ. ૨/૮૨/૩૪)*

મુગ્દલ પુરાણની કથાનુસાર પરમ પરાક્રમી લોમાસુરથી ત્રાસેલા દેવતાઓએ તેના વિનાશ માટે પરમ પ્રભુ ગજાનનની પ્રાર્થના કરી. દયામય

ગજમુખ આ મહાન અસુરના વિનાશ માટે પરમ પાવની ચોથની તિથિએ મધ્યાહ્ન અવતરિત થયા જેથી તે તિથિ તેમની પ્રીતિ દાયિની થઈ.

### ચોથની ઉત્પત્તિ, તપ અને વરપ્રાપ્તિ :

મુગ્દલ પુરાણ અનુસાર અત્યંત પવિત્ર'વરદા ચતુર્થીની ઉત્પત્તિની કથા'ટૂંકમાં આ પ્રમાણે છે.

લોકપિતામહ બ્રહ્માજીએ સૃષ્ટિ રચના ઉપરાંતના અનેક કાર્યોની સિદ્ધિ માટે પોતાના હૃદયમાં શ્રી ગણેશજીનું ધ્યાન કર્યું. તે સમયે તેમના શરીરમાંથી પરાપ્રકૃતિ, મહામાયા, તિથિઓની જનની કામરૂપિણી દેવી પ્રગટ થઈ. તે પરમ લાવણ્યમયી દેવીના ચાર પગ, ચાર હાથ અને ચાર સુંદર મુખ હતા. તેમને જોઈને વિધાતા અત્યંત પ્રસન્ન થયા.

તે મહાદેવીએ સૃષ્ટાના ચરણ કમળોમાં પ્રણામ કરી અનેક સ્તોત્રોથી તેમનું સ્તવન કરીને નિવેદન કર્યું કે - 'બ્રહ્માંડનાયક ! હું આપના શુભ અંગોથી ઉત્પન્ન થઈ છું. આપ મારા પિતા છો. આપ મને આજ્ઞા પ્રદાન કરો, હું શું કરું ? પ્રભો ! આપના પાવન પદ-પદ્મોમાં મારાં વારંવાર પ્રણામ છે. આપ મને રહેવા માટે ઉચિત સ્થાન અને વિવિધ ભોગ્ય પદાર્થો પ્રદાન કરો.'

લોકસૃષ્ટાએ શ્રી ગણેશજીનું સ્મરણ કરી ઉત્તર આપ્યો - 'તું અદ્‌ભુત સૃષ્ટિની રચના કર.' અને પછી પ્રસન્ન ચિત્ત બ્રહ્માજીએ તેમને શ્રીગણેશજીનો 'वक्रतुण्डाय हुम्' - એવો ષડક્ષર મંત્ર આપ્યો.

મહિમામયી દેવીએ ભગવાન વેદગર્ભના ચરણોમાં ભક્તિપૂર્વક પ્રણામ કર્યા અને ત્યારબાદ તેણે વનમાં જઈને શ્રી ગણેશજીનું ધ્યાન કરીને ઉગ્ર તપ કરવા લાગી. દિવ્ય એક હજાર વર્ષ સુધી તપ કરતી રહી.

તેમની તપસ્યાથી દેવ દેવ ગજાનન પ્રગટ થયા અને તેમને કહ્યું - 'મહાભાગે ! હું તારા નિરાહાર તપશ્ચરણથી અત્યંત પ્રસન્ન છું, ઈચ્છિત વર માંગો.'

પરમપ્રભુની સુખદ વાણી સાંભળીને મહિમામયી માતાએ હર્ષ ગદ્‌ગદ

કંઠથી તેમનું સ્તવન કર્યું. આથી સંતુષ્ટ થયેલા મૂષકવાહને ફરી કહ્યું - 'દેવી હું સંતુષ્ટ થયો છું. તમારી પોતાની ઈચ્છા વ્યક્ત કરો.'

સાશ્રુનયના દેવીએ પરમ પ્રભુ ગજાનનના પાવતમ ચરણોમાં પ્રણામ કરીને નિવેદન કર્યું - 'હે કરૂણાનિધિ ! આપ મને આપની સુદૃઢભક્તિ પ્રદાન કરો. મને સૃષ્ટિ સર્જનનું સામર્થ્ય પ્રાપ્ત થાવ. હું આપની સદાપ્રિય બની રહું અને મારો આપની સાથે કદાપિ વિયોગ થાય નહિ.'

સ્વીકૃતિ સૂચક - ૐનું ઉચ્ચારણ કરી પરમ પ્રભુએ વરદાન આપ્યું - 'ચતુર્વિધ ફળપ્રદાયિની દેવિ ! તું મને સદા પ્રિય રહેશે. તું સમસ્ત તિથિઓની માતા થશે અને તારું નામ 'ચતુર્થી' હશે. તારો વામભાગ 'કૃષ્ણ(કાળો)' અને દક્ષિણ(જમણો) ભાગ શુકલ(શ્વેત) હશે. નિઃસંદેહ તું મારી જન્મતિથિ થશે. તારું ચોથનું વ્રત કરનારનું વિશેષરૂપથી પાલન કરીશ. અને આ વ્રત સમાન અન્ય કોઈ વ્રત હશે. નહિ.'

આમ કહીને ભગવાન ગજમુખ અંતર્ધાન થયા. તિથિઓની માતા ચતુર્થીએ શ્રી ગણેશજીના ધ્યાનપૂર્વક સૃષ્ટિ રચના કરવા માંડી. સહસા તેનો ડાબો ભાગ કૃષ્ણ(કાળો) અને જમણો ભાગ શ્વેત (સફેદ) થઈ ગયો. મહાભાગ્યવતી શુકલવર્ણા અત્યંત વિસ્મિત થઈ તેમણે ફરીથી ગણાધ્યક્ષનું ધ્યાન કરતાં રહી સૃષ્ટિ રચનાનો ઉપક્રમ કર્યો કે જેથી તેના મુખારવિંદથી પ્રતિપદા (પડવો), નાસિકા (નાક) માંથી દ્વિતીયા (બીજ), વક્ષસ્થળ (છાતી) માંથી તૃતીયા (ત્રીજ), આંગળીઓમાંથી પંચમી (પાંચમ), હૃદયથી ષષ્ઠી (છઠ), નેત્રોથી સપ્તમી (સાતમ), બાહુથી અષ્ટમી (આઠમ), ઉદરથી નવમી(નોમ), કાનથી દશમી (દશમ), કંઠથી એકાદશી (અગિયારસ), પગથી દ્વાદશી (બારસ), સ્તનથી ત્રયોદશી (તેરસ), અહંકારથી ચતુર્દશી (ચઉદશ) અને મનથી પૂર્ણિમા (પૂનમ) તથા જીભથી અમાવસ્થા (અમાસ) તિથિ પ્રગટ થઈ.

સર્વ તિથિઓ સહિત બંનેય ચતુર્થી (ચોથ) એ ભગવાન ગજમુખના ધ્યાન અને નામ જપની સાથે તપશ્ચરણનો પ્રારંભ કર્યો. આ પ્રકારે તેમના એક

વર્ષ પર્યંત્તના તપથી ભક્તવત્સલ પ્રભુવિઘ્નેશ્વર પ્રગટ થયા. તે મધ્યાહ્નમાં શુક્લચતુર્થીની પાસે જઈને બોલ્યા - 'વર માંગો'

શુક્લ ચતુર્થીએ આદિદેવ ગજમુખના ચરણોમાં પ્રણામ કરી તેમની પૂજા કરી અને સ્તુતિ કરી. ત્યાર પછી તેણે કહ્યું - 'પરમપ્રભુ ગજમુખ ! હું આપનું વાસસ્થાન બનું અને આપ મને આપની શાશ્વતી ભક્તિ પ્રદાન કરો.'

દયામય ગજમુખે વરદાન આપ્યું - "તને મધ્યાહ્નમાં મારું દર્શન પ્રાપ્ત થયું છે. એટલા માટે મધ્યાહ્નકાળમાં શિવાદિ દેવગણ મારું ભજન કરશે, સુદની ચતુર્થીએ મારા ભક્તજનો સદા તમારું વ્રત કરશે. જે તેઓ નિરાહાર રહીને મારી સાથે તારી ઉપાસના કરશે. તેના સંચિત કર્મ-ભોગ સમાપ્ત થઈ જશે. અને તેમને હું સર્વ કાંઈ ઈચ્છિત આપીશ. તારું નામ 'વરદા' હશે."

આટલું કહીને શ્રીગણેશજી અંતર્ધાન થયા અને ભગવતી શુકલ ચતુર્થી 'વરદા' નામથી પ્રખ્યાત થઈ. તે ગણેશજીની અત્યંત પ્રિય બની ગઈ. તે દિવસે વ્રતની સાથે ગણેશજીની ઉપાસના કરી પાંચમના દિવસે સવિધિ પારણા કરવાથી નક્કી મનુષ્ય ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સર્વ કંઈ પ્રાપ્ત કરે છે. વ્રતીની તમામ મનોકામના પૂર્ણ થાય છે, અને દેહાન્તે તે અતિશય સુખદાયક ગણેશધામ (સ્વાનંદલોક) ને પામે છે.

આ ઉપરાંત ભગવાન્ ગણપતિએ રાત્રિના પ્રથમ પ્રહરમાં ચંદ્રમાના ઉદય સમયે કૃષ્ણ ચતુર્થી (વદ ચોથ) સમીપ પહોંચીને કહ્યું. 'મહાભાગ્યવતી ! તું વરદાન માંગ. હું તારી અભિલાષા પૂરી કરીશ.'

વિઘ્નનિઘ્ન પ્રભુના દર્શન અને તેમના વચનથી પ્રસન્ન થઈને ભગવતી કૃષ્ણ ચતુર્થી (વદ ચોથ) એ તેમના મંગલમય ચરણોમાં પ્રણામ કરી તેમની વિધિવત્ પૂજા કરી. પછી તેમનું સ્તવન કરી નિવેદન કર્યું - 'મંગલમય લંબોદર ! જો આપ મારા ઉપર પ્રસન્ન છો તો કૃપાપૂર્વક આપ મને આપની સુદઢ ભક્તિ પ્રદાન કરો. હું આપને સદાપ્રિય રહું અને મારાથી આપનો ક્યારેય વિયોગ ન થાય. આપ મને સર્વમાન્ય કરી દો.'

કૃષ્ણ ચતુર્થીની શ્રધ્ધાભક્તિપૂર્ણ વાંણીથી પ્રસન્ન થઈ મહોદરે વરદાન આપતાં કહ્યું - 'મહાતિથે ! તું મને સદાપ્રિય રહેશે. અને તારાથી મારો

ક્યારેય વિયોગ નહિ થાય. ચંદ્રોદય સમયે તેં મને પ્રાપ્ત કર્યો છે, એટલા માટે ચંદ્રોદય વ્યાપિની થવા સમયે તું મને અત્યધિક પ્રિય થશે. મારા પ્રસાદથી તું તે સમયે અન્ન-જળ ત્યાગીને ઉપાસના કરનારાઓના સંકટ હરણ કરે.' તે દિવસે વ્રતોપવાસ કરનારાને તું ધર્મ, અર્થ, કામ, મોક્ષ સર્વ કંઈ પ્રદાન કરશે. તેમની સમસ્ત કર્મરાશિ નાશ પામશે, અને તેઓ નક્કી આ લોકના સમસ્ત સુખો ભોગવી અંતમાં જન્મમૃત્યુના પાશમાંથી મુક્ત થઈ મારા દુર્લભ ધામમાં જશે. સંકટ હારિણી દેવિ ! નિસ્સંદેહ મારી કૃપાથી તુ સર્વદા સર્વ લોકોને આનંદ આપનારી થશે.

તે દિવસે યતિ મારું વ્રત નિરાહાર રહીને કરે. બીજા લોકો રાત્રિમાં ચંદ્રોદય થયા પછી મારું પૂજન કરી બ્રાહ્મણની સાક્ષીએ (તેમને ભોજન કરાવીને) પોતે ભોજન કરવું. પૂજન બાદ તે દિવસે શ્રાવણમાં લાડુ (મોદક) અને ભાદરવામાં દહીંનું ભોજન કરવું જોઈએ. આસો માસમાં નિરાહાર રહેવું. કારતકમાં દૂધ પીવું, માગસરમાં જલાહાર, અને પોષમાં ગોમૂત્ર લેવું, મહા મહિનામાં સફેદ તલ, ફાગણમાં સાકર, ચૈત્રમાં પંચગવ્ય, વૈશાખમાં કમળકાકડી (પદ્મબીજ), જેઠમાં ગાયનું ઘી અને અષાઢમાં મધનું ભોજન કરવું જોઈએ.

મહિમામયી ચતુર્થી વ્રત કરનારની સમસ્ત કામનાઓ પૂર્ણ કરનારી છે. આ વ્રતના પ્રભાવથી ધન-ધાન્ય અને આરોગ્યની પ્રાપ્તિ થાય છે, સમસ્ત આપત્તિ નષ્ટ થાય છે. એટલા માટે જો શક્ય હોય તો પ્રત્યેક માસની બંને ચોથની તિથિએ શ્રી ગણેશજીનું પૂજન કરવું અને આ સંભવ ન હોય તો ભાદરવા વદ ચોથ 'બહુલા' કારતક વદ ચોથ 'કરકા' (કરવા) અને મહા વદચોથ 'તિલકા' નું વ્રત કરી લેવું. રવિવાર અથવા મંગળવારથી યુક્ત ચોથનું અમિત માહાત્મ્ય છે. આ પ્રકારે એક ચોથનું વ્રત વિધિપૂર્વક કરવાથી વર્ષભરની ચોથના વ્રતનું ફળ પ્રાપ્ત થઈ જાય છે.

વદપક્ષની ઘણું કરીને તમામ ચોથ કષ્ટનિવારણ કરનારી છે અને તેમાં ચંદ્રોદય વ્યાપિની ચોથમાં વ્રતની પૂજાનું વિધાન કરવામાં આવ્યું છે. જો બંને દિવસે ચોથ ચંદ્રોદય વ્યાપિની હોય તો તૃતીયાથી વિદ્ધા પૂર્વા (એટલે ત્રીજ

ઉપર ચોથ થતી હોય) તે તિથિનો સ્વીકાર કરવો જોઈએ. કારણે કે **'માતૃવિદ્ધા ગણેશ્વરે'** ગણેશ્વરના વ્રતમાં માતૃતિથિ (તૃતીયા) થી વિદ્ધા ચતુર્થી ગ્રહણ કરવામાં આવે છે. આ વચન પ્રાપ્ત થાય છે. અને બંને દિવસોમાં જો ચંદ્રોદય વ્યાપિની ન હોય તો પરા ચતુર્થી લેવી જોઈએ. (વ્રતરાજ)

જો તે બંને દિવસે ચંદ્રોદય વ્યાપિની હોય યા ન હોય તો **'માતૃવિદ્ધા પ્રશસ્યતે'** ના અનુસાર પૂર્વવિદ્ધા લેવી જોઈએ. (વ્રતપરિચય) અન્ય વિદ્વાનોનો મત છે કે... તૃતીયાયુક્ત ચતુર્થી આ વ્રત માટે શ્રેષ્ઠ અવશ્ય માનવામાં આવી છે, પરંતુ જ્યારે સૂર્યાસ્ત થવા પહેલા તૃતીયામાં છ ઘડી ચતુર્થીનો પ્રવેશ થતો હોય, પહેલા દિવસે ચંદ્રોદયકાળમાં તિથિનો અભાવ હોય તો બીજા દિવસે જ વ્રત કરવું જોઈએ.

આ વિષયમાં ધર્મશાસ્ત્રીય નિર્ણય આ પ્રમાણે છે - સંકષ્ટ ચતુર્થી ચંદ્રોદય-વ્યાપિની ગ્રાહ્ય છે. જો બે દિવસ ચોથ હોય અને બીજા દિવસની ચોથ ચંદ્રોદય વ્યાપિની હોય તો બીજા દિવસે જ વ્રત કરવું જોઈએ. જો બંને દિવસે ચંદ્રોદય-વ્યાપિની તિથિ હોય તો પહેલા દિવસની તૃતીયાયુક્ત (ત્રીજ ઉપર ચોથ) ચતુર્થીને જ વ્રત માટે ગ્રહણ કરવી જોઈએ. અને જો બંનેય દિવસની ચતુર્થી ચંદ્રોદય-વ્યાપિની ન હોય તો બીજા દિવસે જ વ્રતનું પાલન કરવું જોઈએ (ગણેશકોશ)

**વર્ષભરના ચતુર્થી વર્તોની સંક્ષિપ્ત માહિતીઃ**

(૧) ચૈત્ર માસની ચોથના દિવસે વાસુદેવ સ્વરૂપ ગણેશની વિધિપૂર્વક પૂજા કરી બ્રાહ્મણને સુવર્ણ દક્ષિણા આપવાથી વ્રતી મનુષ્યને દેવતાઓ વંદન કરે છે અને વિષ્ણુલોકમાં તેની ગતિ થાય છે. ચૈત્રમાસમાં 'દમનક પત્રો' (દોના વૃક્ષના પાંદડા) થી પૂજન કરવાથી મનુષ્યને સકળ સુખ પ્રાપ્ત થાય છે. (અગ્નિપુરાણ)

(૨) વૈશાખ માસમાં ચોથના દિવસે સંકર્ષણ ગણેશની પૂજા કરી બ્રાહ્મણોને શંખનું દાન કરવાથી મનુષ્યોને સંકર્ષણ લોકમાં કલ્પો સુધી રહેવાનું સુખ પ્રાપ્ત થાય છે.

(૩) જેઠ માસમાં ચોથના દિવસે પ્રદ્યુમ્નરૂપી ગણેશની પૂજા કરી બ્રાહ્મણોને ફળ-મૂળોના દાન કરવાથી વ્રતીને સ્વર્ગલોકની પ્રાપ્તિ થાય છે.

વળી જેઠ માસની ચતુર્થીએ 'સતીવ્રત' નામક એક બીજું શ્રેષ્ઠ વ્રત હોય છે. એ વ્રત વિધિપૂર્વક કરવાથી ગજમુખ જનની શિવાના લોકમાં જઈને તેના સરખો આનંદ પ્રાપ્ત કરે છે.

(૪) અષાઢ માસની ચોથના દિવસે અનિરૂદ્ધ સ્વરૂપ ગણેશની પ્રેમપૂર્વક પૂજા કરવી અને સંન્યાસીઓને તુંબીપાત્રનું દાન કરવું જોઈએ. આ પ્રમાણે કરવાથી મનવાંછિત ફળની પ્રાપ્તિ થાય છે.

રથન્તર-કલ્પનો પ્રથમ દિવસ હોવાથી અષાઢની ચોથે બીજું એક વ્રત થાય છે. તે દિવસે વિધિપૂર્વક મંગલમૂર્તિ ગણેશનું પૂજન કરવાથી મનુષ્યને દેવ દુર્લભ ફળની પ્રાપ્તિ થાય છે.

(૫) શ્રાવણ માસની ચોથે ચંદ્રોદય થતાં મંગલમય શ્રી ગણેશજીનું ધ્યાન કરી અર્ધ્યપ્રદાન કરવું. પછી આવાહનાદિ ઉપચારોથી સંપૂર્ણ પૂજન કરી ભક્તિપૂર્વક લાડુનો નૈવેદ્ય અર્પણ કરવો. વ્રત પુરૂં થયા પછી પોતે લાડુનો પ્રસાદ લેવો. ગણેશજીનું ફરી સ્મરણ કરી જમીન ઉપર ભૂમિશયન કરવું. આમ કરવાથી વ્રતીની સંપૂર્ણ કામનાઓ પૂરી થાય છે. અંતમાં ગણેશજીના પદની પ્રાપ્તિ થાય છે. ત્રણ લોકમાં આના જેવું બીજું વ્રત નથી.

સૌરપુરાણમાં શ્રાવણ સુદ - ચોથનું 'દૂર્વાગણપતિ' નું વ્રત બતાવવામાં આવ્યું છે. તે દિવસે સવારે સ્નાનાદિથી નિવૃત્ત થઈને સર્વતોભદ્ર મંડળ ઉપર કળશનું સ્થાપન કરી તેના ઉપર સિંહાસનસ્થ ચતુર્ભુજ, એકદંત, ગજમુખની સોનાની મૂર્તિનું સોનાની દૂર્વા (દરોઈ) ઉપર સ્થાપન કરવું. મંગલમૂર્તિ ગણેશજીને અરુણ વસ્ત્રથી વિભૂષિત કરીને સુગંધિત પત્ર-પુષ્પાદિથી ભક્તિપૂર્વક પૂજા કરવી. આરતી, સ્તવન, પ્રણામ અને પરિક્રમા કરી અપરાધોની ક્ષમા માંગવી. આ પ્રમાણે પાંચ વર્ષ વ્રત કરવાથી સમસ્ત કામનાઓ પૂરી થાય છે.

(૬) ભાદરવા વદ ચોથે બહુલા સહિત ગણેશજીની ગંધ, પુષ્પ, માળા અને દૂર્વાથી પ્રયત્નપૂર્વક પૂજા કરી પરિક્રમા કરવી જોઈએ. સમાર્થ્ય અનુસાર દાન કરવું. દાન ન થઈ શકે તો બહુલા ગાયને પ્રણામ કરી તેનું વિસર્જન કરવું. આ પ્રમાણે પાંચ, દશ યા સોળ વર્ષ પર્યંત વર્તનું પાલન કરી ઉદ્યાપન કરવું. તે સમયે દૂધ આપનારી સ્વસ્થ ગાયનું દાન કરવું જોઈએ. આ પ્રમાણે વ્રત કરનાર સ્ત્રી-પુરુષનું દેવતાઓ સન્માન કરે છે. સઘળા ભોગોની પ્રાપ્તિ થાય છે. અંતમાં ગોલોક-ધામની પ્રાપ્તિ થાય છે.

ભાદરવા સુદ ચોથે મધ્યાહ્નમાં ગણેશજીનું પ્રાગટય થયું હતું. તેથી તે દિવસે મધ્યાહ્ન વ્યાપિની તિથિએ વ્રત અને પૂજન બપોરે કરવું. સર્વ પ્રથમ એકાગ્રચિત્તથી સર્વાનંદ પ્રદાતા સિદ્ધિ વિનાયકનું ધ્યાન કરવું. પછી શ્રધ્ધા અને ભક્તિ પૂર્વક નીચે મુજબના એકવીસ વનસ્પતિઓના પાન વડે ગણપતિના એકવીસ બોલી ગણપતિની પૂજા કરવી.

**એકવીસ જાતની પત્રિકાના નામો :** માલતી, ભાંગરો, બીલીપત્ર, શ્વેતદુર્વા (સફેદ દરોઈ), બોરડી, ધંતુરો, તુલસી, શમી, અઘેડો, ડોરલી, કરેણ, આંકડો, અર્જુન(સાદડો), વિષ્ણુક્રાન્ત, દાડમ, દેવદાર, આંબાનો મોર, પીપળો, જાઈ, કેવડો, અગથિયો. (૨૧)

આથી ગણપતિ અત્યન્ત પ્રસન્ન થાય છે. આ પછી બે દૂર્વાદળ લઈને ગંધ, પુષ્પ, અક્ષત સાથે ગણેશજીને ચઢાવવા જોઈએ. ત્યારબાદ પાંચ લાડુ દયાસિંધુ પ્રભુ ગજમુખને નૈવેદ્યમાં અર્પણ કરવા. શ્રદ્ધાભક્તિ પૂર્વક તેમના ચરણોમાં વારંવાર પ્રણામ કરી પ્રાર્થના કરવી. અને વિસર્જન કરવું. સમસ્ત સામગ્રી સહિત ગણેશજીની પ્રતિમા આચાર્યને આપી અન્ય બ્રાહ્મણોને દક્ષિણા આપવી. આ રીતે પાંચ વર્ષ સુધી વ્રત કરનારને લૌકિક અને પારલૌકિક સુખો પ્રાપ્ત થાય છે. શિવલોકની પ્રાપ્તિ થાય છે. આ દિવસે રાત્રે ચંદ્રદર્શનનો નિષેધ છે. ચંદ્રદર્શન કરનારને મિથ્યાકલંક લાગે છે. તેની શાંતિ માટે શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધના ૫૭માં અધ્યાયનો પાઠ શ્રવણ કરવાનું અગ્નિપુરાણમાં કહ્યું છે.

(૭) અશ્વિન (આસો) માસની સુદ ચોથના દિવસે 'પુરુષ સૂક્ત' થી ષોડશોપચાર વડે 'કપર્દીશ વિનાયક' ની ભક્તિપૂર્વક પૂજા કરવાનું માહાત્મ્ય છે.

(૮) કારતક વદ ચોથને 'કરક ચતુર્થી' (કરવા ચોથ) નું વ્રત કહેવામાં આવે છે. આ વ્રત સ્ત્રીઓ વિશેષરૂપથી કરે છે. આ વ્રતના દિવસે સવારે સ્નાનાદિથી નિવૃત્ત થઈ વસ્ત્રાભૂષણો ધારણ કરી ગણેસજીની ભક્તિપૂર્વક પૂજા કરવાનું વિધાન છે. પવિત્ર ચિત્તથી અત્યંત શ્રદ્ધાપૂર્વક પકવાનના ભરેલા દસ કરવા (માટીના ધાડવા) પ્રભુ ગજાનની સન્મુખ સમર્પણ કરતાં મનોમન પ્રાર્થના કરવી કે - 'હે કરુણાસિંધુ કપર્દિશ ગણેશ ! આપ મારા ઉપર પ્રસન્ન થાવ.' ત્યાર પછી સુવાસિની સ્ત્રીઓ અને બ્રાહ્મણોને ઈચ્છાનુસાર સાદરપૂર્વક તે કરવા (પકવાન યુક્ત માટલી) વહેંચી દેવી. ત્યાર બાદ સમસ્ત મનોરથ પૂર્ણ કરનાર ગણેશજીનું નામ સ્મરણ, ચિંતન જપ વગેરે કરતા રહેવું. રાત્રે વિધિપૂર્વક ચંદ્રને અર્ધ્યપ્રદાન કરવું. વ્રતપૂર્તિ માટે પોતે મિષ્ટાન્ન ભોજન કરવું જોઈએ.

આ વ્રત બાર અથવા સોળ વર્ષો સુધી કરવું જોઈએ. ત્યાર પછી ઉદ્યાપન કરવું. આ પછી સ્ત્રી ઈચ્છે તો વ્રત છોડી શકે છે. અન્યથા સુખ-સૌભાગ્ય માટે સ્ત્રીએ જીવનભર વ્રત કરી શકે છે. સ્ત્રીઓ માટે આના સમાન સૌભાગ્ય આપનાર અન્ય વ્રત નથી.

(૯) માગસર સુદ ચોથને 'કૃચ્છ-ચતુર્થી' કહેવાય છે. (સ્કંદ પુરાણ) અહીં શરૂ કરીને એક વર્ષ સુધી પ્રત્યેક ચોથનું વ્રત કરવું અને દેવદેવ ગજમુખનું પ્રીતિપૂર્વક પૂજન કરવું. તે દિવસે દિવસમાં એક વાર ભોજન કરવું અને બીજા વર્ષે પ્રત્યેક ચોથના દિવસે કેવળ રાત્રિએ એકવાર ભોજન કરવું ત્રીજા વર્ષે પ્રત્યેક ચોથના દિવેસ કેવળ રાત્રિએ એકવાર ભોજન કરવું. ત્રીજા વર્ષે પ્રત્યેક ચોથના દિવસે (અયાચિત) વગર માંગે મળેલું અન્ન એકવાર ખાઈને રહેવું અને ચોથા વર્ષે પ્રત્યેક ચોથના

દિવસે નિરાહાર રહીને ગણેશજીનું સ્મરણ, ચિંતન, ભજન અને પૂજન પ્રીતિપૂર્વક કરવું જોઈએ.

આ પ્રકારે વિધિપૂર્વક વ્રત કરતાં ચાર વર્ષ પૂરાં થતાં અંતમાં વ્રત-સ્નાન કરવું. ગણેશજીની સોનાની મૂર્તિ બનાવવી અને તે શક્ય ન હોય તો હળદરની (સુવર્ણવર્ણી) મૂર્તિ બનાવવાની પછી જમીન ઉપર વિવિધ રંગોથી કમળપત્ર બનાવી તેના ઉપર કળશ સ્થાપન કરવું તેના ઉપર તાંબાના પાત્ર ચોખા ભરી મુકવું. તે પાત્ર ઉપર બે વસ્ત્રો પાથરી તેના ઉપર ગણેશજીની મૂર્તિ બિરાજમાન કરી, ગંધાદિ ઉપચારોથી દયામય દેવીની પૂજા કરવી. લાડુનો નૈવેદ્ય ધરાવવો. પ્રણામ, પરિક્રમા અને પ્રાર્થના કરવા. રાત્રે ગીત, ભજન, વાદ્ય, પુરાણ કથા, શ્રવણ ગણેશજીનું નામ સ્મરણ, સ્તવન વગેરે કરી જાગરણ કરવું.

સૂર્યોદય થતાં સ્નાનાદિક દૈનિક કૃત્યથી નિવૃત્ત થઈ. શુદ્ધ વસ્ત્ર ધારણ કરી શ્રધ્ધાપૂર્વક, તલ, ચોખા, જવ, પીળા સરસવ, ઘી અને ખાંડથી મેળવેલી હવન સામગ્રી વડે વિધિપૂર્વક હોમ કરવો.

ગણ, ગણાધિપ, કુષ્માંડ, ત્રિપુરાન્તક, લંબોદર, એકદંત, રુકમદંષ્ટ્ર, વિઘ્નપ, બ્રહ્મા, યમ, વરુણ, સોમ, સૂર્ય, હુતાશન, ગંધમાદી તથા પરમેષ્ઠી. આ સોળ નામો દ્વારા પ્રત્યેકના આદિમાં પ્રણવ અને અંતમાં ચતુર્થી વિભક્તિ અને તેમાં નમઃ પદ જોડીને અગ્નિમાં એક એક આહુતિ આપવી. દા.ત. ૐ **गणाय नमः, ॐ गणाधिपाय नमः** વગેરે.

આ પછી '**वक्रतुण्डाय हुम्**' આ મંત્રથી એકસો આઠ આહુતિ આપવી. ત્યારબાદ **ॐ भूः स्वाहा - इदं अग्नये न मम । ॐ भुवः स्वाहा दिं वायवे न मम । ॐ स्वः स्वाहा अदं प्रजापतये न मम ।** આ મંત્રોથી યથાશક્તિ વ્યાહૃતિ હોમ કર્યા બાદ પૂર્ણાહુતિ કરવી. પછી દિક્‌પાલોની પૂજા કરીને ચોવીસ બ્રાહ્મણોને લાડુ અને ખીરનું ભોજન કરાવવું. આચાર્યને સવત્સા ગાયનું દાન આપવું અને અન્ય બ્રાહ્મણોને શક્તિ અનુસાર ભૂયસી દક્ષિણા આપવી. બ્રાહ્મણોના ચરણોમાં શ્રધ્ધાપૂર્વક પ્રણામ કરી પરિક્રમા કરવી અને વિદાય માન આપ્યા બાદ સગાં-સ્નેહીઓ સાથે પ્રસન્નતાપૂર્વક ભોજન કરવું.

આ રીતે વ્રત કરવાથી ગણેશજીની કૃપાથી વ્રત કરનાર આ લોકના ઉત્તમ

ભોગો ભોગવી પરલોકમાં ભગવાન વિષ્ણુની સાયુજ્ય મુક્તિનો અધિકારી બને છે.

(૧૦) પોષ મહિનાની ચોથે ભક્તિપૂર્વક વિઘ્નેશ્વર ગણેશજીની પૂજા અને પ્રાર્થના કરવી. બ્રાહ્મણને લાડુનું ભોજન કરાવી દક્ષિણા આપવાથી વ્રત કરનારને ત્યાં ક્યારેય ધન સંપત્તિનો અભાવ થતો નથી.

(૧૧) મહા વદ ચોથને 'સંકષ્ટ વ્રત' કહેવામાં આવ્યું છે. તે દિવસે દેવાધિદેવ ગજમુખની પ્રસન્નતા માટે પ્રભાતે સ્નાન કરી વ્રત કરવાનો સંકલ્પ કરવો. દિનભર સંયમિત રહીને શ્રીગણેશજીનું સ્મરણ, ચિંતન અને ભજન કરતા રહેવું. ચંદ્રોદય થતાં માટીની ગણેશમૂર્તિ બનાવી પીઠ ઉપર સ્થાપન કરવું. ગણેશજીની સાથે આયુધ, વાહન વગેરે પણ હોવા જોઈએ. ત્યાર પછી તેની સોળ ઉપચારથી પૂજા કરવી. મોદક અને ગોળના બનાવેલ તલના લાડુનો નૈવેદ્ય ધરાવવો. આચમન કરાવી પ્રદક્ષિણા અને નમસ્કાર કરી પુષ્પાંજલિ અર્પિત કરવી જોઈએ. ત્યાર બાદ ભક્તિપૂર્વક ગણેશમંત્રના એકવીસ વાર જપ કરવા અને નીચેના મંત્ર વડે ગણેશજીને અર્ઘ્ય આપવો.

गणेशाय नमस्तुभ्यं सर्वसिद्धिप्रदायक ।
संकष्टहर मे देव गृहाणार्घ्यं नमोस्तु ते ॥
कृष्णपक्षे चतुर्थ्यां तु सम्पूजित विधुदये ।
क्षिप्रं प्रसीद देवेश गृहाणार्घ्यं नमोस्तु ते ॥

આ બંને શ્લોકોની સાથે 'संकष्टहरण गणपतये नमः' આમ બે વાર બોલીને બે અર્ઘ્ય આપવા જોઈએ.

આટલું કર્યા પછી નીચેના મંત્રથી ચતુર્થી તિથિની અધિષ્ઠાત્રી દેવીને અર્ઘ્ય પ્રદાન કરવું.

तिथिनामुत्तमे देवि गणेशाप्रिय वल्लभे ।
सर्वसंकटनाशाय गृहाणार्घ्यं नमोस्तु ते ॥
'चतुर्थ्यै नमः' इदमर्घ्यं समर्पयामि ॥ (व्रतराज)

ત્યાર પછી ચંદ્રમાનું ગંધપુષ્પાદિથી વિધિવત્ પૂજન કરીને તાંબાના પાત્રમાં લાલ ચંદન, દર્ભ (કુશ), દૂર્વા (દરોઈ) ફૂલ, ચોખા, શમીપત્ર, દહીં અને પાણી એકત્ર કરીને નીચેના મંત્રના ઉચ્ચારણ સાથે અર્ઘ્ય આપવો:

गगनार्णवमाणिक्य चन्द्र दाक्षायणीपते ।
गृहाणार्घ्यं मया दत्तं गणेशप्रतिरूपक ।। *(નારદપુરાણ પૂર્વ. ૧૧૩/૭૭)*

ત્યારબાદ ગણેશજીના ચરણોમાં પ્રણામ કરી, યથાશક્તિ ઉત્તમ બ્રાહ્મણોને ભોજન કરાવી દક્ષિણા આપવી. તેમની અનુમતિથી સ્વયં પ્રસન્નતાપૂર્વક ભોજન કરવું.

આ પરમ કલ્યાણકારી 'સંકષ્ટ વ્રત' વ્રતના પ્રભાવથી વ્રતીધન-ધાન્ય સંપન્ન અને સંકટ રહિત થઈ જાય છે.

આ વ્રતને ભવિષ્યોત્તરપુરાણમાં 'વક્રતુણ્ડ ચતુર્થી' પણ કહેવામાં આવે છે. આ વ્રતનો માઘ માસથી આરંભ કરી દર માસે કરવામાં આવે તો સંકટનો નાશ થાય છે.

મહા સુદ ચોથે ઉપવાસ કરી ગણેશજીની ભક્તિપૂર્વક પૂજા કરવી અને પાંચમે તલનું ભોજન કરવું. આ પ્રકારે વ્રત કરવાથી મનુષ્ય નિર્વિઘ્ન સુખી જીવન વ્યતીત કરે છે. 'गं स्वाहा' - આ મૂલમંત્ર છે.

નીચે મુજબ હૃદયાદિ ન્યાસ કરવા.

'गं हृदयाय नमः ।
गीं शिरसे स्वाहा ।
गूं शिखायै वषट् ।
गैं नेत्रत्रयाय वौषट् ।
गौं कवचाय हुम् ।
गः अस्त्राय फट् ।'

'आगच्छोलकाय' બોલીને ગણેશજીનું આવાહન અને 'गच्छोलकाय' બોલીને વિસર્જન કરવું. આ રીતે શરૂમાં ગકારયુક્ત અને અંતમાં 'उल्का' શબ્દયુક્ત મંત્રથી તેમના આવાહનાદિ કાર્ય કરવા. ગંધાદિ ઉપચારોથી સવિધિ

ગણેશજીનું પૂજન કરી નૈવેદ્યમાં લાડુ અર્પણ કરવા. પછી આચમન, પ્રણામ અને પરિક્રમા કરી ગણેશ ગાયત્રીનો આ પ્રમાણે જપ કરવો.

ॐ महोल्काय विद्महे वक्रतुण्डाय धीमहि ।
तन्नो दन्ती प्रचोदयात् ॥ (અગ્નિપુરાણ)

આ વ્રતનો મોટો મહિમા છે.

આ તિથિએ 'ગૌરીવ્રત' પણ કરવામાં આવે છે. તે દિવસે યોગિની ગણો સહિત ગૌરીની પૂજા કરવી જોઈએ. મનુષ્યો, વિશેષ કરીને સ્ત્રીઓએ કુન્દપુષ્પ, કંકુ, લાલસૂત્ર (નાડાછડી), લાલફૂલ, મહાવર, ધૂપ, દીપ, ગોળ, ગોરીનું પૂજન કરવું જોઈએ. આ ગોરીવ્રતના પ્રભાવથી સૌભાગ્ય અને આરોગ્યની વૃદ્ધિ થાય છે. કેટલાક લોકો તેને 'ઢુંઢી વ્રત', 'કુંડવ્રત', 'લલિતાવ્રત' અને 'શાન્તિવ્રત' પણ કહે છે.

આ પુણ્યમય તિથિએ સ્નાન, દાન, જપ અને હોમ આદિ શુભકર્મ આદિદેવ ગજવદનની કૃપાથી હજાર ગણુ ફળ આપનારા બની જાય છે.

(૧૨) ફાગણ માસની ચોથને મંગલમય 'ઢુંઢિરાજ-વ્રત' કહેવામાં આવ્યું છે. તે દિવસે વ્રતોપવાસ સાથે ગણેશજીની સોનાની મૂર્તિ બનાવી પૂજન કરવું. ત્યારબાદ મૂર્તિ બ્રાહ્મણને દાન આપવી. ગણેશજીની પ્રસન્નતા માટે તે દિવસે તલનું દાન, હોમ અને પૂજનાદિ કરવા. તે દિવસે બ્રાહ્મણને તલ સાંકળી અથવા તલની ગોળપાપડી (સુખડી) બનાવી ભોજન કરાવવું. અને વ્રતીએ પોતે પણ ભોજન કરવું. આ વ્રતના પ્રભાવથી સમસ્ત સંપદાઓની વૃદ્ધિ થાય છે અને મનુષ્ય ગણેશજીની કૃપાથી સહજ સિદ્ધિ પ્રાપ્ત કરે છે.

'મત્સ્યપુરાણ' અનુસાર ફાગણ સુદ ચોથને 'મનોરથ ચતુર્થી' કહેવાય છે. આરાધનાની વિધિ આ છે. પૂજનોપરાંત નક્તવ્રતનું વિધાન છે. આ પ્રકારે બાર મહિનાની સુદ ચોથે વ્રત કરતા રહી વર્ષ બાદ તે સુવર્ણમૂર્તિનું દાન કરવાથી મનોરથ સિદ્ધ થાય છે.

'અગ્નિપુરાણ' માં આને 'અવિઘ્ના-ચતુર્થી' ની સંજ્ઞા આપવામાં આવી છે.

જે કોઈ મહિનામાં ચોથને રવિવાર અથવા ચોથને મંગળવાર હોય તે

વિશેષ ફળદાયી હોય છે. તેને 'અંગારકી ચોથ' કહેવાય છે. તે દિવસે ગણેશજીનું પૂજન કરીને મનુષ્ય સંપૂર્ણ ઈચ્છિત વસ્તુઓ પ્રાપ્ત કરી લે છે.

અમિત-મહિમામયી 'ચતુર્થી-વ્રત'માં ચતુર્થીવ્રત કથા શ્રવણનું પણ મોટું ફળ છે. તે ભગવાન ગણેશની પ્રીતિપ્રદાન કરનારી છે.

### પરમ મહિમામયી મંગળાચોથ (અંગારકી ચતુર્થી) :

ગણેશપુરાણના ઉપાસના ખંડના ૬૦મા અધ્યાયમાં વર્ણિત 'અંગાર .કી ચતુર્થી' ની સંક્ષેપમાં કથા આ પ્રમાણે છે.

પૃથ્વીદેવીએ મહામુનિ ભારદ્વાજના જપાપુષ્પ-તુલ્ય અરુણ પુત્રનું પા લન કરી સાત વર્ષ બાદ તેમણે તેને મહર્ષિની પાસે મોકલી આપ્યો. મહર્ષિએ પ્રસન્નતાપૂર્વક પોતાના પુત્રનું આલિંગન કર્યું અને સવિધિ ઉપનયન સંસ્કાર કર્યા અને વેદાદિ શાસ્ત્રોનું અધ્યયન કરાવ્યું. પછી તેમણે પોતાના પ્રિય પુત્રને ગણપતિ-મંત્ર આપ્યો અને ગણેશજીને પ્રસન્ન કરવા માટે આરાધના કર .વાની આજ્ઞા કરી.

મુનિપુત્રએ પોતાના પિતાને પ્રણામ કરીને પુણ્ય સલિલા ગંગાજી ના તટ પર જઈ, શ્રી ગણેશજીનું ધ્યાન કરી ભક્તિપૂર્વક ગણેશ મંત્રનો જપ . કરવા લાગ્યો. આમ એક હજાર વર્ષ પર્યંત જપ કરતો રહ્યો.

મહાવદ-ચોથના દિવસે ચંદ્રોદય થયા પછી દિવ્ય વસ્ત્રધારી, અષ્ટભુજ, ચંદ્રભાલ પ્રસન્ન થઈને પ્રગટ થયા. તેમણે અનેક શસ્ત્રો ધારણ કરેલા હતા. તેઓ વિવિધ અલંકારોથી વિભૂષિત અનેક સૂર્યોથી પણ અધિક દીપ્તિમાન હતા. ભગવાન ગણેશનું મંગલમય અદ્ભુત દર્શન કરીને તપસ્વી . મુનિપુત્રે ગદ્ગદ કંઠે સ્તુતિ કરી.

વરદ પ્રભુ બોલ્યા - 'મુનિકુમાર ! હું તારા ધૈર્યપૂર્ણ કઠોર . તપ અને સ્તવનથી પૂર્ણ પ્રસન્ન છું. તું ઈચ્છિત વર માંગ હું તેને અવશ્ય પૂર્ણ કરીશ.'

પ્રસન્ન પૃથ્વીપુત્રએ અત્યન્ત વિનયપૂર્વક નિવેદન કર્યુ - 'પ્રભો ! આજે આપના દુર્લભ દર્શન કરીને હું કૃતાર્થ થઈ ગયો. મારી માતા પર્વતમાલિની પૃથ્વી, મારા પિતા, મારું તપ, મારાં નેત્ર, મારી વાણી, મારૂં, જીવન અને

મારો જન્મ સર્વ સફળ થયા છે.' દયામય ! હું સ્વર્ગમાં નિવાસ કરી દેવતાઓ સાથે અમૃત-પાન કરવા ઈચ્છું છું. મારું નામ ત્રણેય લોકમાં કલ્યાણ કરનારા 'મંગળ' તરીકે પ્રખ્યાત થાય.

પૃથ્વીનંદને આગળ કહ્યું - 'કરુણામૂર્તિ પ્રભો ! મને આપનું ભુવનપાવન દર્શન આજે માઘ કૃષ્ણ ચતુર્થીએ થયું છે. એટલા માટે આ ચતુર્થી (ચોથ) નિત્યપુણ્ય આપનારી અને સંકટહારિણી થાવ. સુરેશ્વર ! આ દિવસે જે કોઈ વ્રત કરે, આપની કૃપાથી તેની સમસ્ત કામનાઓ પૂર્ણ થતી રહે.'

સદ્યઃ સિદ્ધિપ્રદાતા દેવદેવ ગજમુખે વરદાન આપ્યું 'મેદિનીનંદન ! તું દેવતાઓની સાથે સુધા પાન કરશે. તારું 'મંગલ' નામ સર્વત્ર વિખ્યાત થશે. તું ધરણીપુત્ર છો, તારો રંગ લાલ છે, એટલે તારું એક નામ 'અંગારક' તરીકે પ્રસિદ્ધ થશે. અને આ તિથિ 'અંગારકી ચતુર્થી' તરીકે પ્રખ્યાત થશે. પૃથ્વીના મનુષ્ય આ વ્રત કરશે, તેને એક વર્ષ પર્યંત ચતુર્થી વ્રત કરવાનું ફળ પ્રાપ્ત થશે. નિશ્ચય જ તેના કોઈ પણ કાર્યમાં ક્યારેય વિઘ્ન ઉપસ્થિત થશે નહિ.'

પરમ પ્રભુ ગણેશે મંગલને વરદાન આપતા આગળ કહ્યું 'તેં સર્વોત્તમ વ્રત કર્યું છે, આ કારણે તું અવન્તીનગર (ઉજ્જૈન)માં પરંતપ નામક નરપાલ બનીને સુખ પ્રાપ્ત કરશે. આ વ્રતનો મહિમા અદ્‌ભુત છે. એના કીર્તનમાત્રથી મનુષ્યની સર્વકામનાઓ પૂર્ણ થશે.'

ગજમુખ અન્તર્ધાન થઈ ગયા.

મંગળે એક મંદિર બનાવી તેમાં દશભુજ ગણેશની પ્રતિમા સ્થાપિત કરાવી. એનું નામ રાખવામાં આવ્યું 'મંગલમૂર્તિ'. તે ગણેશવિગ્રહ સમસ્ત કામનાઓને પૂર્ણ કરનાર, અનુષ્ઠાન, પૂજન અને દર્શન કરવાથી સર્વને માટે મોક્ષપ્રદ થશે.

પૃથ્વીપુત્રએ મંગળવારે ચોથના દિવસે વ્રત કરીને ગણેશજીની આરાધના કરી તેનું એક અત્યંત આશ્ચર્યજનક ફળ એ થયું કે તે સશરીર સ્વર્ગમાં ગયા. તેમણે દેવ સમુદાયની સાથે અમૃતપાન કર્યું અને તે પરમપાવની તિથિ 'અંગારક ચતુર્થી' (મંગળા ચોથ) નામથી પ્રખ્યાત થઈ. આ પુત્ર-પૌત્રાદિ અને સમૃદ્ધિ પ્રદાન કરી સમસ્ત કામનાઓને પૂર્ણ કરે છે.

॥ ॐ श्रीपरमात्मने नमोनमः ॥

## अथ श्रीभवसंकटमोचन श्रीगणपति स्तोत्रम् ॥

ॐ एकाक्षराय प्रणवाय गजाननाय
विद्याधिशाय गजवक्तृ सुरेश्वराय
वागीश्वराय त्रिगुणातीत निष्कलाय
मोरेश्वराय भवसंकट मोचनाय. ॥१॥

※ ※ ※

तुर्यातीताय परब्रह्म परमेश्वराय
परमेश्वराय जगवंद्य सनातनाय
देवाधिदेव निखिलात्मकपूजनाय
मोरेश्वराय भवसंकट मोचनाय. ॥२॥

※ ※ ※

कालातीताय स्वप्रकाश विकाशकाय
भूतं भवत् भविष्यकाल प्रकाशकाय
बुद्धिपतेः प्रियपति गजकर्णकाय
मोरेश्वराय भवसंकट मोचनाय. ॥३॥

※ ※ ※

लम्बोदराय विश्वात्मक दिव्यमूर्त्ते
सर्वेश्वराय विमलाय च ब्रह्ममूर्त्ते

## ॥ अथ श्रीपञ्चश्लोकिगणेशपुराणप्रारम्भः ॥

श्रीविघ्नेशपुराणसारमुदितं व्यासाय धात्रा पुरा
तत्खण्डं प्रथमं महागणपतेश्चोपासनाख्यं यथा ॥
संहर्तुं त्रिपुरं शिवेन गणपत्यादौ कृतं पूजनं
कर्तुं सृष्टिमिमांसुतः स विधिना व्यासेन बुद्ध्याप्तये ॥१॥

संकष्ट्याश्च विनायकस्य च मनोः स्थानस्य तीर्थस्य वै
दूर्वाणां महिमेति भक्तिचरितं तत्पार्थिवस्यार्चनम् ।
तेभ्यो यैर्यदभीप्सित गणपतिस्तत्तत्प्रतुष्टो ददौ
ताः सर्वा न समर्थ एव कथितुं ब्रह्मा कुतो मानवः ॥२॥

क्रीडाकाण्डमथो वदेत्कृतयुगे श्वेतच्छविः काश्यपः
सिंहाङ्कः स विनायको दशभुजो भूत्वाऽथ काशीं ययौ ॥
हत्वा तत्र नरान्तकं तदनुजं देवान्तकं दानवं
त्रेतायां शिवनंदनो रसभुजो जातो मयूरध्वजः ॥३॥

हत्वा तं कमलासुरं च सगणं सिंधुं महादैत्यपं
पश्चात् सिद्धिमतीसुते कमलजस्तस्मै मनोजे ददौ ॥
द्वापारे तु गजाननो युगभुजो गौरीसुतः सिन्दुरं
संमर्द्य स्वकरेण तं निजमुखे चाखुध्वजो लिप्तवान् ॥४॥

गीताया उपदेश एव हि कृतो राज्ञे वरेण्याय वै
तिष्ये तेऽथ च धूम्रकेतुरभिधो विप्रः सधर्मर्धिकृत् ॥
अश्वाङ्को द्विभुजोऽसितो गणपतिर्म्लेच्छान्तकः स्वर्णदः
क्रीडाकाण्डमिदं गणस्य हरिणा प्रोक्तं विधात्रे पुरा ॥५॥

एतच्छ्लोकसुपंचकं प्रतिदिनं भक्त्या पठेद्यः पुमान्
निर्वाणं परमं व्रजेत्स सकलान् भुक्तवा सुभोगानपि ॥६॥

॥ इति पञ्चश्लोकिगणेशपुराणम् ॥

## ॥ अथ श्रीगणेशमानसपूजा ॥

नानारत्नविचित्रकं रमणकं सिंहासनं कल्पितं
स्नानं जाह्नवीवारिणा गणपते पीताम्बरं गृह्यताम् ॥
कण्ठे मौक्तिकमालिका श्रुतियुगे द्वे धारिते कुंडले
नानारत्नविराजितो रविविभो शीर्षे कीरिटः शुभः ॥१॥

भाले चर्चितकेशरं मृगमदामोदांकित चंदनं
कस्तूरीतिलकोद्भवं सुकुसुमं मंदारदूर्वाशमी ॥
गुग्गूलोद्भवधूपकं विरचितं दीप सुवर्त्या युतं
भक्ष्यं मोदकसंयुतं गणपते क्षीरोदनं गृह्यताम् ॥२॥

तांबूलं मनसा मया विरचित जंबूफलं दक्षिणा
साष्टांगं प्रणतिः स्तुतिर्बहुविधा पूजां गृहाण प्रभो ॥
मे कामः सततं तवार्चनविधौ बुद्धिस्तथालिंगने
त्विच्छा ते मुखदर्शने गणपते भक्तिस्तु पादाम्बुजे ॥३॥

॥ इति श्रीगणेशमानसपूजा समाप्ता ॥

## गणेशमहिम्नः स्तोत्रम्

अनिर्वाच्यं रूपं स्तवन-निकरो यत्र गणित -
स्तथा वक्ष्ये स्तोत्रं प्रथमपुरुषस्याऽत्र महतः ।
यतो जातं विश्वं स्थितमपि सदा यत्र विलयः
स कीदृग् गीर्वाणः सुनिगमनुतः श्रीगणपतिः ॥१॥

गणेशा गाणेशाः शिवमिति च शैवाश्च विवुधा
रविं सौरा विष्णुं प्रथमपुरुषं विष्णुभजकाः ।
वदन्त्येके शक्ता जगदुदयमूलां परशिवां
न जाने किं तस्मै नम इति परं ब्रह्म सकलम् ॥२॥

तथेशं योगज्ञा गणपतिमिमं कर्म निखिलं
समीमांसा वेदान्तिन इति परं ब्रह्म सकलम् ।
अजां सांख्यो ब्रूते सकलगुणरूपां च सततं
प्रकर्तारं न्यायस्त्वथ जगति बौद्धा धियमिति ॥३॥

कथं ज्ञेयो बुद्धेः परतर इयं ब्राह्यसरणि -
र्यथा धीर्यस्य स्यात् स च तदनुरूपो गणपतिः ।
महत्कृत्यं तस्य स्वयमपि महान् सूक्ष्ममणुवद्
ध्वनिर्ज्योतिर्बिन्दुर्गगनसदृशः किञ्च सदसत् ॥४॥

अनेकास्योऽपाराक्षिकरचरणोऽनन्तहृदय -
स्तथा नानारूपो विविधवदनः श्रीगणपतिः ।
अनन्ताह्वः शक्त्या विविध-गुणकर्मक-समये
त्वसंख्यातानन्ताभिमत-फलदोऽनेकविषये ॥५॥

न यस्यान्तो मध्यो न च भवति चादिः सुमंहता -
मलिप्तः कृत्वेत्थं सकलमपि खंवत् स च पृथक् ।
स्मृतः संस्मर्तृणां सकलहृदयस्थः प्रियकरो
नमस्तस्मै देवाय सकलसुरवन्द्याय महते ॥६॥

गणेशाद्यं बीजं दहन-वनिता पल्लवयुत
मनुश्चैकार्णोऽयं प्रणवपहिनो भीष्टफलदः ।
सबिन्दुश्चाङ्गाद्यं गणकऋषिछंन्दोऽस्य च निचृ ।
स देवः प्राग्बीजं विपदपि च शक्तिर्जपकृताम् ॥७॥

गकारो हेरम्बः सगुण इति पुंनिर्गुणमयो
द्विधाऽप्येको जातः प्रकृतिपुरुषो ब्रह्म हि गणः ।
स चेशश्चोत्पत्ति-स्थिति-लयकरोऽयं प्रथमको
यतो भूतं भव्यं भवति पतिरीशो गणपतिः ॥८॥

गकारः कण्ठोर्ध्वं गजमुखसमो मर्त्यसदृशो
णकारः कण्ठाधो जठरसदृशाकार इति च ।
अधोभागः कट्यां चरण इति हीशोऽस्य च तनु -
र्विभातीत्थं नाम त्रिभुवनसमं भूर्भुव सुवः ॥९॥

गणेशेति त्र्यर्णात्मकमपि वरं नाम सुखदं
सकृत्प्रोच्चैरुच्चारितमिति नृभिः पावनकरम् ।
गणेशस्कंकस्य प्रतिजपकरस्यास्य सुकृतं
न विज्ञातो नाम्नः सकलमहिमाकीदृशविधः ॥१०॥

गणेशेत्याह्वं वः प्रवदति मुहुस्तस्य पुरतः
प्रपश्यंस्तद्वक्त्रं स्वयमपि गणस्तिष्ठति तदा ।
स्वरूपस्य ज्ञानं त्वमुख इति नाम्नाऽस्य भवति.
प्रबोधः सुप्तस्य त्वखिलमिह सामर्थ्यममुना ॥११॥

गणेशो विश्वेऽस्मिन् स्थित इह च विश्वं गणपतौ
गणेशो यत्रास्ते धृति-मतिरनैश्वैर्यमखिलम् ।
समुक्तं नामैक गणपतिपदं मङ्गलमयं
तदेकास्यं दृष्टेः सकलविबुधास्येक्षणसमम् ॥१२॥

बहुक्लेशैर्व्याप्तः स्मृत उत गणेशे च हृदये
क्षणात्क्लेशान् मुक्तो भवति सहसा त्वभ्रचयवत् ।
वने विद्यारम्भे युधि रिपुभये कुत्र गमने
प्रवेशे प्राणान्ते गणपतिपदं चाऽऽशु विशति ॥१३॥

गणाध्यक्षो ज्येष्ठः कपिल अपरो मङ्गलनिधि -
दयालुर्हेरम्बो वरद इति चिन्तामणिरजः ।
वरानोशो ढुण्ढिर्गजवदननामा शिवसुतो
मयूरेशो गौरीतनय इति नामानि पठति ॥१४॥

महेशोऽयं विष्णुः सकविरविरिन्दुः कमलजः
क्षितिस्तोयं वह्नि श्वसन इति खं त्वद्रिरुद्रधिः ।
कुजस्तारः शुक्रो गुरुरुडुबुधोऽगुश्च धनदो
यमः पाशी काव्यः शनिरखिलरूपो गणपतिः ॥१५॥

मुखं वह्निः पादौ हरिरपि विधाता प्रजननं
रविर्नेत्रे चन्द्रो हृदयमपि कामोऽस्य मदनः ।
करौ शक्रः कट्यामवनिरुदरं भाति दशनं
गणेशस्यासन् वै क्रतुमयवपुश्चैव सकलम् ॥१६॥

अनर्घ्यालङ्कारैररुणवसनैर्भूपिततनुः
करीन्द्रास्यः सिंहासनमुपगतो भाति बुधराट् ।
स्मितः स्यात्तन्मध्येप्युदितरविबिम्बोपमरुचिः
स्थिता सिद्धिर्वामे मतिरितरगा चामरकरा ॥१७॥

समन्तात्तस्यासन् प्रवरमुनिसिद्धाः सुरगणाः
प्रशंसन्तीत्यग्रे विविधनुतिभिः साऽञ्जलिपुटा ।
विडौजाद्यैर्ब्रह्मादिभिरनुवृतो भक्तनिकरं -
र्गणक्रीडामोद-प्रमुद-विकटाद्यैः सहचरैः ॥१८॥

वशित्वाद्यष्टाष्टादशदिगखिलाल्लोलमनुवाग
धृतिः पादूः खड्गोऽञ्जनरसबलाः सिद्धय इमाः ।
सदा पृष्ठे तिष्ठन्त्यनिमिपदृशस्तन्मुखलाया
गणेशं सेवन्तेऽप्यतिनिकटसूपायनकराः ॥१९॥

मृगाङ्कास्या रम्भाप्रभृतिगणिका यस्य पुरतः
सुसङ्गीतं कुर्वन्त्यपि कुतुकगन्धर्वसहिताः ।
मुदः पारो नाऽत्रेत्यनुपमपदे दोर्विगलिता
स्थिरं जातं चित्तं चरणमवलोक्यास्य विमलम् ॥२०॥

हरेषाऽयं ध्यातस्त्रिपुरमथने चाऽसुरवधे ।
गणेशः पार्वत्या बलिविजयकालेऽपि हरिणा ।
विधात्रा संसृष्टावुरगपतिना क्षोणिधरणे
नरैः सिद्धौ मुक्तौ त्रिभुवनजये पुष्पधनुषा ॥२१॥

अयं सुप्रासादे सुर इव निजानन्दभुवने
महान् श्रीमानाद्यो लघुतरगृहे रङ्कसदृशः ।
शिवद्वारे द्वाःस्थो नृप इव सदा भूपतिगृहे
स्थितो भूत्वोमाङ्के शिशुगणपतिर्लालनपरः ॥२२॥

अमुष्मिन् सन्तुष्टे गजवदन एवापि विबुधे
ततस्ते सन्तुष्टास्त्रिभुवनगताः स्युर्बुधगणाः ।
दयालुर्हेरम्बो न च भवति यस्मिंश्च पुरुषे
वृथा सर्वं तस्य प्रजननमतः सान्द्रतमसि ॥२३॥

वरेण्यो भूशुण्डिर्भृगुगुरुकुजासुद्गलमुखाः
ह्यपारास्तद्भक्ता जप-हवन-पूजा-स्तुतिपराः ।
गणेशोऽयं भक्तिप्रिय इति च सर्वत्र गदितं
विभक्तिर्यत्रास्ते स्वयमपि सदा तिष्ठति गणः ॥२४॥

मृदः काश्चिद्धातोश्छद-बिलिखिता वाऽपि दृषदः
स्मृता व्याजान्मूर्तिः पथि यदि बहिर्येन महसा ।
अशुद्धोऽद्धा द्रष्टा प्रवदति तदाह्वा गणपतेः
श्रुततः शुद्धो मर्त्यो भवति दुरिताद् विस्मय इति ॥२५॥

बहिर्द्वारस्योर्ध्वं गजवदन-चर्मेन्धनमय
प्रशस्तं वा कृत्वा विविधकुशलैस्तत्र निहतम् ।
प्रभावात्तन्मूर्त्या भवति सदनं मङ्गलमय
त्रिलोक्यानन्दस्तां भवति जगतो विस्मय इति ॥२६॥

सिते भाद्रे मासे प्रतिशरदि मध्याह्नसमये
मृदो मूर्ति कृत्वा गणपतितिथौ ढुण्ढिसदृशीम् ।
समर्चन्त्युत्साहः प्रभवति महान् सर्वसदने
विलोक्यानन्दस्तां प्रभवति नृणां विस्मय इति ॥२७॥

तथा ह्येकःश्लोके वरयति् महिम्नो गणपते
कथं स श्लोकेऽस्मिन् स्तुत इति भवेत् संप्रपठिते ।
स्मृतं नामास्यैक स्कृदिदमनन्ताह्वयसमं
यतो यस्यैकस्य स्तवनसदृशं नाऽन्यदपरम् ॥२८॥

गजवदन विभो यद्वर्णितं वैभवं ते
त्विह जनुपि ममेत्थं चारु तद्दर्शयाशु ।
त्वमसि च करुणायाः सागरः कृत्स्नदाता -
ऽप्यति तव भृतकोऽहं सर्वदा चिन्तकोऽस्मि ॥२९॥

सुस्तोत्र प्रपठतु नित्यमेतदेव स्वानन्दं प्रतिगमनेऽनैंप्ययं सुमार्गः ।
सच्चिन्त्यंस्वमनसितत्पदारविन्दंस्थाप्याग्रेस्तवनफलंनतीकरिष्ये ॥३०॥

गणेशदेवस्य महा म्यमेतद् यः श्रावयेद् वाऽपि पठेच्च तस्य ।
क्लेशालयंयान्ति लभेच्चशीघ्रं स्त्री-पुत्र-विद्यार्थ-गृहं च मुक्तिम् ॥३१॥

# गणेशाष्टोत्तरशतनामस्तोत्रम्

यम उवाच

गणेश हेरम्ब गजाननेति महोदर स्वानुभवप्रकाशिन् ! ।
वरिष्ठ ! सिद्धप्रिय बुद्धिनाथ ! वदन्तमेवं त्यजत प्रभीताः ॥१॥

अनेकविघ्नान्तक वक्रतुण्ड स्वसंजवासिंश्च चतुर्भुजेति ।
कवीश देवान्तकनाशकारिन् ! वदन्तमेवं त्यजत प्रभीताः ॥२॥

महेशसूनो गजदैत्यशत्रो वरेण्यसूनो विकट त्रिनेत्र ! ।
परेश पृथ्वीधर एकदन्त वदन्तमेवं त्यजत प्रभीताः ॥३॥

प्रमोद मोदेति नरान्तकारे षडूर्मिहन्तर्गजकर्ण ढुण्ढे ।
द्वन्द्वारिसिन्धोस्थिरभावकारिन् ! वदन्तमेवं त्यजतप्रभीताः ॥४॥

विनायक ज्ञानविधातशत्रो पराशरस्यात्मज विष्णुपुत्र !
अनादिपूजाऽऽखुग सर्वपूज्य ! वदन्तमेवं त्यजत प्रभीता!ः ॥५॥

विद्येज्य लम्बोदर धूम्रवर्ण मयूरपालेति मयूरवाहिन् ! ।
सुराऽपुरैः सेवितपादपद्म वदन्तमेवं त्यजत प्रभीताः ॥६॥
वरिन्महाखुध्वज शूर्पकर्ण शिवाज सिंहस्थ अनन्तवाह ।
दितौज विघ्नेश्वर शेपनाभे वदन्तमेवं त्यजत प्रभीताः ॥७॥

अणोरणीयो महतो महीयो रर्वज योगेशज ज्येष्ठराज ! ।
निधीश मन्त्रेश च शेपपुत्र वदन्तमेवं त्यजत प्रभीताः ॥८॥

वरप्रदातरदितेश्च सूनो परात्पर ज्ञानद तारवक्त्र ! ।
गुहाग्रज ब्रह्मण पार्श्वपुत्र वदन्तमेवं त्यजत प्रभीताः ॥९॥

सिन्धोश्च शत्रो परशुप्रयाणे शमीश पुष्पप्रिय विघ्नहारिन् ।
दूर्वाभैररर्चित देवदेव वदन्ममेवं त्यजत प्रभीताः ॥१०॥

धियः प्रदातश्च शमीप्रियेति सुसिद्धिदातश्च सुशान्तिदातः ।
अमेयमायामितविक्रमेति वदन्तमेवं त्यजत प्रभीताः ॥११॥

द्विधा-चतुर्थिप्रिय कश्यपाच्च घनप्रद ज्ञानप्रदप्रकाशिन् ! ।
चिन्तामणि चित्तविहार-कारिन् वदन्तमेवं त्यजत प्रभीताः ॥१२॥

यमस्य शत्रो ह्यभिमानशत्रो विधेर्जहन्तः कपिलस्य सूनो ।
विदेह स्वानन्दज योगयोग वदन्तमेव त्यजत प्रभीताः ॥१३॥

गणस्य शत्रो कपिलस्य शत्रो समस्तभावज्ञ च भालचन्द्र ।
अनादिमध्यान्तमय प्रचारिन् वदन्तमेवं त्यजत प्रभीताः ॥१४॥

विभो जगद्रूप गणेश भूमन् पुष्टेः पते आखुगतेति बोधः ।
कर्तुश्च पातुश्च तु संहरेति वदन्तमेवं त्यजत प्रभीताः ॥१५॥

इदमष्टोत्तरशतं नाम्नां तस्य पठन्ति ये ।
श्रृण्वन्ति तेपु वै भीताः कुरुध्वं मा प्रवेशनम् ॥१६॥

भुक्ति-मुक्तिप्रद ढुण्ढेर्धन धान्य प्रवर्धनम् ।
ब्रह्मभूतकर स्तोत्रं जपन्तं नित्यमादरात् ॥१७॥

यत्र कुत्र गणेशस्य चिह्नयुक्तानि वै भटाः ।
धामानि तत्र संगीताः कुरुध्वं मा प्रवेशनम् ॥१८॥

इति मुद्गलपुराणे यम-दूत-संवादे गणेशाऽष्टोत्तरशतनामस्तोत्रम् ॥८॥

હજારો ભક્તોને ફળ્યું છે, તમને પણ ત્વરીત ફળશે.
ત્વરીત મનોવાંછિત ફળ આપનારું પ્રાચીન વ્રત

અસલ પ્રાચીન - વર્ષોથી અનેક ઋષિ મુનિઓ દ્વારા આ વ્રત કરાવી
અનેક રાજાઓ અને ભક્તોએ મનોવાંછિત ફળ મેળવી
રિદ્ધિ-સિદ્ધ પ્રાપ્ત કરી હતી તે પ્રાચીન વ્રત આપ પણ શરૂ કરી
રિદ્ધિ-સિદ્ધિ મેળવી મનોવાંચ્છિત ફળ પ્રાપ્ત કરો.

# શ્રી સિદ્ધ ગણેશ વ્રત

(શ્રી સંકષ્ટ ચતુર્થી વ્રત સહિત)

સં. શ્રી વિશ્વપાનંદજી — કિંમત રૂ. ૬-૦૦

શ્રી લક્ષ્મીવ્રત કથા - જે વ્રત કરવાથી ધન પ્રાપ્તિ - યશ પ્રાપ્તિ -
માન પ્રાપ્તિ મળે છે તે શુદ્ધ સરળ ભાષામાં સંપૂર્ણ વિધિ
તથા ધન - યશ પ્રાપ્તિ યંત્ર સહિત

## શ્રી મહાલક્ષ્મીની પ્રસન્તા માટે

# ગુરુવારની વ્રતકથા

(લક્ષ્મી વ્રતકથા) — કિંમત રૂ. ૪-૫૦

: પ્રકાશક :

Gajanan

**શ્રી ગજાનન પુસ્તકાલય**

Gajanan

ટાવર રોડ, સુરત-૩૯૫ ૦૦૩.

Phon : (0261) 424246 Fax (0261) 439108

## કર્મકાંડ સંબંધી ખૂબ જ ઉપયોગી મૂલ્યવાન પુસ્તકો

❖ **કર્મ કૌશલ** : લે. રમાશંકર જોષી રૂ. ૧૧૦=૦૦
બ્રહ્મ કર્મ સર્વ સંગ્રહ જેમાં બ્રાહ્મણોને ઉપયોગી દરેક ક્રિયાકાંડનો સમાવેશ કરેલ છે

❖ **કલ્પલતા** : લે. - રમાશંકર જોષી રૂ. ૮૫=૦૦
દેવીની આરાધના પૂજા-યજ્ઞ માટેનું પુસ્તક

❖ **કર્મ નિસાર** : લે. - રમાશંકર જોષી રૂ. ૧૦૦=૦૦
મરણ સમયની તથા તે પછીની સઘળી ક્રિયાઓ માટેનું શુધ્ધ ગુજરાતી ભાષામાં એક અને અજોડ પુસ્તક

❖ **શાંતિ સર્વ સંગ્રહ** : રૂ. ૭૦=૦૦
જીવનમાં આવતી કોઈપણ પ્રકારની અશાંતિ અશુભ ફળ દૂર કરવા માટે વિવિધ શાંતિઓની સંપૂર્ણ વિધિ દર્શાવવામાં આવી છે.

❖ **લગ્ન માંગલ્ય** : લે. - નટવરલાલ દવે રૂ. ૨૦=૦૦
લગ્નની દરેક વિધિ કેવી રીતે કરવી તેનું સરળ ભાષામાં માર્ગદર્શન

❖ **નવરાત્રી પૂજન પ્રકાશ** : લે. - નટવરલાલ દવે રૂ. ૫૦=૦૦
(માતાજીની પૂજા - વિધિ - આરતી સાથે)

❖ **સરલ યજ્ઞ દિપિકા** : લે. નટવરલાલ દવે રૂ. ૫૦=૦૦
હોમ - હવન - યજ્ઞ કરવા માટેનું પૂજન વિધિ સહિત સરળ માર્ગદર્શન

❖ **કૂળ દિપક** : લે. - રમાશંકર જોષી રૂ. ૧૫=૦૦
પુત્ર પ્રાપ્તિ અંગેના ધાર્મિક અને શાસ્ત્રોક ઉપાય દર્શાવી પુત્ર પ્રાપ્તિ કરવાની અનેક વૈદકીય સલાહ સાથે

❖ **ચંડીપાઠ** રૂ. ૫૦=૦૦
**શુદ્ધ ગુજરાતીમાં શ્લોકો સહિત**
લે. : હેમેન્દ્ર શાહ - સુરેન્દ્ર દવે

**શ્રી ગજાનન પુસ્તકાલય** ટાવર રોડ, સૂરત-૩૯૫ ૦૦૩.


gajanan\adds-1.chpcomp.4/Prak



## લેખક પરિચય

શ્રી શરદચંદ્ર ઈશ્વરલાલ પુરોહિત જન્મ તા. ૭-૧૦-૧૯૩૮ના રોજ ગામ ડુમસ, તા. ચોર્યાસી, જી. સૂરત ખાતે થયો.

માતા અ. સૌ. કમળાગૌરી પુરોહિતનું નાની વયે અવસાન થતાં કર્મકાંડી પિતા શ્રી ઈશ્વરલાલ ભાઈશંકર પુરોહિતે માતા-પિતાની સંયુક્ત ફરજ બજાવી ઉછેર કર્યો.

પ્રાથમિક શિક્ષણ ડુમસ ખાતે અને માધ્યમિક શાળાનો અભ્યાસ સૂરત ખાતે કર્યો, સાથે સંસ્કૃત ભાષા વિશારદ અને હિન્દી તેમજ ચિત્રક્ષકામની પરીક્ષાઓ પાસ કરી.

સહકારી ખાતામાં નોકરીની શરૂઆત ૧૯૬૨માં અમદાવાદ ખાતે થી. સરકારી નોકરી સાથે આધ્યાત્મિક સાહિત્યનો ગહન અભ્યાસ, ચિંતન - મનન અને સાહિત્ય સંશોધન એ તેમના જીવનના નોંધપાત્ર પાસાં છે. નવીન વિષઓનું ચિંતન તત્ત્વશોધક વૃત્તિ, જ્ઞાન, પ્રગલ્લભતા, યોગાનુભૂતિ અને ઉપાસના પદ્ધતિ તેમના સાહિત્ય, કર્મકાંડ અને સંપર્ક દ્વારા પ્રતીત થાય છે. શ્રી પુરોહિત ઘણાં માસિક, દૈનિક અને સામયિકોમાં હળવું અને ગંભીર સાહિત્ય વાર્તા, કાવ્યો, ચિંતન અને બોધકથા રૂપે પીરસી ચૂક્યા છે. તેમની કલમ પ્રસંગોચિત અને અસરકારક છે.

તેમના 'શ્રી સત્યનારાયણવ્રત કથા' નામક પુસ્તકની બે આવૃત્તિઓ થઈ. જે દેશ-વિદેશ પહોંચી અને વિદ્વાનોએ પણ વખાણી છે.

વિદ્વાનો દ્વારા પ્રશંસિત ૬૫ વિષયોના વૈજ્ઞાનિક અને તાત્ત્વિક વિવેચનયુક્ત ગ્રંથ "આ બધું શા માટે ?"ને સારી ચાહના પ્રાપ્ત થઈ. 'શિવ સ્વરોદય રત્નાકર (વૈજ્ઞાનિક તત્ત્વજ્ઞાન સ્વરોદય)' નામ બૃહદ્ ગ્રંથ ગજાનન પુસ્તકાલય, સૂરતે પ્રગટ કર્યો તેને પણ વાંચકો અને વિદ્વાનોનો સારો પ્રતિભાવ મળ્યો છે. 'ગુરુતત્ત્વ પ્રકાશ તેમજ ગુરુ સાધના અને સિદ્ધિ' (બે ખંડમાં) પ્રગટ થયું છે. તે પણ સારો આવકાર પામ્યું છે.

"શ્રી સત્ય વિનાયક વ્રત કથા" (સ્વાનંદી ટીકા) આપના હાથમાં છે. અભિપ્રાય સુજ્ઞ રાચકો અને વિદ્વાનો પર અપેક્ષિત.

શ્રી પુરોહિતની ઈશ્વરદત્ત જ્ઞાન પ્રતિમાનો લાભ તેમના પ્રકાશનો અને પ્રવૃત્તિ દ્વારા સૌને મળતો રહે એવી અપેક્ષા સહ પરમકૃપાળુ પરમાત્માને સહૃદય પ્રાર્થના.

પ્રકાશક.